ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ

ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ

ત્રીજી આવૃત્તિ

સંવત્ ૧૯૭૪ – સને 1918

પ્રકાશક

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

અમદાવાદ

શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ગ્રંથમાળા. નં. ૧૪.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ.

વિવિધ પુસ્તકો ઉપરથી

તૈયાર કરનાર

રા. બા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ

બી, એ., એલ, એલ, બી.,

વડોદરા.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી, તરફથી

હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ, બી, એ.,

આસિ. સેક્રેટરી., અમદાવાદ.

ત્રીજી આવૃત્તિ નકલ ૫૦૦.

સન ૧૯૧૮. સંવત ૧૯૭૪.

કીમત બાર આના.

પહેલી આવૃત્તિની પ્રસ્તાવના.

ગુજરાતી ભાષામાં ગુજરાતના ઇતિહાસનાં પુસ્તક ઘણાં થોડાં છે; અને જે છે તે પૈકી પ્રમાણ ગ્રંથ ગણી શકાય એવાં પુસ્તક તો એથી પણ થોડાં છે. ગુજરાતના પ્રાચીન ઇતિહાસનું તો પ્રમાણ ગ્રંથ ગણી શકાય એવું એક પણ પુસ્તક બહાર પડેલું નથી. આ પ્રમાણે ગુજરાતના એક સારા ઇતિહાસની ખોટ હોવાથી તે કંઇક દરજ્જે પૂરી પાડવાને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

અણહિલવાડના રાજ્યનો નાશ થતા સુધીનો પ્રાચીન ઇતિહાસ હાલ પ્રગટ કરેલા આ ભાગમાં આપવામાં આવ્યો છે. અણહિલવાડના રાજ્યનો નાશ થયા પછીનો એટલે કે મુસલમાન, મરેઠા, અને અંગ્રેજના અમલનો અર્વાચીન ઇતિહાસ હવે પછી પ્રગટ થવાના બીજા ભાગમાં આપવામાં આવશે.

ઇસ્વીસનના સાતમા સેંકડા સુધીનો ગુજરાતનો ઇતિહાસ જાણવાને પૌરાણિક વાર્તાઓ, દંતકથાઓ, પરદેશી મુસાફરનાં પુસ્તકો, તામ્રલેખ, શીલાલેખ અને શિક્કા, એ સિવાય બીજાં સાધન નથી. વળી આ સાધનો એકઠાં કરી તે ઉપરથી ઐતિહાસિક ઉપયોગની બાબતો તારવી કાઢવી એ ઘણી મહેનત તથા મુસ્કેલીનું કામ છે. એમ છતાં દાકતર ભાઉ દાજી,પંડિત ભગવાનલાલ ઇંદ્રજી, દાકતર, બ્યુલર, દાકતર ફ્લીટ, પ્રોફેસર વિલ્સન,દાકતર કેમ્પબેલ, દાકતર બર્જેસ, મી. પ્રીન્સેપ, મી. જેકસન, વગેરે વિદ્યાવિલાસી ગૃહસ્થોએ ઘણો શ્રમ લઇ આ સાધનો ભેગાં કર્યાં છે અને ઈ. સનના આઠમા સેંકડા પહેલાંનો ઘણો ઇતિહાસ મેળવ્યો છે. સાતમા સેંકડા પછીનો ઇતિહાસ જાણવાને કેટલાક ઐતિહાસિક ગ્રંથોનું સાધન છે, પરંતુ એ ગ્રંથો અગીઆરમા બારમા સેંકડામાં લખાએલા હોવાથી તે લખાતા પહેલાંના સમયને માટે તે કંઇ ખાત્રી લાયક આધાર ગણી શકાય નહીં. ચાવડા વંશના

વખતમાં કોઇ ઐતિહાસિક ગ્રંથ લખાયો નથી. સોલંકી વંશના વખતમાં લખાએલા ગ્રંથોમાં ચાવડા વંશની જે હકીકત આપેલી છે તે દંતકથા ઉપરથી આપેલી હોવી જોઇએ. જુદા જુદા ગ્રંથોમાં એટલો બધો મતભેદ જણાય છે કે યોગરાજ પછીના રાજા કયા અનુક્રમમાં થયા અને દરેકે કેટલાં વર્ષ રાજ્ય કર્યું તે નક્કી કરવું ઘણું મુશ્કેલ થઇ પડે છે. સોલંકી વંશના વખતમાં ઐતિહાસિક ગ્રંથો લખાયા છે ખરા, પણ તેમાં ખરો ઇતિહાસ લખવાને બદલે ઘણે ઠેકાણે ગ્રંથ લખનારના ધર્મનો અથવા તેના મુરબ્બી રાજાનો મહિમા વધારવા મનકલ્પિત વાતો લખેલી જોવામાં આવે છે. આ ગ્રંથો ખરૂં જોતાં ઐતિહાસિક ગ્રંથો નહીં પણ તે વખતના 'રાસ' જેવા ગણાવા જોઇએ. આ પ્રમાણે હોવાથી પ્રાચીન ઇતિહાસનો સંપૂર્ણ, ખાત્રીલાયક અને સંતોષકારક ઇતિહાસ મળવો મુશ્કેલ છે. તોપણ જસ્ટીન, સ્ટ્રેબો અને ટૉલેમી જેવા ગ્રીક લેખકો, ચીના સાધુ હુએનત્સાંગ જેવા મુસાફરોના પ્રવાસ ગ્રંથ, અશોક, રૂદ્રદામા વગેરેના શીલાલેખો, ક્ષત્રપ, ગુપ્ત વગેરેના શિક્કા, વલભિ, ગુજ્જર, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ વગેરેનાં તામ્રપટ, મેરૂતુંગ, રત્નાદિત્ય, હેમાચાર્ય એ વગેરેના ગ્રંથો—આ અને બીજાં સાધનો ઉપરથી જેવો થઈ શકે તેવો પ્રાચીન ગુજરાતનો પ્રમાણ ગણી શકાય એવો એક ઇતિહાસ સરકારે મુંબાઇ ગેઝિટિયરને માટે અંગ્રેજીમાં તૈયાર કરાવ્યો છે. એ ગ્રંથ ઉપર મુખ્ય આધાર રાખી, તથા રાસમાળા વગેરે અન્ય જેટલા ગ્રંથ મળ્યા તેટલાની મદદ લઇ, ગુજરાતી ભાષામાં, ગુજરાતના પ્રાચીન ઇતિહાસનું આ પુસ્તક તૈયાર કરેલું છે. આ ઇતિહાસ ઘણે ભાગે તુટક, છૂટો છવાયો, અનુમાનિક અને અપૂર્ણ છે, તોપણ આગળ ઉપર નવી શોધો થઇ વિશેષ પુરાવો મળી આવે ત્યાં સુધી આથી સારો ઇતિહાસ મળે તેમ નથી.

વડોદરા.
તા. ૧ જુલાઇ ૧૮૯૮.

ગોવિંદભાઈ હાથીભાઇ દેસાઇ.

અનુક્રમણિકા.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ.

પ્રકરણ ૧ લું.

સીમા, વિભાગ અને નામ.

મુંબાઇ ઇલાકાનો જે ભાગ ગુજરાત એ નામથી ઓળખાય છે તે પશ્ચિમ હિંદુસ્તાનના કિનારાની વાયવ્યકોણમાં આવેલો છે.

સીમા.

તેની ઉત્તરે કચ્છનો અખાત, રણ અને મારવાડ પ્રાંત છે; પશ્ચિમે આરબી સમુદ્ર છે; દક્ષિણે ખંભાત અને થાણા જીલ્લો છે; અને પૂર્વે વિંધ્યાચળ પર્વતથી તે આબુ સુધી આવેલી પર્વતોની હાર તેની સરહદ થઇ તેને ખાનદેશ, માળવા અને મેવાડથી જુદો પાડે છે.

ગુજરાતની સીમા કાળે કાળે બદલાઇ છે. ઇ. સ. ૧૨૯૭ માં મુંબાઇ તથા ઉત્તર કોકણ અણહિલવાડના રાજ્યના તાબામાં હતાં. ૧૫ મા સેંકડાના છેલ્લા ભાગમાં તથા ૧૬ મા સેંકડાના પહેલા ભાગમાં અમદાવાદના બાદશાહોએ ખાનદેશ તથા માળવાનો કેટલોક ભાગ ગુજરાત સાથે જોડ્યો. ઇ. સ. ૧૫૩૦ પછી ખાનદેશનો ભાગ અને ઉત્તર કોકણ એ બંને ગુજરાતથી જુદાં પડ્યાં; અને ૧૫૮૩ માં અકબરે વ્યવસ્થા કરી ત્યારે ખાનદેશ તથા માળવાનો વધારે ભાગ ગુજરાતમાંથી કાઢ્યો, પણ ઝાલોર તથા સીરોહી એ ગુજરાતમાં રાખ્યાં. એ બે વિના અકબરના વખતમાં ગુજરાતની જે સીમા હતી તે હમણાં પણ છે.

વિભાગ.

કચ્છના અખાતથી તે ખંભાતના અખાત સુધી ગયેલા ભાલના રણથી ગુજરાત દેશના ખંડસ્થભૂમિ અને દ્વીપકલ્પ એવા બે મોટા વિભાગ થયેલા છે. દ્વીપકલ્પ સૌરાષ્ટ્ર અથવા કાઠીઆવાડ નામથી ઓળખાય છે, અને ખંડસ્થ ભૂમિ સાધારણ રીતે ગુજરાત નામથી ઓળખાય છે. મુસલમાની હાકમી પહેલાંના વખતમાં દ્વીપકલ્પ તથા તેને લગતો ગુજરાતનો ભાગ સોરઠ કહેવાતો. ૧૬ મા સૈકાના અંતમાં સરકારે દ્વીપકલ્પના મોટા ભાગને સોરઠ ગણ્યો અને પછી આખો દ્વીપકલ્પ સોરઠ કહેવાયો. કાઠીઆવાડ એ નામ દ્વીપકલ્પના પાંચ ભાગમાંનો એક જેમાં કાઠી લોક વસે છે તેનુંજ હતું. ૧૮ મા સૈકાના મધ્ય ભાગ લગી તેમજ ચાલતું પણ તે સૈકાના અંતના હંગામમાં કાઠીઓએ ખંડણી ઉઘરાવનારા મરેઠાઓની સામે થઇ બહાદુરી બતાવેલી તે ઉપરથી તેઓએ આખા દ્વીપકલ્પનું કાઠીઆવાડ એ ઓળખ–નામ પાડ્યું. પછી પ્રથમના બ્રિટિષ અમલદારોએ પણ તેજ નામ કાયમ રાખ્યું અને હાલ પણ તેજ ચાલે છે.

ક્ષેત્રફળ અને વસ્તી.

આખા દેશનું ક્ષેત્રફળ ૭૨૦૦૦ ચોરસ માઇલ છે. તે પૈકી ખંડસ્થ ભૂમિના ૪૫૦૦૦ અને દ્વીપકલ્પના ૨૭૦૦૦ ચોરસ માઇલ છે. એકંદર વસ્તી ૯૨,૫૦,૦૦૦ માણસની છે. તે પૈકી ખંડસ્થભૂમિની ૬૯,૦૦,૦૦૦ અને દ્વીપકલ્પની ૨૩,૫૦,૦૦૦ છે.

પરદેશી લોકોનું આગમન.

ખંડસ્થ ભૂમિની ફળદ્રુપતાથી તથા દ્વીપકલ્પની સુંદરતાથી આકર્ષાઇ ઘણા પરદેશી લોકો વખતોવખત ગુજરાતમાં આવ્યા હતા; અને જીત કરનાર તરીકે અથવા આશ્રય લેવા આવેલા લોકો તરીકે રહ્યા હતા. નીચે જણાવેલા લોકો દરિયાને રસ્તે આવ્યા: યાદવ લોકો (ઇ. પૂ. ૧૫૦૦–૫૦૦); ગ્રીક, બાક્ટ્રિયન, પાર્થિયન અને સ્કિથિયન લોકો (ઇ. પૂ. ૩૦૦–ઇ. સ. ૧૦૦); પારસી લોકો અને તેમની પાછળ પડેલા આરબ લોકો (ઇ. સ. ૬૦૦–૮૦૦); સંગનિય

ચાંચિયા લોકોનાં ટોળે ટોળાં (ઇ. સ. ૯૦૦–૧૨૦૦); ઈરાનમાંથી ખુલગુખાનના જુલમથી ત્રાસી આશ્રય લેવા નાશી આવેલા પારસી અને નવાયત મુસલમાનો (ઇ. સ. ૧૨૫૦–૧૩૦૦); પોર્ટુગીઝ અને તુર્ક લોકો (ઇ. સ. ૧૫૦૦–૧૬૦૦); આરબ લોકો અને ઇરાની અખાતના ચાંચિયા (ઇ. સ. ૧૬૦૦–૧૭૦૦); આફ્રિકન, આરબ અને મકરાણી સિપાઇઓ (૧૫૦૦–૧૮૦૦); આર્મિનિયન, વલંદા અને ફ્રેંચ વેપારીઓ (ઇ. સ. ૧૬૦૦–૧૭૫૦); અને અંગ્રેજો (ઇ. સ. ૧૭૫૦–૧૮૧૨). નીચે જણાવેલા લોકો જમીન રસ્તે આવ્યા. ઉત્તર તરફથી સ્કિથિયન અને હૂણ લોકો (ઇ. પૂ. ૨૦૦–ઇ. ૫૦૦); ગુર્જર લોકો (ઇ. સ. ૪૦૦–૬૦૦); પ્રથમ આવેલા જાડેજા અને કાઠી (ઇ. સ. ૪૦૦–૯૦૦); અફગાન તુર્ક, મોગલ અને ઉત્તર તરફથી બીજા મુસલમાનો (ઇ. સ. ૧૦૦૦–૧૫૦૦); પાછળથી આવેલા જાડેજા અને કાઠી (ઇ. સ. ૧૩૦૦–૧૫૦૦). ઇશાન તરફથી બ્રાહ્મણો (ઇ. સ. ૧૧૦૦–૧૨૦૦); અને તુર્ક અફગાન અને મોગલ મુસલમાનો (ઇ. સ. ૧૨૦૦); પૂર્વ તરફથી મૌર્ય (ઇ. સ. ૩૦૦); અડધા સ્કિથિયન જેવા ક્ષત્રપ (ઇ. પૂ. ૧૦૦–ઇ. સ. ૩૦૦); ગુપ્ત (ઇ. સ. ૩૮૦); ગુર્જર (ઇ. સ. ૪૦૦–૬૦૦); મોગલ (ઇ, સ. ૧૫૩૦); અને મરાઠા (ઇ. સ. ૧૭૫૦); દક્ષિણ તરફથી શાતકરણી (ઇ. સ. ૧૦૦); ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ (ઇ. સ. ૬૫૦–૯૫૦); વખતો વખત મુસલમાન લુંટારા (ઇ. સ. ૧૪૦૦–૧૬૦૦); પોર્ટુગીઝ (ઇ. સ. ૧૫૦૦); મરાઠા (ઇ. સ. ૧૬૦૦–૧૭૬૦); અને અંગ્રેજો (ઇ. સ. ૧૭૮૦–૧૮૨૦).

ગુજરાત અને ગુર્જર.

ગુજરાત એ નામ પ્રાકૃત ગુર્જરરટ્ટ, કે જેનું સંસ્કૃત ગુર્જર રાષ્ટ્ર છે તે ઉપરથી થયેલું છે. ગુર્જર અથવા ગુર્જર લોકોનો દેશ તે ગુજરાત. સંસ્કૃત ગ્રંથોમાં ગુર્જર મંડળ અથવા ગુર્જર દેશ એવું નામ લખેલું જોવામાં આવે છે. ગુર્જરો એક પરદેશી જાત હતી; વાયવ્યકોણમાંથી તેઓ

હિંદુસ્તાનમાં પેઠા અને ધીમે ધીમે ખાનદેશ અને ગુજરાત સુધી દક્ષિણ તરફ આવ્યા. દક્ષિણ તરફ આવેલા ગુર્જ્જરો કરતાં પંજાબ અને વાયવ્ય પ્રાંતોમાં રહેલા ગુર્જ્જર લોકોમાં તેમની મૂળ ખાસિયત વધારે રહેલી જણાય છે. પંજાબના ગુર્જ્જર લોકો દેખાવડા છે તોપણ તેમની ભાષા, પોશાક અને ધંધામાં તેઓ જાટ લોકોને એવા મળતા છે કે એ બંને જાતો હિંદુસ્તાનમાં લગભગ એકજ વખતે આવી હશે એમ લાગે છે. જાટ લોકો દક્ષિણ અને પૂર્વ તરફ ઘણા પ્રસર્યા નહીં પણ ગુર્જ્જર લોકો દક્ષિણ અને પૂર્વ તરફ ઘણે આઘે સુધી ફેલાયા. ગુર્જ્જર લોકો શરૂઆતમાં સિંધુથી મથુરાં સુધીના પ્રદેશમાં આવી વસ્યા. મથુરાંથી તેઓ પૂર્વ રજપૂતાના તરફ ગયા અને કોટા અને મંદસરને રસ્તે માળવામાં આવ્યા. માળવામાં ભીલ્સા અને શાહરનપુર સુધી તેઓ ફેલાયા. માળવાથી તેઓ દક્ષિણ તરફ ખાનદેશમાં આવ્યા અને રતલામ દોહદને રસ્તે પશ્ચિમ તરફ ગુજરાતમાં પેઠા.

કાઠીઆવાડના આહિર લોકોની પેઠે ગુર્જ્જર લોકો પણ એક ભટકતી જાત હતી અને પોતાનાં ઢોર લઇને ફરતી. તેઓ ખેતી કરતા અને લડવૈયાનું કામ પણ કરતા. એવું ધારવામાં આવે છે કે કુશાન બાદશાહ કનિષ્કના વખતમાં (ઈ. સ. ૭૮–૧૦૮) તેઓ હિંદુસ્તાનમાં આવ્યા, અને મથુરાં જઇ વસ્યા. ત્યારબાદ ગુપ્ત રાજાઓના વખતમાં (ઇ. સ. ૩૦૦) તેઓ પૂર્વ રજપૂતાના માળવા અને ગુજરાતમાં આવ્યા. ગુપ્ત લોકોએ મેળવેલી જીતમાં ગુર્જ્જર લોકોએ ભાગ લીધો હશે, તેના બદલામાં ગુર્જ્જર સરદારોને પ્રગણાં બક્ષિસ આપવામાં આવ્યાં હશે; તે પછી ગુપ્ત વંશની પડતીની વખતે (ઇ. સ. ૪૫૦–૫૫૦) ગુર્જ્જર સરદારો સ્વતંત્ર રાજ્યકર્ત્તા થયા હશે એમ ધારવામાં આવે છે.

ઇ. સ. ૮૯૦ માં ઉત્તર હિંદુસ્તાનના ગુર્જ્જર લોકોનું રાજ્ય હોવા વિષે ચોક્કસ ખબર મળે છે. એ સાલમાં કાશ્મીરના રાજા શંકરવર્માએ ગુર્જ્જર રાજા અલખાન ઉપર ચઢાઇ મોકલી હતી અને તેને હરાવ્યો હતો. તક્ક દેશ નામનો પ્રદેશ આપી અલખાને સલાહ કરી. ચીનો સાધુ હુએન-

ત્સાંગ (ઇ. સ. ૬૩૦–૬૪૦) જેને ત્સ્હેકીઆ કહે છે તેજ આ તક્ક દેશ હશે. તે જણાવે છે કે તેની પૂર્વે બિઆસ અને ઉત્તરે સિંધુ નદી આવી છે. આ ઉપરથી એમ લાગે છે કે તેમાં આખા પંજાબનો સમાવેશ થતો હશે. અલખાને જે પ્રદેશ આપી દીધો તે ઘણું કરીને ચિનાબની પૂર્વનો થોડો પ્રદેશ હશે, અને અલખાનનો મુખ્ય પ્રદેશ તેની પશ્ચિમમાં ચિનાબ અને જેહલમની વચ્ચે જ્યાં ગુજરાત નગર આવેલું છે અને જે 'ગુર્જર દેશ' કહેવાતો હતો, તે હશે.

છઠ્ઠા અને સાતમા સૈકામાં મુંબાઈ તરફના ગુજરાત દેશમાં બે સ્વતંત્ર રાજ્ય હતાં; એક ઉત્તર તરફના ભાગમાં હતું, અને બીજું દક્ષિણ તરફના ભાગમાં હતું. ઉત્તર તરફના રાજ્યનો હેવાલ ચિના સાધુ હ્યુએનત્સાંગે આપેલો છે અને તેનું નામ 'કયુચેલો' હોવાનું લખ્યું છે. તે લખે છે કે "વલભિના દેશથી ઉત્તર તરફ જતાં ૧૮૦૦ લી (૩૦૦ માઇલ)ને છેટે 'કયુચેલો'નું રાજ્ય આવે છે. આ દેશનો ઘેરાવો આશરે ૫૦૦૦ લી છે. તેની રાજધાની 'પિલોમોલો' ઘેરાવામાં ૩૦ લી છે. જમીનની પેદાશ અને લોકોની રીતભાત સુરાષ્ટ્રને મળતી આવે છે. રાજા ક્ષત્રિય જાતનો છે. હાલ તેની ઉમર વીસ વર્ષની છે." હ્યુએનત્સાંગ જેને 'કયુચેલો' કહે છે તે 'ગુર્જ્જર' હશે અને તેની રાજધાની 'પિલોમોલો' કહે છે તે ઘણું કરીને ભિલ્માલ અથવા ભિન્માલ જે શ્રીમાલ તરીકે પણ ઓળખાય છે તે હશે એમ લાગે છે. જો કે હ્યુએનત્સાંગ રાજા ક્ષત્રિય હોવાનું કહે છે તોપણ તે ઘણું કરીને ગુર્જ્જર હશે અને દક્ષિણના ગુર્જ્જરોની પેઠે રાજા થયા પછી ક્ષત્રિય હોવાનો દાવો કરી બેઠા હશે.

દક્ષિણ તરફના ગુર્જ્જર રાજ્યનું નાંદિપુરી (હાલનું નાંદોદ) હતું, અને એ રાજ્ય ઇ. સ. ૫૮૯ થી ૭૩૫ સુધી અસ્તિત્વમાં હતું. પહેલાંના લેખોમાં દક્ષિણ ગુર્જ્જર રાજાઓ 'ગુર્જ્જર વંશ'ના હોવાનું લખેલું છે. પરન્તુ પાછળથી તેઓએ ગુર્જ્જર નામ કાઢી નાખ્યું છે અને પૌરાણિક રાજા કરણથી પોતાની ઉત્પત્તિ થયેલી હોવાનું જણાવ્યું છે.

ઉત્તર અને દક્ષિણ ગુર્જ્જર રાજ્યની વચ્ચેના વિશાળ પ્રદેશ ઉપર ચોથાથી આઠમા સૈકા સુધી વલભિરાજાઓ રાજ્ય કરતા હતા. વલભિ રાજ્ય સ્થાપન કરનાર પણ ગુર્જ્જર હશે એમ નીચેનાં કારણથી લાગે છે. તામ્રલેખોમાં સાધારણ રીતે રાજાની ઉત્પત્તિ જણાવવામાં આવે છે, તોપણ વલભિ તામ્રલેખોમાં રાજાની ઉત્પત્તિ વિષે કંઈ લખેલું નથી; વલભિવંશ સ્થાપન કરનાર કયી જાતનો અથવા કયા કુળનો હતો એ વિષે એકે તામ્રલેખમાં કાંઇ લખ્યું નથી. વલભિરાજા ક્ષત્રિય હોવાનું તથા માળવા અને કનોજના રાજાઓને ત્યાં પરણતા હોવાનું હ્યુએનત્સાંગ લખે છે; પણ જે વલભિરાજા વિષે હ્યુએનત્સાંગે લખ્યું છે તે રાજા વલભિવંશની શરૂઆતનો રાજા નહોતો. જે વખતે વલભિ રાજ્ય દૃઢ રીતે સ્થાપન થયું હતું અને તેનો વિસ્તાર ઘણો વધ્યો હતો તે વખતના રાજા વિષે હ્યુએનત્સાંગ લખે છે. રાજાની મૂળ ઉત્પત્તિ તે વખતે ભૂલી જવામાં આવી હશે અને તેથી ક્ષત્રિય હોવાનું માનવામાં આવતું હશે. માળવા અને કનોજના રાજાને ત્યાં લગ્ન થતાં હોવાનો ખુલાસો સહેલથી થઈ શકે તેમ છે. લગ્ન સંબંધી બળવાન્ રાજાઓ સાથે જોડાવાને રજપૂત લોકો હમેશ તત્પરતા બતાવતા આવ્યા છે.

આ પ્રમાણે ત્રણ ગુર્જ્જર રાજ્ય સ્થાપન થયેલાં હોવાથી, ઉત્તર અને મધ્ય હિંદુસ્તાનમાંથી ગુર્જ્જર જાતની મોટી સંખ્યા ગુજરાતમાં આવી વશી હશે એમ ધારી શકાય છે. ગુજરાતમાં હજી પણ ઘણી ગુર્જ્જર જાતો છે. ગુર્જ્જર વાણીઆ, ગુર્જ્જર સુતાર, ગુર્જ્જર સોની, ગુર્જ્જર કુંભાર અને ગુર્જ્જર સલાટ હજી પણ જોવામાં આવે છે. આ બધા ગુર્જ્જર છતાં જૂદા જૂદા ધંધાને લીધે જૂદી જૂદી ન્યાતો ગણાઇ છે. ગુર્જ્જર લોકોની મોટી સંખ્યા ગુજરાતના લેઉવા અને કડવા કણબીઓમાં જણાય છે. કણબી એ શબ્દ સંસ્કૃત ‘ કુટુંબિન્ ’ ઉપરથી થયેલો છે અને તેનો અર્થ ઘર અથવા કુટુંબવાળો એવો થાય છે. જૂના વખતથી ખેડુત ‘ કુટુંબી ’ કહેવાય છે. હજી પણ વાયવ્ય પ્રાંતોમાં નાના જમીનદારો ગૃહસ્થ કહેવાય છે, ગુર્જ્જર

લોકોનો મૂળ ધંધો ખેતીનો નહીં પણ જાનવરો ઉછેરવાનો હતો, તેથી કરીને જે ગુર્જરો ખેતી કરવા લાગ્યા તે 'કુટુંબિન્ અથવા કણબી' તરીકે ઓળખાવા લાગ્યા. એજ પ્રમાણે દખ્ખણની અટકો ઉપરથી જણાય છે કે જાનવર પાળનારી ઘણી ભટકતી જાતો ઘર બાંધીને સ્થાયી ઠેકાણે રહેવા લાગી ત્યારે કણબી તરીકે ઓળખાવા લાગી. હાલમાંજ વણજારા નામની ભટકતી જાત આખા દેશમાં સ્થાઇ ઠેકાણે રહેવાથી કણબી તરીકે ઓળખાય છે.

દેખાવમાં તથા ખેડુત તરીકે તેમની હોંશિયારીમાં ગુજરાતના કણબી પંજાબ અને માળવાના ગુર્જરોને ઘણા મળતા છે, એટલુંજ નહીં પણ તેમના લેઉઆ અને કડવા એવા વિભાગ છે તે, માળવાના ગુર્જરોના દાહ અને કરડ એવા વિભાગ, પંજાબ ગુર્જરોની લેવી જાત, પૂર્વ ખાનદેશના ગુર્જરોની લેઉઆ ઉત્પત્તિ વગેરેને મળતા આવે છે. ગુજરાતના લેઉવા કણબીઓની મોટી વસ્તી ગુજરાતના મધ્યભાગમાં, એટલે કે ચરોત્તરમાં છે, અને ચરોત્તર વલભિરાજાઓને તાબે હતું તે ઉપરથી એમ માનવાને ટેકો મળે છે કે વલભિવંશ સ્થાપનાર ગુર્જર જાતનો હશે. ગુજરાતની હિંદુ વસ્તીનો લગભગ $\frac{1}{4}$ ભાગ લેઉવા અને કડવા કણબીનો છે. અને છઠ્ઠા, સાતમા અને આઠમા સેંકડામાં આ દેશમાં ત્રણ ગુર્જર રાજ્યો સ્થાપન થયાં હતાં એટલે ગુર્જર લોકોના નામ ઉપરથી આ દેશનું નામ ગુજરાત પડ્યું એમાં કાંઈ નવાઇ નથી.

પ્રકરણ ૨ જું.

પ્રાચીન વિભાગ.

પ્રાચીન કાળમાં ગુજરાત દેશના આનર્ત્ત, સુરાષ્ટ્ર અને લાટ એવા ત્રણ ભાગ હતા. આનર્ત્ત એ ઉત્તર ગુજરાતનો ભાગ હતો અને તેનું મુખ્ય નગર આનંદપુર (હાલનું વડનગર) હતું. આનંદપુરનું બીજું નામ આનર્ત્તપુર હતું. આ બંને નામ વલ્લભિ રાજાઓના વખતમાં (ઇ. સ. ૫૦૦—૭૭૦) પણ વપરાતાં. એવી દંતકથા ચાલે છે કે આનંદપુર અથવા વડનગરને ચારે યુગમાં જુદાં જુદાં નામ હતાં. પહેલા અથવા સત્યયુગમાં ચમત્કારપુર, બીજા અથવા ત્રેતાયુગમાં આનર્ત્તપુર, ત્રીજા અથવા દ્વાપરયુગમાં આનંદપુર, અને ચોથા અથવા કળિયુગમાં વૃદ્ધનગર અથવા વડનગર, એ પ્રમાણે તેનાં નામ છે. પહેલું નામ કલ્પિત લાગે છે. એ નામથી વડનગર કોઈ વખત ઓળખાતું હોય એમ જણાતું નથી. આનર્ત્તપુર અને આનંદપુર એ બે નામો પૈકી આનર્ત્તપુર વધારે પ્રાચીન છે, અને એ નામ ઉપરથી પાછળથી આનંદપુર નામ થયું હશે. ચોથું નામ વૃદ્ધનગર (એટલે જૂનું શહેર) હાલ વપરાતા વડનગર નામનું સંસ્કૃત રૂપ છે. ક્ષત્રપ રાજા રૂદ્રદામા (ઇ. સ. ૧૫૦) ના ગિરનાર લેખમાં આનર્ત્ત અને સુરાષ્ટ્ર એ બંને જુદા પ્રાંત હોવાનું તથા જૂનાગઢના પહ્‌લવ હાકેમને તાબે હોવાનું જણાવેલું છે, તે ઉપરથી પણ એમ ધારી શકાય છે કે આનર્ત્ત એ કાઠીઆવાડની પાસે આવેલા ઉત્તર ગુજરાતનો ભાગ હોવો જોઇએ. કેટલાંક પુરાણમાં સુરાષ્ટ્ર સાથેના આખા દેશને આનર્ત્ત નામ આપેલું છે અને તેની રાજધાની દ્વારિકાં હોવાનું જણાવ્યું છે. પરંતુ બીજે કેટલેક ઠેકાણે દ્વારિકાં અને પ્રભાસ એ બંને સુરાષ્ટ્રમાં હોવાનું જણાવ્યું છે, તે ઉપરથી એમ લાગે છે કે જેમ હાલ કાઠીઆવાડ ગુજરાતનો ભાગ ગણાય છે તેમ તે વખતે સુરાષ્ટ્ર એ આનર્ત્તનો ભાગ ગણાતો હશે.

આનર્ત્ત.

સુરાષ્ટ્ર.

સુરાષ્ટ્ર (એટલે સુ લોકોની ભૂમિ) એ નામનું પાછળથી સૌરાષ્ટ્ર (સુંદર ભૂમિ) એવું સંસ્કૃત રૂપ થયેલું જણાય છે. સુરાષ્ટ્ર નામ ઉપરથી સોરઠ નામ થયેલું છે. તે હજુસુધી કાઠીઆવાડના દક્ષિણ ભાગને માટે વપરાય છે. મહાભારતમાં અને પાણિનિના ગણ પાઠમાં, રૂદ્રદામા (ઇ. સ. ૧૫૦) અને સ્કંદ ગુપ્ત (ઇ. સ. ૪૫૬) ના ગિરનારના લેખોમાં અને કેટલાંક વલભિ તામ્રપટમાં સુરાષ્ટ્ર નામ જોવામાં આવે છે. તેનું પ્રાકૃત રૂપ 'સુરથ' ગોમતિપુર (ઇ. સ. ૧૫૦) ના નાસિકના લેખોમાં જોવામાં આવે છે અને 'સુરથ્થ' એ રૂપ જીનપ્રભાસુરિકૃત તીર્થકલ્પમાં તેરમા સૈંકડામાં વાપર્યું છે. પરદેશીઓ પૈકી સ્ટ્રેબો (ઇ. સ. પૂ. ૫૦ ઇ. સ. ૨૦) તેને 'સરૌસ્ટસ' અને પ્લિનિ 'ઓરતુર' એ રીતે લખે છે. મિસર દેશનો પ્રખ્યાત ભૂગોળવેત્તા ટૉલેમી (ઇ. સ. ૨૪૦) તેને 'સુરસ્ટર્ન' લખે છે. ચિનો સાધુ હ્યુએનત્સાંગ (ઇ. સ. ૬૦૦–૬૪૦) વલભિ અને સુરાષ્ટ્ર એ બંને જુદાં જુદાં રાજ્યો હોવાનું લખે છે.

લાટ.

લાટ એ મહિથી તાપી સુધીનો દક્ષિણ ગુજરાતનો ભાગ છે. લાટ એ નામ સંસ્કૃત નથી. મહાભારત અથવા બીજા પ્રાચીન ગ્રંથોમાં અથવા ઇ. સ. ના ત્રીજા સૈંકડા પહેલાંના ગુફાઓમાં કોતરેલા લેખોમાં એ નામ વાપરેલું જણાતું નથી તેનું કારણ કદાચ એ હશે કે નર્મદાથી દક્ષિણનો ગોવા સુધીનો કિનારાનો ભાગ, પુરાણ પ્રમાણે અપરાંતમાં આવી જાય છે. ટૉલેમીએ એને માટે 'લારિક' શબ્દ વાપર્યો છે તે સંસ્કૃત 'લાટક' ઉપરથી વાપર્યો હશે. ત્રીજા સૈંકડામાં કામસૂત્ર નામના ગ્રંથમાં કાત્સ્યાયને 'લાટ' નામ વાપર્યું છે અને જણાવ્યું છે કે તે માળવાની પશ્ચિમે છે. એ પ્રદેશના લોકોના કેટલાક રીવાજોનું પણ તેણે વર્ણન આપ્યું છે. ત્રીજા સૈંકડા પછીના સંસ્કૃત ગ્રંથોમાં અને સંસ્કૃત લેખોમાં 'લાટ' નામ વારંવાર જોવામાં આવે છે. છઠ્ઠા સૈંકડામાં પ્રખ્યાત જ્યોતિષવેત્તા વરાહમિહિરે 'લાટ' દેશનું નામ જણાવ્યું છે. અને પાંચમા

સેંકડાના મંડાસર અને અજંટાના લેખોમાં પણ 'લાટ' નામ જણાય છે. ચાલુક્ય ગુર્જર અને રાષ્ટ્રકૂટ રાજાઓના લેખોમાં (ઇ સ. ૭૦૦–૧૨૦૦) એ નામ વારંવાર આવે છે. આઠમા સેંકડાથી બારમા સેંકડા સુધીના ઇતિહાસના ગ્રંથોમાં પણ તે વાપરેલું છે.

લાટ એ નામ લટ્ટ અથવા રટ્ટ નામની સ્થાનિક જાત ઉપરથી થયેલું હશે. રાષ્ટ્રકૂટ વંશનો રાજા અમોઘવર્ષ (ઇ. સ. ૬૫૧–૮૫૯) પોતાના વંશનું નામ 'રટ્ટ' લખે છે. ર અને લ સાધારણ રીતે એક બીજા માટે વપરાય છે. સૌદત્તિ અને બેલ ગામના 'રટ્ટ' લોકોનું મૂળ ગામ, લાલટ્લુર, કદાચ 'લાટ' દેશમાં હશે અને તેથી કરીને દેશનું તથા એ જાતનું નામ પડયું હશે. માળવાની ધારાનગરી અને ભરૂચ વચ્ચેનો પ્રદેશ જેમાં બાઘ અને તાંડ ગામ આવેલાં છે તે હજીસુધી 'રાથ' કહેવાય છે.

પ્રકરણ ૩ જું.

પૌરાણિક વાર્ત્તાઓ.

ઇ. પૂ. ત્રીજી સદી પહેલાંનો ઇતિહાસ જાણવાને પુરાણ વગર બીજું સાધન નથી.

પ્રાચીન વખતના લોકોમાં ઇતિહાસના ગ્રન્થો લખવાનો ચાલ નહીં હોવાથી ઇસ્વીસનની પહેલાં ત્રીજી સદીમાં ગુજરાતમાં મૌર્યવંશના રાજાઓનો અમલ શરૂ થયો તે પહેલાં કોણ કોણ રાજા થયા, દરેકે કેટકેટલાં વર્ષ રાજ્ય કર્યું અને તેમના વખતમાં ધર્મ, નીતિ અને રીત રીવાજ કેવાં હતાં અને કયા કયા મુખ્ય બનાવો બન્યા એ વગેરે જાણવાને પૌરાણિક વાર્ત્તાઓ વગર બીજું કંઇ સાધન નથી. હાલમાં શોધક લોકોએ ઘણી મહેનત કરી શિલાલેખ, જૂના શિક્કા, દાનનાં તામ્રપટ, અને પરદેશી લોકોએ જૂના વખતમાં આ દેશ સંબંધી લખેલા વૃત્તાંતો, એ વગેરે પરથી પ્રાચીન કાળનો ઘણો ઇતિહાસ મેળવ્યો છે. પરંતુ ઈસ્વીસન પહેલાં ત્રીજા સૈકડા અગાઉનો ઇતિહાસ જાણવાને એવાં સાધન હજી મળ્યાં નથી.

પુરાણ પ્રમાણે ગુજરાતનો પહેલો રાજા આનર્ત્ત.

ગુજરાત વિશે પુરાણમાં જૂનામાં જૂની વાત મનુના પૌત્ર આનર્ત રાજા વિષે છે. આનર્તને રેવત નામનો પુત્ર હતો અને તે પોતાની મુખ્ય નગરી કુશસ્થલી અથવા દ્વારીકામાં રહી આનર્ત્તદેશપર રાજ્ય કરતો હતો. રૈવતને સો પુત્ર હતા, તેમાં સૌથી મોટાનું નામ રૈવત અથવા કુકુદમી હતું. રૈવતને રેવતી નામે પુત્રી હતી અને તે કૃષ્ણના મોટાભાઇ બળદેવ સાથે પરણાવી હતી. બળદેવ સાથે રેવતીનું લગ્ન થયા વિષે પુરાણમાં એવી વાર્ત્તા છે કે પોતાની કન્યા કોને પરણાવવી એ બાબત બ્રહ્માની સલાહ લેવા રૈવત બ્રહ્મા પાસે બ્રહ્મલોકમાં ગયો. તે વખતે બ્રહ્મા ગાયન સાંભળતા હવા. ગાયન પૂરું થયું કે તરત રૈવતે બ્રહ્માને વિનંતી કરી કે આ કન્યાને માટે યોગ્ય વર બતાવો, બ્રહ્માએ રૈવતને કહ્યું કે 'તું અહીં વાટ જોતો બેશી રહો, એ

માં તેં તારૂં રાજ્ય ખોયું છે; હવે દ્વારિકાનો રાજા બળદેવ થયો છે તેને કન્યા પરણાવ.' આ વાતપરથી ગેઝીટિયરનો ઇતિહાસ કર્ત્તા એમ અનુમાન કરે છે કે આનર્તના પુત્ર રેવતે પોતાનું રાજ્ય ખોયું હશે, દેશ છોડીને ચાલ્યો ગયો હશે, અને તેને ઠેકાણે યાદવોનું રાજ્ય થયું હશે. યાદવોનું રાજ્ય સ્થાપન થયા પછી રેવતના વંશનો રૈવત નામનો કોઈ પુરૂષ પોતાના દેશમાં પાછો આવ્યો હશે અને રાજ્યકર્ત્તા યાદવ વંશમાં પોતાની કન્યા આપી હશે. બ્રહ્મા પાસે સલાહ લેવા ગયાની અને ત્યાં ઘણો કાળ વીતી ગયાની વાત આનર્તના વંશજો નાશી ગયા પછી ઘણે વખતે પાછા આવ્યાનો ખુલાસો આપવા જોડી કાઢી હશે.

દ્વારિકામાં યાદવોનું રાજ્ય.

આ પછી બીજી પૌરાણિક વાર્તા દ્વારિકામાં યાદવોનું રાજ્ય સ્થાપન થયા વિષે છે. યાદવ વંશ સ્થાપન કરનારનું નામ યદુ હતું તેથી તેના વંશજો યાદવ કહેવાતા હતા. વખત જતાં યાદવ વંશની ઘણી શાખાઓ થઇ હતી અને દરેક શાખા પોતાના કોઇ વડીલના નામથી ઓળખાતી હતી. આમાં વૃષ્ણિ, મધુ, કકુર, ભોજ, શાત્વત, અંધક, સુરસેન, દશાર્હ, વગેરે મુખ્ય ગણાતી હતી. શાત્વતએ યદુથી સાડત્રીસમી પેઢીએ થયો હતો અને તેની શાખામાં પ્રખ્યાત યાદવ વીર પુરૂષ કૃષ્ણનાં માબાપ દેવકી અને વસુદેવ જન્મ્યાં હતાં. કૃષ્ણના વખતમાં યાદવોને પોતાની મુખ્ય નગરી મથુરાં છોડી દ્વારિકામાં આવવું પડયું હતું. કૃષ્ણે મગધના રાજા જરાસંધના બનેવી કંસને માર્યો હતો તેનું વેર વાળવા મથુરાંપર એક તરફથી જરાસંધે ચઢાઇ કરી, અને બીજી તરફથી કાલયવન નામના દક્ષિણ તરફના એક વીર પુરૂષે કરી, તેથી યાદવોને મથુરાંથી નાસવું પડયું. કાલયવન છેક સૌરાષ્ટ્ર સુધી કૃષ્ણની પાછળ પડયો. ત્યાં એક પર્વતની ગુફામાં મુચકુંડ નામનો ઋષી તપ કરતો હતો, તેને કૃષ્ણ જાણી કાલયવને જગાડયો. ઋષીએ ગુસ્સે થઇ પોતાની આંખમાંથી અગ્નિ પ્રદિપ્ત કર્યો તેથી કાલયવન બળી ખાખ થઈ ગયો. હરિવંશ પુરાણ પ્રમાણે મથુરાં છોડયા પછી યાદવો સિંધુ દેશમાં ગયા અને ત્યાં

દરિયા કિનારે દ્વારિકા નગર વસાવી રહ્યા. એ તરફના લોકોમાં દંતકથા એવી છે કે દાનવોને હરાવી તેમની પાસેથી યાદવોએ દેશ જીતી લીધો.

દ્વારિકામાં મુખ્ય યાદવ સરદાર ઉગ્રસેન નામનો હતો અને તેને યદુ, ભોજ અને અંધક શાખાઓનો ટેકો હતો. આખો કાઠીઆવાડ દ્વિપકલ્પ યાદવોને તાબે હતો તેથી યાદવો પ્રભાસ અને ગીરનાર ઘણીવાર જાત્રાએ જતા, કૃષ્ણ અને બળદેવ હજી સુધી રાજ્યકર્ત્તા નહોતા તોપણ તેમની પદવી મોટી હતી અને સર્વ મુખ્ય કામમાં તેમનો હાથ હતો. હસ્તિનાપુર અથવા દિલ્લીના રાજા પાંડવો સાથે તેમને ઘાડો મિત્રાચારીનો તથા સગાઇનો સંબંધ હતો. તેમાં અર્જુન અને કૃષ્ણ વચ્ચે ખાસ મિત્રાચારીનો સંબંધ હતો. અર્જુન ઘણીવાર કાઠીઆવાડમાં આવેલો તે પૈકી એક વખતનું વર્ણન મહાભારતમાં નીચે પ્રમાણે આપેલું છેઃ—"બીજાં તીર્થની જગાઓએ જઇ આવ્યા પછી અર્જુન અપરાન્તમાં (પશ્ચિમ કિનારો) આવ્યો અને ત્યાંથી પ્રભાસ ગયો. તેના આવવાની વાત સાંભળી કૃષ્ણ પ્રભાસ ગયા અને અર્જુનને આવકાર દીધો. પ્રભાસથી તેઓ સાથે રૈવતક (ગીરનાર) પર્વત આવ્યા. અહીં કૃષ્ણે સારી શોભા કરી પોતાના પરોણાને ગાયન અને નાચની ગમ્મત કરાવી; ગીરનારથી સોનાના રથમાં બેશી તેઓ દ્વારિકાં ગયા. અર્જુનના માન ખાતર શહેર શણગારવામાં આવ્યું; શેરીઓમાં જોવા આવનાર લોકોનાં ટોળેટોળાં ભેગા થયાં. વૃષ્ણિ, અંધક અને ભોજ શાખાઓના માણસ કૃષ્ણના પરોણાને માન આપવાને ભેગાં થયાં.

ત્યારબાદ પોતાના મોટાભાઈ બળદેવની ઇચ્છા વિરૂદ્ધ કૃષ્ણે પોતાની બ્હેન સુભદ્રાનું હરણ કરવામાં અર્જુનને મદદ કરી. ગીરનારની જાત્રા વખતે અર્જુન સુભદ્રા સાથે પ્યારમાં પડ્યો હતો. એ જાત્રાનું વર્ણન મહાભારતમાં આપેલું છે. તેમાં ઉગ્રસેન અને તેની હજાર રાણીઓ પણ ત્યાં આવેલી હોવાનું જણાવ્યું છે. અર્જુન સુભદ્રાને લઈ ગયા પછી આખરે વસુદેવ અને બળદેવ એમણે પોતાની સંમત્તિ આપી તેમનું લગ્ન કરાવ્યું હતું. માઘ મહિનામાં હજી સુધી દર વર્ષે ગીરનારમાં ભાવનાથના દેવળ પાસે મેળો

ભરાય છે તે ઘણું કરીને ઉપર જણાવેલા યાદવ લોકોના મેળાવડાપરથી ચાલતો આવતો હશે.

દ્વારિકાંનાં યાદવો ઘણા વખત સુધી નિરાંતે રહ્યા નહિ. યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે કૃષ્ણ હસ્તિનાપુર ગયા હતા. તે અરસામાં ×મૃતિકાવટીના રાજા સાલ્વે દ્વારિકાંપર ચઢાઈ કરી તેણે દ્વારિકાંની સેના ઘણીખરી કાપી નાંખી, શહેર લુંટયું અને વગર હરકતે પાછો ચાલ્યો ગયો. કૃષ્ણ પાછા આવ્યા પછી સાલ્વ પર ફોજ લઇને ચઢયા. બંને લઢવૈયાનો દરિયા કિનારે ભેટો થયો: તેમની વચ્ચે ઉગ્ર યુદ્ધ થયું તેમાં સાલ્વ મરાયો.

યાદવોમાં માંહોમાંહેની લઢાઈથી દ્વારિકામાં તેમની સત્તા થોડા વખતમાં જતી રહી. છેવટની લઢાઇ મહાભારની લઢાઇ થયા પછી છત્રીસમે વર્ષે થઇ. એક ગ્રહણને દહાડે બધા યાદવોને સહકુટુંબ લઇ કૃષ્ણ દ્વારિકામાંથી પ્રભાસ યાત્રાર્થે ગયા. ત્યાં દારૂની કેફમાં કેટલાક મુખ્ય યાદવો વચ્ચે બોલાચાલી થઇ. બોલમબોલાપરથી મારંમારા થઇ અને ઘણા જણ એક બીજાને હાથે મરાયા. આ લઢાઇને પુરાણમાં યાદવાસ્થળી કહેલી છે. કૃષ્ણ હાથમાં લોઢાનું એક મુશળ લેઇને જેને તેને મારતા; પોતાના છોકરાને પણ તેમણે બાકી રાખ્યા નહીં. બળદેવ જંગલ તરફ નાશી ગયા અને ત્યાં મરણ પામ્યા. કૃષ્ણ થાક અને શોકથી એક તળાવ ઉપર પીંપળાના ઝાડ તળે સુતા હતા તેવામાં જંગલના એક પારધીએ તેમને દૂરથી શીકારનું જાનવર જાણી તીર માર્યું અને તેથી કરીને તે સ્થળે મરણ પામ્યા. કૃષ્ણ તે સ્થળે મરણ પામ્યા તેથી હજી સુધી એ સ્થળ દેહોત્સર્ગ એ નામથી ઓળખાય છે. મરતા પહેલાં કૃષ્ણે અર્જુનને બોલાવ્યો હતો. જ્યારે અર્જુન આવ્યો ત્યારે દ્વારિકા ઉજડ થઈ ગયું હતું. અર્જુન આવ્યા પછી વસુદેવ મરી ગયા. અર્જુને વસુદેવ બળદેવ અને કૃષ્ણની ઉત્તર ક્રિયા કરી અને બાકી રહેલા

× મૃત્તિકાવટી ક્યાં આવ્યું હશે એ નક્કી થઈ શકતું નથી. તે સૌભ દેશમાં આવેલું હોવાનું લખેલું છે અને સૌભ સ્વાભ્રને મળતું છે તેથી એમ લાગે છે કે તે અમદાવાદની દક્ષિણે ચરોતરના ભાગમાં હશે.

યાદવો, જેમાં મુખ્ય ભાગ સ્ત્રીઓનો હતો, તેમને લઇ ઉત્તર હિંદુસ્થાનમાં ઇંદ્રપ્રસ્થ (હસ્તીનાપુર) તરફ જવા નીકળ્યો. રસ્તામાં ×પંજાબમાંથી જતા અભીર લોકોએ તેનાપર હુમલો કર્યો અને કૃષ્ણની કેટલીક સ્ત્રીઓને અને અંધક યાદવોની વિધવાઓને લઇ ગયા. અર્જુન દ્વારિકા છોડી ગયા પછી, દ્વારિકાં ઉપર દરિયો ફરી વળ્યો.*

જાદવાસ્થળી ઈ. સ. ની પહેલાં આશરે તેરસેં ચૌદસેં વર્ષપર થઈ હશે એમ અર્વાચીન શોધકો ધારે છે પણ પુરાણમાં આ બનાવ પાંચ છ હજાર વર્ષપર બન્યાનું કહેલું છે.

× આ પરથી એમ લાગે છે કે ઘણા પ્રાચીન વખતમાં રણમાં થઇને જવાતું નહિં હોય અને તેથી કાઠીઆવાડથી ઇંદ્રપ્રસ્થ (દીલ્લી) જવાનો રસ્તો કચ્છ, સિંધ અને પંજાબમાં થઇને હશે.

* આ પરથી એમ લાગે છે કે કૃષ્ણનું દ્વારિકાં વખતે હાલના દ્વારિકાંથી જુદું હશે. પ્રભાસથી પૂર્વમાં મૂળ દ્વારિકાં નામે એક જગ્યા હજી ઓળખાય છે.

પ્રકરણ ચોથું.

મૌર્ય અને ગ્રીક રાજાઓ.

[ઇ. સ. પૂ. ૩૧૯–૧૯૭,]

જાદવાસ્થળીના વખતથી તે ઇ. સ. ની પહેલાં ત્રીજી ચોથી સદી સુધી ગુજરાતનો ઇતિહાસ જાણવાને કંઇ સાધન નથી.

મૌર્યવંશનો અમલ. ઇ. પૂ. ૩૧૯–૧૯૭.

આ દેશનો ઘણો ભાગ દરિયા કિનારે આવેલો હોવાથી દક્ષિણ તરફના ભાગમાં તથા કાઠીઆવાડમાં વેપારાર્થે ઘણા પરદેશી લોકો આવતા હશે, એ સંભવિત છે. હિંદુધર્મશાસ્ત્રમાં ગુજરાતને મ્લેચ્છ દેશ ગણ્યો છે અને જાત્રા સિવાય બીજા કોઈ કારણસર તેમાં જવાની મનાઇ કરેલી છે. તેથી પણ એમ લાગે છે કે તેમાં ઘણા પરદેશી આવી વસ્યા હશે અને કદાચ તે રાજ્ય પણ કરતા હશે. યાદવોની પડતી થઈ ત્યારથી તે ઇ. સ. પૂ. ૩૧૯ માં મૌર્યવંશની સ્થાપના થઈ ત્યાં સુધીના વખત માટે આ પ્રમાણે અટકળ કર્યા સિવાય બીજો કંઈ સંતોષકારક રસ્તો નથી.

મૌર્યવંશના રાજા ઇ. સ. પૂર્વે ચોથા સૈકામાં મગધ દેશમાં (હાલના બાહાર પ્રાંતમાં) આવેલા પાટલીપુત્ર નગરમાં રાજ્ય કરતા હતા; હાલ ગંગા કિનારે જ્યાં પટણા નામનું શહેર છે, ત્યાંથી બે ત્રણ ગાઉ ઉપર એ પાટલીપુત્ર નગરી હતી. મૌર્યવંશના રાજાઓએ ઘણા ખરા હિંદુસ્તાનપર પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. તેઓ ઘણા સમર્થ હતા અને પરદેશના રાજાઓ સાથે, તેમાં ખાસ કરી યવન દેશ (ગ્રીસ) અને મીસર દેશના રાજાઓ સાથે મિત્રાચારી ધરાવતા હતા. બૌદ્ધ ધર્મનો ફેલાવો કરવાને તેઓ લઢાઇઓ લડતા, ઉપદેશકો મોકલતા અને બીજું જેટલું બની શકે તેટલું કરતા. આથી કરીને બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈન લોકોના ગ્રંથોમાં તેમના વિષે હકીકત મળી આવે છે એટલુંજ નહીં પણ ગ્રીસ અને ચીન દેશના ગ્રંથોમાં પણ મળી આવે છે.

ચંદ્રગુપ્ત.

મૌર્યવંશ સ્થાપનાર ચંદ્રગુપ્ત (ઈ. સ. પૂ. ૩૧૯)નો અમલ ગુજરાતમાં હતો એમ લેખો પરથી માનવાને કારણ મળે છે. જૂનાગઢની પડોશમાં ગિરનારના ડુંગરમાં એક ખડક ઉપર માળવા અને સૌરાષ્ટ્રમાં થએલા રૂદ્રદામા રાજાનો કોતરાવેલો લેખ છે; તેમાં લખ્યું છે કે ગિરીનગર (જૂનાગઢ) ની પડોશનું સુદર્શન નામનું તળાવ ચંદ્રગુપ્ત તરફથી નિમાયલા પુષ્પગુપ્ત નામના અધિકારીએ બંધાવ્યું હતું. આ પ્રમાણે પુષ્પગુપ્તને ચંદ્રગુપ્ત તરફથી નિમાયલો અધિકારી જણાવ્યો છે. તેપરથી સ્પષ્ટ થાય છે કે રાજા તરીકે ચંદ્રગુપ્તનો અમલ હોવો જોઇએ અને પુષ્પગુપ્ત તેના તરફથી નિમાએલો હાકેમ હોવો જોઇએ.

બિંદુસાર અને અશોક રાજા.

ચંદ્રગુપ્ત પછી પાટલીપુત્રના તખ્તપર તેનો દીકરો બિંદુસાર બેઠો હતો, એમ કેટલાંક પુરાણ અને જૈન તથા બૌદ્ધ ગ્રંથો પરથી જણાય છે. કેટલાક ગ્રંથકારો લખે છે કે બિંદુસારને સો પુત્ર હતા, જેમાંનો એક અશોક, પોતાના બાપના વખતમાં ઉજયિની (ઉજ્જન) માં અને બીજો કાશ્મીરમાં એ પ્રમાણે રાજ્ય કરતા હતા. બાપના મરણ પછી અશોકે પાટલીપત્રનું તખ્ત પોતાને સ્વાધીન કરી લીધું. (ઇ. સ. પૂ. ૨૫૦), અને પોતાના એક સગા ભાઇ વગર બાકીના બધા ભાઇઓને એક દહાડામાં મારી નાખ્યા. તોપણ અશોક રાજાના વૃતાન્તપરથી જણાય છે કે તેણે પોતાનું રાજ્ય ઘણા પરાક્રમ અને ડહાપણ તથા નીતિથી ચલાવ્યું છે, અને તેની બરોબરીનો એક પણ સુજ્ઞ અને ધાર્મિક રાજા તેના પછી થયો નથી. ઉપર જણાવેલા રૂદ્રદામાના લેખમાં લખ્યું છે કે સૌરાષ્ટ્રમાં અશોક રાજા તરફથી તુશસ્પ નામનો યવન અમલદાર હતો. તેણે સુદર્શન તળાવને નહેરો બાંધી શોભિતું કર્યું. આ પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે ચંદ્રગુપ્તથી અશોક લગી એટલે ત્રણ પેઢી સુધી મૌર્ય વંશના રાજાઓનો અમલ સૌરાષ્ટ્રમાં ચાલેલો હોવો જોઇએ. માળવા, ગુજરાત અને કોકણના કિનારાપર અશોકનો પૂર્ણ અમલ ચાલતો હોવાનો બીજો પણ પુરાવો મળી આવે છે. અશોક રાજાએ પોતાનાં ધર્મ

તથા નીતિ વચનો પોતાની પ્રજાને માટે બોધ તરીકે શીલા તથા કીર્ત્તિસ્તંભો ઉપર કોતરાવી રાખ્યાં છે તે આજ સુધી કાયમ છે. આ લેખો પૈકી જે આજ સુધીમાં માલમ પડી આવ્યા છે તે તેના વિસ્તીર્ણ રાજ્યની હદમાં માલમ પડ્યા છે. પૂર્વમાં ઓઢીઆ દેશમાં, કટક પ્રાન્તમાં ધવલી કરીને ગામ છે, તેની પાસેના પહાડોમાં એક ખડક ઉપર આવો એક લેખ છે. ઉત્તરમાં કાબુલ પાસે કપુર્દિગિરી કરીને જગા છે તેના ખડક ઉપર એક લેખ કોતરેલો છે; પશ્ચિમમાં ગિરનાર અને સોપારા આગળ અને દક્ષિણમાં મ્હૈસુર આગળ આવા લેખો છે. ગિરનાર અને સોપારા પાસેના લેખો પરથી ખાત્રી થાય છે કે સૌરાષ્ટ્ર, ગુજરાત અને કોકણનો કિનારો અશોકના તાબામાં હોવો જોઇએ. વળી અશોકના બાપના વખતમાં અશોક, માળવાનો સૂબો હતો અને બાપના મરણ પછી માળવાનો રાજા હતો. માળવામાંથી દોહદને રસ્તે ગુજરાતમાં સહેલથી આવી શકાય છે, એટલે માળવા જેને તાબે હોય તેને ગુજરાત તાબે કરવું સહેલું છે. લેખો પરથી આપણને માલમ પડે છે કે કાઠીઆવાડ અને સોપારા સુધીનું દક્ષિણ ગુજરાત અશોકને તાબે હતું એટલે ઉત્તર ગુજરાત તેને તાબે હશે એ અસંભવિત નથી. મૌર્ય રાજાઓના વખતમાં ગુજરાતની રાજધાની ગિરિનગર (જૂનાગઢ) હતું અને મૌર્યવંશ પછી થએલા ક્ષત્રપ (ઇ. સ. ૧૦૦—૩૮૦) અને ગુપ્ત (ઇ. સ. ૩૮૦—૪૬૦) રાજાઓના વખતમાં તેજ રાજધાની કાયમ રહી હતી.

અશોકે કોતરાવેલા લેખોમાં રાજા પોતાની પ્રજાને આજ્ઞા કરે છે કે હિંસા ન કરવી, બ્રાહ્મણ શ્રવણનું સન્માન કરવું, માતાપિતા તથા સગાંવહાલાંને માન આપી તેમની સાથે સ્નેહથી વર્ત્તવું, સર્વ ધર્મમતને સરખી રીતે ધ્યાન આપી સાંભળવાં, ઊંચ નીચ કહી નિંદવા નહીં. સર્વ માણસ અને પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, અને ધર્મ તથા સુનીતિ સર્વ પ્રકારે આચરવી.

દશરથ અને સંપ્રતિ.

અશોક રાજા ઘણો દયાળુ અને શૂરવીર હતો. તેના વખતમાં બૌદ્ધધર્માચાર્યોની મોટી મોટી સભાઓ ભરાતી અને બૌદ્ધધર્મસૂત્ર એકત્ર કરવાની તથા બૌદ્ધ ધર્મનો

ફેલાવો કરવાની તજવીજો ચાલતી. રાજાએ દેશોદેશ બૌદ્ધ ધર્મના ઉપદેશકો મોકલ્યા હતા. જૈન ગ્રંથોપરથી જણાય છે કે અશોક પછી તેનો આંધળો પુત્ર કુણુલ ગાદીએ બેઠો નહોતો પણ તેના પૌત્ર દશરથ અને સંપ્રતિ બેઠા હતા. ગયા પાસે બરાબર નામના ડુંગરામાં અશોકે કોરાવેલી ગુફાઓ છે, અને તેમાં તેણે કોરાવેલા લેખ છે. તેની પાસે એક બીજા ડુંગરામાં દશરથે કોરાવેલી ગુફાઓ છે, અને તેમાં તેણે કોરાવેલા લેખ છે. આ લેખ પૈકી એકમાં લખેલું છે કે બરાબર ડુંગરામાંની એક ગુફા "તર્તજ ગાદીએ બેઠેલા દશરથે કોરાવેલી છે." બીજી ગુફાઓ અશોકે કોરાવેલી હોવાની વાત સારી પેઠે જાણીતી હોવી જોઇએ, માટે 'તર્નજ' શબ્દપરથી એમ અનુમાન થઇ શકે છે કે અશોક પછી દશરથ ગાદીએ બેઠો હશે. જૈન ગ્રંથકારો દશરથ વિષે કંઈ કહેતા નથી પણ એમ કહે છે કે અશોક પછી કુણુલનો છોકરો સંપ્રતિ ગાદીએ બેઠો. જૈન ધર્મનો ફેલાવો કરવાની બાબતમાં બૌદ્ધ ગ્રંથકાર અશોકની જેટલી તારીફ કરે છે તેટલી જૈન ગ્રંથકાર સંપ્રતિની કરે છે. જૈન ગ્રંથોમા લખ્યું છે કે સંપ્રતિએ હજારો જીનપ્રાસાદ (દેવળો) બંધાવ્યાં હતાં. પાટલીપુત્ર કલ્પ નામના ગ્રંથમાં જીનપ્રભાસુરી નામના જૈન આચાર્ય પાટલીપુત્રની ઘણી દંતકથાઓ જણાવે છે. પરદેશોમાં ધર્મનો ફેલાવો કરવાની બાબતમાં સંપ્રતિને અશોક સાથે સરખાવી જીનપ્રભાસુરી કહે છે કે "પાટલીપુત્રમાં કુણુલનો છોકરો સંપ્રતિ રાજા થયો. તેણે શ્રવણોને માટે ઘણા વિહાર બંધાવ્યા હતા." આ પરથી એમ અનુમાન કરી શકાય છે કે અશોક પછી તેના રાજ્યના બે વિભાગ થયા હશે; દશરથ પૂર્વ હિંદુસ્તાનમાં રાજ્ય કરતો હશે, અને સંપ્રતિ જેને જૈન ગ્રંથકારો ઉજ્જનનો રાજા હોવાનું જણાવે છે, તે પશ્ચિમ હિંદુસ્તાનમાં રાજ્ય કરતો હશે. આ વિષે ચોકસ માહિતી મેળવવાનું સાધન નથી તોપણ સંપ્રતિને તાબે માળવા હોવાથી એમ લાગે છે કે ગુજરાતમાં પણ તેનો અમલ ચાલ્યો હશે. સંપ્રતિના મરણ પછી ગુજરાતમાં મૌર્યવંશના અમલનો છેડો આવ્યો હશે. પાછળના વખતમાં (ઇ. સ. ૫૦૦) માળવામાં અને ઉત્તર કોકણમાં મૌર્ય સરદારો થઇ ગયા હોવાનું જણાય છે. પણ ગુજરાતમાં તેમ થયેલું હોવાનો કંઇ પુરાવો મળતો નથી.

બાકટ્રિયન અને ગ્રીક લોકોનો અમલ.

સંપ્રતિનું રાજ્ય ઇ. પૂ. આશરે ૧૯૭ માં પૂરૂં થયું, ત્યાર પછીનાં સત્તર વર્ષ સુધીના ગુજરાતના ઇતિહાસનો કંઇ પત્તો લાગતો નથી. ત્યાર પછીની જે માહિતી મળે છે તે પરથી ઇ. પૂ. ૧૮૦ થી ૧૦૦ સુધી ગુજરાતમાં બાકટ્રિયન અને ગ્રીક લોકનો અમલ હશે એમ લાગે છે. પેરિપ્લસનો કર્ત્તા (ઇ. સ. ૨૪૦) સૌરાષ્ટ્રના વર્ણનમાં જણાવે છે કે "આ ભાગમાં હજી સુધી જૂનાં દેવળો, છાવણીના પાયા અને મોટા કુવા વગેરે સિકંદરની સ્વારીનાં નિશાન માલમ પડે છે." પરંતુ સિકંદર કાઠીઆવાડ સુધી આવેલો નહોતો અને તેના પાછા ગયા પછી ઇ. પૂ. ૧૯૭ સુધી કાઠીઆવાડમાં મૌર્યવંશનો અમલ હતો તે પરથી ગેઝિટિયરનો ઇતિહાસ કર્ત્તા એમ ધારે છે કે પેરિપ્લસનો કર્ત્તા જે દેવળો અને કુવા વિષે લખે છે તે સિકંદરની સ્વારીનાં નિશાન નહીં પણ ઇ. પૂ. ૧૯૭ પછીના વખતમાં બાકટ્રિયન અને ગ્રીક લોકોનો અમલ થયો હતો તેનાં નિશાન હોવાં જોઇએ.

ઇ. પૂ. ૩૨૦ વર્ષની લગભગમાં ગ્રીસનો સિકંદર બાદશાહ એશિયા ખંડના ઇરાન વગેરે દેશો જીતી લઇ હિંદુસ્તાન જીતવાને મોટું લશ્કર લઈ આવ્યો હતો. સિંધુ નદી ઉતરી વાયવ્ય તરફનો ભાગ તેણે જીતી લીધો, અને આગળ વધવાની તેની મરજી હતી પરંતુ તેનું લશ્કર થાક અને મહેનતથી કંટાળ્યું હતું તેથી તેને પાછા ફરવાની જરૂર પડી. આ મોટી જીત કરી સિકંદર પોતાના દેશ તરફ જતો હતો એવામાં તે મરણ પામ્યો. તેનું મોટું રાજ્ય તેના સરદારોએ પોતપોતામાં વહેંચી લીધું. આ સરદારોમાં સેલ્યુકસ નાઇકેટર નામનો સરદાર ગ્રીક લોકોના એશિયાના દેશોપર રાજ્ય કરવા લાગ્યો. સેલ્યુકસ પછીના ત્રીજા રાજા બીજા એન્ટાયકસના વખતમાં બાકટ્રિયા (હાલનો તાતાર) અને પારથીઆ દેશના ગ્રીક હાકેમો સ્વતંત્ર થયા હતા અને ત્યાં પોતાનાં રાજ્ય સ્થાપન કર્યાં હતાં. બાકટ્રિયાના રાજા ડેમેટ્રિયસે ઇ. પૂ. ૧૯૦ થી ૧૬૫ સુધી રાજ્ય કર્યું હતું. જસ્ટિન નામનો એક લેખક (ઇ. સ. ૨૫૦) તેને હિંદુસ્તાનનો રાજા કહે છે. સ્ટ્રેબો નામનો

એક લેખક (ઇ. પૂ. ૫૦ થી ઇ. સ. ૨૦) લખી ગયો છે કે બાકટ્રિયાના રાજા મેનન્ડર અને ડેમેટ્રિયસે સિકંદર કરતાં પણ વધારે પ્રદેશ જીતી લીધો હતો. તેઓએ 'પાતાલન' જીતી લીધું હતું એટલુંજ નહીં પણ 'સરૌસ્ટસ' અને 'સિગરડીસ' નાં રાજ્ય જે કિનારાપર આવેલાં છે તે પણ જીતી લીધાં હતાં. એવું ધારવામાં આવે છે કે 'પાતાલન' એ હાલના (સિંધ) હૈદ્રાબાદની જગોએ પાતાળ નામનું જૂનું શહેર હતું તે હોવું જોઇએ. પાતાલન પછી કિનારે આવેલાં 'સરૌસ્ટસ' અને સિગરડીસનાં રાજ્ય જીતી લીધેલાં હોવાનું સ્ટ્રેબોએ જણાવેલું છે તે પરથી ખાત્રીપૂર્વક એમ લાગે છે કે 'સરૌસ્ટસ' એ સુરાષ્ટ્ર અને સિગરડીસ, એ સાગરદ્વીપ અથવા કચ્છ હોવું જોઇએ. મેનન્ડર ઇ. પૂ. ૧૨૬ માં રાજા થયો હતો તેનું નામ ડેમેટ્રિયસ (ઇ. પૂ. ૧૯૦) ની સાથે જણાવ્યું છે તે પરથી એમ અનુમાન થઇ શકે છે કે ડેમેટ્રિયસ હિંદુસ્તાનના અમુક ભાગ સુધી આવ્યો હશે અને ત્યાર પછી મેનન્ડર, સિંધ, કચ્છ અને કાઠીઆવાડ સુધી આગળ વધ્યો હશે. કચ્છ અને કાઠીઆવાડમાં બાકટ્રિયન રાજાઓના શિક્કા મળી આવ્યા છે તે પરથી જસ્ટિન તથા સ્ટ્રેબોના લખાણને ટેકો મળે છે. પંડિત ભગવાનલાલ ઈંદ્રજી એમણે પચીસ વર્ષ સુધી શ્રમ લઈ ગુજરાત અને કાઠીઆવાડમાંથી પ્રાચીન શિક્કા શોધી કાઢ્યા છે, તેમાં બાકટ્રિયન—ગ્રીક શિક્કાઓમાં થોડા શિક્કા યુક્રેટાઇડીઝ (ઇ. પૂ. ૧૮૦–૧૫૫) રાજાના, થોડા મેનન્ડર રાજાના, (ઇ. પૂ. ૧૨૬–૧૧૦) અને ઘણા એપોલોડોટ્સ રાજાના (ઇ. પૂ. ૧૧૦–૧૦૦) મળેલા છે, પણ ડેમેટ્રિયસ રાજાનો એક પણ શિક્કો મળ્યો નથી. યુક્રેટાઇડીઝ અને ડેમેટ્રિયસ સમકાલીન હતા. પણ બાકટ્રિયાની ગાદીપર ડેમેટ્રિયસ પછી યુક્રેટાઇડીઝ બેઠો હતો. તેનો શિક્કો ગુજરાતમાંથી મળી આવ્યો છે; તે પરથી એમ લાગે છે કે પ્રથમ તે ગુજરાત સુધી આવ્યો હશે. ગુજરાતમાં બાકટ્રિયન ગ્રીક લોકનો અમલ યુક્રેટાઇડીઝના વખતથી (ઇ. પૂ. ૧૮૦) શરૂ થયો હશે, અને એપોલોડોટ્સ પછી (ઇ. પૂ. ૧૦૦) બંધ થયો હશે.

યુક્રેટાઇડીઝના શિક્કા કાઠીઆવાડમાંથી મળી આવ્યા છે તે પરથી એમ

જણાય છે કે કાઠીઆવાડ સુધી તેણે જીત કરી હશે, અથવા કાઠીઆવાડની પાસે આવેલા સિંધ દેશના રાજા તરીકે કાઠીઆવાડ તેની સત્તા નીચે આવ્યું હશે. તેણે કાઠીઆવાડ જીત્યું હશે કે નહીં તોપણ જેના શિક્કા કાઠીઆ-વાડમાંથી અને ગુજરાતમાંથી મળી આવ્યા છે, એવો પહેલો બાકટ્રીયન-ગ્રીક રાજા એ છે.

યુક્રેટાઇડીઝનું રાજ્ય ક્યારે પૂરૂં થયું એ ચોકકસ નથી, પણ એમ માનવામાં આવે છે કે ઇ. પૂ. ૧૫૫ માં તેનું રાજ્ય પૂરૂં થયું હશે. તેની પછી થયેલા મેનન્ડર અને એપોલોડોટ્સ વિષે વિશેષ માહિતી મળવાનાં સાધન છે. સ્ટ્રેબો (ઇ. સ. ૨૦) લખે છે કે મેનન્ડરે જીતેલા પ્રદેશમાં કચ્છ અને સુરાષ્ટ્ર દેશ હતા. પેરિપ્લસનો કર્ત્તા (ઇ. સ. ૨૫૦) લખે છે કે એપોલોડોટ્સ અને મેનન્ડરના શિક્કા હજી સુધી બરૂગઝ (ભરૂચ) માં ચાલે છે. મેનન્ડરના શિક્કા કાઠીઆવાડ અને દક્ષિણ ગુજરાતમાંથી મળી આવેલા છે, અને શરૂઆતના ક્ષત્રપ રાજા નહપાન અને ચેષ્ટન (ઇ. સ. ૧૦૦–૧૪૦) ના શિક્કા કરતાં તેમની સંખ્યા વધારે માલમ પડી છે. મેનન્ડરના શિક્કા આ પ્રમાણે વધારે ફેલાયલા હોવાથી એમ અનુમાન થઇ શકે છે કે, બાકટ્રીયન-ગ્રીક રાજાઓ પૈકી આ દેશમાં આવીને પહેલવહેલો તે રહ્યો હશે, અને પેરિપ્લસનો કર્ત્તા સૌરાષ્ટ્રમાં દેવળ, જૂના કુવા વગેરેને સિકંદરની સ્વારીનાં નિશાન કહે છે તે સિકંદરની સ્વારીનાં નિશાન નહીં પણ મેનન્ડરની છાવણીનાં નિશાન હશે. વિલ્સન નામનો વિદ્વાન એમ ધારે છે કે મેનન્ડરની પછી એપોલોડોટ્સ રાજા થયો હશે; પરંતુ જનરલ કનિંગહામનું ધારવું એવું છે કે એપોલોડોટ્સની પછી મેનન્ડર રાજા થયો હશે; ગુજરાત અને કાઠીઆવાડમાં આ બે રાજાઓના જે શિક્કા મળેલા છે તે પરથી ગેઝિટિયરનો ઇતિહાસ કર્ત્તા એવું અનુમાન કરે છે કે મેનન્ડરની પછી એપોલોડોટ્સ થયેલો હોવો જોઇએ. મેનન્ડરના કરતાં એપોલોડોટ્સના શિક્કા ઘણા મળી આવે છે અને તેની કારીગરી ઉતરતા પ્રકારની જણાય છે તે ઉપરથી એમ અનુમાન થઇ શકે છે કે, એપોલોડોટ્સ છેલ્લો રાજા હશે

અને તેના શિક્કા ક્ષત્રપ રાજા નહપાન (ઇ. સ. ૧૮૦) ના શિક્કા પડવા લાગ્યા ત્યાં સુધી ગમે તેમ કરી પાડવામાં આવતા હશે અને ચાલતા હશે. વળી પેરિપ્લસનો કર્ત્તા (ઇ. સ. ૨૫૦) પોતાના વખત સુધી મેનન્ડર અને એપોલોડોટ્સના શિક્કા ભરૂચમાં ચાલતા હોવાનું લખે છે તે પરથી પણ એમ લાગે છે કે ક્ષત્રપ રાજાઓના શિક્કા સાથે લાંબા વખત સુધી તેમના શિક્કા ચાલતા હશે.

એપોલોડોટ્સનું રાજ્ય, ક્યાંથી ક્યાં સુધી ચાલ્યું એ ચોકસ નથી. જનરલ કનિંગહામ ધારે છે કે તેનું રાજ્ય ઇ. પૂ. ૧૬૫ થી ૧૫૦ સુધી ચાલ્યું હશે; વિલ્સન અને ગાર્ડનર ધારે છે કે ઇ. પૂ. ૧૧૦ થી ૧૦૦ સુધી ચાલ્યું હશે. ગેઝિટિયરનો ઇતિહાસ કર્ત્તા વિલ્સન અને ગાર્ડનરનું કહેવું માન્ય રાખે છે; અને એપોલોડોટ્સના શિક્કા તેના સમય પછી ઘણા વખત સુધી પાડવામાં આવતા હતા, તે ઉપરથી એમ જણાય છે કે ગુજરાતમાં રાજ્ય કરનાર છેલ્લો બાકટ્રિયન ગ્રીક રાજા તે હોવો જોઇએ. એપોલોડોટ્સ પછી બાકટ્રિયન ગ્રીક લોકના અમલનાં કંઇ નિશાન જણાતાં નથી, અને ઇ. સ. ૧૦૦ ના અરસામાં ક્ષત્રપ રાજાઓનો અમલ થયો ત્યાં સુધીના સમયની કંઇ ચોકસ માહિતી મળતી નથી. નામ વગરના કોઈ રાજાના તાંબાના શિક્કા મળી આવ્યા છે તેના ઉપર બેસિલિયસ બેસિલિયન સોટ્ટરમેગસ, એટલે કે રાજાઓનો રાજા મહા-મહારક્ષક, એમ લખેલું છે પણ તે શિક્કા કોના છે તે જણાયું નથી. આ શિક્કા કાઠીઆવાડ, કચ્છ, રાજપુતાના, ઉત્તર હિંદુસ્તાન, કાબુલની ખીણ વગેરે ઠેકાણેથી મળી આવ્યા છે, તે પરથી એમ લાગે છે કે જે રાજાના એ શિક્કા હશે તેનું રાજ્ય ઘણું વિસ્તીર્ણ હશે.

પ્રકરણ ૫ મું.

ક્ષત્રપ રાજાઓનો અમલ.

(ઇ. સ. પૂ. ૭૦–ઇ. સ. ૩૯૮.)

ક્ષત્રપ રાજાઓ.
ઇ. પૂ. ૭૦–ઇ. સ. ૩૯૮.

બાક્ટ્રિયન–ગ્રીક રાજાઓના અમલ પછી ગુજરાતમાં ક્ષત્રપ નામના રાજાઓનો અમલ થયાની મહિતી મળે છે. ક્ષત્રપ રાજાઓએ ત્રણ સદી કરતાં વધારે વખત સુધી ગુજરાતપર અમલ ભોગવ્યો હતો. તેમના વિષે જે માહિતી મળે છે તે તેમના શિક્કા અને તેમણે કોતરાવેલા લેખો ઉપરથી મળે છે. ક્ષત્રપ એ સંસ્કૃત શબ્દ છે. કેટલાક શિક્કામાં 'છત્રપ', 'છત્રવ' અને 'ખતપ' એવું પ્રાકૃત નામ પણ જણાય છે. ક્ષત્રપ રાજાઓ પૈકી કેટલાકના નામને અંતે 'સિંહ' અને કેટલાકને 'સેન' લખેલું છે તેપરથી કેટલાક વિદ્વાન એમ ધારે છે કે તેઓ પરદેશથી આવેલા નહીં હોય, પરંતુ એ ખરૂં નથી. 'ક્ષત્રપ' એ 'સત્રપ' પરથી થએલું સંસ્કૃત રૂપ છે અને તેનો અર્થ ક્ષત્રોને પાળનાર એવો થાય છે. પ્રાચીન ઇરાનમાં પ્રગણાના હાકેમને સત્રપ કહેતા. જ્યારે એ દેશમાં ગ્રીક લોકોનો અમલ થયો ત્યારે તેમણે પણ એ દેશમાં વપરાતું સત્રપ નામ પોતાના હાકેમોને માટે કાયમ રાખ્યું હતું. સત્રપનો અર્થ 'રાજ્યનો પાલક' થાય છે. બાક્ટ્રિયામાં ગ્રીક લોકોનો અમલ સ્કીથીઅન લોકોએ બંધ કર્યો ત્યારે ચાલેલા અંધેરની વખતે મલય, પહ્લવ, અભીર, મેદ અને બીજી ભટકતી જાતો બાક્ટ્રિયામાંથી ઉત્તર હિંદુસ્તાનમાં આવી અને દરેકે ત્યાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું. પછી આ જાતોના સરદાર સ્વતંત્ર રાજા થયા અને ક્ષત્રપ, મહા ક્ષત્રપ, વગેરે નામ ધારણ કરી રાજ્ય કરવા લાગ્યા. પરંતુ શરૂઆતના રાજાઓનાં નામ પરદેશી છે તેથી એમ ધારવામાં આવે છે કે આ રાજાઓ મૂળમાં પરદેશી છતાં, આ દેશમાં રાજ્ય સ્થાપન કર્યા પછી પાછળથી તેમણે હિંદુ ધર્મ પાળ્યો હશે અને હિંદુ નામ ધારણ કર્યાં હશે.

ક્ષત્રપ રાજાની બે ગાદીઓ.

ક્ષત્રપ રાજાઓનો અમલ હિંદુસ્તાનના બે મોટા ભાગપર હતો; ઉત્તરમાં કાબુલની ખીણથી ગંગા અને જમનાના સંગમ સુધીના પ્રદેશપર અને પશ્ચિમમાં અજમેરથી ઉત્તર કોકણ સુધીના અને માળવાથી આરબી સમુદ્ર સુધીના પ્રદેશપર તેમનો અમલ હતો; એટલા માટે પહેલા પ્રદેશના રાજાઓના ઉત્તરના ક્ષત્રપો અને બીજા પ્રદેશના રાજાઓને પશ્ચિમના ક્ષત્રપો એ પ્રમાણે ઓળખવામાં આવે છે.

ઉત્તરના ક્ષત્રપો.
ઇ. પૂ. ૭૦–ઇ. સ. ૭૮.

શિક્કાઓ અને લેખોપરથી એમ જણાય છે કે ઉત્તરમાં ક્ષત્રપ રાજાઓનો અમલ ઇ. પૂ. ૭૦ માં શરૂ થયો અને કુશાન રાજા કનિષ્ક ઇ. સ. ૭૮ માં ગાદીએ બેઠો ત્યારે પૂરો થયો. ઉત્તરના ક્ષત્રપ રાજાઓનો અમલ આશરે દોઢસો વર્ષ ચાલ્યા પછી તેમનો પ્રદેશ કુશાન રાજા કનિષ્કના રાજ્ય સાથે જોડાઇ ગયો.

ગુજરાતનો પહેલો ક્ષત્રપ
રાજા : નહપાન.

ઉત્તરના ક્ષત્રપ રાજાઓના વંશનો નહપાન નામનો એક જુવાન આ સમયે પશ્ચિમ તરફ નીકળી આવ્યો અને એ તરફનો પ્રદેશ જીતી લેઇ ત્યાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું. નહપાન પ્રથમ મંદસરને રસ્તે પશ્ચિમ માળવા તરફ આવ્યા હશે, અને ત્યાંથી દોહદને રસ્તે દક્ષિણ ગુજરાત સુધી આવ્યો હશે; પશ્ચિમ માળવાથી દક્ષિણ ગુજરાત સુધીનો પ્રદેશ તાબે કરી લીધા પછી તેણે પોતાનું રાજ્ય સૌરાષ્ટ્ર તરફ અને દક્ષિણમાં નાશીક તથા દખ્ખણ તરફ વધાર્યું હશે એમ લાગે છે. ઉજ્જનનગરીવાળું પૂર્વ માળવા અને ઉત્તર ગુજરાત નહપાને જીતી લીધાં હશે કે નહીં એ જાણવાને કંઇ સાધન નથી. નહપાન વિષે જે માહિતી મળેલી છે તે તેના પોતાના શિક્કા કાઠીઆવાડ અને નાશીકમાંથી મળી આવ્યા છે તે પરથી, તેના જમાઇ ઉશ્વદાતે નાશીક અને કારલીના વિહારોમાં કોતરાવેલા લેખો ઉપરથી, અને તેના પ્રધાન અયામે જુન્નરમાં કોતરાવેલા લેખ પરથી મળેલી છે.

નહપાનના શિક્કાની છતી બાજુએ તેનું ડોકું કાઢેલું છે અને તેની આસપાસ ગ્રીક ભાષામાં લેખ લખેલો છે. ડોકાને માથે ખાભણવાળી ટોપી ઘાલેલી છે અને વાળનાં જુલફાં કાન સુધી આવી રહેલાં છે. ડોકા આગળ ડગલાનો કૉલર દેખાય છે. શિક્કાની ઉંધી બાજુએ નાગરી લિપિમાં ડોકાવાળી બાજુનો ગ્રીક મજકુર લખેલો છે. એકંદરમાં એના શિક્કાની કારીગરી સારી છે. શિક્કાનું બીબું વખતો વખત બદલવામાં આવતું હશે એમ લાગે છે, કારણ કે ડાક્તર ભગવાનલાલને નહપાનના ચાર શિક્કા મળેલા છે તે પૈકી એકમાં તેની જુવાનીની આકૃતિ છે, બીજામાં ઘડપણની છે અને બાકીના બેમાં વચલી વયની આકૃતિ છે. નહપાનના શિક્કામાં 'ક્ષત્રપ' ખિતાબ વાપરેલો નથી. માત્ર તેના કુળનું નામ છહરાત (ક્ષહરાત) લખેલું છે પરંતુ ઉશ્વદાતે કોતરાવેલા નાશીકના લેખમાં તેનું નામ 'ક્ષહરાત ક્ષત્રપ' નહપાન એ પ્રમાણે ઘણીવાર વાપરેલું છે.

ઉશ્વદાત, ઇ. સ. ૧૦૦ થી ૧૨૦.

ઉશ્વદાત એ નહપાનનો જમાઇ હતો. નહપાનની દીકરી દખમીતા અથવા દક્ષમીત્રાને તે પરણ્યો હતો. ઉશ્વદાતના નામ સાથે કંઇ રાજ્યચિન્હ જણાતું નથી. "દીનીકનો પુત્ર અને નહપાનનો જમાઇ ઉશ્વદાત" એટલુંજ તે પોતાના વિષે લખે છે. તેપરથી એમ લાગે છે કે તેનું કંઇ સ્વતંત્ર રાજ્ય નહીં હોય પણ માત્ર તેના સસરાને લીધે તે ખ્યાતિમાં આવ્યો હશે. નહપાનને દીકરો હોવાનું જણાતું નથી તેથી ઉશ્વદાત કદાચ તેનો ઘરજમાઇ થઇને રહ્યો હશે અને નહપાનના રાજ્યમાં મોટો હોદ્દો ભોગવતો હશે. નાશીક અને કારલીવાળા લેખોમાં ઉશ્વદાતે કરેલા પરોપકાર અને પુણ્યના કામની નોંધ કરેલી છે તેમાં મુખ્ય નીચે પ્રમાણે છે:—આબુ પાસે ઉત્તર ગુજરાતમાં બનાસ નદીને કાંઠે ત્રણસેં ગાયો અને સુવર્ણદાન આપ્યાં તથા પગથીયાં બંધાવ્યાં; દેવ નિમિત્ત બ્રાહ્મણોને સોળ ગામ અર્પણ કર્યા; દર વર્ષે એક લાખ બ્રાહ્મણ જમાડ્યા; પ્રભાસમાં બ્રાહ્મણોની આઠ કન્યા પરણાવી; અજમેર પાસે પુષ્કરજીમાં ત્રણ લાખ ગાયો અને એક ગામ દાનમાં

આપ્યાં. ભૃગુકચ્છ (ભરૂચ) માં, દશપુરમાં અને નાશીક પાસેના ગોવરધન પહાડમાં તથા સોપારામાં જળાશયો બંધાવ્યા અને અંબિકા, દમણગંગા, તાપી, કાવેરી વગેરે નદીઓપર ઘાટ બંધાવ્યા. ઉશ્વદાતના આ પુણ્ય અને પરોપકારના કામ પરથી જણાય છે કે તે બ્રાહ્મણ લોકોનો ધર્મ પાળતો હશે. તેણે નાશીક અને કારલી પાસે બૌદ્ધ ધર્મવાળાઓને માટે ગુફાઓ કરાવેલી છે અને તેમના નિર્વાહને માટે દાન આપેલાં છે ખરાં, પણ તે, તેનો સસરો અને તેની સ્ત્રી બૌદ્ધ ધર્મ પાળતાં હશે તેથી આપ્યાં હશે એમ લાગે છે. નહપાનના શિક્કાઓપર બૌદ્ધ ધર્મનાં ચિન્હ છે તેથી તે બૌદ્ધ ધર્મ પાળતો હશે એમ લાગે છે. ઉશ્વદાતે કરેલા પુણ્યનાં કામ ઘણા વિસ્તીર્ણ પ્રદેશમાં આવેલાં છે, તેપરથી નહપાનનું રાજ્ય ઘણું વિસ્તીર્ણ હશે એમ લાગે છે.

નહપાનનો સમય,
ઈ. સ. ૭૮ થી ૧૨૦.

નહપાનનો સમય નક્કી કરવો એ ઘણું મુશ્કેલ કામ છે. નાશીકની ગુફાવાળા લેખમાં ઉશ્વદાતે લખ્યું છે કે એ લેખ ૪૧ અને ૪૨ મા વર્ષમાં કોતરાવ્યો છે. જુન્નરવાળા લેખમાં નહપાનનો પ્રધાન અયામ લખે છે કે એ લેખ ૪૬ મા વર્ષે કોતરાવ્યો છે પણ એ વર્ષ કયા સનનાં તે લખ્યું નથી. એ લેખોમાં 'વર્ષ' ફલાણું એમ મોઘમ જણાવ્યું છે. ઉશ્વદાતે આપેલાં દાન અને બંધાવેલાં સાર્વજનિક કામોની નોંધ નાશીકના લેખમાં આપી છે તેમાં ૪૨ મું વર્ષ જણાવ્યું છે. આ સાર્વજનિક કામો બંધાવવાને કેટલોક વખત લાગ્યો હશે; તેથી એ વખતે ઉશ્વદાતની ઉમ્મર ૪૦ થી ૪૫ સુધીની હશે એમ માનીએ તો તેનો સસરો નહપાન જે તે વખતે જીવતો હતો તેની ઉમ્મર વીસ વર્ષ વધારે એટલે આશરે ૬૫ વર્ષની હોવી જોઇએ. નહપાનના પ્રધાન અયામે કોતરાવેલા જુન્નરના ૪૬ મું વર્ષ જણાવ્યું છે તે પરથી એમ લાગે છે, કે ઉશ્વદાતે કોતરાવેલી ગુફાઓની સાલ પછી નહપાન કેટલાક વર્ષ વધારે જીવ્યો હોવો જોઇએ. તેના એક શિક્કાપર તેના ડોકાની છાપ આપેલી છે તેપરથી પણ જણાય

છે કે નહપાન ઘણી મોટી ઉમ્મર સુધી જીવ્યો હશે. અયામના લેખ પછી નહપાન ઘણાં વર્ષ જીવ્યો નહી હોય એમ માનીએ તોપણ આટલું તો માની શકાય એમ છે કે જે સંવત્‌નાં ઉપર જણાવેલાં ૪૧, ૪૨ અને ૪૬ વર્ષ હશે તે સંવત્‌ના આશરે ૫૦ મા વર્ષ સુધી તે જીવતો હશે અને મરતી વખતે તેની ઉમ્મર આશરે ૭૫ વર્ષની હશે. ૭૫ માંથી ૫૦ બાદ કરતાં પચીસ રહે છે અને એથી ઓછી ઉમ્મરે નહપાને પ્રદેશ જીતી લીધો હશે એ સંભવિત લાગતું નથી, માટે એમ અનુમાન કરી શકાય છે કે જે સંવત્‌નાં ઉપર જણાવેલાં ૪૧, ૪૨ અને ૪૬ વર્ષ છે તે સંવત્ નહપાને ગુજરાત વગેરે દેશો જીતી લીધા પછી પોતે ચલાવ્યો હશે. નહપાનનો જમાઇ પોતે શક જાતનો હોવાનું જણાવે છે, તેથી નહપાન પણ શક જાતનો હશે એમ લાગે છે. આ પરથી એમ અટકળ થઇ શકે છે કે નહપાને ગુજરાત જીતી લીધા પછી ચલાવેલો સંવત્ જે પ્રથમ 'વર્ષ' ના નામથી ઓળખાયો હશે; અને પાછળથી અગિયારમા કે બારમા સેંકડામાં પૈથાણના શાલિવાહન રાજાના નામથી દખ્ખણના લોકે નહપાનના શક સંવત્સરને, શાલિવાહનનો શક ઠોકી બેસાડ્યો હશે. આ પ્રમાણે જોતાં ઉશ્વદાતના નાશીક લેખોમાં જે વર્ષ આપેલું છે તે નહપાનના શક સંવત્‌નું હોવું જોઇએ એમ માની શકાય છે. એ સંવત્ નહપાનની પછી થયેલા બીજા ક્ષત્રપ રાજાઓએ લગભગ ત્રણસેં વર્ષ સુધી આગળ ચલાવ્યો છે.

વિક્રમ સંવત્.

કદાચ એવી શંકા કાઢવામાં આવશે કે નહપાન અને બીજા ક્ષત્રપ રાજાઓના શિક્કાપર જે વર્ષ જણાવ્યાં છે તે શક સંવત્સરને બદલે ગુજરાત અને માળવામાં હાલ ચાલતા વિક્રમ સંવતનાં કેમ નહીં હોય? પરંતુ હાલમાં માળવામાંથી કેટલાક લેખ મળી આવ્યા છે તેપરથી ખાત્રી થાય છે કે ઇ. પૂ. ૫૬ થી શરૂ થતો જે સંવત્ હાલ વિક્રમ સંવત્‌ના નામથી ઓળખાય છે તે વિક્રમ નામના તે વખત થઇ ગયેલા કોઇ રાજાએ શરૂ કર્યો નહોતો, પણ માલવ નામની જાતે માળવા જીતી લીધું તેપરથી શરૂ કર્યો હતો અને માલવ કાલ તરીકે

શરૂઆતમાં ઓળખાતો હતો. જેમ શક સંવત્ પાછળથી શાલિવાહનના નામ સાથે જોડાયો તેમ નવમા સેંકડામાં આ માલવ કાલ, ઉજ્જનના વિક્રમાદિત્ય રાજાના નામ સાથે જોડાઈ વિક્રમ સંવત્ તરીકે ઓળખાવા લાગ્યો.

માળવાનું અસલ નામ અવન્તી હતું. ઇ. સ. ના બીજા સેંકડા પહેલાંના કોઈ સંસ્કૃત ગ્રંથમાં માલવ દેશ એ નામ વાપરેલું જણાતું નથી. માલવ અથવા માલય નામની જાતે એ દેશ જીતી લીધો અને ત્યાં આવી વસી તેથી અવન્તી નામ બદલાઇને માલવદેશ અથવા માળવા નામ થયું. જેમ કાઠી લોકોના નામપરથી કાઠીઆવાડ થયું અને મેવ અથવા મેદ લોકોના નામપરથી મેવાડ થયું તેમ માલવ અથવા માલય જાતના નામપરથી માળવા થયું. માલવ લોકો ઉત્તર હિંદુસ્તાનમાંથી આવ્યા અને ઇસ્વીસનની પહેલાંના સેંકડામાં માળવા જીતી લઈ ત્યાં વસ્યા. મુદ્રા-રાક્ષસ નામના નાટકપરથી જણાય છે કે મૌર્યવંશના વખતમાં (ઇ. પૂ. ૩૦૦) ઉત્તર હિંદુસ્તાનમાં માલય જાતનો રાજા રાજ્ય કરતો હતો. મૌર્યવંશની પડતી થયા પછી માલય જાતના લોકોની જાત મધ્ય હિંદુસ્તાનમાં ઉતરી આવી હશે; નહપાનના વખતમાં તેઓ પૂર્વમાં જૈપુર સુધી આવેલા જણાય છે, કારણ કે પુષ્કરજી પાસે ઉષવદાતે તેમને હરાવ્યા હતા એમ ઉષવદાતના લેખમાં લખ્યું છે; પણ ક્ષત્રપ રાજા રૂદ્રદામાના વખત સુધી (ઇ. સ. ૧૫૦) ઉજ્જનની આસપાસનો પ્રદેશ અવન્તી નામથી ઓળખાતો હતો તેપરથી એમ લાગે છે કે ત્યાં સુધી માલવ લોકો એ પ્રદેશમાં આવ્યા નહીં હોય. ઇસ્વી સનના ત્રીજા સેંકડા પછી ક્ષત્રપ રાજાઓ નબળા થયા તે વખતમાં માલવ લોકો એ પ્રદેશમાં આવ્યા હશે અને અવન્તી નામ બદલાઈ માલવ દેશ એવું નામ પડયું હશે. મધ્ય હિંદુસ્તાનમાં માલવ લોક આવ્યા ત્યારે તેમનું રાજ્ય પ્રજાસત્તાક હશે એમ લાગે છે, પરંતુ તે અનુકૂળ નહીં આવ-વાથી તેમણે પાછળથી મંદસરના લેખમાં જણાવ્યા પ્રમાણે 'સ્થિતિ' અથવા નવી રાજ્યવ્યવસ્થા કરી, અને તેની યાદગીરીમાં સંવત્ ચલાવ્યો; જે હાલ વિક્રમના સંવત્ તરીકે ઓળખાય છે તે એ છે. આ નવી સ્થિતિમાં

માલવ લોકોના અગ્રેસર તરીકે નહપાન માળવાનો પહેલો રાજા થયો હોય અને તેથી નહપાનની સાલો, આ નવા સંવત્‌ની સાલો હોય એ સંભવિત નથી; નહપાન એ માલવ જાતનો નહોતો એટલુંજ નહીં પણ માલવ જાત વિરૂદ્ધ હતો. કારણ કે ઉત્તમભદ્ર નામના ક્ષત્રિઓપર માલવ લોકોએ હુમલો કર્યો હતો ત્યારે તેમને મદદ કરવા તેણે ઉશ્વદાતને મોકલ્યો હતો. વળી ક્ષત્રપ વંશ પછી તરતજ ગુપ્તવંશ થયો છે. ક્ષત્રપ વંશની છેલ્લામાં છેલ્લી સાલ ૩૧૦ જણાવેલી છે; ત્યાર પછી પણ એક રાજા થયો હતો પણ તેની સાલ જણાઇ નથી, તોપણ તેની સાલ ૩૨૦ માનીને ચાલવાને કંઇ હરકત નથી. જો આ ક્ષત્રપ વર્ષ ૩૨૦ ને વિક્રમના સંવત્‌માં ગણીએ તો ઇ. સ. ૨૬૪ ની સાલ આવે. હાલમાં થયેલી કેટલીક શોધોથી ગુપ્ત વંશની શરૂઆત ઇ. સ. ૩૧૯ થી હોવાનું ઠરી ચૂકેલું છે. વળી એ પણ ઠરી ચૂકેલું છે કે ગુજરાત અને માળવા જીતી લેનાર ગુપ્ત રાજા, બીજો ચંદ્રગુપ્ત હતો અને તેણે ગુપ્ત સંવત્ ૮૦ (ઈ. સ. ૩૯૯) માં માળવા અને ગુજરાત જીતી લીધું. ક્ષત્રપ રાજાઓની સાલો વિક્રમ સંવત્‌માં ગણતાં ગુજરાતના છેલ્લા ક્ષત્રપ રાજાની અને પહેલા ગુપ્ત રાજાની વચ્ચે (૩૯૯–૨૬૪=) ૧૩૫ વર્ષનો ખાડો પડે છે અને એ ખાડાનો કંઇ ઇતિહાસ મળતો નથી એ પરથી સ્પષ્ટ જણાય છે કે ક્ષત્રપ રાજાઓની સાલો વિક્રમ સંવત્‌માં નહીં પણ શક સંવતમાં લખેલી હોવી જોઇએ. ક્ષત્રપ સાલોને શક સાલો ગણીએ તો છેલ્લા ક્ષત્રપ રાજાની સાલ ૩૨૦ છે તે (૩૨૦+૭૮=) ઇ. સ. ૩૯૮ થાય છે અને તેજ અરસામાં એટલે કે ઇ. સ. ૩૯૯ માં ચંદ્રગુપ્તે માળવા અને ગુજરાત જીતી લીધું છે તેની સાથે મેળ મળે છે. ગુપ્ત રાજાઓના શિક્કા પણ છેલ્લા ક્ષત્રપ રાજાઓના શિક્કાને એવા આબેહુબ મળતા આવે છે કે ક્ષત્રપ પછી તરતજ ગુપ્ત રાજા થયા હોવા જોઇએ એમ માનવાને ટેકો મળે છે. જ્યાં સુધી બીજાં સબળ વિરૂદ્ધ કારણ મળી આવ્યાં નથી ત્યાં સુધી ઉપર જણાવેલાં એકંદર કારણોને લીધે એમ માનવું યોગ્ય જણાય છે કે ઉશ્વદાત અને અયામના લેખોમાં જે સાલ લખેલી છે તે સાલ ગુજરાત જીતી નહપાન

રાજાએ શરૂ કરેલી શક સંવતની સાલ છે અને તે ઈ. સ. ૭૮ થી શરૂ થાય છે.

નહપાન પછીના જૂનામાં જૂના જે શિક્કા ગુજરાતમાંથી મળ્યા છે તે ચષ્ટન રાજાના છે. ચષ્ટનના શિક્કામાં છતી બાજુએ ચષ્ટનનું ડોકું મૂછોવાળું છે, તેને માથે સાદી ટોપી છે અને વાળ નહપાનના કરતાં લાંબા છે. બીજી બાજુએ નહપાનના શિક્કાના જેવું વજ્ર અને બાણ નથી પણ સૂર્ય અને ચંદ્રનાં ચિન્હ છે.

૨ જો ક્ષત્રપ રાજા: ચષ્ટન, ઈ. સ. ૧૩૦.

ચષ્ટનના શિક્કામાં "ક્ષત્રપ" અને "મહા ક્ષત્રપ" ખિતાબ વાપરેલા છે અને ચષ્ટનના બાપનું નામ ચ્સમોતિક હોવાનું જણાવ્યું છે. આ નામ પરદેશી લાગે છે. નહપાન સાથે ચષ્ટનને શો સંબંધ હતો તે જણાયું નથી. ચષ્ટનનો બાપ "ક્ષત્રપ" અથવા બીજા કોઈ કુળ કે નામથી ઓળખાવ્યો નથી. તેથી એમ લાગે છે કે તે કંઈ પદવી વગરનો માણસ હશે અને તેના છોકરાએ કોઈ રીતે નહપાનનો આ મુલક તાબે કરી લીધો હોવાથી તે 'ક્ષત્રપ' અને પાછળથી 'મહા ક્ષત્રપ' કહેવાયો હશે. નહપાનનો ઘણોખરો મુલક ચષ્ટનના તાબામાં આવ્યો હશે એમ લાગે છે. ચષ્ટનના તેમજ તેના પુત્ર અને પૌત્રના શિક્કામાં સાલ આપી નથી, તોપણ એમ માનવાને કારણ રહે છે કે તેઓ નામ વગરનો કોઈ સંવત વાપરતા હતા, કારણ કે ચષ્ટનના પૌત્ર રૂદ્રદામાના ગીરનારના લેખમાં ૭૨ મું વર્ષ લખેલું છે. આ ૭૨ મા વર્ષ પહેલાં રૂદ્રદામાએ કેટલાં વર્ષ રાજ્ય કર્યું હશે એ નક્કી કરવાને કંઈ સાધન નથી; તોપણ તે પહેલાંથી રાજ્ય કરતો હશે એવો સંભવ છે. ૭૨ પહેલાં સાત વર્ષથી રૂદ્રદામા રાજ્ય કરતો હશે એમ માનીએ તો તેનું ગાદીએ બેઠાનું વર્ષ ૬૫ ધારી શકાય. આમાંથી તેના બાપ જયદામાના રાજ્યનાં આશરે પચીસ વર્ષ બાદ કરીએ તો ચષ્ટને ગુજરાત જીતી લીધાની સાલ ૪૦ આવે છે, એટલે કે નહપાનનાં છેવટનાં વર્ષોમાં તે નહપાનનો સમકાલીન રાજા હોવો જોઈએ. ટોલેમી નામના એક પ્રખ્યાત ગ્રીક ભૂગોળ અને ખગોળવેત્તાએ પોતાના ગ્રંથમાં

પૃથ્વીનું વર્ણન આપેલું છે. તેમાં હિંદુસ્તાનનાં શહેર, નદી, પર્વત, બંદરો વગેરેનાં નામ લખેલાં છે, અને મુખ્ય શહેરો તથા બંદરોના તો રેખાંશ અને અક્ષાંસ પણ આપેલા છે. એ ગ્રંથમાં વળી તેણે લખ્યું છે કે ઓઝીની (ઉજ્જન) માં ટ્યાસટનસ નામનો રાજા હતો. ટ્યાસટનસ રાજા અને જૂનાગઢના રૂદ્રદામાના લેખમાં જે રાજાનું નામ ચષ્ટન લખેલું છે તે એકજ હતો એમ દાક્તર ભાઉ દાજીએ સાબીત કર્યું છે. ત્યારબાદ થયેલી નવી શોધથી આ વાત દૃઢ થઇ છે. આ પ્રમાણે ચષ્ટન પ્રથમ ઉજ્જનમાં રાજ્ય કરતો હોવો જોઇએ. તેના શિક્કા અજમેર અને કાઠીઆવાડમાંથી મળી આવેલા છે, તે પરથી જણાય છે કે પાછળથી તેના કબજામાં વધારે પ્રદેશ આવેલો હોવો જોઇએ. વળી પ્રથમ તેણે ક્ષત્રપ એ નામ ધારણ કર્યું છે અને પછીથી મહાક્ષત્રપ ધારણ કર્યું છે. તેપરથી પણ એમ જણાય છે કે તેની સત્તા પ્રથમ થોડા પ્રદેશપર હશે અને પાછળથી ઘણાપર પ્રસરી હશે. નહપાનના સમયમાં ચષ્ટનની સત્તા કદાચ પ્રથમ અજમેર અને મેવાડની આસપાસના પ્રદેશમાં સ્થાપન થઈ હશે. માલય લોકોની સામે જે ઉત્તમભદ્ર ક્ષત્રિયોને મદદ કરવા ઉશ્વદાત ૪૨ ની સાલમાં ગયો હતો તે ક્ષત્રિય જાતનો કદાચ ચષ્ટન હશે અને માલય લોકોને હાંકી કાઢ્યા પછી તેણે પોતાની રાજ્યધાની ઉજ્જનમાં સ્થાપન કરી હશે.

આંધ્ર લોકે નહપાનનો મુલક લઇ લીધો. ઇ. સ. ૧૩૮

નહપાનને છોકરો ન હોવાથી તેના મરણ પછી તેનું રાજ્ય કદાચ તેના જમાઇ ઉશ્વદાતને મળ્યું હશે; પરંતુ તેની પાસેથી તે થોડા વખતમાં તેના આંધ્ર જાતના પડોશીઓએ લઇ લીધું હોય એમ જણાય છે, કારણ કે ગૌતમી પુત્ર સાતકરણીનું એક વિશેષણ ખખરાત (અથવા ક્ષહરાત) વંશનો નાશ કરનાર હોવાનું માલમ પડ્યું છે. ઉત્તર કોકણ, દક્ષિણ, ગુજરાત અને કાઠીઆવાડ આંધ્ર લોકોએ લઇ પોતાના રાજ્ય સાથે મેળવી દીધાનું ગૌતમીપુત્રના નાશીક પાસેના લેખથી જણાય છે. એ લેખમાં સુરાષ્ટ્ર અને અપરાન્ત તેના રાજ્યમાં હોવાનું લખેલું છે. આંધ્ર લોકોની જીત

લાંબો વખત કાયમ રહેલી જણાતી નથી. ચષ્ટને તેમની પાસેથી કાઠીઆવાડ અને નર્મદા સુધીનો દક્ષિણ ગુજરાતનો પ્રદેશ લઇ લીધેલો હોવાનું માલમ પડે છે. આ પ્રમાણે જ્યારે મેવાડ, માળવા, ઉત્તર અને દક્ષિણ ગુજરાત તથા કાઠીઆવાડ ચષ્ટનને તાબે આવ્યાં ત્યારે તેણે મહા ક્ષત્રપ નામ ધારણ કરેલું લાગે છે.

ચષ્ટન પછી તેના વંશના રાજાઓ એક પછી એક ગાદીએ બેઠા હતા. તેમના શિક્કામાં સાલો આપેલી છે, તથા દરેક પોતાના શિક્કાપર પોતાનું તથા પોતાના બાપનું નામ જણાવ્યું છે, તેથી ચષ્ટન પછીના બધા ક્ષત્રપ રાજાઓની વંશાવળી સંતોષકારક રીતે મળી છે.

ચષ્ટનનો વંશ.

ચષ્ટન પછી ગાદીએ બેસનાર ચષ્ટનના પુત્ર જયદામાના શિક્કા ઘણા થોડા મળ્યા છે, તે પરથી એમ ધારવામાં આવે છે કે તેનું રાજ્ય ઘણો થોડો વખત ચાલ્યું હશે. વળી તેને 'ક્ષત્રપ' લખેલો છે, 'મહાક્ષત્રપ' લખેલો નથી, તેથી પણ એમ ધારવામાં આવે છે કે તેના વખતમાં ક્ષત્રપનું રાજ્ય કમી થયું હશે અથવા તેના બાપના વખતમાં તે માત્ર કાઠીઆવાડનો સુબો હશે. કાઠીઆવાડમાંથી જયદામાના ત્રણ શિક્કા મળેલા છે તે પૈકી બે રૂપાના છે અને ત્રીજો તાંબાનો છે. રૂપાના શિક્કા જુનાગઢથી મળેલા છે અને તેમાં ચષ્ટનના શિક્કાની પેઠે એક બાજુએ રાજાનું ડોકું અને બીજી બાજુએ સૂર્ય અને ચંદ્રનાં ચિહ્ન છે.

૩ જો ક્ષત્રપ રાજા : જયદામા, ઇ. સ. ૧૪૦–૧૪૩.

જયદામાની પછી તેનો પુત્ર રૂદ્રદામા ગાદીએ બેઠો. રૂદ્રદામાના શિક્કા ચષ્ટનના શિક્કા જેવા છે અને કાઠીઆવાડમાંથી ઘણા મળી આવ્યા છે. તેના પોશાકનો ઘાટ ચષ્ટનના જેવો જણાય છે. રૂદ્રદામાના શિક્કા રૂપા સિવાય બીજી કોઈ ધાતુપર પાડેલા માલમ પડ્યા નથી.

૪ થો ક્ષત્રપ રાજા : રૂદ્રદામા, ઇ. સ. ૧૪૩–૧૫૮.

રૂદ્રદામાનો લેખ.

ગીરનારના ખડકપર રૂદ્રદામાએ કોતરાવેલા લેખપરથી રૂદ્રદામા વિષે ઘણી માહિતી મળે છે મૌર્ય રાજા ચંદ્રગુપ્તના વખતમાં (ઇ. પૂ. ૩૦૦) સુદર્શન તળાવને જે બાંધ બાંધ્યો હતો અને જે અશોકના વખતમાં (ઇ. પૂ. ૨૪૦) દુરસ્ત કર્યો હતો તે ભારે વરસાદથી એકાએક તુટી જવાથી નવીન બંધાવ્યાનું એ લેખમાં લખ્યું છે. વળી તેમાં એમ પણ લખ્યું છે કે "આખા આનર્ત અને સુરાષ્ટ્રનું રક્ષણ કરવા રાજાએ નીમેલા" પહલવ જાતના કુલૈપના પુત્ર સુવિશાખના હુકમથી એ બાંધ બંધાવેલો છે. પહલવ એ જૂના ઇરાની અને પાર્થિયન લોકનું નામ છે. દાક્તર ભાઉ દાજીનું ધારવું એવું છે કે 'સુવિશાખ' એ "સ્યાવક્ષ" નું સંસ્કૃત રૂપ હશે. કારલીના લેખમાં પણ એવુંજ એક નામ, સોવસક આપેલું છે અને તે પણ જે મૂળપરથી સુવિસાખ થયું હશે તેપરથી થયેલો અપભ્રંશ હશે એમ લાગે છે. કારલીના લેખવાળો 'સોવસક' અબુલામા-નો વતની હોવાનું લખેલું છે. આ અબુલામા ઇરાનના અખાતમાં આવેલું, જૂના વખતમાં વેપારનું મુખ્ય મથક, ઓબોલ્હા બંદર હશે. ઇરાનના અખાતમાં બંદરો અને પશ્ચિમ હિંદુસ્તાનનાં બંદરો વચ્ચે વેપાર ચાલતો હોવાથી, પહલવ લોકો ઘણા જૂના વખતથી પશ્ચિમ હિંદુસ્તાનમાં આવી વસ્યા હશે, અને હાલના પારસીઓને પેઠે તેમના સાહસિકપણાને લીધે ઘણા પ્રતિષ્ઠિત થઈ પડ્યા હશે. આગળ જતાં તેમની સત્તા એટલી બધી વધી પડી હતી કે પાંચમી સદીના અરસામાં હિંદુ નામવાળા અને હિંદુ ધર્મ પાળતા તથા હિંદુ ઉત્પત્તિનું ડોળ ઘાલતા 'પહ્લવ' રાજા દખણમાં રાજ્ય કરતા હતા.

સુદર્શન સરોવરપરનો લેખ: ઇ. સ. ૧૫૦.

સુદર્શન સરોવરપરના રૂદ્રદામાના લેખપરથી જણાય છે કે આનર્ત અને સુરાષ્ટ્ર તેના પહલવ સુબાના હાથ નીચે હતાં, તેથી એમ લાગે છે કે રૂદ્રદામાની રાજ્યધાની ગુજરાત અથવા કાઠીઆવાડમાં નહીં હોય; તેના દાદા ચષ્ટનની પેઠે તેની રાજ્યધાની પણ ઉજ્જન હશે. એ લેખમાં વળી લખ્યું છે કે "જેણે પોતે મહા ક્ષત્રપનો ખિતાબ મેળવ્યો હતો" એ પરથી

એમ લાગે છે કે મહા ક્ષત્રપનો ખિતાબ તેના દાદા ચષ્ટનને હતો પણ તેના બાપ જયદામાને નહોતો, તે રૂદ્રદામાએ પાછો મેળવ્યો હશે. એ લેખમાં વળી લખ્યું છે કે અકરાવંતી[1] અનૂપ,[2] આનર્ત, સુરાષ્ટ્ર, સ્વભ્ર,[3] મરૂ,[4] કચ્છ, સિંધુસુવીર,[5] કુકુર,[6] અપરાંત[7] અને નિશાદ[8] દેશ તેને તાબે હતા; એટલે પૂર્વે ભિલ્સથી પશ્ચિમે સિંધ સુધીનો અને ઉત્તરે આબુથી દક્ષિણે ઉત્તર કોંકણ સુધીનો કચ્છ સુદ્ધાંતનો પ્રદેશ રૂદ્રદામાને તાબે હોવો જોઇએ. યૌધેય જાતના લોકો સાથે તથા દક્ષિણાપથના શતકરણી રાજા સાથે રૂદ્રદામાએ લઢેલી લઢાઇઓની નોંધ પણ એ લેખમાં કરી છે. યૌધેય જાતના સંબંધમાં એ લેખમાં એવું લખ્યું છે કે તેઓ ઉદ્ધત અને અભિમાની થઇ ગયા હતા માટે રૂદ્રદામાએ તેમનો ખોડો કાઢી નાખ્યો.

યોધેય જાતના લોકો.

માલવ લોકોની પેઠે યોધૈય લોકોમાં પણ પ્રજાસત્તાક રાજ્ય હતું. ઇસ્વીસનના ત્રીજા સેંકડાના અરસાના એ લોકોના કેટલાક શિક્કા મથુરાં અને સારનપુર વચ્ચેના પ્રદેશમાંથી મળી આવ્યા છે. એ શિક્કાની છતી બાજુએ પોશાક પહેરેલા અને હાથ લાંબો કરેલા પુરૂષની આકૃતિ છે, અને ઉંધી બાજુએ કાર્તિકસ્વામીની ઉભી મૂર્ત્તિ છે અને ગુપ્ત લીપિમાં લેખ લખેલો છે. યૌધેય લોકોના

---

૧ અકર અને અવન્તી મળીને અકરાવંતી થયું છે; માળવાના જે ભાગમાં ઉજ્જન આવ્યું છે તેનું નામ અવન્તી હતું. અકર એ હાલનું ભિલ્સ પ્રગણું છે.

૨ અનૂપ એટલે સારી પેઠે પાણી સીંચેલો; એ દેશ ગુજરાતનો કોઇ ભાગ હશે.

૩ સ્વભ્ર, એ સાબરમતી આગળનો પ્રદેશ છે; એમાં ઉત્તર ગુજરાતનો ઘણો ખરો ભાગ આવી જાય છે.

૪ મરૂ એ મારવાડનું નામ છે.

૫ સિંધુ એ હાલનો સિંધ દેશ અને સુવીર એ મુલતાન સુધીનો ઉત્તર સિંધનો પ્રદેશ છે.

૬ કુકુર એ કયાં હશે તે જણાતું નથી.

૭ અપરાંત, એ ઉત્તરે મહીથી દક્ષિણે ગોવા સુધીનો દરિયા કિનારાનો પ્રદેશ છે.

૮ નિશાદ એ કયો ભાગ હશે તે નક્કી થઇ શકતું નથી.

શિક્કા કનિષ્ક રાજાના શિક્કા જેવા છે અને તેમના શિક્કા કનિષ્કના મુલકમાંથી મળી આવેલા છે. તેપરથી એમ લાગે છે કે કનિષ્કના વંશજો પાસેથી તેમણે પ્રદેશ લઇ લીધો હશે. આપરથી રૂદ્રદામાના લેખમાં તેમને ઉદ્ધત અને અભિમાની જણાવ્યા હશે તથા રૂદ્રદામાએ તેમને હરાવી તેમનો ગર્વ ઉતાર્યો હશે એમ લાગે છે.

દક્ષિણાપથના શતકરણી રાજાના સંબંધમાં સુદર્શન લેખમાં એવું લખેલું છે કે તેને બે વાર હરાવ્યો છતાં, નજીકનો સગો જાણી રૂદ્રદામાએ જીવતો રાખ્યો. શતકરણી એ કુળનું નામ છે તેથી આંધ્રનો કયો શતકરણી રાજા રૂદ્રદામાનો સગો થતો હશે અને શો સગો થતો હશે એ જાણવાને પૂરતાં સાધન નથી, પણ એમ ધારવામાં આવે છે કે રૂદ્રદામાને વખતે યશશ્રી શતકરણી રાજા હતો અને તેની મા ક્ષત્રપ કુળની હતી તેથી તેના મોસાળ પક્ષમાં તે રૂદ્રદામાનો સગો થતો હશે.

રૂદ્રદામાનાં બીજાં પણ ઘણાં વખાણ સુદર્શન લેખમાં કરેલાં છે, તે વ્યાકરણ, ન્યાય, રાજનીતિ વગેરે શાસ્ત્રોમાં પ્રવીણ થયેલો હોવાનું જણાવ્યું છે; તેને ઘણા રાજાની કુંવરીઓએ સ્વયંવરમાં વરમાળા પહેરાવેલી હોવાનું જણાવ્યું છે; અને લઢાઇ સિવાય બીજે કોઇ પ્રસંગે માણસને નહીં મારવાનો તેણે સંકલ્પ કર્યાનું, અને તે પાળ્યાનું જણાવ્યું છે. વળી એ તળાવનો બાંધ રાજાએ તે ગામની અથવા પ્રગણાની પ્રજાપર વિશેષ કર નાખ્યા વગર પોતાની ખાનગી સિલકમાંથી વેઠ કે જુલમ કર્યા વિના બંધાવ્યો હતો એમ પણ લખેલું છે.

ચષ્ટનનું રાજ્ય ક્ષત્રપ વર્ષ ૬૦ (ઇ. સ. ૧૩૮) માં પૂરૂં થયાનું જણાવ્યું છે અને જયદામાનું ટુંકું રાજ્ય પાંચ વર્ષ ચાલ્યું હશે એમ માનવામાં આવ્યું છે તેથી રૂદ્રદામાના રાજ્યની શરૂઆત ક્ષત્રપ વર્ષ ૬૫ (ઇ. સ. ૧૪૩) માં થયેલી હોવી જોઇએ. ગીરનાર લેખમાં ક્ષત્રપનું ૭૨ મું વર્ષ આપેલું છે તેથી ત્યાર પછી ૮૦ મા વર્ષ સુધી રૂદ્રદામા જીવ્યો હશે એમ માનીને ચાલીએ તો રૂદ્રદામાએ ઇ. સ. ૧૪૩ થી ઇ. સ. ૧૫૮ સુધી રાજ્ય કર્યું હોવું જોઇએ.

રૂદ્રદામા પછી તેનો પુત્ર દામાઝડ અથવા દામાજડશ્રી ગાદીએ બેઠો તેના વિષેની સર્વે માહિતી તેના ૭ શિક્કા દાક્તર ભગવાનલાલે મેળવ્યા છે તે પરથી મળે છે. એ છએ શિક્કા સારી કારીગરીના છે અને રૂદ્રદામાના શિક્કાના જેવા ઘાટના છે. છતી બાજુએ રાજાનું ડોકું છે અને તેની આસપાસ ઉકલી શકે નહીં એવો ગ્રીક લેખ છે. પાછળના ક્ષત્રપ રાજાઓના શિક્કામાં નાગરી આંકડામાં વર્ષ લખેલું છે તેમ આ શિક્કામાં નથી. ઉંધી બાજુએ સૂર્ય અને ચંદ્રનાં ચિહ્ન અને વાંકી ચૂકી લીંટી છે તથા તેની આસપાસ નાગરી લિપિમાં રાજાનું નામ છે. દામાઝડ એ શરૂઆતમાં વાપરેલું નામ હશે અને પાછળથી દામાજડશ્રી વાપર્યું હશે એમ લાગે છે. દામાઝડને તેનો પુત્ર પોતાના શિક્કામાં મહાક્ષત્રપ લખે છે, પણ દામાઝડના પોતાના શિક્કામાં માત્ર ક્ષત્રપ લખેલું છે. દામાઝડના શિક્કા ઘણા થોડા અને તેપણ એકજ ઠેકાણેથી મળેલા છે તેપરથી એમ લાગે છે કે તેના પિતાના વખતમાં તેણે યુવરાજ તરીકે રાજ્ય કર્યું હશે અથવા તો તે ઘણો પ્રદેશ ખોઇ બેઠો હશે. તેનું રાજ્ય ઘણો થોડો વખત ચાલેલું જણાય છે. એવું ધારવામાં આવે છે કે ક્ષત્રપ ૯૦ મા વર્ષમાં એટલે ઇ. સ. ૧૬૮ માં તે પૂરૂં થયું હશે.

૫ મો ક્ષત્રપ રાજા : દામઝાડ અથવા દામાજડશ્રી ૧ લો, ઈ. સ. ૧૫૮–૧૬૮.

દામાજડશ્રી પછી તેનો પુત્ર જીવદામા ગાદીએ બેઠો. આ રાજાના ચાર સિક્કા મળી આવેલા છે. તેમાં એકમાં ૧૮૦ ની સાલ છે, બીજામાં સાલ જણાતી નથી અને ત્રીજા અને ચોથામાં ૧૧૮ ની સાલ છે. આ પરથી એમ માની શકાય કે જીવદામાનું રાજ્ય ઓછામાં ઓછું ૧૮ વર્ષ ચાલ્યું હોવું જોઇએ; પરંતુ જીવદામાએ અઢાર વર્ષ રાજ્ય કર્યું હોય તો તેના શિક્કા થોડા મળી આવ્યા છે તેને બદલે વધારે મળવા જોઈએ. વળી ૧૦૨ થી અને ૧૧૮ મા વર્ષની દરમીઆન જીવદામાના કાકા (રૂદ્રદામાના પુત્ર) રૂદ્રસિંહના શિક્કા મળી આવ્યા છે; તેપરથી એમ અનુમાન

૬ ઠ્ઠો ક્ષત્રપ રાજાઃજીવદામા; ઈ. સ. ૧૭૮.

કરવામાં આવે છે કે જીવદામા ગાદીએ બેઠા પછી થોડા વખતમાં તેના કાકા રૂદ્રસિંહે તેને ગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો હશે અને ૧૧૮ માં રૂદ્રસિંહના મરણ પછી અથવા તેની હાર થયા પછી જીવદામા ફરી ગાદીએ બેઠો હશે.

૭ મો ક્ષત્રપ રાજા: રૂદ્રસિંહ; ઇ. સ. ૧૮૧-૧૯૬.

રૂદ્રસિંહ એ દામાજડશ્રીનો ભાઇ હતો. તેના ઘણા સિક્કા મળી આવ્યા છે. દાક્તર ભગવાનલાલને ત્રીશ શિક્કા મળ્યા હતા તે પૈકી વીસપર, નીચે જણાવેલી સાલો સ્પષ્ટ રીતે જણાય છે; ૧૦૩, ૧૦૬, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬ અને ૧૧૭. સર્વથી પહેલી સાલ ૧૦૩ છે અને છેલ્લી ૧૧૮ છે તેથી એમ લાગે છે કે જીવદામા ગાદીએ બેઠા પછી તેને રૂદ્રસિંહે ગાદીપરથી ઉઠાડી મૂક્યો હશે અને રૂદ્રસિંહે પંદર વર્ષ રાજ્ય કર્યાં પછી, જીવદામા ફરીથી ગાદીએ બેઠો હશે.

રૂદ્રસિંહે તાંબાના શિક્કા પણ પાડેલા હોવાનું જણાય છે. પંડિત ભગવાનલાલને તેનો એક તાંબાનો શિક્કો ઉજ્જનથી મળી આવ્યો હતો, તેની પર ૧૧૭ ની સાલ લખેલી છે.

ઉત્તર કાઠીઆવાડમાં હાલાર પ્રાંતમાં ગુંડ કરીને નાનું ગામ છે. ત્યાંના એક જૂના કુવામાંથી પથ્થરપર કોતરેલો લેખ મળી આવ્યો છે, તે રૂદ્રસિંહના વખતનો છે. એ લેખમાં લખ્યું છે કે સાર્વજનિક ઉપયોગને માટે એ કુવો રસોપદ્ર ગામની પાસે આભીર જાતના સેનાપતિ બાપકના પુત્ર સેનાપતિ રૂદ્રભૂતિએ બંધાવ્યો હતો. એ લેખમાં ૧૦૩ ની સાલ અક્ષરે અને આંકડે લખેલી છે અને રૂદ્રસિંહ રાજા હોવાનું જણાવ્યું છે. વળી રૂદ્રસિંહની નીચે પ્રમાણે વંશાવળી પણ આપેલી છે;—૧ ચષ્ટન, ૨ જયદામા, ૩ રૂદ્રદામા, ૪ રૂદ્રસિંહ; અને વિશેષમાં એમ જણાવ્યું છે કે ચોથો રાજા પહેલા રાજાનો પ્રપૌત્ર, બીજાનો પૌત્ર અને ત્રીજાનો પુત્ર છે. દામાજડશ્રી અને જીવદામાનાં નામ આ લેખમાં આપેલી વંશાવળીમાં આપ્યાં નથી તેનું કારણ કદાચ એટલુંજ હશે કે તે વખતનો રાજ્યકર્તા રૂદ્રસિંહ, પેઢીના મૂળ પુરૂષ સાથે

કેવો સંબંધ ધરાવે છે એટલુંજ બતાવવાને વંશાવળી આપી હશે; આખી વંશાવળી બતાવવાને આપી નહીં હોય.

રૂદ્રસિંહ પછી તેનો પુત્ર રૂદ્રસેન ૧ લો ગાદીએ બેઠો. તેના પિતાની પેઠે તેના પણ ઘણા શિક્કા મળી આવ્યા છે. પંડિત ભગવાનલાલે એકઠા કરેલા તેના ચાળીસ શિક્કામાં સત્તાવીસપર નીચેની સાલો લખેલી છે:

૮ મો ક્ષત્રપ રાજા:રૂદ્રસેન, ૧ લો, ઈ, સ, ૨૦૩-૨૨૦.

૧૨૫, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૮, ૧૪૦, ૧૪૨, એટલે આ શિક્કાપરથી જણાય છે કે તેનું રાજ્ય મોડામાં મોડું ઇ. સ; ૨૦૩ થી શરૂ થયું હશે અને વહેલામાં વહેલું ઇ. સ. ૨૨૦ માં પુરૂં થયું હશે. તેના બે તાંબાના શિક્કા પણ ઉજ્જનથી મળી આવ્યા છે, તેના પર ૧૪૦ ની સાલ લખેલી છે.

રૂદ્રસેનના શિક્કા સિવાય એક મુલિયાસર આગળ અને બીજો જસદણ આગળ એ પ્રમાણે બે લેખ મળી આવ્યા છે, તે પરથી પણ રૂદ્રસેન વિષે માહિતી મળે છે. મુલિયાસરવાળો લેખ, મુલિયાસરથી દશ માઇલ છેટે આવેલા દ્વારકાંના પુસ્તકાલયમાં છે. તેમાં રૂદ્રસેન રાજા હોવાનું જણાવ્યું છે અને ૧૨૨ મા વર્ષના વૈશાખ વદી પાંચમની મીતિ આપેલી છે. જસદણના લેખમાં ૧૨૬ મા વર્ષના ભાદ્રપદ વદી પાંચમની મીતિ આપેલી છે અને નીચે પ્રમાણે રાજાની વંશાવળી આપી છેઃ—

મહા ક્ષત્રપ ચષ્ટન.

ક્ષત્રપ જયદામા.

મહા ક્ષત્રપ રૂદ્રદામા.

મહા ક્ષત્રપ રૂદ્રસિંહ.

મહા ક્ષત્રપ રૂદ્રસેન.

આ દરેક રાજાને 'સ્વામી' અને 'ભદ્રમુખ' કહેલા છે. રૂદ્રસેનનું રાજ્ય ૧૨૨ મા વર્ષમાં (ઇ. સ. ૨૦૦) હોવાનું મુલિયાસરના લેખપરથી જણાય

છે તેથી રૂદ્રસિંહ પછી જીવદામા ફરીથી ગાદીએ બેઠો હશે તોપણ ત્યાર પછી તેનું રાજ્ય ઘણો થોડો વખત ચાલેલું હોવું જોઈએ.

૯ મો ક્ષત્રપ રાજા પૃથિવીસેન, ઈ, સ, ૨૨૦–૨૨૨,

રૂદ્રસેન પછી તેનો પુત્ર પૃથિવીસેન ગાદીએ બેઠો હશે, એમ પૃથિવિસેનનો એક શિક્કો અમરેલી આગળથી મળી આવ્યો છે, તે પરથી જણાય છે. એ શિક્કામાં ૧૪૪ ની સાલ છે એટલે કે રૂદ્રસેનના જે શિક્કા મળી આવ્યા છે તેમાં છેલ્લામાં છેલ્લી ૧૪૨ ની સાલ છે, તે પછી બે વર્ષનો આ શિક્કો છે. પૃથિવીસેનનો આટલો આજ સિક્કો મળેલો છે અને તેમાં તેને ક્ષત્રપ લખેલો છે તથા તેના કાકા, સંઘદામાનો શિક્કો પણ એજ સાલનો મળી આવ્યો છે, તે પરથી એમ લાગે છે કે પૃથિવીસેને ઘણો થોડો વખત રાજ્ય કર્યું હશે અને તેપણ સુરાષ્ટ્ર અથવા કાઠીઆવાડના ક્ષત્રપ તરીકે કર્યું હશે અને ત્યાર પછી તેના કાકાએ તેને ગાદીપરથી ઉડાડી મૂકયો હશે.

૧૦ મો ક્ષત્રપ રાજા: સંઘદામા ઈ, સ, ૨૨૩–૨૨૬,

સંઘદામા એ રૂદ્રસેનનો ભાઇ થાય અને રૂદ્રસિંહનો પુત્ર થાય. તેનો એક સિક્કો પંડિત ભગવાનલાલને અને એક રાજેશ્રી વજેશંકર ગૌરીશંકરને મળી આવ્યો છે. એ શિક્કાઓ પર અનુક્રમે ૧૪૫ અને ૧૪૪ ની સાલો છે. સંઘદામા પછી થએલા રાજા દામસેનના જે શિક્કા મળેલા છે તેમાં ૧૪૮ પહેલાંની સાલ નથી તેથી સંઘદામાએ ૧૪૪ થી ૧૪૮ સુધી (ઇ. સ. ૨૨૨ થી ૨૨૬ સુધી) એટલે કે ચાર વર્ષ રાજ્ય કરેલું હોવું જોઇએ.

૧૧ મો ક્ષત્રપ રાજા: દામસેન, ઇ, સ, ૨૨૬–૨૩૬,

સંઘદામા પછી તેનો ભાઈ દામસેન ગાદીએ બેઠો. તેના ઘણા શિક્કા મળી આવ્યા છે. ૨૩ શિક્કામાં અગીયાર પર નીચેની સાલો છેઃ–૧૪૮, ૧૫૦, ૧૫૩, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮. તેના પુત્ર વીરદામાના

નામના ૧૫૮ ની સાલના શિક્કા મળી આવ્યા છે તે પરથી એમ લાગે છે કે દામસેને ઘણામાં ઘણું દશ કરતાં વધારે વર્ષ (૧૪૮–૧૫૮) રાજ્ય કર્યું નહીં હોય.

૧૨ મો ક્ષત્રપ રાજા: બીજો દામાજડશ્રી, ઇ, સ, ૨૩૬,

બીજો દામાજડશ્રી પોતાના શિક્કાપર રૂદ્રસેનનો પુત્ર હોવાનું લખે છે. તેના પાંચ શિક્કા મળી આવેલા છે તે બધાપર ૧૫૪ ની સાલ છે, પરંતુ આ સાલ દામસેનના રાજ્યમાં આવે છે, તેથી એમ લાગે કે દામાજડશ્રી સગીર ઉમ્મરનો હશે અથવા સૂબો હશે અથવા કદાચ સ્વતંત્ર રાજા હશે.

૧૩ મો ક્ષત્રપ રાજા: વીરદામા, ઈ, સ, ૨૩૬–૨૩૮,

દામસેન પછી, તેના પુત્ર વીરદામા, યશદામા અને વિજયસેનના શિક્કા મળી આવ્યા છે. વીરદામાના શિક્કા ૧૫૮ અને ૧૬૩ ની સાલના છે; યશદામાના ૧૬૦ અને ૧૬૧ ની સાલના છે અને વિજયસેનનો જૂનામાં જૂનો શિક્કો ૧૬૦ નો છે. એ ત્રણ ભાઇઓમાં વીરદામા માત્ર 'ક્ષત્રપ' લખાયો છે. તેથી એમ લાગે છે કે તેના બાપના રાજ્યનો માત્ર થોડો ભાગ તેના કબજામાં હશે. બીજો ભાઇ યશદામા પ્રથમ ૧૬૦ માં 'ક્ષત્રપ' લખે છે, પરંતુ ૧૬૧ માં મહા ક્ષત્રપ લખે છે. ત્રીજો ભાઇ વિજયસેન ૧૬૦ માં મહા ક્ષત્રપ લખે છે તેથી કદાચ તેણે યશદામાને હરાવી મુખ્ય રાજ્યસત્તા લઇ લીધી હશે.

વીરદામાના શિક્કાની સારી સંખ્યા મળેલી છે. પંડિત ભગવાનલાલને ૨૬ શિક્કા મળ્યા હતા. તે વિજયસેનના શિક્કાની મોટી સંખ્યા ભેગા મળ્યા હતા. આ ૨૬ શિક્કા પૈકી ૭ પર ૧૫૮ ની સાલ અને ચાર ઉપર ૧૬૦ ની સાલ લખેલી છે.

૧૪ મો ક્ષત્રપ રાજા: યશદામા, ઇ. સ. ૨૩૯.

યશદામાના શિક્કા ઘણા થોડા મળ્યા છે. પંડિત ભગવાનલાલને સાત મળ્યા હતા. તેમાં છતી બાજુએ યશદામાનું ડોકું, તેના બાપના ડોકાની નકલ કરી હોય એવું જણાય છે. એ સાત શિક્કા પૈકી માત્ર બે પર સાલ

સ્પષ્ટ દેખાય છે. એકની પર ૧૬૦ ની સાલ છે તેમાં મહાક્ષત્રપ દામસેનનો પુત્ર ક્ષત્રપ યશદામા લખેલું છે. બીજાપર ૧૬૧ ની સાલ છે તેમાં મહાક્ષત્રપ દામસેનનો પુત્ર મહાક્ષત્રપ યશદામા એમ લખેલું છે.

૧૫ મો ક્ષત્રપ રાજા: વિજયસેન, ઇ. સ. ૨૩૮–૨૪૯.

વિજયસેનના શિક્કા ઘણા મળે છે. પંડિત ભગવાનલાલે ૧૬૭ એકઠા કર્યા હતા. તે બધા સારી કારીગરીના છે, સારી સ્થિતિમાં છે અને તેમના પરના અક્ષર ઠીક છે. તે પૈકી ૫૪ ઉપર નીચેની સાલો સ્પષ્ટ રીતે વંચાય છે. ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૭૦, અને ૧૭૧. આપરથી વિજયસેને ઓછામાં ઓછું ૧૬૦ થી ૧૭૧ (ઇ. સ. ૨૩૮–૨૪૯) સુધી એટલે કે અગીઆર વર્ષ રાજ્ય કર્યું હોવું જોઇએ.

વિજયસેનના બધા શિક્કામાં મહાક્ષત્રપ દામસેનનો પુત્ર મહાક્ષત્રપ વિજયસેન એમ લખેલું છે, પરંતુ ૧૬૬ ની સાલના બે શિક્કાપર તેને માત્ર “ ક્ષત્રપ ” લખેલો છે, તેનું કાંઇ કારણ સમજાતું નથી. ઇશ્વરદત્ત નામના કોઇ નવીન રાજાના બે શિક્કા વિજયસેનના શિક્કાના જેવી કારીગરીના મળ્યાછે તેથી કદાચ થોડો વખત તેણે વિજયસેનની સત્તા લઇ લીધી હોય એમ લાગે છે.

૧૬ મો ક્ષત્રપ રાજા: દામાજડશ્રી ૩ જો, ઇ. સ. ૨૫૦–૨૫૫.

વિજયસેન પછી તેનો ભાઇ દામાજડશ્રી ગાદીએ બેઠો. તેના શિક્કા ઘણા થોડા મળેલા છે અને કારીગરીમાં વિજયસેનના શિક્કા કરતાં ઘણા ઉતરતા છે. તે પંડિત ભગવાનલાલને સાત મળ્યા હતા તે પૈકી ત્રણ પર–૧૭૪, ૧૭૫, અને ૧૭૬ નીસાલ લખેલી છે. દામાજડશ્રી પછી વિજયસેનના પુત્ર રૂદ્રસેનના શિક્કા પડેલા છે, અને તેપર વહેલામાં વેહેલી સાલ ૧૭૮ ની છે. વિજયસેનના છેલ્લામાં છેલ્લા શિક્કા ૧૭૧ ની સાલના મળ્યા છે, તેથી દામાજડશ્રી ૧૭૩ માં ગાદીએ બેઠો હશે, અને તેનું રાજ્ય ૧૭૬ પછી પણ ૧૭૮ પહેલાં પૂરૂં થયું હશે, એટલે કે આશરે પાંચ વર્ષ ચાલ્યું હશે.

દામાજડશ્રી પછી, બીજો રૂદ્રસેન ગાદીએ બેઠો. બીજો રૂદ્રસેન એ તેરમા ક્ષત્રપ રાજા વીરદામાનો પુત્ર હતો એમ તેના શિક્કામાં લખેલા લેખપરથી જણાય છે. વિજયસેનની પેઠે બીજા રૂદ્રસેનના શિક્કા પણ ઘણા મળી આવે છે. તેમની કારીગરી તથા ચાંદી હલકા પ્રકારની છે. પંડિત ભગવાનલાલે એકઠા કરેલા ૮૪ શિક્કામાં અગીઆરપર નીચેની સાલો સ્પષ્ટ જણાય છે. ૧૭૮, ૧૮૦, ૧૮૩, ૧૮૫, ૧૮૬, ૧૮૮ અને ૧૯૦. ૧૭૬ ની સાલ સુધીના દામાજડશ્રી ત્રીજાના શિક્કા મળેલા છે. તેપરથી એમ લાગે છે કે રૂદ્રસેનના રાજ્યની શરૂઆત ૧૭૮ થી થઇ હશે. રૂદ્રસેનના પુત્ર વિશ્વસિંહના જૂનામાં જૂના શિક્કા ૧૯૮ ની સાલના મળે છે, એટલે તે પહેલાં રૂદ્રસેન મરણ પામેલો હોવો જોઇએ. ૧૯૦ અને ૧૯૮ ની વચ્ચે એટલે ૧૯૪ માં રૂદ્રસેન મરી ગયો હશે એમ ધારીએ તો તેનું રાજ્ય આશરે સોળ વર્ષ ચાલ્યું હશે એમ લાગે છે. તેના શિક્કાની સારી સંખ્યા મળી આવે છે તે પરથી પણ રૂદ્રસેનનું રાજ્ય એટલાં વર્ષ ચાલ્યું હશે એમ માની શકાય છે.

૧૭ મો ક્ષત્રપ રાજા: રૂદ્રસેન બીજો, ઈ, સ. ૨૫૬–૨૭૨,

રૂદ્રસેન બીજા પછી તેનો પુત્ર વિશ્વસિંહ ગાદીએ બેઠો. વિશ્વસિંહના શિક્કા તેના પિતાના શિક્કાની પેઠે પુષ્કળ મળી આવે છે. એ શિક્કાની છાપ વગેરે સારી રીતે પડેલી જણાતી નથી. પંડિત ભગવાનલાલે એકઠા કરેલા ૫૪ શિક્કામાં માત્ર ચારપર વાંચી શકાય એવી સાલ છે. એકની પર ૧૯૮, બેપર ૨૦૦ અને એકપર ૨૦૧, એ પ્રમાણે સાલો છે. ૨૦૧ ની સાલમાં વિશ્વસિંહનું રાજ્ય પૂરૂં થયું હશે, કારણ કે તેના પછી ગાદીએ બેસનાર તેના ભાઇ ભર્તૃદામાનો ૨૦૦ ની સાલનો શિક્કો મળી આવ્યો છે. આ પરથી એમ ધારી શકાય છે કે વિશ્વસિંહે ૧૯૪ થી ૨૦૦ (ઇ. સ. ૨૭૨–૨૭૮) સુધી ૬ વર્ષ રાજ્ય કર્યું હશે.

૧૮ મો ક્ષત્રપ રાજા: વિશ્વસિંહ, ઇ, સ, ૨૭૨–૨૭૮,

વિશ્વસિંહના કેટલાક શિક્કામાં મહાક્ષત્રપને બદલે ‘ક્ષત્રપ’ લખેલું છે. તેનું કારણ શું હશે તે ચોક્કસ જણાતું નથી. કદાચ તેને કોઇએ હરાવ્યો હશે અને

પોતાનો ખંડીઓ બનાવ્યો હશે; અથવા શરૂઆતમાં કોઇ દેશના હાકેમ તરીકે તેણે રાજ્યની શરૂઆત કરી હશે અને પાછળથી બધા પ્રદેશોનો રાજા થયો હશે.

૧૯ મો ક્ષત્રપ રાજા: ભર્તૃદામા, ઇ, સ, ૨૭૮–૨૯૪,

વિરસિંહ પછી તેનો ભાઇ ભર્તૃદામા ગાદીએ બેઠો. તેના શિક્કા ઘણાં મળી આવે છે, પરંતુ કારીગરી અને ઘાટમાં તે વિશ્વસિંહના શિક્કા કરતાં પણ હલકી જાતના છે. પંડિત ભગવાનલાલે મેળવેલા ૪૫ શિક્કામાં સાતપર, ૨૦૨, ૨૦૭, ૨૧૦, ૨૧૧ અને ૨૧૪ની સાલો છે. ભર્તૃદામા પછી ગાદીએ બેસનારનો જૂનામાં જૂનો શિક્કો ૨૧૮ ની સાલનો છે, તેથી ભર્તૃદામાનું રાજ્ય ૨૦૨ થી ૨૧૬ (ઇ. સ. ૨૭૮–૨૯૪) સુધી ચાલ્યું હશે એમ માનવાને હરકત નથી. ભર્તૃદામાના ઘણા ખરા શિક્કામાં તેને મહા ક્ષત્રપ લખેલો છે, તેમ થોડામાં ક્ષત્રપ પણ લખ્યો છે. આ ઉપરથી એમ ધારી શકાય છે કે તેણે ક્ષત્રપથી શરૂઆત કરી હશે અને પાછળથી 'મહાક્ષત્રપ' ની સત્તા તથા પદવી મેળવી હશે.

૨૦ મો ક્ષત્રપ રાજા: વિશ્વસેન, ઈ, સ, ૨૯૪–૩૦૦,

ભર્તૃદામા પછી તેનો પુત્ર વિશ્વસેન ગાદીએ બેઠો. તેના શિક્કાની સારી સંખ્યા મળેલી છે, પણ એ શિક્કા બરાબર પાડેલા નથી, તે પરનો લેખ અપૂર્ણ છપાયો છે અને ઘણા શિક્કા પર સાલ જણાતી નથી. પંડિત ભગવાનલાલે મેળવેલા ૨૫ શિક્કા પૈકી, માત્ર ત્રણપર સાલો છે, એકપર ૨૧૮ અને બેપર ૨૨૨ ની સાલ છે. શિકકા પરના લેખમાં મહાક્ષત્રપ ભર્તૃદામાનો પુત્ર ક્ષત્રપ રાજા વિશ્વસેનને એમ લખેલું છે. વિશ્વસેનને 'ક્ષત્રપ' નો હલકો ખિતાબ આપેલો છે અને તેની પછીના રાજાઓને પણ ક્ષત્રપ લખેલું છે, તેપરથી એમ લાગે છે કે આશરે ૨૨૦ (ઇ. સ. ૨૯૮)ની સાલથી ક્ષત્રપ રાજાઓની પડતી થઇ હશે.

સતારાથી ત્રીસ માઇલ પર કૃષ્ણા નદીપર આવેલા કરોડ ગામ પાસેથી

સન ૧૮૬૧ માં દાટેલા શિક્કાઓનો ચરૂ મળી આવ્યો છે તે પરથી એમ લાગે છે કે ઉત્તર કોકણ અને પશ્ચિમ દખ્ખણનો કેટલોક ભાગ વિશ્વસેનના વખત સુધી (ઇ. સ. ૩૦૦) ક્ષત્રપ રાજાઓને તાબે હશે. એ ચરૂમાં નીચે જણાવેલા ૭ રાજાઓના શિક્કા હતા. વિજયસેન (ઇ. સ. ૨૩૮–૨૪૯); તેનો ભાઇ દામાજડશ્રી ૩ જો (ઇ. સ. ૨૫૧–૨૫૫); વીરદામાનો પુત્ર રૂદ્રસેન ૨ જો (ઈ. સ, ૨૫૬–૨૭૨): રૂદ્રસેનનો પુત્ર વિશ્વસિંહ (ઈ. સ. ૨૭૨–૨૭૮); બીજા રૂદ્રસેનનો પુત્ર ભર્તૃદામા (ઇ. સ, ૨૭૮–૨૯૪); અને ભર્તૃદામાનો પુત્ર વિશ્વસેન (ઇ. સ. ૨૯૪–૩૦૦). કદાચ કોઇ ગુજરાતી જાત્રાળુ એ શિક્કા એ જગોએ લઇ ગયો હશે એમ માનવામાં આવે તો એ શિક્કા માલમ પડી આવવાથી એ જગોસુધી ક્ષત્રપ રાજાઓનો અમલ હશે એમ કહેવાય નહીં. પરંતુ કોઇ જાત્રાળુ એ શિકકા ત્યાં લઇ ગયો હશે એમ માનવાને બદલે ત્યાંના કોઈ રહીશે ત્યાં ચાલતું નાણું દાટયું હશે એમ માનવું વધારે સરળ છે. ગેઝિટિયરનો ઇતિહાસકર્તા નીચેનાં કારણથી એમ માને છે કે એ શિકકા એ જગોએ ક્ષત્રપ રાજાઓનો અમલ હોવાનું બતાવે છેઃ—(૧) એ ચરૂમાં જે રાજાઓના શિકકા છે તેમાં સૌથી પહેલા વિજયસેન (ઇ. સ. ૨૩૮–૨૪૯) ના વખતમાં ક્ષત્રપ રાજાઓનો અમલ દખ્ખણ સુધી પ્રસર્યો હશે, કારણ કે તે વખતે પશ્ચિમ (ઇ. સ. ૧૮૦–૨૦૦) અને પૂર્વ (ઇ. સ. ૨૨૦) શાતકરણીઓનો છેડો આવેલો હતો, અને બીજો કોઈ દખ્ખણ વંશ સ્થાપન થયો નહોતો; (૨) એ શિક્કાવાળા બધા રાજા મહાક્ષત્રપ છે અને પેરિપ્લસ (ઇ. સ. ૨૪૫) માં આપેલા વર્ણનથી, તેમાંનો સૌથી પહેલો વિજયસેન ઘણી દોલત અને સત્તાવાળો જણાય છે. (૩) વિશ્વસેન પછીના શિક્કા નથી એ વાત ચષ્ટનની પેઢીમાં છેલ્લો વિશ્વસેન હતો અને વિશ્વસેન પછી ગુજરાતના ક્ષત્રપ રાજાઓની પડતી થઇ એ વાત સાથે મળતી આવે છે. વળી જે રાજાઓના શિક્કા કરાડ આગળથી મળ્યા છે તે રાજાઓના વખતમાં ક્ષત્રપ સત્તા સર્વોપરી હતી, એ વાતને વરાડ પ્રાંતમાં અમરાવતી આગળ મહાક્ષત્રપ દામાજડશ્રીના પુત્ર મહાક્ષત્રપ રૂદ્રસેન (બીજો) (ઇ. સ. ૨૫૬–૨૭૨) ના સિક્કા મળી આવ્યા છે તેથી પણ ટેકો મળે છે.

વિશ્વસેન પછી ચષ્ટનથી સીધા વંશના રાજા થએલા જણાતા નથી; તેનું કારણ કદાચ એમ હશે કે વિશ્વસેનને સંતાન નહીં હોય, અથવા તો કોઇ બીજા રાજાએ તેને હરાવી રાજ્ય લઈ લીધું હશે. ગમે તે કારણ હશે તો પણ એટલું તો નક્કી છે કે આઠ વર્ષ પછી (ઇ. સ. ૩૦૦—૩૦૮) જીવદામાનો પુત્ર રૂદ્રસિંહ નામનો નવો રાજા થએલો જણાય છે. રૂદ્રસિંહના શિક્કામાં તેના બાપ જીવદામાને માટે માત્ર સ્વામિ જીવદામા એટલુંજ લખેલું છે તેપરથી એમ ધારવામાં આવે છે કે જીવદામા એ ક્ષત્રપ વંશના રાજાના વખતમાં કોઇ મોટો અધિકારી હશે. વળી રૂદ્રસેન પોતાને ક્ષત્રપ લખે છે તેથી પણ એમ ધારી શકાય છે કે ક્ષત્રપ વંશનો તે સંબંધી હશે અને વિશ્વસેનના વખતમાં ક્ષત્રપ રાજ્ય તૂટી ગયું તેનો કંઈ ભાગ તેને મળ્યો હશે. વિશ્વસેનના પછી રાજકીય ઉથલપાથલ થયેલી હોવી જોઈએ, એમ રૂદ્રસેનના શિક્કા પરથી લાગે છે; કારણ કે પહેલાંના ક્ષત્રપ રાજાઓના શિક્કા કરતાં રૂદ્રસેનના શિક્કા ઉંચી બનાવટના જણાય છે. રૂદ્રસેનના બાર શિક્કા પંડિત ભગવાનલાલે મેળવ્યા છે તે પૈકી પાંચપર સાલ ૨૫૮ જણાય છે. ત્રણપર ૨૩૦, એકપર ૨૩૧, અને એકપર ૨૪૦ એ પ્રમાણે સાલો છે. રૂદ્રસિંહનાં વહેલમાં વહેલો શિક્કો ૨૩૦ ની સાલનો (ઇ. સ. ૩૦૮) મળેલો છે અને વિશ્વસેનનો છેલ્લામાં છેલ્લો ૨૨૨ (ઇ. સ. ૩૦૦) ની સાલનો છે, તેથી ૨૨૨ થી ૨૩૦ (ઇ. સ. ૩૦૦—૩૦૮) નું વચ્ચમાં ખાલું પડે છે.

૨૧ મો ક્ષત્રપ રાજાઃ રૂદ્રસિંહ ૨ જો, ઈ. સ. ૩૦૮--૩૧૮,

રૂદ્રસેન પછી તેનો પુત્ર યશદામા ગાદીએ બેઠો. તેના માત્ર ત્રણ શિક્કા મળેલા છે. તે પૈકી બેપર ૨૩૯ ની સાલ છે. રૂદ્રસેનનો ૨૪૦ ની સાલનો શિક્કો મળેલો છે, તેથી હાલ જેમ એક સાલ પૂરી થતાં પહેલાં નવી સાલના શિક્કા પાડવામાં આવે તેમ, ૨૪૦ ની સાલના થોડા શિક્કા

૨૨ મો ક્ષત્રપ રાજા યશદામા બીજો, ઇ. સ ૩૧૮.

પાડયા પછી રૂદ્રસિંહ મરી ગયો હશે અને યશદામાનું રાજ્ય ૨૩૯ થી શરૂ થયું હશે એમ લાગે છે. પોતાના બાપની પેઠે યશદામા પણ પોતાને 'ક્ષત્રપ' લખે છે.

યશદામા પછી જે શિક્કા મળે છે તે દામસિરિ રાજાનો છે. એ રાજા પોતાના શિક્કામાં પોતાને તથા પોતાના પિતાને મહાક્ષત્રપ લખે છે. તેના બાપનું નામ રૂદ્રસિંહ લખ્યું છે તેથી તે યશદામાનો ભાઇ થતો હશે.

૨૩ મો ક્ષત્રપ રાજા દામસિરિ. ઇ. સ. ૩૨૦.

દામસિરિનો માત્ર એકજ શિક્કો મળ્યો છે અને તેની પર ૨૪૨ ની સાલ છે. રૂદ્રસિંહના પોતાના શિક્કામાં તેમજ યશદામાના શિક્કામાં રૂદ્રસેનને માત્ર "ક્ષત્રપ" લખ્યો છે, છતાં દામસિરિના શિક્કામાં 'મહાક્ષત્રપ' લખ્યો છે તેથી એમ લાગે છે કે યશદામા કરતાં દામસિરિ ભારે પરાક્રમી નિવડયો અને પોતે 'મહાક્ષત્રપ' નામ ધારણ કરી, પોતાના બાપને પણ માનાર્થે 'મહાક્ષત્રપ' લખ્યો હશે. બાપ કરતાં વધારે પરાક્રમી નિવડેલા છોકરાએ આવી રીતે બાપને માન આપ્યાના ઘણા દાખલા મળી આવે છે.

દામસિરિના શિક્કા વધારે મળ્યા નથી તે પરથી એમ લાગે છે કે તેનું રાજ્ય ટુંકો વખત ચાલ્યું હશે. દામસિરિ પછી વળી બીજું ત્રીસ વર્ષનું ખાલું આવે છે. દામસિરિ પછીનો જે શિક્કો મળ્યો છે તે ૨૭૦ ની સાલનો છે. પાછળના ક્ષત્રપ રાજાઓના શિક્કા પ્રથમના ક્ષત્રપ રાજાઓના શિક્કા કરતાં વધારે મળવા જોઇએ તેને બદલે ઘણા થોડા મળે છે. તે પરથી એમ અનુમાન થઇ શકે છે કે ૨૭૦ ની સાલ (ઇ. સ. ૩૨૧–૩૪૮) સુધીમાં પૂરાં થતાં ત્રીસ વર્ષમાં બીજી કંઈ રાજકીય ઉથલપાથલ થઈ હશે.

જે શિક્કાપર ૨૭૦ ની સાલ છે તેમાં મહાક્ષત્રપ રૂદ્રદામાનો પુત્ર રાજા મહાક્ષત્રપ રૂદ્રસેન, એમ લખેલું છે. તેનો ઘાટ યશદામાના શિક્કાને મળતો છે. આ રૂદ્રસેનના માત્ર બે શિક્કા ૨૭૦ ની સાલના મળ્યા છે પણ એજ રાજાના જુદા ઘાટના બીજા ચોપન શિક્કા મળ્યા છે;

૨૪ મો ક્ષત્રપ રાજા : રૂદ્રસેન ૩ જો, ઇ. સ. ૩૪૮–૩૭૬

તેમાંના બાર પર ૨૮૮, ૨૯૦, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૨૯૬ અને ૨૯૮ ની સાલો છે. આ રીતે એ ઘાટના શિક્કા મળ્યા છે અને ૨૭૦ થી ૨૮૮ સુધી સાલનો એકે શિક્કો મળ્યો નથી. તેથી એમ ધારવામાં આવે છે કે, એ વખતમાં પણ કંઇક રાજકીય ફેરફાર થયો હશે. કદાચ રૂદ્રસેનનું રાજ્ય ૨૭૦ પછી ગયું હશે અને ૨૮૮ થી પાછું થયું હશે, તેમજ તે ૨૯૮ સુધી ચાલ્યું હશે. પોતાને તથા પોતાના પિતાને રૂદ્રસેન મહાક્ષત્રપ લખે છે. તે ઉપરાંત સ્વામિ પણ લખે છે. રૂદ્રસેનના પિતાનો એકે શિક્કો મળતો નથી તે પરથી એમ ધારવામાં આવે છે કે રૂદ્રસેનનો પિતા સ્વતંત્ર રાજા નહીં હોય પણ માનની ખાતર રૂદ્રસેને તેને મહાક્ષત્રપ લખ્યો હશે. ૨૭૦ ની સાલના શિક્કાપર મહાક્ષત્રપ સ્વામિ રૂદ્રદામાનો પુત્ર રાજા મહાક્ષત્રપ સ્વામિ રૂદ્રસેન, એવો લેખ છે, તે ૨૮૮ થી ૨૯૮ સુધીના શિક્કાપર પણ છે.

૨૫ મો ક્ષત્રપ રાજા : રૂદ્રસેન ૪ થો, ઇ, સ. ૩૭૯–૩૮૮

રૂદ્રસેન પછી સત્યસેનના પુત્ર ક્ષત્રપ રૂદ્રસેનના શિક્કા મળ્યા છે. પંડિત ભગવાનલાલને આ રાજાના પાંચ શિક્કા મળ્યા છે, પણ શિક્કા પાડવામાં કાળજી વાપરેલી ન હોવાથી એકે પર સાલ પડી નથી. ક્ષત્રપ રૂદ્રસેનના ૩૦૦, ૩૦૪, અને ૩૧૦ ની સાલોવાળા શિક્કા જનરલ કનિંગહામને મળ્યા હતા. આ પરથી એમ લાગે છે કે આ રૂદ્રસેન, રૂદ્રદામાના પુત્ર રૂદ્રસેન પછી રાજા થયો હશે અને તેનું રાજ્ય ૩૧૦ (ઈ.સ. ૩૮૮) ની સાલ સુધી ચાલ્યું હશે. રૂદ્રસેનના શિક્કાપર રાજા મહાક્ષત્રપ સ્વામિ સત્યસેનનો પુત્ર રાજા મહાક્ષત્રપ સ્વામિ રૂદ્રસેન, એમ લખેલું છે.

આ રૂદ્રસેનના પિતા સત્યસેનના શિક્કા મળ્યા નથી, અને તે રૂદ્રદામાના પુત્ર ચોથા રૂદ્રસેન પછી તરતજ ગાદીએ બેઠેલો જણાય છે તેથી એમ લાગે છે કે સત્યસેન વાસ્તવિક રીતે રાજા નહીં હોય પણ રૂદ્રસેન રાજા થયા પછી પોતાના પિતાના માનાર્થે રાજા મહાક્ષત્રપ લખાવ્યો હશે.

ચોથા રૂદ્રસેન પછી ક્ષત્રપ રાજાઓ સંબંધી શિક્કાથી મળતો પુરાવો બંધ થાય છે. પંડિત ભગવાનલાલને માત્ર એકજ શિક્કો એવો મળ્યો છે કે જે ચોખ્ખી રીતે ચોથા રૂદ્રસેનના પછીના વખતનો લાગે છે. ડોકાની આકૃતિમાં તથા લેખની ઢબમાં આ શિક્કો ચોથા રૂદ્રસેનના શિક્કાને ઘણો મળતો આવે છે. એ શિક્કો પાડતી વખતે તેની પર સાલની છાપ બરોબર પડી નથી તેથી સાલ જણાતી નથી. તેની પર લેખ એવો છે કે રાજા મહાક્ષત્રપ સ્વામિ રૂદ્રસેનની બહેનનો પુત્ર રાજા મહાક્ષત્રપ સ્વામિ સિંહસેન. આપરથી જણાય છે કે ચોથા રૂદ્રસેનને સંતતિ નહીં હોવાથી તેનો ભાણેજ ગાદીએ બેઠો હશે. સિંહસેનના વધારે શિક્કા મળતા નથી તેથી તેનું રાજ્ય ઘણોજ થોડો વખત ચાલ્યું હશે એમ લાગે છે.

૨૬ મો ક્ષત્રપ રાજા: સિંહસેન.

એક બીજો શિક્કા મળી આવ્યો છે તેમાં ડોકાની છાપ તથા અક્ષર પરથી એ શિક્કા સિંહસેન પછીનો હશે એમ લાગે છે. એ શિક્કાપરના બધા અક્ષર બરોબર બેસતા નથી. એક ભાગપરથી **राज्ञा क्षत्रपस** અને બીજા ભાગ પરથી **पुत्रस स्कन्द** એમ વંચાય છે. પંડિત ભગવાનલાલનું ધારવું એવું છે કે આ સ્કંદ રાજા કે જેના બાપનું નામ જાણવાને કંઇ સાધન નથી તે ગુજરાતનો છેલ્લો ક્ષત્રપ રાજા હશે અને તેની પાસેથી રાજ્ય ગુપ્તવંશ પાસે ગયું હશે.

૨૭ મો ક્ષત્રપ, સ્કંદ.

ઉપર જણાવેલા ક્રમવાર ક્ષત્રપ રાજાઓ સિવાય ઇશ્વરદત્ત નામના બીજા એક ક્ષત્રપ રાજાના શિક્કા કાઠીઆવાડમાંથી મળી આવ્યા છે. તે કોનો પુત્ર હશે એ જણાયું નથી. આ રાજાના શિક્કા પંદરમા ક્ષત્રપ રાજા વિજયસેન (ઇ. સ. ૨૩૮–૨૪૯) ના શિક્કાને ઘણી ખરી બાબતોમાં મળતા આવે છે; મુખ્ય ફેર એ છે કે ક્ષત્રપ રાજાઓના શિક્કાની પેઠે તેના શિક્કામાં રાજાના બાપનું નામ આપેલું નથી, અને રાજાની સાલ ચાલુ શક સંવત્સરમાં આપેલી

ઇશ્વરદત્ત, ઇ. સ. ૨૩૦–૨૫૦.

નથી પણ પોતાના રાજ્યનાં વર્ષોમાં આપેલી છે. ઇશ્વરદત્તના એક શિક્કામાં પહેલું વર્ષ લખેલું છે અને બીજામાં બીજું વર્ષ લખ્યું છે. તેપરથી લાગે છે કે તેનું રાજ્ય ઘણો વખત ચાલ્યું નહીં હોય. ઇશ્વરદત્તના નામપરથી અને શિક્કાપર સાલ લખવાની તેની જુદી પદ્ધતિપરથી એમ લાગે છે કે ક્ષત્રપ કુળના કોઇ જુદા કુટુંબનો તે હશે.

ઇશ્વરદત્તના શિક્કાના એકંદર ઘાટ પરથી એમ લાગે છે કે તે ક્ષત્રપ વિજયસેનના વખતમાં થઇ ગયો હશે. વળી તે શિક્કામાં મહાક્ષત્રપ લખે છે તેથી તે સ્વતંત્ર રાજ્યકર્તા હશે એમ જણાય છે.

પંડિત ભગવાનલાલનું ધારવું એવું છે કે ઇશ્વરસેન નામના એક આભીર રાજાએ આંધ્ર રાજાઓ પાસેથી પશ્ચિમ દખ્ખણનો પ્રદેશ લઇ લીધો હતો, તેનાં વંશના ઇશ્વરદત્ત નામના રાજાએ ક્ષત્રપ વિજયસેનને હરાવ્યો હશે અને ગુજરાત, કાઠીઆવાડ તથા દખ્ખણનો ભાગ જીતી લઇ પોતાના રાજ્યની સાથે જોડી દીધો હશે, અને આ જીતના સ્મરણાર્થે મહાક્ષત્રપ નામ ધારણ કરી એ ઇશ્વિરદત્તે શિક્કા પડાવ્યા હશે. ઇશ્વરદત્તની જીત માત્ર થોડો વખત ચાલેલી હોવી જોઇએ અને બે વર્ષ પછી (આશરે ઇ. સ. ૨૫૨ માં) મહાક્ષત્રપ દામાજડશ્રીએ ક્ષત્રપ વંશનો પ્રદેશ પાછો લઇ લીધેલો હોવો જોઇએ. ઇશ્વરદત્તના માત્ર બેજ શિક્કા મળી આવ્યા છે અને વિજયસેન પછી દામાજડશ્રીનું રાજ્ય શરૂ થવાને માત્ર બે ત્રણ વર્ષનુંજ ખાલું પડેલું છે તેથી પણ આ ખુલાસાને ટેકો મળે છે.

ઇશ્વરદત્તના શિક્કા માત્ર કાઠીઆવાડમાંથી મળી આવ્યા છે. વળી પહેલા રૂદ્રસિંહના વખતમાં (ઇ. સ. ૧૮૧) રૂદ્રભૂતિ નામનો આભીર જાતનો માણસ તેના બાપની પેઠે સેનાપતિ હતો, તેપરથી એમ પણ ધારી શકાય કે ઇશ્વિરદત્ત બહારથી આવેલો કોઇ પરદેશી નહીં હોય પણ વિજયસેનના વખતમાં કોઇ મોટો હોદ્દેદાર હશે અને વિજયસેનના વખતમાં બળવો ઉઠાવી મહાક્ષત્રપ નામ ધારણ કરી બેઠો હશે. વિજયસેનના ૧૬૬ (ઇ. સ. ૨૪૪) ની સાલના શિક્કામાં તેને માત્ર 'ક્ષત્રપ' લખ્યો

છે. તેનું કારણ કદાચ એ પણ હોય કે એ અરસામાં તેને ઇશ્વરદત્તે હરાવી પોતાનું ઉપરીપણું કબુલ કરાવ્યું હશે. વિજયસેનના શિક્કાને ઇશ્વરદત્તના શિક્કા ઘણા મળતા આવે છે. વિજયસેન માત્ર ૧૬૬ ની સાલના અરસામાં ક્ષત્રપ લખાયો છે અને ઇશ્વરદત્તના શિક્કા પણ એજ પડેલા છે તેપરથી પણ આ અનુમાનને ટેકો મળે છે.

ક્ષત્રપ રાજાઓનો અનુક્રમ, તેમનું રાજ્ય શરૂ થયાની તથા પૂરૂં થયાની સાલ, અને તેમનો એક બીજા સાથેનો સંબંધ, તેમના વખતના શિક્કા તથા લેખો પરથી જે પ્રમાણે નક્કી કરવામાં આવ્યો છે તે પ્રમાણે નીચે જણાવ્યો છેઃ—

૧. નહપાન.
રાજા, ક્ષહરાત, ક્ષત્રપ.
(ઇ. સ. ૧૦૦–૧૨૦ ?)

---

૨. ચષ્ટન.
રાજા, મહાક્ષત્રપ.
(ઇ. સ. ૧૦૦–૧૩૦)
|
૩. જયદામા.
રાજા, ક્ષત્રપ. (ઇ. સ. ૧૩૦–૧૪૦)
|
૪. રૂદ્રદામા.
રાજા, મહાક્ષત્રપ. (ઇ. સ. ૧૪૩–૧૫૮)
|
૫. દામાઝડ અથવા દામાજડશ્રી.
રાજા, ક્ષત્રપ. (ઇ. સ. ૧૬૮)
|
૬. જીવદામા.
રાજા, મહાક્ષત્રપ. (ઇ. સ. ૧૭૮ તથા ૧૯૬)

૭. રૂદ્રસિંહ ૧ લો.
રાજા, મહાક્ષત્રપ. (૧૮૦—૧૯૬)

૮. રૂદ્રસેન ૧ લો.
રાજા, મહાક્ષત્રપ,
(ઇ. સ. ૨૨૦—૨૨૨)

૧૦. સંઘદામા.
રાજા, મહાક્ષત્રપ.
(ઇ. સ. ૨૨૨—૨૨૬)

૧૧. દામસેન.
રાજા, મહાક્ષત્રપ.
(ઇ. સ. ૨૨૬—૨૩૬)

૯. પૃથિવીસેન.
રાજા, ક્ષત્રપ,
(ઇ. સ. ૨૨૨)

૧૨. દામાજડશ્રી ૨ જો.
રાજા, ક્ષત્રપ,
(ઇ. સ. ૨૩૨)

૧૩. વીરદામા.
રાજા, ક્ષત્રપ.
(ઇ. સ. ૨૩૬—૨૩૮)

૧૪. યશદામા. ૧ લો.
રાજા ક્ષત્રપ.
(ઇ. સ. ૨૩૮—૨૩૯)

૧૫. વિજયસેન.
રાજા, ક્ષત્રપ અને મહાક્ષત્રપ.
(ઇ. સ. ૨૩૮—૨૪૯)

૧૬. દામાજડશ્રી. ૩ જો.
રાજા, મહાક્ષત્રપ.
(ઇ. સ. ૨૫૧—૨૫૫)

૧૭. રૂદ્રસેન ૨ જો.
રાજા, મહાક્ષત્રપ.
(ઇ. સ. ૨૫૬—૨૭૨)

૧૮. વિશ્વસિંહ.
રાજા, ક્ષત્રપ,
(ઇ. સ. ૨૭૨—૨૭૮)

૧૯. ભર્તૃદામા.
રાજા, ક્ષત્રપ, અને મહાક્ષત્રપ.
(ઇ. સ. ૨૭૮—૨૯૪)

૨૦. વિશ્વસિંહ.
રાજા, ક્ષત્રપ,
(ઇ. સ. ૨૯૪–૩૦૦)

---

૨૧. રૂદ્રસિંહ ૨ જો. સ્વામિ, જીવદામાનો પુત્ર.
રાજા, ક્ષત્રપ,
(ઇ. સ. ૩૦૮, ૩૦૯, ૩૧૮)

૨૨. યશદામા ૨ જો.	**૨૩. દામસિરિ.**
રાજા, ક્ષત્રપ.	રાજા, મહાક્ષત્રપ,
(ઇ. સ. ૩૧૮)	(ઇ. સ. ૩૨૦)

---

૨૪. સ્વામિ રૂદ્રસેન ૩ જો, રાજા મહાક્ષત્રપ.
સ્વામિ રૂદ્રદામાનો પુત્ર. રાજા, મહાક્ષત્રપ.
(ઇ. સ. ૩૪૮, ૩૬૬–૩૭૬)

---

૨૫. સ્વામિ રૂદ્રસેન ૪ થો, રાજા, મહાક્ષત્રપ.
સ્વામિ સત્યસેનનો પુત્ર.
રાજા, મહાક્ષત્રપ.
(ઇ. સ. ૩૭૮–૩૮૮)

---

૨૬. સ્વામિ સિંહસેન. રાજા, મહાક્ષત્રપ.
સ્વામિ રૂદ્રસેન (૨૫) ની બહેનનો પુત્ર.
રાજા, મહાક્ષત્રપ.

---

૨૭. સ્કન્દ–?

પ્રકરણ ૬ ઠું.

ત્રૈકૂટક રાજાઓ.

(ઇ. સ. ૨૫૦–૪૫૦.)

ત્રૈકૂટક રાજાઓ ઇ. સ. ૨૫૦–૪૫૦.

ત્રૈકૂટક રાજાઓ વિષે માહિતી મળવાનાં સાધન તેમના વખતનાં બે તામ્રપટો મળી આવ્યાં છે તેજ છે. તોપણ એ તામ્રપટોપરથી જણાય છે કે ત્રૈકૂટક રાજાઓ ઘણા બળવાન હતા અને વચલા ક્ષત્રપ રાજાઓના વખતમાં (ઇ. સ. ૨૫૦) તેમની સત્તાની શરૂઆત થઇ હતી.

એક તામ્રપટ સન ૧૮૩૯ માં દાક્તર બર્ડ એમણે કન્હેરીથી મેળવ્યું હતું, અને બીજું વલસાડ પાસે આવેલા પારડી ગામમાંથી સન ૧૮૦૫ માં મળ્યું હતું. બંને તામ્રપટોમાં સાલ લખેલી છે. કન્હેરીવાળા તામ્રપટમાં "ત્રૈકૂટના વધતા જતા અમલના ૨૪૫ વર્ષમાં" એ પ્રમાણે લખેલું છે, અને પારડીવાળા તામ્રપટમાં ચોખ્ખા આંકડાથી ૨૮૭ ની સાલ લખેલી છે. પારડીવાળા તામ્રપટમાં 'ત્રૈકૂટકના વિખ્યાત મહારાજા' દહસેન અથવા ધરસેનનું નામ દાન કર્ત્તા તરીકે જણાવ્યું છે. કન્હેરીવાળા તામ્રપટમાં દાનકર્ત્તા રાજાનું નામ જણાવ્યું નથી. તોપણ ત્રૈકૂટકના વધતા જતા અમલની ૨૪૫ મી સાલ જણાવેલી છે. પારડીવાળા તામ્રલેખમાં રાજાનું નામ જણાવ્યું છે, તથા તે ત્રૈકૂટક હોવાનું જણાવ્યું છે પણ સાલમાં માત્ર 'સંવત ૨૦૭' એટલુંજ જણાવ્યું છે. આ તામ્રપટની સાલ ત્રૈકૂટક સંવત્સરની હોવાનું લખેલું નથી તોપણ તેના અક્ષર કન્હેરીવાળા તામ્રપટને મળતા આવે છે, તથા તેમાં રાજા ત્રૈકૂટક જણાવ્યો છે તેથી એમ લાગે છે કે બંને તામ્રલેખોમાં વાપરેલો સંવત્સર એકજ હોવો જોઇએ. ત્રૈકૂટક વંશ સ્થાપન કરનારે આ સંવત્સર ચલાવેલો હોવો જોઇએ અને તે ઓછામાં ઓછાં ૨૪૫ વર્ષ ચાલેલો હોવો જોઇએ.

હવે વિચાર કરવાનો પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે ઉપર જણાવેલા તામ્રપટમાં લખેલો સંવત્ ક્યારથી શરૂ થયો? ગુર્જ્જર અને ચાલુક્ય રાજાઓનાં દસ તામ્રપટ ગુજરાતમાંથી મળી આવ્યાં છે તેમાં પણ 'સં' એમ લખીને સાલ લખેલી છે. પણ એ સંવત્ કોનો તે જણાવેલું નથી.

ત્રૈકૂટક સંવત્ ક્યારથી શરૂ થયો?

સાલ બતાવવા લખેલા આંકડાની ઢબ પારડીના તામ્રપટની સાથે તથા ગુપ્ત રાજાઓના શિક્કા સાથે ઘણી મળતી આવે છે. સૌથી જૂનામાં જૂનું તામ્રપટ વડોદરા રાજ્યના સંખેડા ગામમાંથી મળેલું છે. તે પર ૩૪૬ ની સાલ છે. એ વખતે ભરૂચનો દદ્દ ૧ લો રાજા હતો. ત્યાર પછીનાં બે તામ્રપટ ગુર્જ્જર રાજા દદ્દ પ્રશાંતરાગે કરેલા દાનમાં ખેડાથી મળેલાં છે. તેમાં અનુક્રમે ૩૮૦ અને ૩૮૫ ની સાલો છે. ત્યાર પછી રણગ્રહનું ૩૯૧ ની સાલવાળું સંખેડાનું દાનપત્ર આવે છે; પછી ચાલુક્ય રાજા વિજયરાજ અથવા વિજયવર્માનું, ૩૯૪ ની સાલવાળું ખેડાનું તામ્રપટ છે; ત્યાર પછી સેંદ્રક રાજા નિકુંભલ્લ શક્તિનું બગુમરાવાળું તામ્રપટ છે; નવસારી અને સુરતથી મળેલાં ચાલુક્ય રાજા શીલાદિત્ય શ્રાશ્રયનાં તામ્રપટપર અનુક્રમે ૪૨૧ અને ૪૪૩ ની સાલો છે; ગુર્જ્જર રાજા જયભટનાં બે તામ્રપટ નવસારી અને કાવિથી મળેલાં છે. તેમાં અનુક્રમે ૪૫૬ અને ૪૮૬ ની સાલો છે; અને પુલકેશીના તામ્રપટપર ૪૯૦ ની સાલ છે.

આ તામ્રપટો પૈકી ૪૨૧ ની સાલવાળા તામ્રપટમાં શીલાદિત્ય, જયસિંહવર્માનો પુત્ર અને યુવરાજ હોવાનું લખેલું છે. એ તામ્રપટ ઉપરથી વળી જણાય છે કે જયસિંહવર્મા એ "ઉત્તરના રાજા હર્ષવર્ધનને જીતનાર" પુલકેશિ વલ્લભનો પુત્ર અને વિક્રમાદિત્યનો ભાઇ હતો. દખ્ખણના પશ્ચિમ ચાલુકોની મુખ્ય શાખાના રાજાઓના તામ્રપટોમાં જયસિંહવર્મા નામ કોઇ ઠેકાણે માલમ પડતું નથી. જયસિંહવર્મા "મહારાજા" કહેવાયો છે અને તેનો પુત્ર શિલાદિત્ય યુવરાજ કહેવાયો છે, તે ઉપરથી એમ લાગે છે કે પશ્ચિમ ચાલુક્ય રાજાઓની ગુજરાતની શાખા

જયસિંહવર્માએ સ્થાપન કરી હશે અને તેના ભાઇ વિક્રમાદિત્યને અધિરાજ તરીકે માન્ય રાખી તે ગુજરાતમાં રાજ્ય કરતો હશે. ગુજરાતના દાનપત્રમાં જયસિંહવર્માની સાથે પેઢીનામામાં તેના ભાઇનું નામ લખેલું છે, તે પરથી પણ આ અનુમાનને ટેકો મળે છે. વિક્રમાદિત્યનું રાજ્ય ઇ. સ. ૬૮૦ (શક ૬૦૨) માં પૂરૂં થયું હતું. હવે ઉપર જણાવેલા તામ્રપટમાં ૪૨૧ ની સાલ લખી તે વિક્રમાદિત્યના રાજ્યની છેલ્લી સાલ હશે એમ માનીએ તો એ ૪૨૧ ની સાલ શક ૬૦૨ ની સાલની બરોબર થાય. આ રીતે ગણત્રી કરતાં એમ નીકળી આવે છે કે જે સંવત્‌ની એ ૪૨૧ ની સાલ હશે તે સંવત્ મોડામાં મોડો શક સંવત્ ૧૮૧ અથવા ઇ. સ. ૨૫૯ માં શરૂ થયો હોવો જોઇએ. વિક્રમાદિત્યનું રાજ્ય પૂરૂં થતાં પહેલાં આઠ દશ વર્ષપર લખેલી સંદરહુ ૪૨૧ ની સાલ હશે એમ માનીએ તો એ સંવત્ આશરે ઇ. સ. ૨૫૦ માં શરૂ થયો હોવો જોઇએ. બીજું તામ્રપટ એજ શીલાદિત્ય રાજાનું ૪૪૩ ની સાલનું છે. તેમાં અધિરાજ તરીકે વિનયાદિત્ય સત્યાશ્રય વલ્લભનું નામ જણાવેલું છે તે પરથી એમ અનુમાન કરી શકાય છે કે ૪૪૩ ના અરસામાં વિક્રમાદિત્ય પછી વિનયાદિત્ય ગાદીએ બેઠેલો હતો. વિનયાદિત્યનું રાજ્ય શક ૬૦૨ થી શક ૬૧૮ સુધી (એટલે કે ઈ. સ. ૬૮૦ થી ઇ. સ. ૬૯૬–૯૭ સુધી) ચાલ્યું હતું એમ નક્કી થયેલું છે. ૪૪૩ ની સાથે મળતી શક ૬૧૫ અથવા ઇ. સ. ૬૯૩ ની સાલ લઇ ગણી જોતાં ૪૪૩ વાળો સંવત્ ઇ. સ. ૨૫૦ માં શરૂ થયેલો હોવાનું જણાય છે.

પુલકેશિ વલ્લભ જનાશ્રયના ૪૯૦ ની સાલના દાનપત્રમાં દાન કરનાર રાજા જયસિંહવર્માનો પુત્ર અને મંગલરસરાયનો નાનો ભાઇ હોવાનું લખેલું છે. વલસાડના એક દાનપત્રમાં શક ૬૫૩ ની સાલ છે અને તેમાં દાન કરનારનું નામ જયસિંહવર્માનો પુત્ર મંગલરાજ લખેલું છે. આ ઉપરથી જણાય છે કે આ મંગલરાજ અને ઉપર જણાવેલો મંગલરસરાય એકજ જણ હોવો જોઇએ. મોટો ભાઇ મંગલરાજ નાના ભાઇ વલ્લભથી ૧૦ વર્ષે

મોટો હશે એમ માનીએ તો મંગલરાજની સાલ ૪૮૦ આવે છે, અને તેને મળતો શક (સાલ) ૬૫૩ હોવાનું વલસાડના તામ્રપટપરથી સિદ્ધ થાય છે, માટે ૪૭૦=શક ૬૫૩=ઈ. સ. ૭૩૦–૩૧ થાય છે. એટલે ઇ. સ. ૭૩૦–૪૮૦=ઇ. સ. ૨૫૦–૫૧ એ ઉપર જણાવેલી સાલોવાળા સંવત્‌ની શરૂઆતની સાલ હોવી જોઇએ.

ગુર્જર રાજા જયભટના ૪૫૭ ની સાલવાળા તામ્રપટમાં જણાવ્યું છે કે વલભી રાજાને હર્ષદેવ મહારાજે હરાવ્યો ત્યારે તેને બીજા દદ્દ રાજાએ આશ્રય આપ્યો હતો. દદ્દ રાજાનાં ૩૮૫ અને ૩૮૬ ની સાલનાં લખેલાં તામ્રપટ મળ્યાં છે. કનોજનાં હર્ષદેવ અથવા હર્ષવર્ધન જેના દરબારમાં પ્રખ્યાત ચીનો સાધુ હુએંત્સાંગ ગયો હતો, તેણે ઇ. સ. ૬૦૭ ઇ. સ. ૬૪૮ સુધી રાજ્ય કર્યું છે. હવે ખેડાવાળાં તામ્રપટમાં જે સંવત્‌ની સાલ છે તે ઈ. સ. ૨૫૦ માં શરૂ થયો હતો એમ ગણીએ તો બીજા દદ્દના તામ્રપટપરની સાલો ૩૮૦ (ઇ. સ. ૬૩૦) અને ૩૮૫ (ઇ. સ. ૬૩૫) હર્ષવર્ધન રાજાના સમયમાં આવે છે.

ઉપર જણાવેલા એકંદર દાખલા ઉપરથી જણાય છે કે ત્રૈકૂટક સંવત્ ઇ. સ. ૨૫૦ માં અગર તે અરસામાં શરૂ થયો હોવો જોઇએ. ચેદી અથવા કલચુરી સંવત્ પણ એજ અરસામાં શરૂ થએલો છે તેથી એમ લાગે છે કે ત્રૈકૂટક સંવત્ અને ચેદી અથવા કલચુરી સંવત્ એ એકજ હોવા જોઇએ.

ત્રૈકૂટક કોણ હતા?

ત્રૈકૂટકો કોણ હતા અને ક્યાં રાજ્ય કરતા હતા એ વિષે ચોક્કસ માહિતી મળતી નથી. પંડિત ભગવાનલાલનું ધારવું એવું છે કે તેઓ આભીર જાતના હશે; હાલ જુન્નર ગામ છે ત્યાં ત્રિકૂટની નામે નગર હશે તે તેમની રાજધાની હશે; ક્ષત્રપ રાજાઓના પ્રકરણમાં જે ઈશ્વરદત્તના શિક્કા વિષે કહેવામાં આવ્યું છે તે ઇશ્વરદત્ત તેમનો પહેલો રાજા હશે અને તેણે

ક્ષત્રપ રાજાને હરાવી કાઠીઆવાડ ઉપર અધિરાજપણું મેળવ્યું હશે; ત્યારબાદ ક્ષત્રપ રૂદ્રસેન, કે જેના શિકકા સાતારા પાસે કરાડ ગામ અને વરાડ પ્રાંતમાં અમરાવતી નગરીમાંથી મળી આવ્યા છે (ઇ. સ. ૨૫૬–૨૭૨) તેના સમયમાં તેમને હાંકી કાઢવામાં આવ્યા હશે, તેઓ ત્રિપુર અને કાલંજર જઇ વસ્યા હશે, અને ત્યાં પોતાનો સંવત્ ચેદી નામથી ચાલતો રાખ્યો હશે. પાછળથી ક્ષત્રપ વંશની પડતી થઇ ત્યારે તેઓ પાછા આવ્યા હશે અને પોતાની મૂળ રાજધાની ત્રિકૂટ નગરમાં એક શાખા સ્થાપન કરી, દક્ષિણ ગુજરાત સુધી રાજ્ય ચલાવ્યું હશે. જ્યારે તેમની ચઢતી થઇ ત્યારે પોતાની આભીર ઉત્પત્તિ ભૂલી જઇ હૈહયથી ઉત્પન્ન થયેલા હોવાનો તેમણે દાવો કર્યો હશે. ઇ. સ. ૪૧૦ માં ક્ષત્રપ વંશનો અંત આવ્યો ત્યારથી તે ઇ. સ. ૫૦૦ માં ચાલુક્ય વંશનો ઉદય થયો ત્યાં સુધી દક્ષિણ ગુજરાતમાં તેમનો અમલ કાયમ રહ્યો હશે.

એક બીજો વિદ્વાન્ એવું અનુમાન કરે છે કે છેવટ ગુપ્ત રાજાઓનો અમલ સ્થાપન થયો ત્યાં સુધી ક્ષત્રપ રાજાઓ સ્વતંત્ર નહીં હતા એમ માનવાને પૂરતાં કારણ નથી. માટે તેમના વખતમાં દક્ષણ ગુજરાતમાં ત્રૈકૂટકાનું રાજ્ય સ્થાપન થયું હશે એમ કહી શકાતું નથી. ઇશ્વરદત્તે બેજ વર્ષ રાજ્ય કર્યું જણાય છે; વળી તે આભીર અથવા ત્રૈકૂટક હતો એમ માનવાનો કંઈ આધાર નથી; તેની પછી તેના વંશનો કોઇ રાજા થયેલો જણાતો નથી; માટે એ ઇશ્વરદત્તે ત્રૈકૂટક સંવત્ શરૂ કર્યો હોય એમ માનવું બરાબર નથી. વળી જુન્નરની જગોએ ત્રિકૂટ નામની ત્રૈકૂટકોની રાજ્યધાની હશે એમ માનવાને કંઇ આધાર નથી. મૂળમાં પશ્ચિમ હિંદુસ્તાનમાં ત્રૈકુટકોની રાજધાની ત્રિકૂટ હશે અને પછી તેઓ કાલંજર ગયા હશે, ત્યાં તેમનો ઉદય થયા પછી હૈહય નામથી તેઓ પાછા આવી પોતાની જૂની રાજધાનીમાં શાખા સ્થાપી રાજ્ય કરવા લાગ્યા હશે એ સંભવિત લાગતું નથી. એમ માનવું વધારે સંભવિત લાગે છે કે કાલંજર તેમને મળ્યા પછી તેમનો ઉદય થયેલો હોવો જોઇએ. અને

તે પછી તેમણે ચેદી સંવત્ શરૂ કર્યો હશે. ત્યાર પછી ચેદી સંવત્ના ત્રીજા સેંકડાની શરૂઆતમાં (ઇ. સ. ના પાંચમા સેંકડાના મધ્ય ભાગમાં) તેઓ પહેલ વહેલા પૂર્વ તરફથી નર્મદાની ખીણ સુધી આવ્યા હશે અને ત્યાં પોતાનું ઉપરીપણું સ્થાપન કર્યું હશે. તેમનાં જે તામ્રપટ મળી આવ્યાં છે તેથી આ અનુમાનને ટેકો મળે છે; કારણ કે તે પહેલાંનાં કંઇ તામ્રપટ મળ્યાં નથી. વળી ગુજરાતના ગુર્જ્જર અને ચાલુક્ય રાજાઓ ચેદી સંવત્ વાપરતા એમ નિરિહુલ્લકના સંખેડાના તામ્રપટથી નિર્વિવાદ સિદ્ધ થયું છે. સંકરણ નામનો પોતાનો અધિરાજ હોવાનું નિરિહુલ્લક જણાવે છે. આ સંકરણ તે ચેદી રાજા શંકરગણ છે એમ દાક્તર બ્યુલરે બતાવી આપ્યું છે. સંખેડાના તામ્રપટ ઉપરથી જણાય છે કે છઠ્ઠા સેંકડામાં ચેદી અથવા કલચુરી નર્મદાની ખીણમાં સર્વોપરી હતા. ઇ. સ. ૫૮૦ માં ૧ લા દદ્દે ભરૂચમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું ત્યારે નર્મદાની ખીણ ઉપરથી ચેદીનું સર્વોપરીપણું નિકળી ગયું હશે એમ લાગે છે, તો પણ તેમનો સંવત્ વપરાતો ચાલુ રહ્યો હતો.

આ પ્રમાણે ચેદી રાજાઓનો ગુજરાત ઉપર એક વખત અમલ હતો એમ સિદ્ધ થાય છે; ત્યારે ચેદી અને ત્રૈકૂટક એ એકજ હોવા જોઇએ એમ સહજ ધારી શકાય છે. જ્યારે ત્રૈકૂટકોને દક્ષિણ ગુજરાતનું અધિરાજપણું મળ્યું તે વખતે એટલે કે ઇ. સ. ના પાંચમા સેંકડાની અધવચમાં ચેદી સંવત્ દક્ષિણ ગુજરાતમાં દાખલ થયો હોવો જોઇએ.

પ્રકરણ ૭ મું.

ગુપ્ત રાજાઓનો અમલ.

(ગુપ્ત ૯૦–૧૪૦; ઇ. સ. ૪૧૦–૪૭૦)

ગુપ્ત રાજાઓ. ઇ. સ. ૪૧૦–૪૭૦.

ક્ષત્રપ રાજાઓ પછી (ઇ. સ. ૧૨૦–૪૧૦) ગુપ્ત વંશના રાજાઓએ ગુજરાતમાં પોતાની સત્તા સ્થાપન કરી હતી.

પુરાણ પ્રમાણે ગુપ્ત રાજાઓનો મૂળ પ્રદેશ ગંગા અને જમનાની વચ્ચેનો હતો. તેમની રાજ્યધાની કયી હશે એ નક્કી થયું નથી. અંગ્રેજ લેખકો તેમને કનોજના ગુપ્ત રાજાઓ લખે છે. ગુપ્ત રાજાઓના શિક્કા પ્રથમ કનોજમાંથી મળી આવ્યા હશે તે ઉપરથી આ પ્રમાણે અનુમાન કરવામાં આવ્યું હશે એમ લાગે છે. ગુપ્ત રાજાઓ વિષેની માહિતીનાં જે સાધન પાછળથી મળી આવ્યાં છે તે પણ ઘણે ભાગે કનોજની પૂર્વ અને નૈઋત્ય તરફના પ્રદેશમાંથી મળી આવ્યાં છે. ગુપ્તકુળની ઉત્પત્તિ વિષે કંઈ માહિતી મળતી નથી. સ્મૃતિ પ્રમાણે માત્ર વૈશ્ય લોકોના નામને છેડે 'ગુપ્ત' લખાય છે અને વૈશ્યમાં ભરવાડ ખેડુત અને વેપારી વર્ગનો સમાવેશ થાય છે. સમુદ્રગુપ્ત અને તેની પછીના રાજાઓ પોતાના શિક્કામાં 'પરમભાગવત' લખે છે તેથી એમ જણાય છે કે તેઓ વૈષ્ણવ ધર્મ પાળતા હશે.

ગુપ્ત. ઇ. સ. ૩૧૯–૩૩૨.

ગુપ્ત વંશ સ્થાપન કરનારનું નામ ગુપ્ત છે. લેખોમાં 'ગુપ્ત' પહેલાં 'શ્રી' લખેલું જણાય છે. પણ તે નામનો ભાગ નહીં છતાં માત્ર નામને ખાતર લખેલું જણાય છે. જો 'શ્રી' એ ગુપ્તના નામનો ભાગ હોત તો જેમ ચંદ્રગુપ્ત, સમુદ્રગુપ્ત વગેરે બીજા રાજાઓને શ્રી ચંદ્રગુપ્ત, શ્રી સમુદ્રગુપ્ત, એમ લખેલું છે તેમ ગુપ્તને શ્રી શ્રીગુપ્ત એમ લખ્યું હોત. વળી એનો વંશ પણ ગુપ્તવંશ નહીં પણ શ્રીગુપ્તવંશ કહેવાયો હોત.

ગુપ્ત વંશ સ્થાપન કરનાર ગુપ્ત વાબ્ય પ્રાંતમાં કોઈ નાનો રાજા હશે. તેના પૌત્ર ચંદ્રગુપ્ત પછીના બધા ગુપ્ત રાજા "મહારાજાધિરાજ" લખાયા છે તે પ્રમાણે ગુપ્તને માટે લખેલું જોવામાં આવતું નથી, તેમ તેના નામના શિક્કા પણ પડેલા જણાતા નથી. આ ઉપરથી એમ લાગે છે કે મહારાજાધિરાજ લખવા જેવો તથા શિક્કા પાડવા જેવો મોટો રાજા તે નહીં હશે.

ઘટોત્કચ્છ, ઇ. સ. ૩૩૨--૩૪૯ (?)

લેખોપરથી માલમ પડે છે કે ગુપ્ત પછી તેનો પુત્ર ઘટોત્કચ્છ ગાદીએ બેઠો હતો. ઘટોત્કચ્છ પણ તેના બાપના જેવો નાનો રાજા હોવો જોઇએ, કારણ કે તેના પણ શિક્કા પડેલા જણાતા નથી, તેમ તેને મહારાજાધિરાજ પણ લખેલો નથી.

ચંદ્રગુપ્ત ૧ લો. ઈ. સ. ૩૪૯--૩૬૮ (?)

ઘટોત્કચ્છનો પુત્ર ચંદ્રગુપ્ત "મહારાજાધિરાજ" કહેવાયો છે તેનું કારણ એમ લાગે છે કે તેણે પોતે ઘણો પ્રદેશ જીતી લીધો હશે અથવા તો તેનો પુત્ર સમુદ્રગુપ્ત પરાક્રમી હોવાથી, તેને એ માન મળ્યું હશે. પોતાના પરાક્રમથી ચંદ્રગુપ્તને મહારાજાધિરાજની પદવી નહીં મળી હોય તોપણ એટલું તો નક્કી છે કે તેના બાપ તથા વડૌવા કરતાં ચંદ્રગુપ્તની પદવી ચઢીઆતી થઇ હતી. તિર્હુટના લિચ્છવી વંશ સાથે લગ્નસંબંધથી તે જોડાયો હતો. આ સંબંધ માન ભરેલો ગણવામાં આવતો હશે એમ જણાય છે, કારણ કે તેનો પુત્ર સમુદ્રગુપ્ત પોતાની માતુશ્રી કુમારાદેવીનું નામ પોતાના શિક્કાપર લખે છે અને પોતે લિચ્છવીની દીકરીનો દીકરો હોવાનું જણાવે છે.

સમુદ્રગુપ્ત. ઈ. સ. ૩૭૦--૩૯૫. તેના શિક્કા.

ગુપ્ત રાજાઓના શિક્કા પ્રથમ સમુદ્રગુપ્તના વખતથી પડવા લાગ્યા. તેના અસંખ્ય સોનાના શિક્કા, તેની પહેલાં થઈ ગયેલા ઇન્ડોસ્કીથીયન લોકના શિક્કાના નમુનાપરથી બનાવેલા લાગે છે; શિક્કાની છતી બાજુએ આપેલી રાજાની છબી, ગળાનાં ઘરેણાં, કાનની વાળીઓ, અને માથાની પાઘડી વગેરે દેશી લાગે છે. તોપણ ડગલાનો ઘાટ, જોડા અને

ઘોડો પલંગવાની રીતમાં ઇન્ડોસ્કીથીયન લાગે છે. કેટલાક શિક્કાપર ઉંધી બાજુએ કોઇ દેવી કાઢેલી છે, તેના ચોટલાની ગુંથણુ તથા હાથમાંનું અક્ષયપાત્ર પણ ઇન્ડોસ્કીથીયન જેવું લાગે છે; પરંતુ કેટલાક શિક્કાપર હાથમાં કમળ લઈ મગરપર બેઠેલાં ગંગાજીની મૂર્ત્તિ કાઢેલી છે તે ચોખ્ખી દેશી લાગે છે.

સમુદ્રગુપ્તના શિક્કાની બીજી ખુબી એ છે કે શિક્કાપર રાજાના જે વિશેષણુ વાપરેલાં હોય છે તે સૂચવે એવી આકૃતિ પણુ કાઢેલી હોય છે. જે શિક્કામાં 'સર્વ રાજોચ્છેત્તા' એમ લખેલું હોય છે તેમાં રાજાના હાથમાં બીજા રાજાઓનો નાશ કરનાર ચક્રવાળો વાવટો આપેલો હોય છે. જેમાં 'અપ્રતિરથ' લખેલું હોય છે તેમાં ઢીલી કરેલી ચાપવાળી કામઠીપર ડાબો હાથ ટેકવી અને જમણા હાથમાં છુટું તીર ઝાલી રાજા ઉભો હોય છે અને તેની સામે ગરૂડધ્વજા ગોઠવી હોય છે. આ પરથી એમ સમજાય છે કે તેનાથી જોરાવર રાજા કોઇ રહ્યો નથી માટે તેને પોતાના શસ્ત્રનો ઉપયોગ કરવો પડતો નથી. "કૃતાંત પરશુ" લખેલા શિક્કામાં છતી બાજુએ હાથમાં પરશુ સાથે રાજાની મૂર્તિ આપેલી હોય છે અને તેની સાથે હાથમાં ધ્વજાવાળો છોકરો કાઢેલો હોય છે. આ છોકરો ઘણું કરી સમુદ્રગુપ્તનો પુત્ર ચંદ્રગુપ્ત હશે. અશ્વમેધ પરાક્રમ કરનાર એવું જે શિક્કામાં લખેલું હોય છે તેમાં યૂપની પાસે ઘોડો કાઢેલો હોય છે. જેમાં લિચ્છવી દુહિત્ર એમ લખેલું હોય છે તેમાં તેની માતુશ્રી કુમારાદેવી અને પિતા ચંદ્રગુપ્તની છબી કાઢેલી હોય છે અને એ બંનેનાં નામ જણાવ્યાં હોય છે.

સમુદ્રગુપ્તનો અલ્હાબાદવાળો સ્તંભ.

સમુદ્રગુપ્ત વિષે ઘણી માહિતી તેના અલ્હાબાદ સ્તંભપરના લેખમાંથી મળે છે. એ લેખની પહેલી આઠ કડીઓનો નાશ થયેલો છે; પણુ તેનો જે ભાગ બાકી રહ્યો છે તે પરથી એમ લાગે છે કે પહેલી ત્રણ કડીઓમાં સમુદ્રગુપ્તની વિદ્વતા વર્ણવી હશે. ૨૭ મી લીટીમાં જણાવ્યું છે કે કાવ્યશાસ્ત્રમાં અને ગાયનકળામાં પ્રવીણ હતો. તેના કેટલાક

શિક્કામાં તેના હાથમાં વાંસળી આપેલી છે તે પરથી પણ તે ગાયનમાં પ્રવીણ હોવાનું જણાય છે. ચોથી કડીમાં જણાવ્યું છે કે તેની બરોબરીઆ બીજા ઘણામાંથી સમુદ્રગુપ્તના બાપે સમુદ્રગુપ્તને પૃથ્વીપર રાજ્ય કરવા પસંદ કર્યો. આ પછી લખ્યું છે કે તેનો બાપ તેનીપર પ્રસન્ન થયો; અને ત્યાર-પછી સાતમી કડીમાં તેણે કરેલી એક ફતેહમાં અચ્યુત નાગસેનના લશ્કરનો એકાએક નાશ કર્યાનું અને કોટ કુળના એક જણને શિક્ષા કર્યાનું લખ્યું છે. ૧૯ મી અને ૨૦ મી લીટીમાં નીચે જણાવેલા દક્ષિણ હિંદુસ્તાનના રાજાઓને તાબે કર્યાનું લખ્યું છેઃ—કોસલનો મહેંદ્ર; મહાકાંતારનો વ્યાઘ્ર રાજા; કૌરાત્તાનો મુંડ રાજા; પૈષ્તપુર મહેંદ્રગિરિ અને ઉત્તરનો સ્વામિદત્ત; ઐરંદપલ્લકનો દમન; કાંચિનો વિષ્ણું; મીલરાજા શાપવમુક્ત; વેંગીનો હસ્તિ-વર્મા; પાલકનો ઉગ્રસેન, દેવરાષ્ટ્રનો કુબેર; અને કૌસ્થલપુર ધનંજય. ૨૧ મી લીટીમાં સમુદ્રગુપ્તે નાશ કરેલા આર્યાવર્તના બીજા નવ રાજાઓનાં નામ આપેલાં છેઃ—

રૂદ્રદેવ	ચંદ્રવર્મા	અચ્યુત
મતીલ	ગણપતિનાગ	નંદી
નાગદત્ત	નાગસેન	બલવર્મા

આ રાજાઓ કયા દેશના છે એ જણાવ્યું નથી, તેથી એમ લાગે છે કે તેઓ સમુદ્રગુપ્તના રાજ્યની પાસે આવેલા પ્રદેશમાં રાજ્ય કરતા હશે અને સારી પેઠે જાણીતા હશે. જનરલ કનિંગહામે મેળવેલા શિક્કાપરથી અને મથુરાંથી મળેલા બીજા શિક્કાપરથી જણાય છે કે ગણપતિનાગ, ગ્વાલિયર અને નરવારના નાગ રાજાઓમાંનો હતો. પછી એ લેખમાં એમ જણાવ્યું છે કે સમુદ્રગુપ્તે રાની દેશના રાજાઓને પોતાની ચાકરીમાં રાખ્યા હતા; ૨૨ મી અને ૨૩ મી લીટીમાં સમુદ્રગુપ્તને ખંડણી આપનારા તથા તેની આજ્ઞા માગનારા રાજાઓના દેશ ગણાવ્યા છે. એ દેશોની ટીપમાં ઘણા સરહદી દેશ અને તે વખતના ઘણાખરા રાજાઓનાં રાજ્ય આવી જાય છે. સરહદી દેશ નીચે પ્રમાણે છેઃ—

સમતટ, દવાક, કામરૂપ, નેપાળ, કર્તૃક, હિંદુસ્તાનનાં રાજ્ય નીચે પ્રમાણે છેઃ—

માળવા	માદ્રક	સનકાંતક
અરજુનાયત	આભીર	કાક
યોધેય	પ્રાર્જુન	ખરપરિક

આ પછી, જે રાજાઓ તાબે થયા, જેમણે કન્યાઓ આપી, ખંડણી આપી, અને જેઓ આશ્રય તળે આવ્યા તેમને ગણાવ્યા છે. આ રાજાઓનાં કુળનામ નીચે પ્રમાણે છેઃ—

દેવપુત્ર	શાક
શાહિ	મુરૂંદ
શાહાનુશાહિ	સૈહલક

દ્વીપોના રાજા.

જે સ્તંભ ઉપર આ લેખ છે તે સ્તંભ તિલભટ્ટ નાયક નામના દંડનાયકે ઉભો કરાવ્યો હતો. આ લેખપરથી જણાય છે કે મથુરાં, ઔદ્ધ, ગોરખપુર, અલ્હાહબાદ, બનારસ, બહાર, તિર્હુટ, બંગાળા અને પૂર્વ રાજપુતાના સમુદ્રગુપ્તના રાજ્યમાં આવ્યાં હતાં; અને દખ્ખણ ઠેઠ કાંચી અથવા કાંજેવેરામ સુધીના જુદા જુદા રાજાઓને તેણે હરાવી વિજય મેળવ્યો હતો. માળવા તો તેનું ખંડિયું રાજ્ય હોવાનું લખેલું છે, પણ શાક એ ક્ષત્રપને માટે લખેલું હશે એમ માનીએ નહીં તો, ગુજરાત તો ખંડિયા રાજ્ય તરીકે પણ સમુદ્રગુપ્તની સત્તા નીચે હોવાનું જણાતું નથી.

ચંદ્રગુપ્ત બીજો, ઇ. સ. ૩૯૬--૪૧૫.

સમુદ્રગુપ્ત પછી તેનો પુત્ર ચંદ્રગુપ્ત બીજો ગાદીએ બેઠો. એ રાજા પોતાના પિતા કરતાં પણ વધારે પ્રતાપી થયો. તેણે ઘણો મુલક જીતી લેઇ પોતાનું રાજ્ય વધાર્યું. તેના પિતા સમુદ્રગુપ્તની પેઠે તેણે પણ સોનાના શિક્કા પડાવ્યા હતા. તેના શિક્કામાં, તેનું બીજું નામ, વિક્રમાદિત્ય

ફરીને લખેલું જણાય છે. તેના વખતમાં માળવા અને ગુજરાત તાબે કરી ગુપ્ત પ્રદેશ સાથે જોડી દેવામાં આવ્યા હતા. માળવા અને ગુજરાત તેણે ક્ષત્રપ વંશ પાસેથી લઇ લીધા હશે એમ લાગે છે, કારણ કે રૂપાના શિક્કા પડાવનાર પહેલો ગુપ્ત રાજા એજ હતો અને તેના રૂપાના શિક્કા ક્ષત્રપ રાજાઓના શિક્કાઓને મળતા આવે છે. માળવા દેશ જીતી લેવાને ચંદ્રગુપ્ત અલ્હાબાદથી બુંદેલખંડ તથા બિલ્સાને રસ્તે થઈ માળવામાં આવ્યો હશે. બિલ્સા પાસે વિદિશા (હાલનું બેસનગર) માં ઉદયાગિરીની ગુફાઓ છે તેમાં કૌત્સગોત્રના અને વીરસેનના કુળના શાબ નામના કોઇએ કોતરાવેલો સાલ વગરનો લેખ છે; એ લેખમાં જણાવ્યું છે કે શાબ, પાટલીપુત્રનો વતની તથા કવિ હતો અને ચંદ્રગુપ્તના રાજ્યમાં સંધિ વિગ્રહિક (લઢાઇ અને સલાહ કરનાર પ્રધાન) નો હોદ્દો વંશપરંપરાથી ભોગવતો હતો; રાજાએ પૃથ્વી જીતી લેવાનો નિશ્ચય કર્યો હતો તેથી રાજાની સાથે તે એ જગોએ આવ્યો હતો. તેની પાસેની ગુફામાં ચંદ્રગુપ્તને ખંડણી આપનાર સનકાનિકના રાજાએ કોતરાવેલો લેખ છે. આ રાજાનું નામ લેખમાંથી જતું રહ્યું છે પણ તેના બાપ વિષ્ણુદાસ અને વડવા છગલગનું નામ હજી સુધી કાયમ રહ્યું છે. એ લેખની મીતિ ગુપ્ત સંવત્ ૮૨ (ઇ. સ. ૪૦૧) ના અશાડ સુદિ ૧૧ છે. આપરથી એમ અનુમાન કરી શકાય કે ચંદ્રગુપ્તે વિદિશા ગુપ્ત સંવત્ ૮૦ (ઇ. સ. ૩૯૯) ના અરસામાં જીતી લીધું હશે.

ત્રીજો લેખ સાંચી સ્તૂપના કઠારાપર છે. તેની મિતિ ગુપ્ત સંવત્ ૯૩ (ઇ. સ. ૪૧૨) ના ભાદ્રપદની ૪ છે, અને તેમાં લખ્યું છે કે મહારાજાધિરાજ ચંદ્રગુપ્ત જેને લોકો દેવરાજ કહે છે તેના પુણ્યાર્થે ૨૫ દીનાર અને ઇશ્વર વાસક (નામનું ગામ અથવા ખેતર) કાકનાદ બોતશ્રીના મઠમાં દરરોજ પાંચ ભિક્ષુક જમાડવા તથા રત્નગ્રહમાં દીવો કરવા દાન આપવામાં આવ્યાં છે. આ દાન કરનાર આમ્રકારદવ નામનો ચંદ્રગુપ્તનો ખંડિયો રાજા છે અને તે પોતે કોતરાવેલા લેખમાં લખે છે કે મહારાજાધિરાજ ચંદ્રગુપ્ત રાજાજીનાં દર્શન કરી અને તેમના પ્રત્યે મારી ભક્તિ દુનિયાને બતાવી હું

કૃતાર્થ થયો છું. આપ્રકારહવ કોઇ મોટો રાજા હશે એમ લાગે છે, કારણકે તેણે ઘણી લડાઇઓમાં જીત મેળવેલી હોવાનું લખેલું છે. તેના દેશનું નામ પણ લખેલું હતું. જો કે હાલ તે વાંચી શકાતું નથી તોપણ તેના દેશનું નામ જણાવ્યું છે તે ઉપરથી એમ લાગે છે કે તે બીજા કોઈ દેશનો રાજા હશે અને ત્યાં ચંદ્રગુપ્તને મળવા આવ્યો હશે. ચંદ્રગુપ્ત વિષે જે લખવામાં આવ્યું છે તે પરથી એમ માલમ પડે છે કે તે દેશપર ચંદ્રગુપ્તનું રાજ્ય હોવું જોઇએ. આગળ જણાવેલા બીજા બે લેખો પરથી એમ દેખાય છે કે ચંદ્રગુપ્તનું રાજ્ય આશરે ગુપ્ત સંવત્ ૮૦ (ઇ. સ. ૩૯૯) થી ગુપ્ત સંવત્ ૯૩ (ઈ. સ. ૪૧૨) સુધી ચાલ્યું હતું. આ વર્ષોમાં ચંદ્રગુપ્તે પશ્ચિમ માળવાની રાજ્યધાની ઉજ્જન સુધી પોતાનો અમલ ફેલાવ્યો હોવો જોઇએ, કારણ કે તે માળવાનો રાજા હતો એવી દંતકથા પણ ચાલે છે. ઉજ્જનથી રાથ જીલ્લાના બાઘ અને તાંડને રસ્તેથી તે દક્ષિણ ગુજરાતમાં આવ્યો અને ભરૂચને કિનારેથી કાઠીઆવાડમાં ગયો. કાઠીઆવાડ તેના ક્ષત્રપ રાજ્ય કર્ત્તા પાસેથી તેણે લઇ લીધું હશે એમ લાગે છે, કારણ કે ગુપ્ત વંશના રાજાઓમાં રૂપાના શિક્કા પ્રથમ તેણે પાડ્યા હતા, અને તેના રૂપાના શિક્કા તે વખતે ચાલતા ક્ષત્રપ શિક્કાઓ જેવા છે. કાઠીઆવાડમાંથી મળતા ચંદ્રગુપ્તના શિક્કા છતી બાજુએ ક્ષત્રપના જેવું રાજાનું ડોકું આપેલું છે અને ઉંધી બાજુએ મોરનું ચિત્ર કાઢેલું છે તથા તેની આસપાસ ‘ પરમ ભાગવત્ મહારાજાધિરાજ શ્રી ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય ’ એવો લેખ લખેલો છે. ચંદ્રગુપ્તના કેટલાક સોનાના શિક્કામાં કોઇ જુવાનનું ચિત્ર કાઢેલું છે, અને તેનો જમણો હાથ રાજાને ખભે મૂકેલો છે. આ જુવાન ઘણું કરીને ચંદ્રગુપ્તનો પુત્ર કુમારગુપ્ત હશે અને માળવાની જીતમાં યુવરાજ તરીકે તેના પિતા પાસે રહ્યો હશે. કાઠીઆવાડમાંથી ચંદ્રગુપ્તના શિક્કા ઘણા થોડા મળ્યા છે અને કુમારગુપ્તના ઘણા મળ્યા છે, તેમજ કુમારપાળના કેટલાક શિક્કામાં ગુપ્ત સંવત્ ૯૦ (ઇ. સ. ૪૦૯) ની સાલ છે તે પરથી એમ લાગે છે કે ગુજરાત અને કાઠીઆવાડ જીતી લીધા પછી ચંદ્રગુપ્તે કુમારપાળને ત્યાંનો હાકેમ નિમ્યો હશે.

ગુપ્ત સંવત.

ગુપ્ત સંવત્ ચંદ્રગુપ્તે શરૂ કર્યો છે પણ તે પોતાના વખતથી ન ગણતાં ગુપ્ત વંશના મૂળ રાજા શ્રી ગુપ્તથી ગણ્યો છે. શ્રી ગુપ્તે પોતાના વખતથી સંવત્ શરૂ કર્યો હોય એ સંભવિત નથી, કારણ કે તે કંઈ મોટો રાજા નહોતો. વળી જો તેણે શરૂ કર્યો હોય તો બીજા ચંદ્રગુપ્તના પિતા સમુદ્રગુપ્તના સિક્કા સાલ નાખ્યા વગરના હોય નહીં. જેમ માલવ લોકે માળવા જીતી લીધું ત્યારે ઇ. પૂ. ૫૬ થી શરૂ થતો વિક્રમ સંવત્ શરૂ કર્યો હતો અને નહપાને માળવા જીતી લીધું ત્યારે ઇ. સ. ૭૮ થી શરૂ થતો શક સંવત્ શરૂ કર્યો હતો તેમ ચંદ્રગુપ્તે પણ કદાચ માળવા જીતી લીધું ત્યારે પોતાના વંશના મૂળ પુરૂષથી ગણત્રી કરી ગુપ્ત સંવત્ ચલાવ્યો હશે. ગુપ્ત સંવત્ લાંબો વખત ચાલ્યો નથી. ગુપ્ત વંશની પડતી થયા પછી (ઇ. સ. ૪૭૦) માળવાનો ઇ. સ. ૫૬ થી શરૂ થતો જૂનો સંવત ફરીથી ચાલુ થયેલો જણાય છે. કદાચ એમ પણ હોય કે એ સંવત્નું નામ વિક્રમ સંવત્ પડયું છે તે ચંદ્રગુપ્તનું બીજું નામ વિક્રમાદિત્ય હોવાથી તેની યાદગીરીમાં પડયું હોય.

ગુપ્ત રાજાઓનો અમલ.

ગુપ્ત રાજાઓએ કયાંથી કયાં સુધી રાજ્ય કર્યું એ ચોક્કસ રીતે જાણવાને કંઈ સાધન નથી. ચંદ્રગુપ્તે માળવા જીતી લીધાની સાલ ગુપ્ત સંવત્ ૮૦ (ઇ. સ. ૪૦૦) ઉપરથી નીચે પ્રમાણે અડસટેથી સાલો ગોઠવવામાં આવી છે. ગુપ્ત વંશના પહેલા રાજાશ્રી ગુપ્તે, ગુપ્ત સંવત્ ૧ થી ૧૨ (ઇ. સ. ૩૧૯ થી ૩૩૨) સુધી રાજ્ય કર્યું હશે. તેના પુત્ર ઘટોત્કચ્છે ગુપ્ત સંવત્ ૧૨ થી ૨૯ (ઇ. સ. ૩૩૨–૩૩૯) સુધી રાજ્ય કર્યું હશે. ઘટોત્કચ્છના પુત્ર પહેલા ચંદ્રગુપ્તે ગુપ્ત સંવત્ ૨૯ થી ૪૯ (ઈ. સ. ૩૪૯–૩૬૯) સુધી રાજ્ય કર્યું હશે; અને પહેલા ચંદ્રગુપ્તના પુત્ર સમુદ્રગુપ્તે ગુપ્ત સંવત્ ૫૦ થી ૭૫ (ઇ. સ. ૩૭૦–૩૯૫) સુધી રાજ્ય કર્યું હશે. સાંચી સ્તૂપના લેખપરથી બીજા ચંદ્રગુપ્તની છેલ્લામાં છેલ્લી સાલ ગુપ્ત સંવત્ ૯૩ (ઇ.

સ. ૪૧૩) ની જણાઇ છે. અને તેના પુત્ર કુમારગુપ્તના બિલ્સદના લેખમાં ગુપ્ત સંવત ૯૬ (ઇ. સ. ૪૧૬) ની સાલ છે. તે પરથી એમ ધારી શકાય છે કે ચંદ્રગુપ્તનું રાજ્ય ૯૫ (ઈ. સ. ૪૧૫) માં પૂરૂં થયું હોવું જોઈએ.

કુમારગુપ્ત, ઇ. સ. ૪૧૫–૪૫૩.

બીજા ચંદ્રગુપ્ત પછી તેનો પુત્ર કુમારગુપ્ત ગાદીએ બેઠો. તેની માનું નામ ધ્રુવ દેવી હતું. કુમારગુપ્તના શિક્કાપર મહેંદ્ર, મહેંદ્ર વિક્રમ અને મહેંદ્રાદિત્ય, એવા ખિતાબ લખેલા છે. આગળ જણાવવામાં આવ્યું છે કે ગુજરાત અને કાઠીઆવાડ જીતી લીધા પછી ચંદ્રગુપ્તે કુમારગુપ્તને ત્યાંનો હાકેમ નિમ્યો હશે, કારણ કે ચંદ્રગુપ્તની હયાતીમાં પડેલા એવા કુમારગુપ્તના શિક્કા કાઠી-આવાડમાંથી મળી આવ્યા છે. પ્રયાગ પાસે માનકુંવરના લેખમાં ગુપ્ત સંવત્ ૧૨૯ (ઇ. સ. ૪૪૯) માં કુમારગુપ્ત રાજ્ય કરતો હોવાનું જણાવ્યું છે, અને કુમારગુપ્તનો એક શિક્કો ગુપ્ત સંવત્ ૧૩૦ (ઇ. સ. ૪૫૦) નો મળી આવ્યો છે. ગિરનારની ખડકપરના લેખ પરથી જણાય છે કે ગુપ્ત સંવત્ ૧૩૭ (ઇ. સ. ૪૫૭) માં કુમારપાળનો પુત્ર સ્કંદગુપ્ત રાજા હતો. આ પરથી એમ ધારી શકાય છે કે કુમારગુપ્તનું રાજ્ય ગુપ્ત સંવત્ ૧૩૦ અને ૧૩૭ ની વચ્ચમાં (ઇ. સ. ૪૫૦–૪૫૭) એટલે કે આશરે ગુપ્ત સંવત્ ૧૩૩ (ઇ. સ. ૪૫૩) માં પુરૂં થયું હોવું જોઇએ.

કુમારપાળના લેખોપરથી તેના વિષે કાંઈ ઐતિહાસિક ખબર મળતી નથી, પણ તેના શિક્કા ઘણે ઠેકાણેથી મળી આવે છે તે પરથી એમ લાગે છે કે તેના બાપનું વિસ્તીર્ણ રાજ્ય તેના વખતમાં કાયમ રહ્યું હશે.

સ્કંદગુપ્ત. ઇ. સ. ૪૫૪–૪૭૦.

ચંદ્રગુપ્ત પછી તેનો પુત્ર સ્કંદગુપ્ત ગાદીએ બેઠો. ગાઝીપુરમાં સૈદપુર પાસે એક સ્તંભ ઉપર તેનો લેખ છે તે પરથી જણાય છે કે કુમારગુપ્તના મરણ પછી પોતાનો અમલ બેસાડવામાં સ્કંદગુપ્તને ઘણી અડચણો નડી હતી. પુષ્યમિત્ર નામનો એક બળવાન્ રાજા તેની સામે થયો હતો,

પણ આખરે સ્કંદગુપ્તે દુશ્મનોને હરાવી પોતાનો અમલ સ્થાપન કર્યો હતો. ગિરનારની ખડકપર સ્કંદગુપ્તનો લેખ છે તેમાં પણ આ સંબંધે થોડો ઇશારો છે. ગિરનારના લેખમાં ગુપ્ત સંવત્ ૧૩૬ (ઇ. સ. ૪૫૬) ની સાલ છે અને કુમારગુપ્તનું રાજ્ય ગુપ્ત સંવત્ ૧૩૩ (ઇ. સ. ૪૫૩) ના અરસામાં પૂરૂં થયું હતું એટલે સ્કંદગુપ્તને દુશ્મન તરફની અડચણો બે ત્રણ વર્ષ કરતાં વધારે વખત નડી નહીં હોય એમ લાગે છે. ગિરનારના લેખમાં લખ્યું છે કે સ્કંદગુપ્તે પોતાનો અમલ સ્થાપન કર્યા પછી પૃથ્વી જીતી લીધી, દુશ્મનોનો ગર્વ ઉતાર્યો, અને બધા દેશોમાં હાકેમો નિમી દીધા. સુરાષ્ટ્રને માટે તેણે પર્ણદત્ત નામનો હાકેમ નિમ્યો હતો અને પર્ણદત્તના પુત્ર ચક્રપાલિતને જૂનાગઢ શહેરની હાકેમી આપી હતી. પર્ણદત્તની હાકેમી વખતે જૂનાગઢ પાસે આવેલું સુદર્શન તળાવ ગુપ્ત સંવત્ ૧૩૬ (ઇ. સ. ૪૫૬) માં ભાદ્રપદ માસની વદ ૭ ને દિવસે ફરીથી ફાટયું હતું તેની દુરસ્તી ૧૩૭ ના ગ્રીષ્મમાં (ઇ. સ. ૪૫૭) શરૂ કરી હતી અને આશરે બે માસમાં પૂરી કરી હતી. નવો બાંધ સો હાથ લાંબો, અડસટ હાથ પહોળો અને સાત માથોડાં ઉંચો હતો. ચક્રપાલિતે જૂનાગઢની પાસે વિષ્ણુનું દેરૂં બંધાવ્યાની વાત પણ ગિરનારના લેખમાં લખી છે. ભાવનાથને રસ્તે હાલ જે જગોએ દામોદર મંદીર છે તે જગોએ એ દેવળ બાંધ્યું હશે. જૂનાગઢના છેલ્લા માંડળિક રાજાના વખતમાં આ દેવળ ફરીથી બાંધ્યું હતું અને દિવાન અમરજીએ (૧૭૫૯–૧૭૮૪) તેની દુરસ્તી કરાવી હતી.

કચ્છમાંથી સ્કંદગુપ્તના સિક્કા ઘણા મળ્યા છે અને કુમારગુપ્તના ઘણાજ થોડા મળ્યા છે તે પરથી એમ લાગે છે કે સ્કંદગુપ્તે કદાચ કચ્છ જીતી લઈ ગુજરાત અને કાઠીઆવાડ સાથે જોડી દીધું હશે. કાઠીઆવાડમાંથી સ્કંદગુપ્તના શિક્કા થોડા મળ્યા છે તેનું કારણ એ હશે કે કુમારગુપ્તના શિક્કા એવા લોકપ્રિય હતા કે વલભી રાજાઓના વખતમાં પણ તેના બનાવટી શિક્કા પાડવામાં આવતા હતા.

સ્કંદગુપ્તના રાજ્યની શરૂઆત ગુપ્ત સંવત્ ૧૩૩ (ઇ. સ. ૪૫૩)

માં થઈ હતી. ગુપ્ત સંવત્ ૧૪૯ (ઇ. સ. ૪૬૯) નો તેનો એક શિક્કો જનરલ કનિંગહામને મળ્યો હતો, અને એ કરતાં આગળનો શિક્કો જણાતો નથી તેપરથી એમ ધારી શકાય છે કે ગુપ્ત સંવત્ ૧૫૦ (ઇ. સ. ૪૭૦) માં તેનું રાજ્ય પૂરૂં થયું હશે.

બુધગુપ્ત, ઇ. સ. ૪૮૫.

સ્કંદગુપ્ત પછી બુધગુપ્ત ગાદીએ બેઠો હતો પણ તે સ્કંદગુપ્તનો શો સગો થાય એ જણાયું નથી. સાગોર પ્રગણાના એરણ ગામ આગળ એક દેવળમાં આ રાજાનો લેખ છે તેમાં ગુપ્ત સંવત્ ૧૬૫ (ઇ. સ. ૪૮૫) ની સાલ લખેલી છે. એ પછીની સાલોના તેના શિક્કા પણ મળી આવ્યા છે, પરંતુ સ્કંદગુપ્તના મરણ પછીના દશબાર વર્ષમાં બુધગુપ્ત કે બીજા કોઇ ગુપ્ત રાજાની માહિતી મળતી નથી તેથી એમ લાગે છે કે સ્કંદગુપ્તના મરણ પછી કંઇ રાજકીય ફેરફાર થયો હશે. બુધગુપ્તના તાબામાં નર્મદા અને જમના વચ્ચેનો પ્રદેશજ હતો એમ એરણના લેખમાં લખેલું છે, તેથી ગુજરાત અને કાઠીઆવાડ તો ગુપ્તવંશના અમલમાંથી નીકળી ગયાં હશે એમ લાગે છે. સ્કંદગુપ્ત પછીના કોઇ ગુપ્ત રાજાનો એક પણ લેખ કે શિક્કો ગુજરાત કે કાઠીઆવાડમાંથી મળ્યો નથી, એ પરથી પણ એમ માલમ પડે છે કે સ્કંદગુપ્ત પછી ગુજરાત અને કાઠીઆવાડમાં ગુપ્ત રાજાઓનો અમલ નહીં હોય.

લેખો પરથી જણાય છે કે બુધગુપ્ત પાસેથી કેટલોક મુલક તોરમાણ નામના માણસે લઇ લીધો હતો. ત્યાર બાદ માળવા પણ ગયેલું જણાય છે. પશ્ચિમ હિંદુસ્તાન તથા માળવામાંથી ગુપ્ત વંશની સત્તા ગયા પછી ગુપ્તની એક નવી શાખાએ નરગુપ્ત બાલાદિત્ય નામના રાજાના હાથ નીચે મગધમાં નવું રાજ્ય સ્થાપન કરેલું હતું પણ તેને ગુજરાત સાથે કંઇ સંબંધ ન હોવાથી અત્રે તેનું વિવેચન કરવાની જરૂર નથી.

ગુજરાત સાથે સંબંધ ધરાવતા ગુપ્ત રાજાઓની વંશાવળી નીચે પ્રમાણે છેઃ—

ગુપ્ત.

ગુપ્ત સંવત્ ૧–૧૨ (?)–ઇ. સ. ૩૧૯–૩૩૨ (?)
વાવ્ય પ્રાંતમાં નાનો રાજા.

|

ઘટોત્કચ્છ.

ગુપ્ત સંવત્ ૧૨–૨૯ (?)–ઇ. સ. ૩૩૨–૩૪૯ (?)
વાવ્ય પ્રાંતમાં નાનો રાજા.

|

ચંદ્રગુપ્ત ૧ લો.

ગુપ્ત સંવત્ ૨૯–૪૯ (?)–ઇ. સ. ૩૪૯–૩૬૯ (?)
વાવ્ય પ્રાંતમાં મહારાજા.

|

સમુદ્રગુપ્ત.

ગુપ્ત સંવત્ ૫૦–૭૫ (?)–ઇ. સ. ૩૭૦–૩૯૫ (?)
વાવ્ય પ્રાંતમાં મહારાજાધિરાજ.

|

ચંદ્રગુપ્ત ૨ જો.

ગુપ્ત સંવત્ ૭૦–૯૬–ઇ. સ. ૩૯૬–૪૧૫
મહારાજાધિરાજ; ગુપ્ત સંપત્ ૮૦ (ઈ. સ. ૪૦૦) માં માળવા જીત્યું અને ગુપ્ત સંવત્ ૯૦ (ઇ. સ. ૪૧૦) માં ગુજરાત જીત્યું.

|

કુમારગુપ્ત.

ગુપ્ત સંવત્ ૯૭–૧૩૩–ઇ. સ. ૪૧૬–૪૫૩
ગુજરાત અને કાઠીઆવાડપર રાજ્ય કર્યું.

|

સ્કંદગુપ્ત.

ગુપ્ત સંવત્ ૧૩૩–૧૪૯–ઇ. સ. ૪૫૪–૪૭૦
ગુજરાત, કાઠીઆવાડ અને કચ્છ ઉપર રાજ્ય કર્યું.

પ્રકરણ ૮ મું.

વલભિ વંશ.

(ઇ. સ. ૫૦૯–૭૬૬).

વલભિવંશ ઇ. સ. ૫૦૯–૭૬૬.

પાછલા પ્રકરણમાં જણાવ્યું છે કે ચંદ્રગુપ્ત (ઇ. સ. ૪૧૦), કુમારગુપ્ત (ઇ. સ. ૪૧૬), અને સ્કંદગુપ્ત (ઈ. સ. ૪૫૬) એ ત્રણ રાજા સિવાય બીજા કોઇ ગુપ્ત રાજાનો અમલ ગુજરાત અને કાઠીઆવાડમાં થયેલો હોવાનું જણાતું નથી. સ્કંદગુપ્તનું રાજ્ય પૂરૂં થયા પછી (ઇ. સ. ૪૭૦) ૪૦ વર્ષે એટલે ઈ. સ. ૫૦૯ માં સેનાપતિ ભટ્ટાર્કે વલભિવંશ સ્થાપન કર્યાનો પુરાવો મળે છે. પરંતુ એ ૪૦ વર્ષની દરમ્યાન ગુજરાત અને કાઠીઆવાડમાં કોનો અમલ થયો હશે એ વિષે કંઇ માહિતી મળતી નથી. એ અરસામાં હુણ લોકોએ ઉત્તર હિંદુસ્તાનમાં પોતાનો અમલ સ્થાપન કર્યો હતો તેથી કદાચ એ લોકો ગુજરાતમાં પણ આવ્યા હોય. પરંતુ આ વિષે માત્ર અનુમાન સિવાય બીજો કંઈ ચોક્કસ પુરાવો નથી.

ગુપ્તવંશ પછી ગુજરાતમાં થયેલા વલભિવંશનું નામ, ભાવનગરથી વીસ માઇલ છેટે, અને શત્રુંજય ડુંગરાથી પચીસ માઇલ છેટે, કાઠીઆવાડના પૂર્વ ભાગમાં આવેલી તેમની રાજધાની વલભિપુર ઉપરથી પડ્યું છે. વલભિપુરનું હાલનું નામ વળા છે. મૂળ વલેહ નામ હશે તે ઉપરથી સંસ્કૃત વલભિપુર થયું હશે કે સંસ્કૃત વલભિનું પ્રાકૃત વલહી તે ઉપરથી હાલનું વળા થયું હશે, એ નક્કી કહી શકાતું નથી. તેરમા સૈકડામાં થઇ ગયેલા વિદ્વાન્ જૈન સાધુ જિન પ્રભાસુરીના ગ્રંથોમાં ‘ વલહી ’ નામ લખેલું છે. શત્રુંજયના સંબંધમાં એ લેખક કહે છે કે તે વલાહક પ્રગણામાં આવ્યો છે. વલભિપુરની જગોએ હાલ વળા નામનો કસ્બો છે તેની આસપાસ પીલુડીની ઝાડીમાં એ શહેરનાં ખંડેરો છે. તે ચોમાસામાં ઘેલારો નદીના વેનથી ધોવાઇને જ્યારે ખુલ્લાં પડે છે ત્યારે તેમાંથી કોઇ કોઇ વાર મૂર્તિઓ, શિવલિંગો, શિક્કાઓ

અને જૂનાં વાસણો વગેરે પ્રાચીન ચીજો મળી આવે છે. વલભિનાં ખંડેરમાંથી પથ્થર મળી આવતા નથી તેથી એમ ધારવામાં આવે છે કે વલભિપુરનાં મકાન ઇંટ લાકડાનાં બાંધેલાં હોવાં જોઇએ. ઇંટો ઘણી ખરી સોળ ઇંચ લાંબી, દશ ઇંચ પહોળી, અને ત્રણ ઇંચ જાડી જોવામાં આવે છે. વલભિની મોટાઇનાં હાલ ઘણાંજ થોડાં ચિન્હ જોવામાં આવે છે તોપણ હ્યુએનત્સાંગ નામનાં બૌદ્ધ મતના એક ચિના સાધુએ પોતાના પ્રવાસનું પુસ્તક લખ્યું છે તેમાં જે વર્ણન આપ્યું છે તે ઉપરથી સાતમા સેંકડામાં (ઇ. સ. ૬૪૦) વલભિપુર કેવું હશે તેનો કંઇ ખ્યાલ આવે છે. તે લખે છે કે "વલભિ દેશ લારિકાની ઉત્તરમાં છે, તેનો ઘેરાવો ચાર હજાર લી (૧૩૦૦ મૈલ) છે. તેનું રાજધાની નગર ૩૦ લી (પાંચ માઇલ) કરતાં પણ ઘેરાવામાં વધારે છે. ઉત્પત્તિ, ગરમી, ત્યાંના રહેવાશીઓની રીતભાત અને તેમના શરીરની પ્રકૃતિ એ સર્વ માળવા દેશ પ્રમાણે છેઃ વસ્તી ઘણી છે; કુટુંબો દ્રવ્યવાન છે; ત્યાં સો કરતાં પણ વધારે ઘેર કોટ્યાધિપતિ ગણાય છે. આ રાજ્યમાં ઘણા દૂર દેશાવરોમાંથી અત્યંત સંપત્તિ એકઠી થાય છે. એકસો કરતાં પણ વધારે બૌદ્ધ મતના મઠ જોવામાં આવે છે; ત્યાં ૭ હજાર કરતાં પણ વધારે સાધુ છે; તેઓમાંના ઘણાખરા સમ્મિતિય મતના છે અને તે મત હીણાયનનો છે. ત્યાં સેંકડો દેવાલયો તો દેવનાં છે: તેના સાધુની સંખ્યા મોટી છે. બુદ્ધ જ્યારે મૃત્યુ લોકમાં હતો ત્યારે આ દેશમાં ઘણી વાર આવેલો હતો. અને તેણે જે ઝાડની છાયા નીચે વિશ્રામ કરેલો તે ઠેકાણું ઓળખાઇ આવે એટલા સારૂ અશોક રાજાએ સ્તૂપો બંધાવી છે. રાજકર્તા વંશ ક્ષત્રિય કુળનો છે. આગળનો રાજા માળવાના શીલાદિત્યનો ભત્રિજો હતો અને હાલમાં જે રાજ્ય ચલાવે છે તે કનોજ દેશના શીલાદિત્ય રાજાનો જમાઇ છે; તેનું નામ ધ્રુવપટું છે."

વલભિ વંશનો ઇતિહાસ જાણવાનું સાધન માત્ર તેમનાં તામ્રપટ છે. એમના વખતનાં તામ્રપટ મળી આવ્યાં છે. વલભિવંશના જેવા પરાક્રમી રાજાઓના શિલાલેખ માલમ પડતા નથી, તેનું કારણ કદાચ એ હશે કે

નવમા સૈકડા સુધી કાઠીઆવાડ અને ગુજરાતમાં મકાનો, દેવાલયો વગેરે ઈંટ લાકડાનાં બાંધવામાં આવતાં હતાં. વલભિ તામ્રપટમાં લખેલાં દાન ઘણું કરી બ્રાહ્મણ અને બૌદ્ધ મતનાં દેવાલયોને આપેલાં જણાય છે. તામ્રપટના બે કકડા હોય છે અને તે કડીવડે જોડેલા હોય છે. કડી ઉપર રાજાનો શિક્કો હોય છે તેમાં નંદીનું ચિત્ર કાઢેલું હોય છે. નંદીની નીચે વલભિવંશ સ્થાપન કરનાર ભટ્ટાર્કનું નામ લખેલું હોય છે. વલભિનાં તામ્રપટનું લખાણ સંસ્કૃત ગદ્યમાં હોય છે. તેમાં દાન આપ્યાની સાલ, દાન આપનાર રાજાનું નામ, જેને દાન આપ્યું હોય તેનું નામ અને દાનમાં આપેલાં ગામ અગર ખેતરનાં નામ લખેલાં હોય છે. વળી લહિઆનું નામ તેમજ જેની ભલામણથી દાન આપ્યું હોય (દૂતક) તેનું નામ પણ લખેલું હોય છે. દાન કઈ જગોએથી આપ્યું, વલભિથી કે રાજાની છાવણી જ્યાં હોય ત્યાંથી (વિજય સ્કંધાવાર), એ પણ લખેલું હોય છે. પછી વલભિવંશ સ્થાપન કરનાર ભટ્ટાર્કથી શરૂ કરીને, દાન આપનાર રાજા સુધીની વંશાવળી આપી હોય છે. દરેક જાતનાં બિરદો જણાવેલાં હોય છે. દાન આપનારની વંશાવળી પછી દાન આપેલી જમીનની ચતુઃસીમા આપેલી હોય છે. છેવટ 'સં' (સંવત્સર) કરીને દાન આપ્યાની સાલ આંકડામાં જણાવી હોય છે, અને માસ તથા મિતિ પણ જણાવી હોય છે. છેવટ રાજાની સહિ (સ્વહસ્તો મમ) હોય છે.

વલભિ સંવત.

વલભિ તામ્રપટોમાં જે સંવત્સર આપેલો છે તેની ૨૦૭ થી ૪૪૭ સુધીની સાલો વલભિ તામ્રપટો ઉપર જણાય છે. ૨૦૭ પહેલાંની સાલ જણાતી નથી. તે ઉપરથી એમ લાગે છે કે પોતાનો નવો સંવત્સર શરૂ કરવાને બદલે વલભિવંશે કાઠીઆવાડમાં ચાલતો જૂનો સંવત્સર ચાલુ રાખ્યો હશે અને તેને પોતાનું નામ (વલભિ સંવત્) આપ્યું હશે, વેરાવળમાં હર્ષદ માતાના દેવળમાં એક લેખ છે તેમાં હીજરી ૬૬૨, વિક્રમ સંવત્ ૧૩૨૦, વલભિ સંવત્ ૯૪૫ અને સિંહ સંવત્ ૧૫૧ એ પ્રમાણે ચાર સન સાથે આપેલા

છે. આ પરથી એમ નીકળી આવે છે કે વલભિ સંવત વિક્રમ સંવત્ ૩૭૫ એટલે કે ઇ. સ. ૩૧૯ માં શરૂ થયેલો હોવો જોઇએ; પરંતુ ગુપ્ત સંવત પણ ઇ. સ. ૩૧૯ થી શરૂ થએલો છે. આલ્બરૂની જણાવે છે કે ગુપ્ત અને વલભિ બંને સંવત્ શક ૨૪૧, એટલે ઇ. સ. ૩૧૯ થી શરૂ થયા છે. આ ઉપરથી એમ ધારી શકાય છે કે ગુપ્ત વંશે જે સંવત્ શરૂ કર્યો હતો તે વલભિ વંશે પોતાના નામથી જારી રાખ્યો હતો. તોપણ કેટલેક ઠેકાણે એ સંવત ગુપ્ત સંવતના જૂના નામથી પણ ઓળખાતો એમ મોરબીથી મળેલા જૈકદેવના તામ્રપટ ઉપરથી (ગુપ્ત ૫૮૮) જણાય છે.

વલભિના તામ્રપટો ઉપરથી વલભિની રાજ્ય વ્યવસ્થા સંબંધી કેટલીક હકીકત મળે છે. વસુલાત, પોલીસ, અને ગામ નોકરોનાં નામ નીચે પ્રમાણે હોવાનું જણાય છે:—

વલભિની રાજ્ય વ્યવસ્થા.

'આયુક્તક'. અથવા 'વિનિયુક્તક' (એકલે નીમેલો) એ કોઈ ઉપરી અધિકારીના હોદ્દાનું નામ હશે.

'દ્રાન્મિક' એ કોટવાળ હશે, કારણ કે દાંગનો અર્થ શહેર થાય છે.

'મહત્તર' એ ગામના પટેલના હોદ્દાનું નામ જણાય છે.

'ચાટભટ' એટલે ચિટાઓ (લુચ્ચા) ને માટે ભટ (સિપાઇઓ); તેથી કરીને એમ લાગે છે કે તેઓ હાલના જેવા પોલીસ સિપાઇઓ અને હવાલદાર હશે.

'ધ્રુવ' એ ગામનો મહેતો હશે એમ લાગે છે; કારણ કે તેનું મુખ્ય કામ એ જોવાનું હતું કે ઇજારદાર રૈયત પાસેથી સરકારના ઠરાવ કરતાં વધારે લે નહીં. ગામના તલાટી કચ્છમાં હજી સુધી ધ્રુવ કહેવાય છે.

'અધિકરણિક' એ ન્યાયાધીશનું કામ કરનાર આમલદાર હશે.

'દંડ પાશિક' એ પોલીસનો વડો અમલદાર હશે.

'ચોરો ધ્ધરણિક' (ચોરને પકડનાર) એ ચોરનું પગલું કાઢનાર પગી હશે.

'રાજ્યસ્થાનીય' અધિકારીને બીજા દેશો સાથેના સંબંધનાં કામકાજ જોવાં પડતાં હશે.

'અમાત્ય' એટલે પ્રધાન તેને કુમાર શબ્દ જોડેલો જોવામાં આવે છે.

'અનુત્પન્નાદાન સમુદ્ગ્રાહક' એ પાછલી બાકી વસુલ કરનાર અમલદાર હશે.

'શૌલ્કિક એ જકાત ઉઘરાવનાર અમલદાર હશે.

'ભોગીક' અથવા ભોગોદ્ધરિણુક' એ જમીનના ઉત્પન્નમાંથી સરકારનો હિસ્સો ઉઘરાવનાર અમલદાર હશે. સરકારનો હિસ્સો ઘણું કરી ૄ હશે. 'ભોગ' એ શબ્દ હજી પણ કાઠીઆવાડમાં સરકારના ભાગ માટે વપરાય છે.

'વર્ત્મપાલ' એ રસ્તાપર રાખેલાં થાણાંમાં ચોકી કરનાર હશે.

'પ્રતિસરક' એ ગામ તથા સીમની રાત્રે ચોકી કરનારા હશે.

'વિષયપતિ' એટલે પ્રગણાનો અધિકારી, હાલના સુબા જેવો અધિકારી હશે.

'રાષ્ટ્રપતિ' એ મોટા પ્રાન્તનો કમીશનર જેવો અમલદાર હશે.

'ગ્રામકૂટ' એ ગામનો મૂખી હશે.

તામ્રલેખો ઉપરથી રાજ્યના ચાર ભાગ કરેલા હોવાનું જણાય છે.

રાજ્યના વિભાગ.

'વિશય' એટલે પ્રાંત, આહાર એટલે જીલ્લો, 'પથક' એટલે પેટા વિભાગ 'સ્થલી 'એટલે ટપ્પો.

વલભિ તામ્રપટો ઘણુંકરીને ખેડા અને કાઠીઆવાડ પ્રાંતની જમીનોના

જમીનનું મેહેસુલ.

સંબંધમાં છે. ખેડા અને કાઠીઆવાડમાં જમીનનો વહીવટ જુદો જુદો હોવાનું જણાય છે; ખેડામાં જમીનનું મહેસુલ ઉત્પન્નના ભાગથી લેવામાં આવતું; કાઠીઆવાડમાં જમીનના માપ ઉપરથી લેવામાં આવતું. કાઠીઆવાડમાં જમીન 'પાદાવર્ત્ત' એટલે કદમથી માપવામાં આવતી હશે. જમીન માપવાનું કદમ સાધારણ કદમથી જૂદું હશે એમ લાગે છે, કારણ કે કાઠીઆવાડના તામ્રપટોમાં 'ભૂપાવદાર્ત્ત' શબ્દ વાપરેલો છે. ખેડામાં ઉત્પન્ન પ્રમાણે ભાગ લેવામાં

આવતો હતો, તે 'પિટક' અથવા ટોપલીઓ ભરીને લેવામાં આવતો હતો. ખેતરોમાં વર્ણન આપેલાં છે તેમાં એમ જણાવ્યું છે કે આટલી ટોપલીઓ ડાંગેર અથવા ઘઉં પાકે એવું ખેતર, અથવા આટલી ટોપલીઓ બી જોઇએ એવું ખેતર. ખેડાના તામ્રપટોમાં 'ખેડાની ટોપલી' લખેલું છે તે ઉપરથી એમ લાગે છે કે બીજા ભાગોમાં જુદા કદની ટોપલી વપરાતી હશે. દરેક ખેતર, કોઇ ઝાડ તળાવ, અથવા કે દેવના નામથી ઓળખાતું, જેમકે ભીમખેત્ર, ખંડખેદાર, શમીખેદાર; વગેરે.

ધર્મ.

વલભિ રાજાઓ શૈવ ધર્મ પાળતા. વલભિવંશ સ્થાપન કરનાર સેનાપતિ ભટ્ટાર્ક શૈવ હતો, અને દરેક વલભિ તામ્રપટ ઉપર નંદીની છબી તથા ભટ્ટાર્કનું નામ જોવામાં આવે છે. પહેલો ધ્રુવસેન (ઇ. સ. ૫૨૬) પરમ ભાગવત્ (વૈષ્ણવ) કહેવાયો છે, તેનો ભાઇ તથા તેની પછી ગાદીએ બેસનાર પરમાદિત્ય ભક્ત (સૂર્ય પૂજક) કહેવાયા છે, અને ગુહસેન પરમોપાસક (બૌદ્ધ) કહેવાયો છે. એ સિવાયના બીજા બધા વલભિ રાજા પરમમાહેશ્વર (શૈવ) કહેવાયા છે. બુદ્ધ વિહાર અથવા મઠને દાન આપેલાં છે. તે રાણીઓ બુદ્ધ ધર્મની હોવાથી ખાસ રીતે આપેલાં હશે એમ લાગે છે. ઘણાંખરાં દાન બ્રાહ્મણોને આપેલાં છે. તે વખતના બ્રાહ્મણો હાલના બ્રાહ્મણોની પેઠે વૈદિક કર્મ કરતા હતા તોપણ શૈવ ધર્મ પાળતા હતા. શૈવ ધર્મ પાળનારા ઘણું કરીને નકુલીશ અથવા લકુલીશની શાખાના હતા. વાઘેલા રાજા અર્જુનદેવના વખત સુધી એટલે તેરમા સૈકડા સુધી લકુલીશનું મુખ્ય દેવળ મીઆંગામ પાસે આવેલા કારવણ ગામમાં હતું અને તેનું મહાત્મ્ય ઘણું ગણાતું. શૈવ ધર્મમાં નર્મદા નદીને પવિત્ર ગણી છે અને તેમાંથી મળતા પથરા લિંગ તરીકે પૂજાય છે, તેનું કારણ કદાચ એ હશે કે કારવણનું દેવળ પાસે આવેલું હતું. નકુલીશ પાશુપત શાખાવાળા શિવના ચુસ્ત ભક્ત હતા, અને તે સ્થાપન કરનાર નકુલીશ શિવનો અવતાર ગણાતો. એ શાખા કયારે સ્થાપન થઇ હશે એ નક્કી થયેલું નથી, પણ એમ લાગે છે કે બીજા અને પાંચમા સૈકડાની

દરમ્યાન તે સ્થાપન થઈ હશે. નકુલીશને ચાર શિષ્ય હતા, કુશિક, ગાર્ગ્ય, કારૂશ અને મૈત્રેય. એ ચાર જણે સ્થાપન કરેલી શાખાએ આખા હિંદુસ્તાનમાં પથરાઇ હતી. નકુલીશ શાખાના ખાસ પ્રતિનિધિ હાલ જણાતા નથી તોપણ દશનામી અથવા અતિત લોકો, જો કે શંકરાચાર્યને માન આપે છે તો પણ તેમની રીતરિવાજ ઉપરથી નકુલીશ જેવા લાગે છે. તેઓ આખા શરીરે રાખ ચોળે છે, દાટેલા અતિતની સમાધિ ઉપર લિંગ ધાલે છે અને શૈવ દેવાલયો ઉપર માલકી હક્ક રાખે છે. પાશુપત શાખાવાળા પોતાની શાખા માટે લઢવાને હમેશ તૈયાર હતા અને જે રાજા તેમનો ધર્મ પાળતા તેમના લશ્કરમાં રહી લઢતા. તેઓ લગ્ન કરતા નહીં તેથી શરીરે મજબૂત રહેતા. હિંદુસ્તાનના પ્રાચીન વખતના રાજા પાશુપત શાખાનો ધર્મ પાળતા તે ઘણું કરીને આવા લોકોને પોતાના લશ્કરમાં દાખલ કરાવવા પાળતા હશે. આ લઢવૈયા સાધુઓના ગુરૂને ધર્માધ્યક્ષ તરીકે ખાસ માન આપવામાં આવતું. ઉદાહરણ તરીકે ચોથો શીલાદિત્ય 'બાવ પાદાનું ધ્યાત' અને તેના પછી થયેલા બધા શીલાદિત્ય રાજા 'બાપ પાદાનું ધ્યાત' કહેવાતા. એ બંને વિશેષણોનો અર્થ બાવ અથવા બાપના પગ આગળ નમસ્કાર કરનાર થાય છે. બાવ. એ જુના પ્રાકૃત અથવા દેશી બાપ ઉપરથી થયેલું રૂપ છે. હિંદુસ્તાની અથવા ગુજરાતી 'બાવા' નું મૂળ રૂપ 'બાપ' છે. ગોસાંઈ અથવા અતીત લોકોના સંબંધમાં હજી પણ 'બાવા' એ શબ્દ વપરાય છે. 'બાપ પાદાનું ધ્યાત' એ વિશેષણ નેપાળના કેટલાક રાજાઓના સંબંધમાં વપરાયલું જણાય છે. 'બાપ એ કોઇ અધિરાજ હશે એમ શંકા લેવાનું કારણ રહેતું નથી, કારણ કે વલભિરાજા અને નેપાલના રાજા એ બંનેનો એકજ અધિરાજ હોય એ સંભવતું નથી. બંને શૈવ ધર્મ પાળતા અને બંનેના તામ્રલેખોમાં એકજ વિશેષણ વાપરેલું છે તેથી એમ અનુમાન કરી શકાય છે કે બાવ અથવા બાપ એ શૈવ ધર્માધ્યક્ષના સંબંધમાં લખેલું હોવું જોઇએ. નેપાળના રાજા વસન્તસેનના તામ્રલેખમાં બપ્પના પહેલાં પરમ દૈવત એવું વિશેષણ રાખેલું છે તે ઉપરથી પણ બપ્પ ધર્માધ્યક્ષ

હશે એમ માનવાને ટેકો મળે છે. મહારાજાધિરાજ, પરમભટ્ટાર્ક, અને પરમેશ્વર એવાં વિશેષણ 'બપ્પ' ને લખેલાં છે. તે પણ હાલ આપણે બ્રાહ્મણ ધર્મગુરૂને 'મહારાજ, અને દિગંબર જૈન સાધુને ભટ્ટાર્ક કહીએ છીએ તેને મળતું છે. બપ્પ (બાપ) એ શબ્દ મૂળમાં શૈવ ધર્માધ્યક્ષોને ખાસ રીતે લાગુ છતાં પાછળથી વૈષ્ણવ અને બૌદ્ધ ધર્માધ્યક્ષના સંબંધમાં પણ વાપરેલો જણાય છે.

વલભિ રાજાઓની ઉત્પત્તિ.

વલભિ વંશ સ્થાપન કરનાર, સેનાપતિ ભટાર્ક કઇ જાતનો હશે એ શક ભરેલું છે. વલભિ તામ્રપટોમાં રાજા કઇ જાતના હતા એ લખેલું નથી. ચાલુકય અને રાષ્ટ્રકૂટ તામ્રપટોમાં વલભિ રાજાઓ વિષે કંઈ લખ્યું નથી. ગેલોટ અને ગોહિલ લોકો વલભિના વંશના છે, છતાં તેઓ પોતાની મૂળ જાતથી ઓળખાતા નથી પણ ગુહ અથવા ગુહસેન રાજા (ઈ. સ. ૫૫૯–૫૬૭) ના નામ ઉપરથી ઓળખાય છે. આ ઉપરથી એમ ધારી શકાય છે કે વલભિ રાજાઓ હલકી જાતના અથવા પરદેશથી આવેલી જાતના હશે. કદાચ એમ પણ હોય કે સેનાપતિ ભટ્ટાર્ક ગુર્જ્જર જાતનો હોય અને તેના વંશની ચઢતી થવાથી, તેની જાત ઉપરથી ગુર્જ્જર–રાત્ર અથવા ગુજરાત નામ પડયું હોય. ગુજરાત એ નામ પ્રથમ પરદેશી લોકો વાપરતા અને પછી ગુજરાતના લોકો પણ વાપરવા લાગ્યા. ભટ્ટાર્ક અને તેના વંશના રાજા શિવાય બીજા કોઇ રાજા એવા મોટા થઇ ગયા નથી કે તેમની જાત ઉપરથી દેશનું નામ પડે. પણ વલભિ રાજા ગુર્જ્જર નહીં હોય એમ કહેવાને એ આધાર બનાવી શકાય છે કે પ્રખ્યાત ચીનો હ્યુએનત્સાંગ વલભિ રાજાને ક્ષત્રિય કહે છે. પણ હ્યુએનત્સાંગ જે કહ્યું છે તે વલભિ વંશ સ્થાપન થયા પછી સો વર્ષે કહ્યું છે તેથી કદાચ એમ પણ બન્યું હોય કે તેમની મૂળ જાત વિસારે પાડી વલભિ રાજાઓએ ક્ષત્રિ હોવાનું ડોળ ઘાલ્યું હોય. મૂળમાં હલકી જાતના છતાં રાજાઓએ પાછળથી ઉંચી ઉત્પત્તિનું ડોળ ઘાલ્યાના ઘણા દાખલા બનેલા છે. ગુજરાત અને કાઠીઆવાડમાં રજપૂત કહેવાતાં

ઘણાં કુળની ઉત્પત્તિ હલકી અથવા પરદેશી જાતમાંથી થયેલી છે. નંદીપુરી અથવા નાંદોદ (ઇ. સ. ૪૫૦) ના શરૂઆતના રાજા પોતે ગુર્જ્જર હોવાનું જણાવે છે; પરંતુ પાછળથી થયેલા રાજા મહાભારતના વીર પુરૂષ કરણથી પોતાની ઉત્પત્તિ થયેલી હોવાનું જણાવે છે. નાંદોદના એ ગુર્જ્જર રાજાઓએ (દદ્દ બીજો અને જયભટ્ટ બીજો) વલભિ રાજાઓને એવી રીતે મદદ કરેલી હતી કે જે ઉપરથી એમ અનુમાન કરી શકાય કે તેમના વચ્ચે કંઇ નિકટનો સંબંધ હોવો જોઈએ. અને એ સંબંધે કદાચ તેમની એકજ જાત હોવાનો હશે. નાંદોદના હાલના રાજા પોતાની ઉત્પત્તિ કરણથી બતાવે છે તોપણ તેઓ ગોહિલ કહેવાય છે, અને ભાવનગરના ગોહિલ વલભિ રાજા ગુહસેનથી ઉત્પન્ન થયેલા હોવાનુ કહે છે, તે ગોહિલ અને નાંદોદવાળા ગોહિલ એકજ ઉત્પત્તિના છે એમ કબુલ કરવામાં આવે છે. આ ઉપરથી એમ માની શકાય છે કે વલભિ રાજા અને ગુર્જ્જર રાજા એકજ જાતના હતા અને ગુર્જ્જર રાજા વલભિ રાજાના કુળની એક શાખા હતી. વલભિ રાજાઓ ગુર્જ્જર રાજાઓના અમલમાં ભરૂચમાં દાન કેમ કરી શકયા તેનો ખુલાસો પણ આથી થાય છે. વળી વલભિના રાજા તેમના અધિરાજ અથવા સ્વામી હશે તેથી ગુર્જ્જર રાજાઓ ‘સામંત’ કહેવાતા હશે એમ પણ આ ઉપરથી ધારી શકાય છે.

સેનાપતિ ભટ્ટાર્ક. ઈ. સ. ૫૦૯–૫૨૦ ?

સેનાપતિ ભટ્ટાર્કનું તામ્રપટ મળેલું નથી, પણ તેના પુત્ર ધ્રુવસેનનું વલભિ અથવા ગુપ્ત સંવત્ ૨૦૭ (ઇ. સ. ૫૨૬) નું તામ્રપટ મળ્યું છે તે ઉપરથી જણાય છે કે ધ્રુવસેન એ સેનાપતિ ભટ્ટાર્કનો ત્રીજો પુત્ર હતો. એક તામ્રપટમાં સેનાપતિ ભટ્ટાર્કનાં વખાણ તરીકે નીચેનો મજકુર લખ્યો છે. તે ઉપરથી માલમ પડે છે કે કઇ સત્તાને હરાવી ભટ્ટાર્કે રાજ્ય મેળવ્યું. “મૈત્રકો કે જેમણે બળજોરીથી પોતાના દુશ્મનોને તાબે કર્યાં હતા તેમના મોટા અને બળવાન લશ્કર ઉપર સેંકડો ઘા કરી જેણે કીર્ત્તિ મેળવી.” મૈત્રકનો અર્થ સૂર્યવંશી થાય છે, આ મૈત્રકો મ્હેર જાતના લોક હતા એમ

આગળ મ્હેર લોકો વિષે પ્રકરણ છે તેમાં બતાવવામાં આવ્યું છે. મ્હેર જાત એક વખત કાઠીઆવાડમાં ઘણી પ્રબળ હતી અને હજી પણ કાઠીઆ-વાડના વાયવ્ય કોણમાં બરડા પર્વત આગળ માલમ પડે છે. પોરબંદરનાં જેઠવા રાજા આ મ્હેર જાતના છે. તેઓ હજી પણ મ્હેર કહેવાય છે અને મ્હેર જાત તેમને પોતાના મુખ્ય ગણે છે. મ્હેર લોકોની દંતકથા એવી છે કે મકરધ્વજને મયૂરધ્વજ સાથે યુદ્ધ થયું હતું. મકર અથવા માછલી એ મ્હેર જાતનું ચિન્હ છે અને મોરબીથી મળેલા એક તામ્રપટ ઉપર (ઈ. સ. ૯૦૪, ગુપ્ત ૫૮૫) તથા મ્હેર રાજા જૈકદેવના બનાવટી તામ્રપટ ઉપર જોવામાં આવે છે. એથી ઉલટ મયૂર એ ગુપ્ત રાજાઓનું ચિન્હ છે તેથી મયૂર ચિન્હની ધજાવાળા ગુપ્ત રાજા હશે એમ લાગે છે. ચંદ્રગુપ્ત અને બીજા ગુપ્ત રાજાઓએ ગુજરાત ઉપર રાજ્ય કર્યું તેમનું ચિન્હ મયૂર હતું એમ તેમના શિક્કા ઉપરથી જણાય છે. મકરધ્વજને મયૂરધ્વજ સાથે યુદ્ધ થયેલું હોવાની મ્હેર લોકોની દંતકથા છે, તે મ્હેર લોકોને ગુપ્ત રાજા સાથે અથવા તેના હાકેમ સાથે (ઇ. સ. ૪૭૦ ના અરસામાં) યુદ્ધ થયા ઉપરથી ચાલી હશે એમ લાગે છે. મ્હેરજાત ઉત્તર તરફથી આવેલી હતી અને પશ્ચિમ રજ-પૂતાના તરફથી ગુજરાતમાં દાખલ થઇ હતી. તેમના સરદાર જસલો, અજો, બડ અને કોમલના નામ ઉપરથી જેસલમેલ, અજમેર, બડમેર અને કોમ-લમેર નામ થયાં હતાં. ગુપ્તોને હરાવનાર પંજાબ તરફથી આવેલા મિહિર-કુલ (ઇ. સ. ૫૧૨–૫૪૦ ?) ના નામ ઉપરથી તથા તેના વખત ઉપરથી એમ લાગે છે કે તે મ્હેર જાતનો હશે. મ્હેર લોકો એજ કદાચ હૂણ લોકો હશે. અને એમ નહીં હોય તોપણ જીત કરતા હૂણ લોકોની સાથે તેઓ મળી ગયા હશે અને તેમની સાથે દક્ષિણમાં આવી કાઠીઆવાડમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું હશે. સેનાપતિ ભટ્ટાર્કે કાઠીઆવાડનો દક્ષિણ ભાગ તેમની પાસેથી જીતી લીધા પછી, મ્હેર લોકો કાઠીઆવાડના ઉત્તર ભાગ તરફ ગયાનું જણાય છે. સેનાપતિ ભટ્ટાર્ક, ગુપ્ત રાજાઓનો સેનાપતિ હશે એમ ધારવામાં આવે છે. તેણે તથા તેના વંશજોએ ગુપ્ત સંવત્ ચાલતો રાખ્યો

છે અને તેના સિક્કા પણ ગુપ્ત રાજાઓના સિક્કા જેવા છે, તેથી આ માનવાને ટેકો મળે છે. તોપણ નવા રાજા જૂના રાજાનો સંવત્ ચાલતો રાખે એટલા ઉપરથી નિઃસંદેહ એમ અનુમાન કરી શકાય નહીં કે નવા રાજાને જૂના રાજા સાથે કંઇ સંબંધ હોવો જોઇએ. ગુર્જર (ઇ. સ. ૫૮૦) અને ચાલુક્ય (ઇ. સ. ૬૪૩) રાજાઓએ ત્રૈકૂટક સંવત્ વાપરેલો છે. તોપણ તેમની સાથે તેમને કંઈ સંબંધ હોય એમ જણાયું નથી. શરૂઆતના વલભિ રાજાઓ બીજા કોઇ રાજાને અધિરાજ તરીકે માન આપતા હતા એમ તેમનાં તામ્રપટ ઉપરથી જણાય છે, પણ આ રાજા ગુપ્ત વંશના રાજા હશે કે બીજા કોઇ વંશના હશે એ નક્કી થઇ શકતું નથી.

સેનાપતિ ભટાર્કના પુત્રો.

ભટાર્કના પ્રપૌત્ર ધરસેન (ઇ. સ. ૫૭૯) રાજા સુધીના બધા રાજાનાં તામ્રપટમાં વલભિવંશનું ઝાડ આપેલું છે. ત્યાર પછીનાં તામ્રપટોમાં માત્ર રાજ્ય કર્ત્તાનો વંશ જણાવ્યો છે. ધરસેનના વખત સુધીનાં તામ્રપટો ઉપરથી જણાય છે કે સેનાપતિ ભટાર્કને ચાર પુત્ર હતા. (૧) ધરસેન, (૨) દ્રોણસિંહ, (૩) ધ્રુવસેન અને (૪) ધરપટ. પહેલા પુત્ર ધરસેન વિષે કંઈ માહિતી મળતી નથી. તેનું નામ તેના ભાઇ ધ્રુવસેનનાં તામ્રપટમાં જોવામાં આવે છે. તેમાં તેને સેનાપતિ લખ્યો છે. એજ પ્રમાણે બીજા પુત્ર દ્રોણસિંહ વિષે પણ ધ્રુવસેનના તામ્રપટ સિવાય માહિતી મળવાનું બીજું કંઇ સાધન નથી. આ તામ્રપટમાં પોતાના પિતા તથા મોટા ભાઇની પેઠે દ્રોણસિંહને સેનાપતિ નહીં પણ ‘મહારાજ’ લખ્યો છે. અને જણાવ્યું છે કે તેને તેના ‘પરમ સ્વામી’ એ રાજ્ય સત્તા આપી ગાદીએ બેસાડયો હતો. આ ‘પરમ સ્વામી’ તેનો બાપ ભટાર્ક નહીં હોય, પણ જે રાજાનો ભટાર્ક સેનાપતિ હતો તે હશે એમ લાગે છે. દ્રોણસિંહને કઇ જગોએ ગાદીએ બેસાડયો હતો એ જણાતું નથી, પણ કાઠીઆવાડના વાયવ્યકોણમાંથી મ્હેર લોકોને સેનાપતિ ભટાર્કે કાઢ્યા હતા તે ભાગમાં બેસાડયો હશે એમ લાગે છે.

ધ્રુવસેન ૧ લે. ઇ. સ. ૫૦૯–૫૩૫.

ધ્રુવસેન નામના ઘણા વલભિ રાજા થયા છે, તેમાં સૌથી પહેલો, સેનાપતિ ભટ્ટાર્કનો ત્રીજો પુત્ર ધ્રુવસેન હતો. તેનાં ત્રણ તામ્રપટ મળ્યાં છે. કુકડવાળા તામ્રપટમાં ગુપ્ત ૨૦૭ (ઇ. સ. ૫૨૬) ની સાલ છે. જૂનાગઢથી મળેલા તામ્રપટમાં ગુપ્ત ૨૧૦ (ઇ. સ. ૫૨૯) ની સાલ છે, અને વળાથી મળેલા તામ્રપટમાં ગુપ્ત ૨૧૬ (ઇ. સ. ૫૩૫) ની સાલ છે. ધ્રુવસેનનું એક વિશેષણ 'પરમ ભટાર્ક પાદાનું ધ્યાત' એટલે, સ્વામીના પગ આગળ નમન કરતો, એવું છે. એ સ્વામી તેના ભાઇ દ્રોણસિંહને ગાદી આપનાર રાજા હશે. તેનો પિતા માત્ર 'ભટ્ટાર્ક' લખાય છે, પરમ ભટ્ટાર્ક લખતો નથી. તેથી તેનો સ્વામી તેનો પિતા ભટ્ટાર્ક હોવાનું સંભવિત લાગતું નથી. ધ્રુવસેનનાં બીજાં વિશેષણ 'મહારાજ' 'મહા સામંત' એ વગેરે છે તેથી પણ એમ માનવાને ટેકો મળે છે કે તેને માથે બીજો કોઇ અધિરાજ હોવો જોઇએ. ઇ. સ. ૫૩૫ ની સાલના તામ્રલેખમાં 'મહા પ્રતિહાર' (મોટો દ્વારપાળ).' મહા દંડ નાયક' (મોટો માજીસ્ટ્રેટ), મહાકાર્તકૃતિક (મોટો સેનાપતિ) એવાં વિશેષણ પણ તેના નામને જોડેલાં છે. આ વિશેષણ એમ દેખાડે છે કે તે કોઇ રાજાના તાબામાં રાજ્ય કરતો હોવો જોઇએ. ધ્રુવસેન તેના ભાઇ દ્રોણસિંહ પછી ગાદીએ બેઠો હશે કે તેની સાથેજ જૂદા પ્રદેશ ઉપર રાજ્ય કરતો હશે એ નક્કી કરવા સાધન નથી. તેનાં વિશેષણો ઉપરથી એમ લાગે છે કે તેના ભાઇની પછી તે ગાદીએ બેઠો નહીં હોય, પણ તેના વખતમાંજ રાજ્ય કરતો હશે. ગમે તેમ હશે તો પણ વલભિ સાથે જેનો સંબંધ જણાયો હોય એવો પહેલો રાજા ધ્રુવસેન છે, કારણ કે ઇ. સ. ૫૨૬ અને ૫૨૯ ની સાલવાળાં તામ્રપટ તેણે વલભિથી આપેલાં હોવાનું લખેલું છે.

આ તામ્રપટોમાં ધ્રુવસેનનો પિતા ભટ્ટાર્ક તથા તેના મોટાભાઇ 'પરમ માહેશ્વર' (શિવપૂજક) હોવાનું લખ્યું છે અને ધ્રુવસેન પોતે 'પરમ ભાગવત' (વિષ્ણુપૂજક) હોવાનું લખ્યું છે. પણ ઈ. સ. ૫૩૫ વાળા તામ્રપટ

ઉપરથી જણાય છે કે તેની ભત્રિજી દુડ્ડા (અથવા લુલા) બૌદ્ધ હતી અને તેણે વલભિમાં બૌદ્ધ ધર્મનો મઠ બંધાવ્યો હતો. ધ્રુવસેનની છેલ્લામાં છેલ્લી સાલ ઇ. સ. ૫૩૫ (ગુપ્ત ૨૧૬) ની જણાઇ છે. ધરપટ્ટને 'મહારાજા' કહેલો છે અને ધ્રુવસેનનું છેલ્લામાં છેલ્લું તામ્રપટ જે સાલનું છે ત્યાર પછી ચોવિસ વર્ષે ધરપટ્ટનાં પુત્ર (ઈ. સ. ૫૫૯) ગુહસેનનું તામ્રપટ થયેલું જણાય છે. તે ઉપરથી એમ લાગે છે કે ધ્રુવસેન પછી ગાદી ધરપટ્ટને મળી હશે. એથી ઉલટ ગુહસેનના ઇ. સ. ૫૫૯ ના તામ્રપટમાં લખ્યું છે કે તેનાં બધાં પાપ ધ્રુવસેનને પગે પડવાથી (એટલે કે તેની પછી ગાદીએ બેસવાથી) ધોવાઇ ગયાં છે તેથી એમ પણ ધારી શકાય છે કે તે ધ્રુવસેન પછી ગાદીએ બેઠો હશે.

ગુહસેન, ઈ. સ. ૫૩૯–૫૬૯ (?)

ગુહસેનનાં ત્રણ તામ્રપટ અને એક લેખ મળ્યાં છે. બે તામ્રપટો વળાથી મળ્યાં છે. તેની ઉપર ઇ. સ. ૫૫૯ અને ૫૬૫ (ગુપ્ત ૨૪૦ અને ૨૪૬) ની સાલો છે; ત્રીજું તામ્રપટ ભાવનગરથી મળ્યું છે તેની ઉપર ઇ. સ. ૫૬૭ (ગુપ્ત ૨૪૮) ની સાલ છે. લેખ, વળાથી મળેલા એક માટીના વાસણ ઉપર છે અને તેમાં ઇ. સ. ૫૬૬ (ગુપ્ત ૨૪૭) ની છે. વલભિ-વંશમાં ગુહસેન મહા પ્રતાપી રાજા થયો હશે એમ લાગે છે. કાઠીઆવાડ અને રજપૂતાના ગોહિલ અને ગેલોટ રજપૂતો, જેઓ વલભિ કુળના ગણાય છે તેઓનું નામ ગુહસેનના નામ ઉપરથી પડ્યું હતું. ગુહસેન એ સંસ્કૃત શબ્દ છે અને તેનો અર્થ " જેનું લશ્કર કાર્તિક સ્વામિના લશ્કર જેવું છે તે" એ પ્રમાણે થાય છે. પાછલા વખતનાં વલભિ વંશનાં તામ્રપટોમાં રાજાની વંશાવળી ગુહસેનથી શરૂ કરેલી જણાય છે; એટલે કે વલભિ વંશનો પહેલો રાજા તે હતો એમ તેમાં માનેલું જણાય છે. ગુહસેન વલભિ વંશનો પહેલો રાજા ગણાતો હશે તે ઉપરથીજ તેના નામ ઉપરથી ગોહિલ વગેરે રજપુતોની શાખાઓનાં નામ પાડ્યાં હશે એમ લાગે છે. ગુહસેનના પહેલાં થયેલા રાજાઓની પેઠે ગુહસેન પણ 'મહારાજ' લખાયો છે. એક ઠેકાણે તેને 'પરમ-માહેશ્વર' (શૈવ) કહેલો છે અને બીજે ઠેકાણે 'પરમોપાસક' (બૌદ્ધ) કહેલો

છે. વળી તેની ફોઈની દીકરી દુડાએ બંધાવેલા બૌદ્ધ મઠને પણ તેણે દાન આપેલાં છે. ગુહસેન તેના પૂર્વજોની પેઠે શૈવ હશે, તોપણ બૌદ્ધ ધર્મવાળાને ઉત્તેજન આપતો હશે એમ લાગે છે. ગુહસેનનું રાજ્ય ક્યારથી શરૂ થયું તે જાણવાને સાધન નથી. ઇ. સ. ૫૩૯ (ગુપ્ત ૨૨૦) પહેલાં તે ગાદીએ નહીં બેઠો હોય એમ લાગે છે. તેની છેલ્લામાં છેલ્લી સાલ ઇ. સ. ૫૬૭ (ગુપ્ત ૨૪૮) જણાઇ છે પણ તેણે કદાચ બે ત્રણ વર્ષ વધારે રાજ્ય કર્યું હશે.

ધરસેન બીજો. ઈ. સ. ૫૬૯–૫૮૯.

ગુહસેન પછી આશરે ઇ. સ. ૫૬૯ (ગુપ્ત ૨૫૦) માં તેનો પુત્ર બીજો ધરસેન ગાદીએ બેઠો. તેનાં પાંચ તામ્રપટ મળ્યાં છે, તે પૈકી ત્રણ ઉપર ઇ. સ. ૫૭૧ (ગુપ્ત ૨૫૨), ચોથા ઉપર, ઈ. સ. ૫૮૮ (ગુપ્ત ૨૬૯) અને પાંચમા ઉપર ઇ. સ. ૫૮૯ (ગુપ્ત ૨૭૦) એ પ્રમાણે સાલો છે. પહેલાં ત્રણ તામ્રપટમાં ધરસેનને 'મહારાજ ' લખ્યો છે; છેલ્લાં બેમાં 'મહાસામંત' વિશેષણ વધાર્યું છે, તે ઉપરથી એમ લાગે છે કે છેવટના વખતમાં ધરસેનને માથે કોઇ સ્વામી થયો હશે. ધરસેનનાં બધાં તામ્રપટમાં તેને 'પરમમાહેશ્વર ' લખ્યો છે, તે ઉપરથી એમ લાગે છે કે તે શૈવ ધર્મ પાળતો હશે. ધરસેનનું છેલ્લું તામ્રપટ ઈ. સ. ૫૮૯ ની સાલનું છે. ત્યાર પછી ઇ. સ. ૬૦૭ નું એટલે અઢાર વર્ષ પછીનું તેના પુત્ર પહેલા શીલાદિત્યનું તામ્રપટ મળ્યું છે.

શીલાદિત્ય ૧ લો, ઇ. સ. ૫૯૪–૬૦૭.

ધરસેન બીજા પછી તેનો પુત્ર શિલાદિત્ય ગાદીએ બેઠો. આ રાજાનું બીજું નામ ધર્માદિત્ય છે. શત્રુંજય મહાત્મ્યમાં એવું ભવિષ્ય જણાવ્યું છે કે વિક્રમ સંવત્ ૪૭૭ (ઇ. સ. ૪૨૦) માં શીલાદિત્ય નામે રાજા થશે તે જૈન ધર્મનો ફેલાવો કરશે. આ મહાત્મ્ય આધુનિક છે, એટલે તેની ઉપર કંઇ ભરોંસો રાખી શકાતો નથી. વિક્રમ સંવત્ ૪૭૭ (ઇ. સ. ૪૨૦) માં તો વલભિ વંશની સ્થાપના પણ થઇ નહોતી, એટલે તે વખતે શીલાદિત્ય રાજા શી રીતે થયો હોય ? જો એ સાલ વિક્રમ સંવતની નહીં પણ શક સંવતની હશે એમ માનીએ તોપણ શક ૪૭૭ માં ગુપ્ત ૨૩૭ અથવા ઇ. સ. ૫૬૬

ની સાલ આવે, એટલે કે આ રીતે જોતાં પણ શીલાદિત્યની ખરી સાલ કરતાં મહાત્મ્યની સાલ વહેલી આવે છે.

શીલાદિત્યનાં તામ્રપટોમાં તે શૈવ હોવાનું જણાવેલું છે તોપણ તેણે બૌદ્ધ ધર્મવાળાને પણ કેટલાંક દાન આપ્યાં હતાં તે ઉપરથી એમ લાગે છે કે બૌદ્ધ ધર્મવાળાઓને તે માન આપતો હશે. એક તામ્રપટમાં લેખકનું નામ સંધિવિગ્રહિક ચંદ્રભટ્ટિ જણાવેલું છે. બૌદ્ધ ધર્મવાળાને એ દાન અપાવનાર (દૂતક) ભટ્ટ આદિત્ય યશસ્ નામનો એક માણસ હતો શિવના એક દેવળને દાન આપેલું છે તે અપાવનાર શિલાદિત્ય પછી ગાદીએ બેસનાર તેનો ભાઇ ખરગ્રહ હતો.

શીલાદિત્યે ઘણું કરીને ઈ. સ. ૫૯૪ (ગુપ્ત ૨૭૫) થી ઇ. સ. ૬૦૯ (ગુપ્ત ૨૯૦) સુધી રાજ્ય કર્યું હશે.

ખરગ્રહ,
ઇ. સ. ૬૧૦–૬૧૫.

શીલાદિત્ય પછી તેનો ભાઇ ખરગ્રહ ગાદીએ બેઠો. ખરગ્રહ પરમ શૈવ હતો. શીલાદિત્યે પોતાની હયાતીમાં તેને ગાદીએ બેસાડયો હશે, અને શિલાદિત્ય વાનપ્રસ્ત થયો હશે એમ તામ્રલેખો ઉપરથી જણાય છે. એ સિવાય ખરગ્રહ વિષે બીજી કંઇ માહિતી મળતી નથી.

ધરસેન ત્રીજો,
ઈ. સ. ૬૧૫–૬૨૦

ખરગ્રહ પછી તેનો પુત્ર ધરસેન ત્રીજો ગાદીએ બેઠો. આ રાજા વિષે કંઇ માહિતી મળતી નથી.

ધ્રુવસેન બીજો, (બાલાદિત્ય)
ઇ. સ. ૬૨૦–૬૪૦.

ત્રીજા ધરસેન પછી તેનો નાનો ભાઇ ધ્રુવસેન બીજો ગાદીએ બેઠો. આ રાજાનું બીજું નામ બાલાદિત્ય હતું. આ રાજાના વખતમાં પ્રખ્યાત ચિના સાધુ હુએન-ત્સાંગે વલભિની મુલાકાત લીધી હતી. ધ્રુવસેનના વિષે તામ્રપટમાં એમ લખ્યું છે કે તેણે ફતેહો મેળવી અને વલભિનું રાજ્ય વધાર્યું. એથી ઉલટું ભરૂચના ગુર્જર રાજા ત્રીજા જયભટ (ઈ. સ. ૭૦૬–૭૩૪) ના નવસારીવાળા તામ્રપટ ઉપરથી એમ જણાય છે કે કનો-

જના શ્રી હર્ષદેવે (ઇ. સ. ૬૦૭–૬૪૮) વલભિના રાજાને હરાવ્યો હતો ત્યારે તે રાજાનું ભરૂચના બીજા દદ્દ રાજાએ રક્ષણ કર્યું હતું.

ધરસેન ૪ થો,
ઇ. સ. ૬૪૦–૬૪૯.

બીજા ધ્રુવસેન પછી તેનો પુત્ર ચોથો ધરસેન ગાદીએ બેઠો. આ રાજા સ્વતંત્ર થયો હશે એમ લાગે છે, કારણ કે તેના એક તામ્રપટમાં (ઇ. સ. ૬૪૯ ગુપ્ત ૩૩૦) તેને પરમ ભટ્ટાર્ક, મહારાજાધિરાજ, ચક્રવર્ત્તી એ પ્રમાણે વિરૂદ આપેલાં છે. ધરસેન પછીના રાજાઓએ ' મહારાજાધિરાજ ' નું વિરૂદ વાપરવાનું જારી રાખ્યું છે, પણ ધરસેન સિવાય બીજા કોઇ રાજાએ ચક્રવર્ત્તી વિરૂદ લખાવ્યું નથી.

ધરસેનનાં બે તામ્રપટ મળ્યાં છે. એકની ઉપર ઇ. સ. ૬૪૫ (ગુ. ૩૨૬) ની સાલ છે. અને બીજા ઉપર ઈ. સ. ૬૪૯ (ગુ. ૩૩૦) ની સાલ છે. તેના પિતા, બીજા ધ્રુવસેનનું તામ્રપટ ઇ. સ. ૬૩૪ (ગુ. ૩૧૫) ની સાલનું છે, અને તેની પછી ગાદીએ બેસનાર ત્રીજા ધ્રુવસેનનું તામ્રપટ ઇ. સ. ૬૫૧ (ગુ. ૩૩૨) ની સાલનું છે. તે ઉપરથી એમ જણાય છે કે ધરસેનનું રાજ્ય સત્તર વર્ષથી વધારે ચાલ્યું નથી. પ્રખ્યાત સંસ્કૃત કાવ્ય, ભટ્ટિકાવ્ય આ રાજાના વખતમાં લખાયું હતું, કારણ કે એ કાવ્યનો કર્ત્તા પોતાના ગ્રંથને છેડે જણાવે છે કે એ કાવ્ય ધરસેન રાજાના રક્ષણમાં રહી તેણે વલભિમાં લખ્યું હતું. વળી આ ગ્રંથકારે ધરસેનને ' નરેંદ્ર ' કહ્યો છે તે ઉપરથી એમ લાગે છે કે ધરસેન ઘણો પ્રતાપી અને સ્વતંત્ર રાજા હશે.

ધ્રુવસેન ત્રીજો,
ઇ. સ. ૬૫૦–૬૫૬.

ધરસેન પછી તેના પિતાના કાકાના છોકરા દેરભટનો પુત્ર ધ્રુવસેન ગાદીએ બેઠો. દેરભટ વલભિનો રાજા થયો નહોતો, પણ વલભિની દક્ષિણના પ્રદેશમાં રાજ્ય કરતો હશે એમ લાગે છે. તેના વિષે એવી હકીકત લખી છે કે અગસ્ત્યની પેઠે તે દક્ષિણ તરફ પ્રસર્યો અને સંહ્યાદ્રિ અને

વિંધ્યા પર્વત રૂપી બે સ્તનવાળી પૃથ્વીનો તે ધણી હતો. સંહ્યાદ્રિ અને વિંધ્યા પર્વત જ્યાં આગળ મળે છે તે પ્રદેશ દેરભટનો હશે. ધરસેન ૪ થાને પુત્ર નહીં હોવાથી દેરભટના પુત્ર ચોથા ધ્રુવસેનને વલભિની ગાદી મળી હશે. ૪ થા ધ્રુવસેનનું માત્ર એકજ તામ્રપટ મળ્યું છે. તેની સાલ ઈ. સ. ૬૫૧ (ગુ. ૩૩૨) છે. ઉત્તર કાઠીઆવાડમાં નવાનગર સંસ્થાનમાં આવેલા પંચલીનું પેટપદ્ર નામનું ગામ એ તામ્ર લેખથી દાન આપેલું છે. ધ્રુવસેન પછી ગાદીએ બેસનાર તેના ભાઇ બીજા ખરગ્રહનું તામ્રપટ ઇ. સ. ૬૫૬ (ગુ, ૩૩૭) નું છે, તે ઉપરથી એમ જણાય છે કે ધ્રુવસેનનુ રાજ્ય ૭ વર્ષ કરતાં વધારે ચાલ્યું નહીં હોય.

ખરગ્રહ બીજો, ઇ. સ. ૬૫૬–૬૬૫.

બીજા ખરગ્રહના તામ્રપટમાં ૪ થા ધ્રુવસેનના સંબંધમાં વિશેષ માનની લાગણી બતાવેલી જોવામાં આવતી નથી. તે ઉપરથી એમ ધારવામાં આવે છે કે ચોથા ધ્રુવસેન પાસેથી તેણે બળજોરીથી રાજ્ય લઈ લીધું હશે. મોટા ભાઈ તરીકે તેનો હક્ક પણ વધારે જણાય છે. ધ્રુવસેન પછી ખરગ્રહ સીધી રીતે અને શાન્તતામાં ગાદીએ આવ્યો હોય એમ લાગતું નથી. ખરગ્રહનું તામ્રપટ ઇ. સ. ૫૫૬ (ગુપ્ત ૩૩૭) ની સાલનું છે તે તેના દિવિરપતિ (ચીફ સેક્રેટરી) સ્કંદભટ્ટના પુત્ર અનહિલ્લે લખ્યું છે. દાન અપાવનાર અથવા દૂતક પરમાત્રિ (માપણી કરનાર અધિકારી) શ્રીના, નામે હતો.

શીલાદિત્ય ત્રીજો. ઈ. સ ૬૬૭–૬૭૫.

બીજા ખરગ્રહ પછી ત્રીજો શીલાદિત્ય ગાદીએ બેઠો. એ ખરગ્રહના મોટા ભાઇ બીજા શીલાદિત્યનો પુત્ર હતો. બીજા શીલાદિત્યે વલભિમાં રાજ્ય કર્યું નહોતું, પણ દેરભટની પેઠે વલભિના દક્ષિણ તરફના પ્રદેશમાં હાકેમી ભોગવી હશે એમ લાગે છે, કારણ કે વલભિના વંશમાં રાજ્ય કરનાર તરીકે તેનું નામ જણાવ્યું નથી, તોપણ વિંધ્યા પર્વતવાળી પૃથ્વીનો તેને ધણી કહ્યો છે. ત્રીજા શિલાદિત્યનાં ત્રણ તામ્રપટ મળ્યાં છે, તે પૈકી

એની ઉપર ઈ. સ. ૬૬૬ (ગુપ્ત ૩૪૬) ની સાલ છે. અને ત્રીજા ઉપર ઇ. સ. ૬૭૧ (ગુપ્ત ૩૫૨) ની સાલ છે. પરમ ભટ્ટાર્ક, મહારાજાધિરાજ, પરમેશ્વર એ પ્રમાણે તેનાં વિરૂદ લખ્યાં છે. તેના પછી થયેલા વલભિ રાજાઓએ પણ એજ વિરૂદ વાપર્યાં છે. જો કે એ રાજાઓનાં બીજાં નામ હશે તોપણ ત્યાર પછીનો દરેક રાજા શીલાદિત્ય કહેવાયો છે.

શીલાદિત્ય ૪ થો. ઈ. સ. ૬૯૧.

ત્રીજા શીલાદિત્ય પછી તેનો પુત્ર ચોથો શીલાદિત્ય ગાદીએ બેઠો. તેનું એક તામ્રપટ ઇ. સ. ૬૯૧ (ગુપ્ત ૩૭૨) ની સાલનું મળ્યું છે. એ તામ્રપટ તૈયાર કરનાર બાપ ભોગીકનો પુત્ર દેવિરાપતિ શ્રી હરગણ હતો. દાન અપાવનાર (દૂતક) રાજપુત્ર ખરગ્રહ હતો. આ ખરગ્રહ પાંચમા શિલાદિત્યનું નામ હશે.

શીલાદિત્ય ૫ મો, ઇ, સ, ૭૨૨,

ચોથા શિલાદિત્ય પછી ગાદીએ બેસનાર તેના પુત્ર પાંચમા શિલાદિત્યનાં બે તામ્રપટ ગોંડળથી મળ્યાં છે. બંને ઉપર ઇ. સ. ૭૭૨ (ગુપ્ત ૪૦૩) ની સાલ છે, અને બંનેમાં એકજ જણને દાન આપેલાં છે. બંને તામ્રપટ લખનાર બુદ્ધભટનો પુત્ર ગિલ્લક હતો અને દાન અપાવનાર રાજપુત્ર શીલાદિત્ય હતો.

શીલાદિત્ય છઠો, ઈ, સ, ૭૬૦.

પાંચમા શીલાદિત્ય પછી ગાદીએ બેસનાર તેના પુત્ર છઠ્ઠા શીલાદિત્યનું એક તામ્રપટ મળ્યું છે. તેની સાલ ઇ. સ. ૭૬૦ (ગુપ્ત ૪૪૧) છે. એ તામ્રપટ વાળું દાન કોઇ અથર્વ વેદી બ્રાહ્મણને આપેલું છે. તામ્રપટ લખનાર એમપથનો પુત્ર સજ્ઞગુપ્ત છે. અને દૂતક ગજશાતિ શ્રી જજ્જર છે.

શીલાદિત્ય ૭ મો, ઈ, સ, ૭૬૬,

છઠ્ઠા શીલાદિત્ય પછી ગાદીએ બેસનાર તેનો પુત્ર સાતમા શીલાદિત્યનું એક તામ્રપટ ઇ. સ. ૭૬૬ (ગુપ્ત ૪૪૭) નું મળ્યું છે.

વલભિવંશનું ઝાડ.

- **ભટાર્ક.** ઈ. સ. ૫૦૯ (ગુ. ૧૯૦ ?).
  - **ધરસેન ૧ લો**
  - **દ્રોણસિંહ.**
  - **ધ્રુવસેન ૧ લો.** (ઈ. સ. ૫૨૬ ગુ. ૨૦૭).
  - **ધરપટ્ટ.**
    - **ગુહસેન.** (ઈ. સ. ૫૫૯, ૫૬૫, ૫૬૭ ગુ. ૨૪૦, ૨૪૬, ૨૪૮).
      - **ધરસેન ૨ જો.** ઈ. સ. ૫૭૧, ૫૮૮, ૫૮૯ (ગુ. ૨૫૨, ૨૬૯, ૨૭૦).
        - **શિલાદિત્ય ૧ લો.** (ધર્માદિત્ય) ઈ. સ. ૬૦૫, ૬૦૯ (ગુ. ૨૮૬, ૨૯૦).
          - **દેરભટ.**
            - **શીલાદિત્ય ૨ જો.**
              - **શીલાદિત્ય ૩ જો.**
            - **ખરગ્રહ ૨ જો.** (અથવા ધર્માદિત્ય ૨ જો).
            - **ધ્રુવસેન ૩ જો.** ઈ. સ. ૬૫૧ (ગુ. ૩૩૨).
        - **ખરગ્રહ ૧ લો.**
          - **ધરસેન ૩ જો.**
          - **ધ્રુવસેન ૨ જો.** (બાલાદિત્ય) ઈ. સ. ૬૨૯ (ગુ. ૩૧૦).

ઇ. સ. ૬૭૧ (ગુ. ૩૫૨). ઇ. સ. ૬૫૬ (ગુ. ૩૩૭). ધરસેન ૪ થો. ઇ. સ. ૬૪૫, ૬૪૯ (ગુ. ૩૨૬, ૩૩૦).

શીલાદિત્ય ૪ થો.
ઇ. સ. ૬૯૧, ૬૯૮ (ગુ. ૩૭૨, ૩૭૯).

શીલાદિત્ય ૫ મો.
ઇ. સ. ૭૨૨ (ગુ. ૪૦૩)

શીલાદિત્ય ૬ ઠો.
ઇ. સ. ૭૬૦ (ગુ. ૪૪૧).

શીલાદિત્ય ૭ મો.
ઇ. સ. ૭૬૬ (ગુ. ૪૪૭).

વલભિનો નાશ ઇ. સ. ૭૫૦–૭૭૦

વલભિનો નાશ થયા વિષે અનેક દંતકથાઓ ચાલે છે અને તે ક્યારે અને શી રીતે થયો એ વિષે જૂદા જૂદા વિદ્વાનોએ જૂદી જૂદી કલ્પનાઓ કરી છે; પરંતુ તામ્રપટ ઉપરથી મળેલા પુરાવા સાથે બંધબેસતી આવે એવી માત્ર એક જ દંતકથા છે અને તે ખરી હશે એમ લાગે છે. તામ્રપટ ઉપરથી જણાય છે કે ઇ. સ. ૭૬૬ (વલભિ સંવત ૪૪૭)માં શીલાદિત્ય નામનો રાજા રાજ્ય કરતો હતો. આ શીલાદિત્ય પછી વલભિ વંશનો કોઈ રાજા થયો હોવાનું જણાતું નથી: તેના વખતમાં કાકુ નામનો મારવાડી પોતાનું વતન પાલી નામે શહેર છોડી વલભિ આવ્યો હતો. તે ઘણોજ ગરીબ હોવાથી રંક નામે ઓળખાવા લાગ્યો. પાછળથી તે ઘણી દોલત કમાયો તેથી ઝુંપડી છોડી મહેલ બાંધી રહેવા લાગ્યો. તેની પુંજી દિન પ્રતિદિન વધવા લાગી અને આખરે તે કોટયાધિ કહેવાયો. એક દિવસે રંકની છોકરી રત્નજડીત સોનાની કાંસકી વડે માથું ઓળતી હતી, તે

રાજાની કુંવરીના જોવામાં આવી, અને તે લેવાનું તેને મન થયું, પણ રંકે તે આપી નહીં તેથી શીલાદિત્યે બળાત્કારે ખુંચી લીધી. આથી રંકને ગુસ્સો ચડયો જેથી તે મ્લેચ્છ દેશમાં ગયો અને ત્યાંના બાદશાહને કહેવા લાગ્યો કે જો તમે વલભિનો નાશ કરો તો હું કરોડ મહોરો આપું. બાદ-શાહે તે કરાર કબુલ કરી વલભિપુર ઉપર ચઢાઈ કરી. લઢાઇ થઇ તેમાં શીલાદિત્ય હાર્યો અને મરાયો; તથા મ્લેચ્છોએ જાણે રમત કરતા હોય તેમ વલ્લભિપુરીનો નાશ કર્યો.

આ દંતકથા અલ્બરૂનિ (ઇ. સ. ૧૦૩૦)ના લખાણમાં નોંધી રાખેલી છે, તે ઉપરથી જણાય છે કે રંક જે મ્લેચ્છ બાદશાહના લશ્કરને તેડી લાવ્યો તે સિંધની તે વખતની રાજધાની મનસૂરનો આરબ બાદશાહ હતો. આરબ લશ્કર દરીઆ રસ્તે ચઢી આવ્યું હતું એમ અલ્બરૂનિ જણાવે છે. પણ તે કઇ સાલમાં આવ્યું હતું તેની કંઇ સાલ જણાવતો નથી. મનસૂર નગર ઇ. સ. ૭૫૦ પછી સ્થાપન થયું હતું. અને વલભિ રાજા શીલાદિત્ય તો ઇ. સ. ૭૬૬ માં રાજ્ય કરતો હતો એમ તેના તામ્રપટ ઉપરથી જણાય છે, તેથી એમ લાગે છે કે વલભિ ઉપર આરબ લોકોની ચઢાઇ ઇ. સ. ૭૫૦ પછી અને ઇ. સ. ૭૭૦ ની પહેલાં થઇ હશે. સિંધનો ઇતિહાસ લખનાર આરબ ગ્રંથકારો જણાવે છે કે ઈ. સ. ૭૫૮ (હીજરી ૧૪૦ માં ખલીફ મનસૂરે અમરૂ બીન જમાલને કેટલાંક વહાણ સાથે બરડના કિનારા ઉપર મોકલ્યો હતો પણ તેમાં તેને ફતેહ મળી નહોતી. વીસ વર્ષ પછી, ઇ. સ. ૭૭૬ (હીજરી ૧૬૦)માં તેણે બીજી ચઢાઇ કરી, તેમાં તેને ફતેહ મળી અને એ શહેર તે લઈ શકયો; પણ તેના લશ્કરમાં મંદવાડ ચાલ્યાથી તેને પાછું આવવું પડયું હતું. આ લખાણમાં 'બરડ' શબ્દ લખ્યો છે તે 'બલભ' ને બદલે આરબ લેખનકળાના દોષથી 'બરડ' લખાયો હશે અથવા વંચાયો હશે એમ માનીએ તો તેથી વલભિનો નાશ થયા વિષે ચાલતી દંતકથાને ટેકો મળે છે. વલભિ જેવું નગર આઠમા સૈકડાના આરબોની જાણમાં ન હોય અને અગીયારમા સૈકડામાં અલ્બરૂની જાણમાં આવ્યું હોય

એ સંભવિત નથી. કદાચ 'બરડ' નામનું બીજું નગર આઠમા સેંકડામાં કાઠીઆવાડની નૈરૂત્ય કોણમાં હશે એમ માનવામાં આવે તો 'બરડ' ઉપર ચઢી આવનાર એજ બલબ (વલભિ)નો નાશ કરનાર હશે એમ ચોક્કસ રીતે કહી શકાય નહીં. સિંધનો ઇતિહાસ લખનારા વળી જણાવે છે કે આરબોએ તે વખતે 'કંડહાર' ઉપર પણ દરિયા રસ્તે ચઢાઈ કરી હતી. વલભિનો નાશ થયા પછી વલભિ રાજા ખંભાત પાસે આવેલા ગંધારના કિલ્લામાં જઇ રહ્યા હતા. ત્યાંથી પણ તેમને થોડા વખતમાં હાંકી કાઢવામાં આવ્યા હતા એમ દંતકથા ઉપરથી ટૉડ સાહેબ જણાવે છે. આરબ લોકોએ લખેલું 'કંડહાર' એજ ખંભાતથી વીસ માઇલ છેટે ભરૂચના કિનારા ઉપર આવેલું ગંધાર નગર હશે એમ માનવામાં આવે તો આરબ ગ્રંથકારોના ઉપરના લખાણથી, પણ દંતકથાને વિશેષ ટેકો મળે છે.

પ્રકરણ ૯ મું.

ચાલુક્ય રાજાઓનો અમલ.

(ઈ. સ. ૬૩૪—૭૪૦).

ચાલુક્ય રાજાઓનો અમલ. ઇ. સ, ૬૩૪-૭૪૦;

ઇસ્વીસનની પાંચમી અને છઠ્ઠી સદીમાં કોકણ ઉપર મૌર્ય વંશનો અમલ હતો, એમ લેખો ઉપરથી જણાય છે. તેમની રાજધાની પૂરી નગર હતું. દખ્ખણના ચાલુક્ય રાજા બીજા પુલકેશિ (ઇ. સ. ૬૧૦—૬૪૦) ના સેનાપતિ ચંદદંડે મૌર્યોને હરાવ્યા, અને તેમની રાજધાની લઇ લીધી. ત્યાર પછી ચાલુક્યો ઉત્તર તરફ આગળ વધ્યા. વિજાપુર પાસે ઐહોલ આગળ એક લેખ છે તે ઉપરથી જણાય છે કે ઈ. સ. ૬૩૪ માં લાટ, માળવા અને ગુર્જર રાજાઓ ઉપર બીજા પુલકેશિનું અધિપતિપણું હતું.

જયસિંહવર્મા, ઇ, સ, ૬૬૬-૬૯૩,

જો કે ચાલુક્ય રાજાઓનું અધિપતિપણું ઇ. સ. ૬૩૪ થી સ્થાપન થયું હતું તોપણ દક્ષિણ ગુજરાતમાં ચાલુક્ય રાજાઓનું રાજ્ય બીજા પુલકેશિના પુત્ર અને વિક્રમાદિત્ય સત્યાશ્રય (ઇ. સ. ૬૭૦—૬૮૦) ના નાના ભાઇ ધારાશ્રય જયસિંહવર્માએ પહેલવહેલું સ્થાપન કર્યું હતું. જયસિંહવર્માના પુત્ર શીલાદિત્યનો એક તામ્રલેખ નવસારીથી મળી આવ્યો છે, તેમાં જણાવ્યું છે કે જયસિંહવર્માને ગુજરાતનું રાજ્ય તેના ભાઇ વિક્રમાદિત્યે આપ્યું હતું. આ લેખમાં જયસિંહવર્માને ‘પરમ ભટ્ટાર્ક’નું વિરૂદ આપ્યું છે તે ઉપરથી એમ લાગે છે કે તેના ઉપર તેના ભાઇનું અધિપતિપણું નહીં હોય. જયસિંહવર્માને પાંચ પુત્ર હતા. તેની રાજધાની નવસારી હશે અને તેણે લાંબુ આયુષ્ય ભોગવ્યું હશે એમ તેના પુત્રોના તામ્રલેખો ઉપરથી જણાય છે.

ગુજરાતના ચાલુક્ય રાજાઓનાં પાંચ તામ્રપટ મળ્યાં છે તે પૈકી ત્રણ ઉપર 'સં' એમ લખીને સાલનો આંકડો લખ્યો છે. દક્ષિણમાં રાજ્ય કરનારી મુખ્ય શાખાએ શક સંવત્સર (ઇ. સ. ૭૮) વાપર્યો છે તે કરતાં ગુજરાતના ચાલુક્ય રાજાઓએ વાપરેલો સંવત્સર જૂદો જણાય છે. ગુજરાતમાં ચાલતો સંવત્સર વાપરેલાં લાગે છે. જયસિંહવર્માના પુત્રોનાં તામ્રપટમાં ૪૨૧, ૪૪૩ અને ૪૯૦ ની સાલો છે. દક્ષિણના ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય ઇ. સ. ૬૭૦–૬૮૦ માં થઇ ગયો છે, એમ સાબીત થયેલું છે. આ પરથી એમ નીકળે છે કે ૪૨૧ ની સાલ વાળો ગુજરાતના ચાલુક્ય રાજાએ વાપરેલો સંવત્સર આશરે ઇ. સ. ૨૪૯–૫૦ થી શરૂ થતો હોવો જોઇએ. ત્રૈકૂટક રાજાઓના પ્રકરણમાં આપણે જોયું છે કે ત્રૈકૂટક અથવા ચેદી સંવત્ પણ એજ અરસામાં શરૂ થએલો છે, માટે ગુજરાતના ચાલુક્ય રાજાઓએ વાપરેલો સંવત્ ત્રૈકૂટક સંવત્ હોવો જોઇએ એમ લાગે છે. ગુપ્ત અને વલભિ સંવત્ ઈ. સ. ૩૧૯ થી શરૂ થાય છે, માટે એ સંવત્ ચાલુક્ય રાજાઓએ વાપર્યો હશે એમ કહેવાને આધાર મળતો નથી.

જયસિંહવર્માએ દક્ષિણ ગુજરાતમાં પોતાનો અમલ ઇ. સ. ૬૬૯–૭૦ (ત્રૈકૂટક ૪૨૧) પહેલાં સ્થાપન કરેલો હોવો જોઇએ, કારણ કે એ સાલમાં તેના પુત્ર શ્રાશ્રયે યુવરાજ તરીકે તામ્રપટ આપેલું છે. શ્રાશ્રયનું બીજું એક તામ્રપટ સુરતથી મળ્યું છે તે ઉપરથી જણાય છે કે ઇ. સ. ૬૯૧–૯૨ (ત્રૈકૂ. ૪૪૩) માં જયસિંહવર્મા હયાત હતો અને યુવરાજ શ્રાશ્રય સાથે રાજ્ય કરતો હતો. આ પ્રમાણે હકીકત છે તેથી એમ માની શકાય કે ગુજરાતમાં જયસિંહવર્માનો અમલ આશરે ઇ. સ. ૬૬૬ થી શરૂ થયો હશે. જયસિંહવર્માએ કોને હરાવીને ગુજરાતનું રાજ્ય લીધું એ તેના પુત્રો અને પૌત્રનાં તામ્રપટ ઉપરથી જણાતું નથી. પરંતુ આ સમયમાં ભરૂચની પૂર્વે પાંત્રીસ માઇલ છેટે આવેલી નાન્દિપુરી (નાંદોદ) ગુર્જ્જર રાજાઓની રાજધાની હતી, અને ત્યાંથી ભરૂચ સુધીના પ્રદેશ ઉપર ગુર્જ્જર રાજાઓનો

અમલ હતો, તે ઉપરથી એમ લાગે છે કે તે વખતના કોઇ ગુર્જ્જર રાજાને હરાવી જયસિંહવર્માએ ગુજરાતનું રાજ્ય જીતી લીધું હશે.

નાંદોદના જૂનામાં જૂના જે ગુર્જ્જર રાજાવિષે માહિતી મળી છે તેનું નામ દદ્દ છે, અને તે ઇ. સ. ૫૮૦ (ત્રૈકૂ. ૩૩૧)માં થઇ ગયો છે. છેલ્લામાં છેલ્લો રાજા જયભટ છે, તેનું તામ્રપટ નવસારીથી મળ્યું છે, તેમાં ઇ. સ. ૭૩૪–૭૩૫ (ત્રૈકૂ. ૪૮૬) ની સાલ છે. આ ઉપરથી એમ જણાય છે કે ગુર્જ્જર અને ચાલુક્ય રાજા સાથે રાજ્ય કરતા હશે. કદાચ શરૂઆતમાં ગુર્જ્જર રાજાઓનો અમલ વલસાડ સુધી અથવા તો ઠેઠ કોકણ સુધી પહોચ્યો હશે; અને તેમાંના કોઇની પાસે પોતાના ભાઇ વિક્રમાદિત્યના વખતમાં જયસિંહવર્માએ દક્ષિણ ગુજરાત જીતી લીધું હશે તથા તે રાજાને ઉત્તર તરફ તાપી નદી સુધી પાછો હઠાવ્યો હશે; આ પ્રમાણે ગુર્જ્જર રાજાઓને ધીમે ધીમે પાછા હઠાવી છેવટ ભરૂચ સુધી તેમનો અમલ આણી મૂક્યો હશે. ગુર્જ્જર રાજાઓ કદાચ ચાલુક્યોની સામા થયા હશે, અને તેમના મિત્ર વલભિ રાજાઓની સહાયથી ભરૂચવાળો પ્રદેશ રાખી રહ્યા હશે, અગર છેવટે ચાલુક્યોનું અધિપતિપણું કબુલ કરી તેમને તાબે થયા હશે, તેથી ભરૂચવાળો પ્રદેશ તેમની પાસે રહેવા દીધો હશે. ગમે તેમ હશે તોપણ ભરૂચના ગુર્જ્જર રાજાઓને ભરૂચ આગળના પ્રદેશમાં આંતરી રાખી, ચાલુક્યો ઉત્તર તરફ આગળ વધતા ગયેલા જણાય છે, કારણ કે જયસિંહ-વર્માનો એક પુત્ર બુધવર્મા ખેડામાં રાજ્ય કરતો હતો. બુધવર્માના પુત્ર વિજયરાજનું એક તામ્રપટ ખેડામાંથી મળી આવ્યું છે, તેમાં તે વિજયપુરથી આપેલું હોવાનું લખ્યું છે. વિજયપુર એ પ્રાંતીજ પાસે આવેલું વિજાપુર છે એમ કેટલાકનું ધારવું છે. પરંતુ એ તામ્રપટ જંબુસરના બ્રાહ્મણોને દાન આપ્યા બદલનું છે, તે ઉપરથી એમ લાગે છે કે વિજયપુર એ ખેડાની ઉત્તર તરફ ઘણે છેટે આવેલું વિજાપુર નહીં હોય, પણ ખેડાની દક્ષિણમાં આવેલું બીજું કોઈ ગામ હશે.

ચાલુકયોનાં તામ્રપટ.

ગુજરાતના ચાલુક્ય રાજાઓનાં પાંચ તામ્રપટ મળી આવ્યાં છે: આશ્રય શીલાદિત્ય યુવરાજનું નવસારીથી મળેલું તામ્રપટ, ઇ. સ. ૬૬૯–૭૦ (ત્રૈકૂ. ૪૨૧); એજ શીલાદિત્યનું સુરતથી મળેલું તામ્રપટ, ઇ. સ. ૬૯૨–૯૨ (ત્રૈકૂ. ૪૪૩); વિનયાદિત્ય મંગલરાજનું વલસાડથી મળેલુ તામ્રપટ, ઇ. સ, ૭૩૧ (શક ૬૫૩); પુલકેશિ જનાશ્રયનું નવસારીથી મળેલું તામ્રપટ, ઇ. સ. ૭૩૮–૩૯ (ત્રૈકૂ. ૪૯૦); વિજયરાજનું ખેડાથી મળેલું તામ્રપટ, સંવત્સર ૩૯૪ અને નાગવર્ધન ત્રિભુવનાશયનું નિર્પણની મળેલું સાલ વગરનું તામ્રપટ.

આશ્રય શિલાદિત્ય, યુવરાજ, ઇ. સ. ૬૬૯–૬૯૧.

ઉપર જણાવેલાં તામ્રપટ પૈકી પહેલા ચારમાં જયસિંહવર્મા, એ ઉત્તરાધિપતિ હર્ષવર્ધનને જીતનાર પુલકેશિ સત્યાશ્રયના પુત્ર વિક્રમાદિત્ય સત્યાશ્રયનો નાનો ભાઇ હોવાનું લખ્યું છે. જયસિંહવર્માનો સૌથી મોટો પુત્ર ઇ. સ. ૬૬૯–૭૦ (ત્રૈકૂ. ૪૨૧)ની સાલનું નવસારીવાળું તામ્રપટ આપનાર આશ્રય શિલાદિત્ય છે. આ તામ્રપટમાં દાન આપેલું ગામ નવસારી "વિષય" માં હોવાનું જણાવ્યુ છે. આશ્રયનું બીજું તામ્રપટ ઈ. સ. ૬૯૧–૯૨ (ત્રૈકૂ. ૪૪૩) ની સાલનું છે. તેમાં "કાર્મનેય (કામરેજ) આહાર (પ્રગણું) ના ઓસંભલા (કોસંબા) ગામનું એક ખેતર દાન આપેલું છે. આ બંને તામ્રપટમાં શીલાદિત્ય યુવરાજ હોવાનું લખ્યું છે, તે પરથી એમ જણાય છે કે તેના બાપની સાથે (ઇ. સ. ૬૬૯–૬૯૧) તેણે રાજ્ય કર્યું હશે. વળી આ તામ્રપટોમાં દક્ષિણના ચાલુક્ય રાજાઓ વિષે ઘણી માન ભરેલી રીતે લખ્યું છે, તેથી એમ અનુમાન થઇ શકે કે ગુજરાતની ચાલુક્ય શાખા, દક્ષિણની ચાલુક્ય શાખાને પોતાના અધિપતિ તરીકે માનતી હશે. ખેડા અને વલસાડવાળાં તામ્રપટમાં રાજ્યકર્ત્તા તરીકે આશ્રય શીલાદિત્યનું નામ જણાવ્યું નથી, તે ઉપરથી એમ લાગે છે કે તેના પિતાની હયાતીમાં તે ગુજરી ગયો હશે.

મંગલરાજ, ઈ. સ. ૬૯૮–૭૩૧.

જયસિંહવર્મા પછી તેનો બીજો પુત્ર મંગલરાજ ગાદીએ બેઠો. તેનું તામ્રપટ (ઇ. સ. ૭૩૧–શક ૬૫૩) વલસાડથી મળ્યું છે તેમાં એક ખેતર મંગળપુરીથી દાન કરેલું હોવાનું લખ્યું છે. મંગળપુરી એ કદાચ

મૌર્ય રાજાઓની રાજધાની, કોકણમાં આવેલી, પૂરી, હશે. ઇ. સ. ૬૯૧-૯૨ (ત્રૈકૂ. ૪૪૩) માં મંગળરાજનો મોટો ભાઇ યુવરાજ હતો તેથી મંગળરાજ ત્યાર પછીથી એટલે આશરે ઇ. સ. ૬૯૮-૯૯ (ત્રૈકૂ. ૪૫૦) માં ગાદીએ બેઠો હશે. મંગળરાજનું તામ્રપટ ઇ. સ. ૭૩૧ ની સાલનું છે તેથી એમ ધારી શકાય કે તેના રાજ્યને છેલ્લે વર્ષે તે આપેલું હશે.

મંગળરાજ પછી તેનો નાનો ભાઇ પુલકેશિ જનાશ્રય ગાદીએ બેઠો.

પુલકેશિ જનાશ્રય, ઈ. સ. ૭૩૮.

તેના વખતમાં ખલિફ હશામના સિંધ હાકેમ જુનૈદે મરમાડ, મંડળ, દહ્લમજ, (કામલેજ ?) બારસ, ઉઝેન, માલિબ, બહરિમદ, (મેવાડ ?) અલમૈલૈમાન (ભિનમાલ ?) અને જુઝ ઉપર ચઢાઈ કરવા આરબોના ટોળાં મોકલ્યાં હતાં. ઉપર જણાવેલાં નામ પૈકી ઘણાની જોડણી અસલ આરબીમાં તથા ફારસી તરજુમામાં ખોટી લખેલી હોવાથી બરાબર સમજાતું નથી. કે તે ક્યાં હશે. પણ મરમાડ, મંડલ, બરૂસ, ઉઝેન, માલિબા, અને જુઝ એ અનુક્રમે મારવાડ, (વિરમગામ પાસેનું) મંડલ, ભરૂચ, ઉજ્જન, માળવા, અને ગુર્જર હશે એમ લાગે છે. એક આરબ ટોળીના પરાજયનું વર્ણન પુલકેશિના નવસારીવાળા લેખ (ઇ. સ. ૭૩૮-૩૯ ત્રૈકૂટ ૪૯૦) માં કર્યું છે. તેમાં જણાવ્યું છે કે આરબ લશ્કરે, સિંધુ (સિંધ), કચ્છેલ્લ, (કચ્છ), સૌરાષ્ટ્ર, ચાપોટક (ચાવડા), મૌર્ય (ચિતોડનાં) અને (ભીનમાલના) ગુર્જરનાં રાજ્યને હેરાન કર્યાં હતાં. આ વખતે પુલકેશિ નવસારીમાં રાજ્ય કરતો હતો. નવસારીમાં ચાલુક્ય રાજાઓએ ક્યાં સુધી રાજ કર્યું એ નક્કી નથી. પરંતુ ઇ. સ. ૭૫૭-૭૫૮ માં તે દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓની ગુજરાત શાખાના કબજામાં હતું તેથી એમ લાગે છે. આશરે ઈ. સ. ૭૫૦ ના અરસામાં નવસારીમાંથી ચાલુક્યોનું રાજ્ય ગયું હશે.

ખેડાના તામ્રપટમાં જયસિંહ, બુદ્ધવર્મા અને વિજયસિંહ એ પ્રમાણે

વિજયરાજ, ઇ. સ. ૭૧૩.

રાજાઓનો ક્રમ બતાવ્યો છે. તેનીપર ૩૯૪ ની સાલ છે અને તે વિજયપુરથી આપેલું છે. આ

વિજયપુર, પ્રાંતીજ પાસે આવેલું વિજાપુર હશે એમ કર્નલ વેસ્ટ ધારે છે, પણ એટલા સુધી ચાલુક્યોની હદ પહોંચી હોય એમ માનવાને કંઇ આધાર નથી. ખેડાના તામ્રપટમાં ૩૯૪ ની સાલ છે તે ત્રૈકૂટક સંવત્સરની હોય તો વિજયરાજનો વખત ઇ. સ. ૬૪૨ માં આવે, પરંતુ તેના દાદા જયસિંહવર્માનો ભાઈ વિક્રમાદિત્ય ઇ. સ. ૬૭૦માં થયેલો છે તેથી વિજયસિંહ ઇ. સ. ૬૪૨ માં થયો હોય એ સંભવિત નથી. દાક્તર ભંડારકરનું ધારવું એવું છે કે આ તામ્રપટ બનાવટી છે, પરંતુ દાક્તર ભગવાનલાલનો અભિપ્રાય એવો છે કે એ બનાવટી નહીં હોય; કારણ કે તેમાં દાન કરેલાં ખેતર વગેરેની હકીકત વિગતવાર લખેલી છે, અને તેના લખાણની ઢબ, અક્ષર, વગેરે બીજાં ચાલુક્ય તામ્રપટોને મળતાં છે. જયસિંહે કદાચ ઉત્તર ગુજરાતનો ભાગ જીતી લીધો હોય અને તેની ઉપર રાજ્ય કરવા પોતાના પુત્ર બુદ્ધવર્માને મોકલ્યો હોય. વળી ઉત્તર તરફ ગુપ્ત સંવત્ ચાલતો હોવાનો સંભવ છે, માટે ૩૯૪ ની સાલ ગુપ્ત સંવત્‌માં હશે એમ માનીએ તો વિજયરાજનો વખત (૩૯૫+૩૧૯=) ઇ. સ. ૭૧૩ માં આવે છે, એટલે સાલના સંબંધમાં પણ કંઇ વાંધો રહેતો નથી.

નાગવર્ધન.

જયસિંહને નાગવર્ધન નામનો એક પુત્ર હતો, તે નાશિકની પશ્ચિમે રાજ્ય કરતો હતો; અને વલસાડ તથા પારડી સાથે સંબંધ ધરાવતો હતો એમ તેનું એક તામ્રપટ મળી આવ્યું છે, તે ઉપરથી ધારવામાં આવે છે. પરંતુ આ તામ્રપટમાં કંઇ સાલ આપેલી નથી, અને રાજાઓની વંશાવળી આપેલી છે તેમાં ભૂલો છે, તેથી કેટલાક વિદ્વાન તે બનાવટી હોવાનું માને છે. પરંતુ તેના લખાણની એકંદર ઢબ અને તેમાં વાપરેલાં રાજાઓનાં વિરૂદ વગેરેપરથી કેટલાક તેને ખરૂં માને છે. આ તામ્રપટ ખરૂં હશે કે ખોટું તોપણ ગુજરાતના ઇતિહાસ પર તેથી કંઇ ઝાઝું અજવાળું પડતું નથી.

એવું ધારવામાં આવે છે કે આશરે ઇ. સ. ૭૪૦ ના અરસામાં ચાલુક્યોનો અમલ પૂરો થઇ તેમને બદલે રાષ્ટ્રકૂટોનો અમલ શરૂ થયો હતો.

ચાલુક્ય રાજાઓનું ઝાડ નીચે પ્રમાણે છેઃ—

- **પુલકેશિ વલ્લભ સત્યાશ્રય.** હર્ષવર્ધનને જીતનાર (ઇ. સ. ૬૧૯–૬૪૦).
  - દક્ષિણમાં રાજ્ય કરતી મુખ્ય શાખા.
    - **વિક્રમાદિત્ય સત્યાશ્રય.** (ઇ. સ. ૬૬૯–૬૮૦).
      - **વિનયાદિત્ય.**
  - ગુજરાતમાં રાજ્ય કરતી શાખા.
    - **જયસિંહવર્મા ધારાશ્રય.** (ઇ. સ. ૬૬૯–૬૯૧).
      - (નવસારી) **શીલાદિત્ય શ્ર્યાશ્રય.** યુવરાજ (ઇ. સ. ૬૬૯–૬૯૧
      - (નવસારી) **મંગળરાજ.** (ઇ. સ. ૭૩૧).
      - (ખેડા) **બુદ્ધવર્મા.**
        - **વિજયરાજ** (ગુપ્ત ૩૯૪ ઇ. સ. ૭૧૩).
      - (નાસિક) **નાગવર્ધન.**
      - નવસારી)
        - **પુલકેશી. જનાશ્રય.** (ઇ. સ. ૭૩૮–૩૯).

પ્રકરણ ૧૦ મું.

ગુર્જ્જર રાજાઓનો અમલ.

(ઈ. સ. ૫૮૦–૮૦૮)

ગુર્જ્જર રાજાઓ, ઈ. સ. ૫૮૦–૮૦૮.

વલભિ અને ચાલુક્ય વંશના સમયમાં ભરૂચમાં અને તેની પાસેના પ્રદેશમાં ગુર્જ્જર રાજાઓનું એક નાનું રાજ્ય હતું. ગુર્જ્જર લોકો એ એક પરદેશી જાત હતી અને ઉત્તર હિંદુસ્તાનમાંથી ગુજરાતમાં આવી હતી એમ આગળ કહેવામાં આવ્યું છે. ભરૂચના ગુર્જ્જર રાજાઓ વિષે માહિતી મળવાનાં સાધન તેમના વખતમાં નવ તામ્રપટ દક્ષિણ ગુજરાતમાંથી મળી આવ્યાં છે તેજ છે. આ પૈકી ત્રણ તામ્રપટ બનાવટી છે. બાકીનાં ૭ ખરાં તામ્રપટ છે, તે ઉપરથી જણાય છે કે ભરૂચના ગુર્જ્જર રાજાઓનો કાયમનો પ્રદેશ મહી અને તાપી નદીની વચ્ચે હતો; તોપણ કોઈ કોઈવાર ઉત્તરે ખેડાસુધીનો પ્રદેશ અને દક્ષિણે તાપીની દક્ષિણ તરફનો પ્રદેશ તેમના અમલ નીચે આવેલો જણાય છે. ગુર્જ્જર રાજાઓની રાજધાની નાન્દીપુરી હતી. આ નાન્દીપુરી, હાલનું નાંદોદ છે એમ કેટલાક વિદ્વાનોનું ધારવું છે, પરંતુ દાક્તર બ્યુલરનો મત એવો છે કે ભરૂચના પૂર્વ દરવાજાથી બે માઇલ છેટે એ નામનો જૂનો કિલ્લો હતો તે નાન્દીપુરી હોવું જોઇએ.

ગુર્જ્જરોનાં તામ્રપટ.

દક્ષિણ ગુજરાતમાં ગુર્જ્જર રાજાઓનો પ્રદેશ મોટો હતો, તોપણ તેઓ સ્વતંત્ર રાજા હોય એમ તેમનાં તામ્રપટઉપરથી જણાતું નથી. તેમનું સાધારણ વિરૂદ "સમધિગત પંચ મહાશબ્દ" અથવા "સામંત" જણાય છે. ત્રીજો જયભટ જોકે બીજા ગુર્જ્જર રાજાઓ કરતાં વધારે પરાક્રમી હતો, તોપણ તેણે "સામંતાધિપતિ" એવું વિરૂદ્ધ ધારણ કર્યું છે. એટલે તેને માથે પણ કોઇ સ્વામી હશે એમ લાગે છે. કયા રાજા ભરૂચના ગુર્જ્જર રાજાઓના

અધિપતિ હશે એ ચોક્કસ જણાતું નથી. છેવટના સમયમાં તેઓએ ચાલુક્ય રાજાઓનું ઉપરીપણું કબુલ કર્યું હશે, પણ શરૂઆતના વખતમાં તેઓ વલભિના ખંડીઆ રાજા હશે એમ લાગે છે. વલ્લભિ રાજાઓ સાથે ગુર્જ્જર તરીકેનો તેમનો સંબંધ હોવો જોઇએ, તે ઉપરાંત એક તામ્રલેખથી પણ જણાય છે કે એક વલ્લભિ રાજાએ ઇ. સ. ૬૪૯. (વલ્લભિ ૩૩૦) માં ભરૂચ મુકામ કર્યો હતો અને બીજા દદ્દ રાજાએ તેનો આદરસત્કાર કર્યો હતો. ગુર્જ્જર રાજાઓનાં તામ્રપટ તથા તે ઉપરનો શિક્કો ગુજરાતના ચાલુક્ય રાજાઓનાં તામ્રપટ તથા શિક્કાને ઘણાં મળતાં આવે છે, પરંતુ નીચે રાજાની સહી કરવાની રીત, ઉત્તર હિંદુસ્તાનની ઢબ પ્રમાણે છે. શ્રી હર્ષચરિત્ અને કાદંબરીના કર્ત્તા બાણે પોતાના ગ્રંથોમાં જેવું સંસ્કૃત ગદ્ય વાપર્યું છે તેવું ગુર્જ્જર રાજાઓનાં તામ્રપટમાં વાપરેલું જણાય છે. તે ઉપરથી એમ લાગે છે કે આ સમયમાં બાણના જેવી ભાષા વાપરવાનો બધે પરિપાક હશે.

તામ્રલેખો ઉપરથી ગુર્જ્જર રાજાઓનું ઝાડ નિચે પ્રમાણે જણાય છે.

ગુર્જ્જર રાજાઓનું ઝાડ

દદ્દ ૧ લો.	ઇ. સ. ૫૮૦
જયભટ ૧ લો.	ઇ. સ. ૬૦૫
દદ્દ બીજો	ઈ. સ. ૬૩૩
જયભટ બીજો.	ઇ. સ. ૬૫૫
દદ્દ ત્રીજો.	ઇ. સ. ૬૮૦
જયભટ ત્રીજો.	ઇ. સ. ૭૦૬–૭૩૪

નર્મદાની નીચલી ખીણમાં વસનારી જંગલી જાતના રાણા કે સરદાર નિરીહુલ્લકે આપેલા દાનનો એક તામ્રલેખ હાલમાં મળી આવ્યો છે, તે ઉપરથી એમ જણાય છે કે છઠ્ઠી સદીની આખરે એ ભાગમા ભીલ વગેરે જંગલી જાતો રહેતી હતી અને તેમનો સરદાર ચેદિ અથવા કલચુરી રાજા-

ઓનો ખંડીઓ હતો; દક્ષિણ ગુજરાતમાં ત્રૈકૂટક અથવા ચેદિ સંવત્સર, દાખલ થયો હતો, તેનું કારણ કદાચ આજ હશે એમ પાંચમાં પ્રકરણમાં કહેવામાં આવ્યું છે. નિરિહુલ્લકે શંકરણ નામના રાજા માટે પોતાના તામ્રપટમાં ઘણા માનના શબ્દો વાપર્યા છે. ડાક્તર બ્યુલરનું ધારવું એવું છે કે આ શંકરણ, ઈ. સ. ૬૦૦ ના અરસામાં ચાલુક્ય રાજા મંગલિસે હરાવેલા કલચુરિ રાજા બુદ્ધવર્માનો બાપ શંકરગણ હોવો જોઇએ. શંકરગણ પોતે ઇ. સ. ૫૮૦ ના અરસામાં થયો હશે એમ માનીએ તો ગુર્જ્જર લોકોએ દક્ષિણ ગુજરાતનો પ્રદેશ ઇ. સ. ૫૮૦ પછી જીતી લીધેલો હોવો જોઇએ. એક તામ્રપટનો તુકડો હાલમાં મળી આવેલો છે તેનીપર રાજાનું નામ નથી. માત્ર ત્રૈકૂટક સંવત્ ૩૪૬ (=ઇ. સ. ૫૯૪–૯૫) ની સાલ છે. પરંતુ તેના લખાણની ઢબ તથા સાલ ઉપરથી એમ માનવામાં આવે છે કે એ તામ્રપટ કોઇ ગુર્જ્જર રાજાનું હોવું જોઇએ; આપરથી એમ ધારી શકાય છે કે ગુર્જ્જરોનો અમલ, શંકરણ અથવા શંકરગણનું રાજ્ય થયા પછી થોડા વખતમાં સ્થાપન થયેલો હોવો જોઈએ.

ગુર્જ્જર લોકોની જીત ઇ. સ. ૫૮૦ અને ૫૯૪ ની વચમાં એટલે આશરે ઇ. સ. ૫૮૭ ના અરસામાં થઇ હશે એમ ઉપરની હકીકત ઉપરથી માની શકાય છે. વળી એમ માનવાને બીજો પણ આધાર છે. વલભિનો રાજા પહેલો ધરસેન તેના ગુપ્ત સંવત્ ૨૫૨ (ઇ. સ. ૫૭૧)ની સાલના તામ્રપટમાં પોતાનું વિરૂદ 'મહારાજ' લખે છે, પરંતુ સંવત્ ૨૬૯ અને ૨૭૦ (ઇ. સ. ૫૮૮ અને ૫૮૯) ની સાલનાં તામ્રપટમાં "મહા સામંત" લખે છે. તેના વિરૂદમાં આ પ્રમાણે ફેરફાર થયેલો હોવાથી એમ ધારી શકાય છે કે ઇ. સ. ૫૭૧ અને ઈ. સ. ૫૮૮ ની વચમાં કોઈ બીજા રાજાએ તેની ઉપર પોતાની હકુમત બેસાડી હશે. આ રાજાઓ ભીન્માલના ગુર્જ્જર રાજાઓ હશે એવો સંભવ છે, તે ઉપરથી એમ માની શકાય છે કે તેમની જીત ઇ. સ. ૫૮૦ અને ૫૮૮ ની વચમાં એટલે ઇ. સ. ૫૮૫ ના અરસામાં થઇ હશે.

દદ્દ ૧ લો, આશરે ૫૮૫-૬૦૫

ઉપર જણાવેલો ત્રૈ. સંવત્ ૩૪૬ (ઇ. સ. ૫૯૪-૯૫) ની સાલના તામ્રલેખનો કકડો પહેલા દદ્દ રાજાનો હશે એમ લાગે છે, કારણ કે તેના પૌત્ર બીજા દદ્દના (ઇ. સ. ૬૨૦-૬૫૦) ખેડાના તામ્રલેખ ઉપરથી જણાય છે કે તેણે નાગ લોકોનું જડમૂળ કાઢી નાખ્યું હતું. આ નાગ લોકો, નિરિહુલ્લકની સરદારી નીચેની જંગલી જાત કે જેના વંશજો, નાયકડા અને તળબદા પંચમહાલમાં અને રાજપીંપળામાં હજીસુધી દેખાય છે તે હોવા જોઇએ. દદ્દના રાજ્યની ઉત્તર સીમા વિંધ્યા સુધી હોવાનું જણાય છે, કારણ કે ત્રૈ. ૩૮૦ ની સાલના (ઈ. સ. ૬૨૮-૨૯) તામ્રલેખમાં લખ્યું છે કે વિંધ્યાની તળેટીની જમીન તેણે વિહાર કરવા રાખી હતી. તોપણ ઉત્તર ગુજરાતનો કેટલોક ભાગ વલભિના મહાસામંત ધરસેનના તાબામાં હશે એમ લાગે છે, કારણ કે વલભિ સંવત્ ૨૭૦ (ઈ. સ. ૫૮૯-૯૦)ના એક તામ્રલેખથી ખેતક (ખેડા) બિહારનું એક ગામ તેણે દાનમાં આપ્યું હતું. દદ્દનું વિરૂદ 'સામંત' હતું તે ઉપરથી એમ લાગે છે કે તેના વખાતમાં તેનો પ્રદેશ ભીન્માલના ગુર્જર રાજ્યના અધિપતિપણા નીચે હશે. પછીથી ઉત્તર ગુજરાત માળવાના રાજાના તાબામાં ગયું અને હ્યુએનત્સાંગ (આશરે ઇ. સ. ૬૪૦) ના વખતમાં માળવાના રાજાને તાબે હતું. દદ્દના પૌત્રના બે તામ્રલેખ ખેડેથી મળેલા છે તેમાં તેને સૂર્યનો પૂજનાર જણાવ્યો છે. ત્રૈ. સંવત્ ૩૪૬ (ઈ. સ. ૫૯૪-૯૫) ની સાલના તામ્રલેખના કકડાઉપરથી દદ્દ વિષે કંઇ ઐતિહાસિક માહિતી મળતી નથી.

જયભટ વિતરાગ, આશરે ઇ. સ. ૬૦૫-૬૨૦

દદ્દ પછી તેનો પુત્ર જયભટ ગાદીએ બેઠો. એ રાજા ઘણો સદ્ગુણી અને વિજયી હતો, એમ ખેડાના તામ્રપટ ઉપરથી જણાય છે. વળી તેને 'વિતરાગ' વિરૂદ આપેલું છે તે ઉપરથી એમ લાગે છે કે તે ઘણો ધાર્મિક હશે.

પહેલા જયભટ પછી તેનો પુત્ર બીજો દદ્દ ગાદીએ બેઠો. તામ્રલેખોમાં તેને "પ્રશાંતરાગ" એવું વિરૂદ આપેલું છે. ખેડાથી મળેલાં ૩૮૦ (ઇ. સ. ૬૨૮–૨૯) અને ૩૮૫ (ઈ. સ. ૬૩૩–૩૪) ની સાલનાં તામ્રપટોનું દાન કરનાર આ રાજા હતો. તેના ભાઇ રણગ્રહે સંવત્ ૩૯૧ (ઇ. સ. ૬૩૯–૪૦) માં કરેલા દાનનું તામ્રપટ પણ થોડા વખતપર મળી આવ્યું હતું. તેના નામનાં ત્રણ બનાવટી તામ્રપટ તેમાં શક ૪૦૦ (ઇ. સ. ૪૭૮), શક ૪૧૫ (ઇ. સ. ૪૯૩) અને શક ૪૧૭ (ઇ. સ. ૪૯૪) ની સાલો છે. જંબુસરના બ્રાહ્મણોને અંકલેશ્વર વિષય (પ્રગણા) માં આવેલું શિરીસપદ્રક (સિસોદરા) ગામ દાનમાં આપ્યાનું બીજા દદ્દનાં ખેડાવાળાં ખરાં તામ્રપટ ઉપરથી નીકળે છે.

દદ્દ ૨ જો પ્રશાંતરાગ, આશરે ઈ. સ. ૬૦૫–૬૨૦

દદ્દને "સમાધિગત પંચ મહાશબ્દ" નું વિશેષણ લગાડી તેનાં તામ્રપટમાં તેનાં ઘણાં વખાણ કર્યાં છે. દદ્દ અને તેનો ભાઇ રણગ્રહ સૂર્યના ચૂસ્ત ઉપાસક હતા. ત્રૈ. સંવત્ ૪૫૬ (ઈ. સ. ૭૦૪–૫) ના તામ્રલેખમાં લખ્યું છે કે મહારાજા હર્ષવર્ધને વલભિના રાજાને હરાવ્યો ત્યારે તેનું રક્ષણ દદ્દે કર્યું હતું. આપરથી એમ જણાય છે કે કનોજનો હર્ષવર્ધન (ઇ. સ. ૬૦૭–૬૪૮) ગુજરાત ઉપર ચઢી આવ્યો હશે. જે ચઢાઇમાં બીજા પુલકેશિએ ઇ. સ. ૬૩૪ પહેલાં નર્મદા ઉપર હર્ષવર્ધનને હરાવ્યો તેજ ચઢાઇ કદાચ આ હશે. આ ચઢાઈ ઘણું કરી વલભિના ચોથા ધરસેનના વખતમાં થઇ હશે, કારણ કે ધ્રુવસેન તો હર્ષવર્ધનના પુત્રનો જમાઇ થતો હતો, એટલે તેના વખતમાં ચઢાઇ થાય એ સંભવિત નથી. બીજી કોઇ રાણીને પેટ ધ્રુવસેનને ધરસેન ૪ થો થયો હશે એમ માનીએ તો તેના વખતમાં હર્ષવર્ધનની ચઢાઇ થાય એ અસંભવિત લાગતું નથી.

હુએનત્સાંગે ભરૂચના રાજ્યનું જે વખતનું વર્ણન કરેલું છે તે વખતે બીજો દદ્દ રાજા હતો. તે જણાવે છે કે "તેમનો બધો નફો તેઓ દરિયામાંથી મેળવે છે."

ભરૂચ.

ભરૂચની આસપાસનો પ્રદેશ ખારી જમીનવાળો અને ઉજ્જડ હોવાનું પણ તે જણાવે છે. ભરૂચ આ વખતે મોટું બંદર હોવાથી તે મેળવવાને પાડોશના બધા રજા ઉત્કંઠા રાખતા હતા. તેની પાસે આવેલા લાટ દેશના પ્રદેશ સાથે ભરૂચ બીજા પુલકેશિએ (ઈ. સ. ૬૧૦–૬૪૦) લઇ લીધું હતું. ત્યાર પછી હ્યુએનત્સાંગના વખતમાં (ઇ. સ. ૬૪૦) તે માળવાના રાજાના તાબામાં આવ્યું હશે, કારણ કે ખેડા અને વડનગર (આનંદપુર) તેના તાબામાં હતાં; ત્યાર પછી તે વલભિ રાજાઓને તાબે આવ્યું હશે. કારણ કે ચોથા ધરસેને વલભિ સંવત્ ૩૩૦ (ઇ. સ. ૬૪૯–૫૦) માં ભરૂચથી દાન આપેલું છે.

બીજા દદ્દ પછીના ગુર્જ્જર રાજાઓ વિષે માહિતી મળવાનાં સાધન માત્ર ત્રીજા જયભટનાં બે તામ્રપટ છે. આમાંના એક ઉપર ત્રૈકૂટક સંવત ૪૫૬ (ઈ. સ. ૭૦૪–૫) અને બીજા ઉપર ત્રૈકૂટક સંવત ૪૮૬ (ઈ. સ. ૭૩૪–૩૫) ની સાલો છે. પહેલા તામ્રપટ ઉપરથી જણાય છે કે બીજા દદ્દના રાજ્ય પછીનાં પચાસ વર્ષમાં ગુર્જ્જરોએ પોતાનું અસલ નામ છોડી દઇ ભારતની લઢાઈના વીર પુરૂષ કરણના વંશના ક્ષત્રિય હોવાનું ડોળ ઘાલ્યું છે; વળી એમ પણ જણાય છે કે ત્રીજા દદ્દ પછી સૂર્યને બદલે શિવની પૂજા તેઓ કરતા હતા.

બીજા દદ્દ પછી તેનો પુત્ર બીજો જયભટ ગાદીએ બેઠો. તે શૂરવીર હતો એટલુંજ તેના વિષે જણાવ્યું છે.

બીજો જયભટ આશરે ઇ. સ. ૬૫૦–૬૭૫.

બીજો જયભટનો પુત્ર ત્રીજો દદ્દ "બાહુસહાય" કહેવાતો. તેણે પૂર્વ અને પશ્ચિમ (કદાચ માળવા અને વલભિ)ના રાજાઓ સાથે લઢાઇઓ કરી હતી એમ તેના તામ્રપટમાં લખ્યું છે. તેના કુટુંબમાં શૈવ ધર્મ પહેલો વહેલો તેણે પાળ્યો. તેણે માનવધર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો, તેથી તે વર્ણાશ્રમના ધર્મ બરોબર રીતે પળાવતો હતો. ગુર્જ્જર લોકોએ પોતાની ઉત્પત્તિ કરણથી થયેલી હોવાનું અને ક્ષત્રિય હોવાનું ડોળ ઘાલ્યું છે તે કદાચ

ત્રીજો દદ્દ, આશરે ઈ. સ. ૬૭૫–૭૦૦.

પહેલવહેલું આ રાજાના વખતમાં થયું હશે. તેના પૂર્વજોની પેઠે ત્રીજો દદ્દ પણ કોઇનો ખંડિયો રાજા હતો, પણ તેનો સ્વામિ કોણ હતો એ જણાતું નથી. કદાચ ચાલુક્ય રાજા જયસિંહ, જેને તેના ભાઇ વિક્રમાદિત્યે (આશરે ૬૬૯–૬૮૦) લાટ દેશ આપ્યો હતો તે તેનો સ્વામિ થયો હશે.

ત્રીજો દદ્દ પછી ગાદીએ બેસનાર તેનો પુત્ર ત્રીજો જયભટ હતો.

ત્રીજો જયભટ, આશરે ઇ. સ. ૭૦૪–૭૩૫.

આ રાજાનાં બે તામ્રપટ મળ્યાં છે. એક ત્રૈ. સંવત ૪૫૬ (ઇ. સ. ૭૦૪–૫)નું અને બીજું ત્રૈ. સંવત ૪૮૬ (ઇ. સ. ૭૩૪–૩૫)નું. એમ ધારવામાં આવે છે કે પહેલું તામ્રપટ તેના રાજ્યની શરૂઆતના વખતનું હશે અને બીજું તેના રાજ્યની આખરના વખતનું હશે. આ રાજા પણ ચાલુક્યોનો ખંડિયો હશે એમ લાગે છે. તેના તામ્રલેખમાં તેનાં મોઘમ રીતે વખાણ કર્યાં છે. ઐતિહાસિક અગત્યની એકજ વાત ત્રૈ. સંવત ૪૮૬ (ઇ. સ. ૭૩૪–૩૫) ના તામ્રલેખ ઉપરથી જણાય છે. એ તામ્રલેખમાં વલભિ રાજાની હાર થયાની વાત લખી છે, એ વલભિ રાજા ઘણું કરી ચોથો શીલાદિત્ય (ઇ. સ. ૬૯૧) અથવા પાંચમો શીલાદિત્ય (ઇ. સ. ૭૨૨) હશે. પુલકેશિ જનાશ્રયે આરબોના જે ટોળાને હરાવ્યું હતું તે ટોળું ત્રીજા જયભટના વખતમાં આવ્યું હતું. પુલકેશિના તામ્રલેખમાં જણાવેલાં રાજ્યોની પેઠે ભરૂચવાળા જયભટના રાજ્યને પણ પીડા થઇ હશે. પણ એ રાજ્યનું નામ ખાસ કરીને પુલકેશિના તામ્રલેખમાં જણાવ્યું નથી તેનું કારણ કદાચ એ હશે કે તે પુલકેશિના રાજ્યનોજ એક ભાગ ગણાતું હશે.

ઇ. સ. ૭૩૪–૩૫ પછી ભરૂચના ગુર્જ્જરો વિષે કંઇ માહિતી નથી. એમના રાજ્યનો નાશ આરબ લોકોને હાથે થયો કે ગુજરાતના રાષ્ટ્રકૂટોને હાથે થયો એ જણાયુ નથી. રાષ્ટ્રકૂટ રાજાઓના વખતમાં જે ગુર્જ્જરો વિષે માહિતી મળે છે તે ભીન્માલના ગુર્જ્જર હોવા જોઇએ, ભરૂચના ગુર્જ્જર નહીં હોવા જોઇએ, કારણ કે ત્રીજા દદ્દના વખતથી ભરૂચના ગુર્જ્જરોએ ગુર્જ્જર નામ જ છોડી દીધું હતું.

પ્રકરણ ૧૧ મું.

રાષ્ટ્રકૂટ રાજાઓ.

(ઇ. સ. ૭૪૩–૯૭૪).

રાષ્ટ્રકૂટ રાજાઓ ઇ. સ. ૭૪૩–૯૭૪.

ગુજરાત સાથે રાષ્ટ્રકૂટ રાજાઓનો સંબંધ શક ૬૬૫ થી શક ૮૯૬ સુધી (ઈ. સ. ૭૪૩–૯૭૪) એટલે ૨૩૧ વર્ષ સુધી ચાલ્યો. આ સમયના ત્રણ વિભાગ પડી શકે છે. પહેલો વિભાગ શક ૬૬૫ થી ૭૩૦ (ઇ. સ. ૭૪૩–૮૦૮) સુધી પાંસઠ વર્ષ ચાલ્યો અને તેમાં ગુજરાતનો રાષ્ટ્રકૂટ રાજા દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજાના તાબામાં ગણાતો. બીજો વિભાગ શક ૭૩૦ થી શક ૮૧૦ (ઇ. સ. ૮૦૮–૮૮૮) સુધી એટલે એંશી વર્ષ ચાલ્યો, તેમાં ગુજરાતનો રાષ્ટ્રકૂટ રાજા સ્વતંત્ર ગણાતો; અને ત્રીજો વિભાગ શક ૮૧૦ થી ૮૯૬ (ઇ. સ. ૮૮૮–૯૭૪) સુધી ૮૬ વર્ષ ચાલ્યો તેમાં દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજા ફરીથી ગુજરાત ઉપર પોતાની સત્તા ચલાવવા લાગ્યા.

રાષ્ટ્રકૂટ રાજાઓની ઉત્પત્તિ વિષે પૂરતી માહિતી મળી નથી. એટલી વાત જણાઇ છે કે ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા દખ્ખણમાંથી ઇ. સ. ૭૪૩ (શક ૬૬૫) માં આવ્યા હતા. દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજાઓની ઉત્પત્તિ શી રીતે થઇ, તેઓ ક્યાંથી આવ્યા અને તેમણે શી રીતે સત્તા મેળવી એ જણાતું નથી.

કનોજ અને મારવાડમાં રાઠોડ અને કર્ણાટકમાં રટ્ટ એ નામની જાતો પાંચમાં સૈકડાના મધ્ય ભાગમાં થયેલી હોવાનું જણાય છે; અને એ બન્નેના સરદારોનું સંસ્કૃત નામ રાષ્ટ્રકૂટ છે. રાષ્ટ્રકૂટ એ શબ્દ રાષ્ટ્ર (રાજ્ય) અને કૂટ (શીરોમણી) એ શબ્દો મળીને થયો છે, તેથી એમ લાગે છે કે રાઠોડ અને રટ્ટ એ બંને નામ રાષ્ટ્રકૂટ ઉપરથી થયાં હશે. ઉત્તરના રાષ્ટ્રકૂટો (રાઠોડ) ભાટ લોકોની દંતકથા પ્રમાણે સૂર્યવંશી રજપૂત છે. અને શ્રી

રામચંદ્રજીના વંશના કહેવાય છે; દક્ષિણના રાષ્ટ્રકૂટો (રટ્ટો) ચંદ્રવંશી અને યદુના વંશમાં ઉત્પન્ન થયેલા હોવાનું જણાય છે; પરંતુ બંનેએ પોતાની ઉન્નતિ થયા પછી આવી ઉત્પત્તિનો દાવો કરેલો છે.

પ્રાચીન રાષ્ટ્રકૂટ રાજાઓ, ઈ. સ. ૪૫૦–૫૦૦.

રાષ્ટ્રકૂટ રાજાઓનો ઉદય શી રીતે થયો, એ જાણવાને કંઇ સાધન નથી. રાષ્ટ્રકૂટ રાજાઓનું જૂનામાં જૂનું તામ્રપટ મળ્યું છે તે અભિમન્યુ રાજાનું છે. તેની ઉપર સાલ નથી, તોપણ તેના અક્ષર, લખાણની છબ અને સિંહની આકૃતિવાળા શિક્કાપરથી એમ લાગે છે કે રાષ્ટ્રકૂટ રાજાઓએ યદુના વંશમાંથી પોતાની ઊત્પત્તિ થયેલી હોવાનું જણાવવા પોતાના શિક્કામાં ગરૂડની આકૃતિ દાખલ કરી તે પહેલાનું આ તામ્રપટ હોવું જોઇએ. આ તામ્રપટ આશરે ઈ. સ. ૪૫૦ ના અરસાનું હશે એમ ધારવામાં આવે છે. તેમાં અભિમન્યુની બે પેઢી નીચે પ્રમાણે જણાવી છે.

માનાંક.
|
દેવરાજ.
|
ભવિષ્ય.
|
અભિમન્યુ.

આ તામ્રપટ માનપુરથી કરી આપ્યું છે. એ માનપુર માનાંકના નામ ઉપરથી વસાવ્યું હશે અને સોલાપુરથી સાઠ માઇલ છેટે માન્ય ખેટ (માલ ખેડ) નામનું નગર રાષ્ટ્રકૂટોની રાજધાની હતું તેનું જૂનું નામ હશે. આ ઉપરથી એમ ધારી શકાય છે કે ઉપર જણાવેલો માનાંક તથા તેના પછીના રાજાઓ ઇ. સ. ૫૦૦ ની પહેલાંના રાષ્ટ્રકૂટ રાજાઓ હોવા જોઇએ.

મુખ્ય વંશ.
ઈ. સ. ૬૩૦–૯૭૨

ત્યાર પછીના રાષ્ટ્રકૂટ રાજાઓ વિષે માહિતી મળવાનું સાધન ચાલુક્ય રાજાઓનું એક તામ્રપટ છે. આ તામ્રપટ અગીઆરમા સેંકડાનું છે તેથી તેમાં આપેલી માહિતી ઘણી ભરોસાદાર ગણી શકાય નહીં. એ તામ્રપટમાં લખ્યું છે કે ચાલુક્ય રાજા પહેલાં જયસિંહે આઠસો હાથીના ધણી રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણના પુત્ર ઇંદ્રને હરાવ્યો. આ લડાઇ આશરે ઇ. સ. ૫૦૦ માં થયેલી હોવી જોઇએ, માટે જો એ તામ્રપટમાં લખેલી હકીકત ખરી હોય તો ઇ. સ. ૫૦૦ ના અરસામાં રાષ્ટ્રકૂટ રાજાઓનું રાજ્ય સારી પેઠે જામેલું હોવું જોઇએ. રાષ્ટ્રકૂટ રાજાઓનાં તામ્રપટમાં તેમના વંશની શરૂઆત ઇ. સ. ૬૮૦ ના અરસામાં ગોવિંદ નામના રાજાથી કરેલી જણાય છે. પરંતુ એ ગોવિંદ રાજા રાષ્ટ્રકૂટ વંશ સ્થાપન કરનાર નહોતો એમ દંતિદુર્ગ નામના રાજાએ આશરે ઈ. સ. ૭૫૦ માં કોતરાવેલા લેખમાં આપેલી વંશાવળી ઉપરથી દેખાય છે. ગોવિંદના પહેલાં દંતિવર્મા અને ઇંદ્ર એવા બે રાજાનાં નામ એ લેખમાં આપેલાં છે. એટલા માટે રાષ્ટ્રકૂટ વંશ ક્યારે સ્થાપન થયો હશે એ સંશય ભરેલું રહેછે. તોપણ રાષ્ટ્રકૂટ વંશના પરાભવ વિષે કંઈ શક રહેતો નથી. પશ્ચિમ ચાલુક્ય વંશના તૈલપ રાજાએ રાષ્ટ્રકૂટ રાજા ત્રીજા કક્ક અથવા કક્કલના વખતમાં શક ૮૯૪ (ઇ. સ. ૯૭૨) માં રાષ્ટ્રકૂટ રાજાનો પરાભવ કર્યો હતો. રાષ્ટ્રકૂટ રાજાઓની વંશાવળી નીચે પ્રમાણે છે:—

૧. દંતિવર્મા.
(આસરે ઇ. સ. ૩૬૦)
|
૨. ઇંદ્ર ૧ લો.
(આશરે ઇ. સ. ૬૫૫).
|
૩ ગોવિંદ ૧ લો.
આશરે ઇ. સ. ૬૮૦).
|

૪ કક્ક અથવા કર્ક પહેલો.
(આશરે ઇ. સ. ૭૦૫).

- ૫. ઇંદ્ર બીજો.
  (આશરે ઇ. સ. ૭૩૦).
  - ૬. દંતિદુર્ગ.
    અથવા દંતિવર્મા,
    (શક ૬૭૫ ઈ. સ. ૭૫૩).
- ધ્રુવ.
  - ગોવિંદ.
    - કક્કા બીજો.
      (શક ૬૬૯; ઇ. સ. ૭૪૭)
- કૃષ્ણ.
  (આશરે ઇ. સ. ૭૬૫)
  - ૮. ગોવિંદ બીજો.
    (આશરે ઇ. સ. ૭૮૦).
  - ૯ ધ્રુવ અથવા ધારાવર્ષ;
    નિરૂપમ, ઘોર,
    (આશરે ઈ. સ. ૭૯૫).
    - ૧૦ ગોવિંદ ત્રીજો, પ્રભૂતવર્ષ
      વલ્લભનરેંદ્ર, જગતુંગ,
      પૃથિવીવલ્લભ
      શક ૭૨૫, ૭૨૮, ૭૨૯.
      (ઇ. સ. ૮૦૩, ૮૦૬, ૮૦૭)
      - ૧૧. અમોઘ વર્ષ
        સર્વ, દુર્લભ શ્રીવલ્લભ.
        લક્ષ્મી વલ્લભ,
        વલ્લભ સ્કંદ.
    - ૧. ઇંદ્ર.
      (ગુજરાતની શાખા સ્થાપનાર)
      - ૨ કર્ક
        (શક ૭૩૪, ૭૩૮, ૭૪૩,
        ઇ. સ. ૮૧૨, ૮૧૬, ૮૨૧).
        - દંતિવર્મા (?)
          - ૭. અકાલવર્ષ.
        - ૪ ધ્રુવ ૧ લો
          ધારાવર્ષ.
          નિરૂપમ
      - ૩. ગોવિંદ.
        પ્રભૂત વર્ષ.
        (શક ૬૪૯
        ઇ. સ. ૮૨૭).

(શક ૭૭૩, ૭૯૯: કૃષ્ણ. (શક ૭૫૭

ઈ. સ. ૮૫૧, ૮૭૭) (શક ૮૧૦, ઈ. સ. ૮૮૮). ઇ. સ. ૮૩૫).

૧૨. અકાલવર્ષ.
કૃષ્ણ, ૨ જો; કુમર
(આશરે ઇ. સ. ૮૮૦–૯૧૧)

જગત્તુંગ.
(ગાદીએ બેઠા નથી).

૧૩. ઇંદ્ર ૩ જો.
પૃથ્વિવી વલ્લભ.
રટ્ટ કંદર્પ, કીર્ત્તિનારાયણ,
નિત્ય વર્ષ (શક ૮૩૬,
ઇ. સ. ૯૧૪)

૧૪. અમોઘ વર્ષ.

૧૫. ગોવિંદરાજ
સુવર્ણવર્ષ

૫. અકાલવર્ષ
શુભતુંગ.
(ઇ. સ. ૮૬૭)

૬. ધ્રુવ ૨ જો.
(શક ૭૮૯, ૭૯૩)
ઈ. સ. ૮૬૭, ૮૭૧).

૧૬, ખદ્દિગ

૧૭. કૃષ્ણ. (શક ૮૬૭, ૮૭૮
ઇ. સ. ૯૪૫, ૯૫૬)

૧૮. કોદ્દિગ.

નિરૂપમ.

કક્કલ.
અથવા કર્કરાજ
(શક ૮૯૪;
ઇ. સ. ૯૭૨).

તામ્રપટ

ગુજરાતના રાષ્ટ્રકૂટોનું જૂનામાં જૂનું તામ્રપટ કક્ક રાજાનું છે. તેના ઉપર શક ૬૬૯ (ઈ. સ. ૭૪૭)ની સાલ છે અને સુરત જીલ્લાના આંત્રોલિ ચારોલિમાંથી મળ્યું છે. તેનું લખાણ, અક્ષરો, સાલ લખવાની રીત વગેરે વલ્લભિ તામ્રપટોને મળતાં છે. ફેર માત્ર એટલોજ છે કે સાલ શક સંવત્સરમાં નાખેલી છે. એમાં નીચે પ્રમાણે રાજાઓની વંશાવળી આપેલી છે.

કક્ક.
|
ધ્રુવ.
|
ગોવિંદ.
|
કક્ક બીજો.
(શક ૬૬૯, ઇ. સ. ૭૪૭).

એ તામ્રપટમાં વળી લખ્યું છે કે દાન આપનાર રાજા કક્ક, ગોવિંદ અને તેની રાણી, પ્રખ્યાત નરવર્માની કુંવરીનો પુત્ર હતો. કક્કને 'સમાધિગત પંચ મહાશબ્દ' એવું બિરૂદ આપેલું છે અને વળી તેને 'પરમ ભટ્ટાર્ક મહારાજ' કહેલો છે, તે ઉપરથી એમ લાગે છે કે તે સ્વતંત્ર રાજા હોવો જોઇએ. એ તામ્રપટમાં શક ૬૬૯ (ઇ. સ. ૭૪૭) ના આશ્વયુજ સુદી ૭ ની મીતિ છે. દંતિદુર્ગનું સામનગઢવાળું તામ્રપટ આજ સમય (ઇ. સ. ૭૫૩) નું છે. દંતિદુર્ગ રાજા ઘણો બળવાન્ હતો તેથી કક્કના તામ્રપટમાં જણાવેલો પહેલો રાજા દંતિદુર્ગનો દાદો, કક્ક ૧ લો હોવો જોઇએ. કક્ક ૧ લાનો પુત્ર ધ્રુવ, ગુજરાતની રાષ્ટ્રકૂટ શાખાનો પહેલો રાજા થઇ ગુજરાત કે માળવામાં કોઈ ઠેકાણે રાજ્ય કરતો હશે. ધ્રુવ પછી ગોવિંદ અને ગોવિંદ પછી કક્ક બીજો એ પ્રમાણે આ શાખામાં રાજા થયેલા હશે. વળી દંતિદુર્ગના તામ્રપટો ઉપરથી જણાય છે કે મહી અને નર્મદા વચ્ચેનો મધ્ય ગુજરાતનો પ્રદેશ તેણે જીતી લીધો હતો અને તેના ઇલુરા દશાવતારના લેખો (ઈ. સ. ૭૫૦) ઉપરથી જણાય છે કે લાટ અને માળવા દેશ તેના કબજામાં હતા. દંતિદુર્ગે ગુજરાત જીતી લીધું તે વખતે તેની માતુશ્રીએ માત્રી (માતર) પરગણાના દરેક ગામમાં જમીન દાન આપેલી હતી. દંતિદુર્ગે જીતેલું ગુજરાત, કોઇ ભાગમાં તે વખતે મુખ્ય શાખાના તાબામાં રહી રાજ્ય કરનાર કક્કને આપી દીધું હશે, અને આ કક્ક આંત્રોલીચારોલીના તામ્રપટવાળો કક્ક હોવો જોઇએ. કર્કના વડોદરાવાળા તામ્રપટથી (ઇ. સ. ૮૧૨) આ કલ્પ-

નાને ટેકો મળે છે. દંતિદુર્ગને પુત્ર નહીં હોવાથી તેની પછી તેનો કાકો કૃષ્ણ ગાદીએ બેઠો. આ કૃષ્ણ વિષે વડોદરાના તામ્રપટમાં એમ લખ્યું છે કે કુટુંબનો એક જણ તોફાન મચાવી બેઠો હતો, તેને નરમ પાડી કૃષ્ણે કુટુંબના ભલા માટે રાજ્ય પોતાના હાથમાં લીધું. આ તોફાન કરનાર આંત્રોલી–ચારોલીના તામ્રપટવાળો કક્ક હશે અને દંતિદુર્ગના મરણ પછી પોતે ધણી થવાને તેણે તોફાન મચાવ્યું હશે, પરંતુ કૃષ્ણે તેનું કંઇ ફાવવા દીધું નહીં અને તેને એવો જડમૂળથી ઉખેડી નાખ્યો કે તેના પછી તેના વંશમાં બીજો કોઈ થયેલો જણાતો નથી.

કૃષ્ણ અને ગોવિંદ ૨ જો, ઈ. સ. ૭૬૫–૭૯૫.

રાષ્ટ્રકૂટ રાજા દંતિદુર્ગે ગુજરાતમાં જે જીત કરી હતી તે ગુર્જર રાજા જયભટના વખતમાં કરી હશે એમ લાગે છે; કારણ કે જયભટની છેલ્લામાં છેલ્લી સાલ ઇ. સ. ૭૩૬ ની જણાય છે, તે દંતિદુર્ગની જણાયેલી સાલ (ઈ. સ. ૭૫૪) કરતાં માત્ર સત્તર વર્ષ પહેલાંની છે. દંતિદુર્ગે હરાવ્યા પછી ગુર્જરો રાજપીંપળાના ડુંગરોમાં જતા રહ્યા હશે એમ લાગે છે. કૃષ્ણ (ઇ. સ. ૭૬૫) અને તેના પુત્ર ગોવિંદના (ઇ. સ. ૭૮૦) વખતમાં ગુજરાતમાં કંઇ જાણવા જોગ બનાવ બન્યાની નોંધ નથી. ઇ. સ. ૭૯૫ ના અરસામાં ગોવિંદ બીજા પછી તેનો નાનો ભાઇ ધ્રુવ ગાદીએ બેઠો.

ધ્રુવ ૧ લો, ઇ. સ. ૭૯૫.

ધ્રુવ ઘણો બળવાન રાજા હતો. દક્ષિણ હિંદુસ્તાનથી ઉત્તરમાં અલ્લાહબાદ સુધીનો પ્રદેશ તેણે જીતી લીધો હતો. ધ્રુવના વખતમાં તેનો પુત્ર ગોવિંદ નાસીક પ્રગણાના મયૂરખંડી અથવા મોરખંડમાં રાજ્ય કરતો હતો અને તેના હાથમાં ઘાટનો તથા વલસાડ સુધી કિનારાનો પ્રદેશ હતો. ગોવિંદને બીજા ભાઇઓ હતા, તોપણ તેના બાપે તેનું પરાક્રમ જોઇ પોતાનું બધું રાજ્ય તેને આપવા માંડયું, પણ ગોવિંદે તે લેવાની ના કહી અને એમ જણાવ્યું કે કંઠિક અથવા કિનારાનો પ્રદેશ મને આપ્યો છે તે બસ છે.

સ્તંભ અને બીજા રાજાઓએ ચઢાઇ કરવાની દહેશત આપવાથી ધ્રુવે પોતાની હયાતીમાં ગોવિંદને ગુજરાતનો સ્વતંત્ર રાજા બનાવ્યો હતો. આ વાત ગોવિંદના કાવીના તામ્રલેખમાં જણાવી છે પરંતુ મુખ્ય રાષ્ટ્રકૂટ શાખાના રાજાનાં તામ્રપટ રાધનપુર (ઈ. સ. ૮૦૮) અને વાનડીંડોરી (ઇ. સ. ૮૦૮) થી મળી આવ્યાં છે તેમાં જણાવેલી નથી. ગોવિંદની સામે થનાર રાજાઓમાં મુખ્ય સ્તંભનો રાજા હતો. અણહિલવાડના રાજાઓના વખતમાં ખંભાતનું જૂનું ગામ ગંભૂત બદલાઇને સ્તંભતીર્થ થયું હતું તે ઉપરથી એમ લાગે છે કે આ સ્તંભ રાજાને ખંભાત સાથે કંઇ સંબંધ હશે. સ્તંભ અને બીજા રાજાઓ ગોવિંદ ઉપર ચઢી આવ્યા હતા તે ગોવિંદને હરાવી શકયા નહીં. કાવીના લેખમાં જણાવ્યું છે કે ગુર્જ્જર રાજા બીહીને નાઠો અને માળવાનો રાજા શરણ થયો. એ ગુર્જ્જર રાજા કોણ હશે એ નક્કી થઇ શકતું નથી. દંતિદુર્ગની જીત પછી કોઇ ગુર્જ્જર રાજાએ કોઇ ભાગમાં રાજ્ય સ્થાપન કર્યું હશે, અથવા ગુર્જ્જર દેશનો રાજા એટલુંજ બતાવવાના ઉદ્દેશથી ‘ ગુર્જ્જર રાજા ’ એમ લખ્યું હશે. ગમે તેમ હશે તોપણ ઉત્તર ગુજરાતના કોઈ રાજાને જીતી લઇ ભરૂચથી માળવા સુધીનો રસ્તો ગોવિંદે ખુલ્લો કર્યાનું જણાય છે. માળવાથી ગોવિંદ વિંધ્યા પર્વત આગળ આવ્યો. ત્યાં મારાશર્વ નામનો પૂર્વ માળવાનો રાજા તેને તાબે થયો અને ખંડણી આપવા કબુલ કર્યું. વિંધ્યાથી ગોવિંદ ગુજરાતમાં આવ્યો; ચોમાસુ તેણે શ્રી ભવન (ભરૂચ જીલ્લાના આમોદ તાલુકાનું સરભાણ) માં ગાળ્યું; ચોમાસુ વિત્યા પછી ગોવિંદ દક્ષિણમાં તુંગભદ્રા સુધી ગયો. દક્ષિણમાં જતી વખતે તેણે ગુજરાત તેના ભાઈ ઈંદ્રને સોંપ્યું. આ ઇંદ્ર રાજાથી ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાઓની શાખા શરૂ થાય છે. ધણાં તામ્રપટમાં સ્પષ્ટ રીતે લખ્યું છે કે ઈંદ્રને તેના ભાઇ ગોવિંદે લાટ દેશ બક્ષિસ આપ્યો હતો. ઈંદ્રે ગુજરાત જીતી લીધું, તેને તે કંઇ બક્ષિસ મળ્યું નહોતું એમ બતાવવાને કેટલાક ગુજરાત તામ્રપટમાં ગોવિંદ (ઈ. સ. ૮૧૮)

ગોવિંદ ૩ જો,
ઇ. સ. ૮૦૦–૮૦૮.

પછી અમોઘવર્ષ રાજા ગાદીએ બેઠાની વાત જણાવ્યા પછી એમ લખ્યું છે કે ગુજરાતનો રાજા અમોઘવર્ષનો કાકો ઈંદ્ર હતો.

ઈંદ્ર, ઈ. સ. ૮૦૮–૮૧૨.

ગોવિંદ ૩ જાએ ઈંદ્રને ગુજરાત ઇ. સ. ૮૦૮ (શક ૭૩૦) માં આપ્યું હતું, અને ઈંદ્રના પુત્ર કર્કનું તામ્રપટ ઇ. સ. ૮૧૨ (શક ૭૩૪) નું મળ્યું છે, તે ઉપરથી એમ જણાય છે કે ઈંદ્રે માત્ર ચારજ વર્ષ રાજ્ય કરેલું હોવું જોઇએ. ઈંદ્રને "લાટેશ્વર મંડળનો શાસ્તા" એવું વિરૂદ તામ્રપટોમાં આપેલું જોવામાં આવે છે. વડોદરેથી મળેલા એક તામ્રપટમાં એમ જણાવ્યું છે કે તેની સામે લઢવાને આવેલા એક ગુર્જ્જર રાજાને તેણે નસાડી મૂક્યો, અને અમોઘવર્ષની સામે થયેલા કેટલાક રાષ્ટ્રકૂટ સામંતોને તેણે મદદ કરી.

કર્ક ૧ લો, ઇ. સ. ૮૧૨–૮૨૧.

ઈંદ્ર પછી તેનો પુત્ર કર્ક ગાદીએ બેઠો. તેનાં સુવર્ણવર્ષ અને પાતાલમલ્લ એવાં બીજાં નામ પણ હોવાનું જણાય છે. કર્કનાં ત્રણ તામ્રપટ મળેલાં છે; વડોદરાનું (શક ૭૩૪; ઈ. સ. ૮૧૨); નવસારીનું (શક ૭૩૮, ઈ. સ. ૮૧૬); સુરતનું (શક ૭૪૩, ઇ. સ. ૮૨૧). વડોદરાવાળા તામ્રપટમાં એમ જણાવ્યું છે કે ગુર્જ્જર રાજા ગૌડ અને વંગના રાજાઓને જીતી મગરૂર થઇ ગયો હતો અને માળવાના રાજા ઉપર ચઢી આવ્યો હતો; તેનાથી માળવાના રાજાનો બચાવ કરવામાં કર્કના સ્વામી (ગોવિંદ ૩ જા) એ કર્કની મદદ લીધી હતી. ગૌડ અને વંગ સુધી જીત મેળવનાર આ ગુર્જ્જર રાજા કયો હશે એ નક્કી થયું નથી. તે મહીની ઉત્તરે રાજ્ય કરતો હશે અને દોહદને રસ્તે માળવા ગયો હશે. તે કદાચ કોઇ વલભિ રાજા હશે; અથવા ભિન્માલનો ગુર્જ્જર રાજા હશે, અને વલભિની પડતી પછી તેના મિત્ર અણહિલવાડના ચાવડા રાજા (યોગરાજ ઈ. સ. ૮૦૬–૮૪૧) ની મદદથી દક્ષિણમાં મહી નદી સુધીનો પ્રદેશ તાબે કરી બેઠો હશે. વડોદરાના તામ્રલેખમાં અમોઘવર્ષ સંબંધી કંઇ લખ્યું નથી, પરંતુ નવસારીના તામ્રલેખ (ઇ. સ. ૮૧૬) માં ગોવિંદ પછી અમોઘવર્ષ રાજા થયેલો હો-

વાનું લખ્યું છે. તે ઉપરથી એમ લાગે છે કે ઇ. સ. ૮૧૨ અને ૮૧૬ની ની વચ્ચે ગોવિંદ મરી ગયો હશે અને અમોઘવર્ષ ગાદીએ બેઠો હશે. પહેલાં તો અમોઘવર્ષ તેના સામંતોને તાબે કરી શક્યો નહીં પણ કર્કે તેને મદદ કરી તેના સામંતોને નરમ પાડ્યા ત્યારે તેનું રાજ્ય ફતેહમંદ નિવડ્યું, એમ સુરતના તામ્રપટ ઉપરથી તથા બીજાં બે તામ્રપટ ઉપરથી (શક ૭૫૭ અને ૭૮૯) જણાય છે.

કર્કનું નવસારીવાળું તામ્રપટ ખેડાથી આપ્યું હતું. મહી અને નર્મદા વચ્ચેના પ્રદેશમાં આવેલું સમીપદ્રક ગામ તેમાં દાનમાં આપેલું છે. ચૌદ વિદ્યા જાણનાર પંડિત વલ્લભરાજ નામના કોઇ દક્ષિણી બ્રાહ્મણને એ ગામ દાનમાં આપ્યું હતું. દૂતક અથવા દાન કરનાર દ્રોણમ નામનો દક્ષિણી ભટ્ટ (લઢવૈયો) હતો.

કર્કનું સુરતવાળું તામ્રપટ વાનકિકા (વલસાડ પાસે આવેલી વાંકી) ના કિનારા ઉપર રાજાએ મુકામ કર્યો હતો, ત્યાંથી આપેલું છે. નાગસારિક (નવસારી)ની પાસે આવેલા અંબાપાટક ગામમાંથી એક ખેતર નાગસારિક (નવસારી) ના જૈન દેવળને દાનમાં આપેલું છે. તામ્રપટ લખનાર દુર્ગભટ્ટનો પુત્ર સંધિવિગ્રહિક નારાયણ છે. તાપીની દક્ષિણે ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાએ દાન આપ્યાનો આ પહેલવહેલો દાખલો છે, તે ઉપરથી એમ લાગે છે કે કર્કે અમોઘવર્ષને કરેલી મદદના બદલામાં ઉત્તર કોકણનો ભાગ કર્કને મળ્યો હશે.

વડોદરાના (વડપદ્રક) તામ્રપટ ઉપરથી જણાય છે કે કર્કને દંતિવર્મા

રાજપુત્ર દંતિવર્મા.

નામે પુત્ર હતો. દંતિવર્મા વડોદરાનું દાન કરનાર છે તે ઉપરથી એમ લાગે છે કે દાન કરતી વખતે તે લાયક ઉમરનો હશે. અકાલવર્ષના બગુમરાવાળા તામ્રપટ ઉપરથી પણ જણાય છે કે દંતિવર્મા કર્કનો પુત્ર હતો. એ તામ્રપટ ઉપરથી નીચેની વિશેષ હકીકત જણાય છે. કર્કને ધ્રુવ નામે બીજો પુત્ર હતો. ત્રણે તામ્રપટો ઉપરથી જણાય છે કે કર્ક પછી ગાદી ધ્રુવને મળી; પરંતુ દંતિવર્માના પુત્રનું તામ્રપટ શક ૮૧૦ ની સાલનું, એટલે કે વડોદરાનાં તામ્રપટ પછી ૭૬ વર્ષે પછીનું છે, તે ઉપરથી એમ લાગે છે કે તામ્રપટોમાં આપેલી વંશાવળીમાં કંઇ ભૂલ થયેલી

છે. પિતાના મરણ પછી દંતિવર્મા કે ધ્રુવ ગાદીએ બેઠેલા હોય એમ લાગતું નથી. કારણ કે કાવીવાળા તામ્રપટ ઉપરથી જણાય છે કે કર્ક પછી તેમનો કાકો ગોવિંદ ગાદીએ બેઠો. કદાચ દંતિવર્મા તેના બાપની હયાતીમાં મરી ગયો હશે, અને કર્કની વૃદ્ધાવસ્થામાં ધ્રુવ નામનો તેને બીજો પુત્ર થયો હશે; કર્કના મરણ પછી એ પુત્રની બાલ્યાવસ્થામાં ગોવિંદે થોડો વખત રાજ્ય કર્યું હશે.

આ ગોવિંદરાજાનું બીજું નામ પ્રભુતવર્ષ હતું હતું. ગોવિંદના કાવીવાળા તામ્રલેખમાં શક ૭૪૯ (ઇ. સ. ૮૨૭) ની સાલ છે પણ ગોવિંદ વિષે બીજી કંઇ હકીકત તેમાં નથી. એ તામ્ર લેખવાળું દાન ભરૂચથી કર્યું હતું અને ભરૂચથી ત્રીસ માઇલ છેટે આવેલા કાપિક (કાવી) પાસે કોટિપુરમાં જયાદિત્ય નામે સૂર્યનું દેવળ હતું તેને એક ગામ દાનમાં આપ્યું હતું. તામ્રલેખ લખનાર અવલોકિતનો પુત્ર યોગેશ્વર હતો; દૂતક ભટ્ટ કુમુંદ હતો. આ તામ્રલેખમાં ગોવિંદની પછી ગાદીએ બેસનાર વિષે કંઇ ઇસારો કરેલો નથી, તે ઉપરથી એમ માનવાને ટેકો મળે છે કે ગોવિંદની સત્તા તેના ભત્રિજાની સગીર ઉમ્મર સુધીજ રહી હશે.

ગોવિંદ, ઇ. સ. ૮૨૭–૮૩૩.

ધ્રુવનાં બીજાં નામ નિરૂપમ અને ધારાવર્ષ છે. વડોદરાવાળા તામ્રલેખમાં (શક ૭૫૭, ઈ. સ. ૮૩૫) તે રાજા હોવાનું લખેલું છે. તે લાયક ઉમરનો થયેથી ગોવિંદની હયાતીમાંજ ગાદીએ બેઠો હશે અથવા ગોવિંદના મરણ પછી બેઠો હશે. ધ્રુવનું વડોદરાવાળું તામ્રપટ ખેડા પાસે સર્વમંગળ નામના ગામથી આપ્યું હતું. તેમાં ભદ્રસિદ્ધિ (બોરસદ) ના યોગ નામના બ્રાહ્મણને એક ગામ દાન આપ્યાનું છે. તામ્રપટ લખનાર, દુર્ગભટ્ટનો પુત્ર સંધિવિગ્રહિક નારાયણ છે અને દૂતક દેવરાજ નામનો માણસ છે. મુખ્ય રાષ્ટ્રકૂટ શાખાનું સ્વામિપણું ધ્રુવના વખતમાં નીકળી ગયેલું હોવાનું જણાય છે. શક ૮૩૨ (ઇ. સ. ૯૧૦) ની સાલવાળા એક તામ્રપટમાં લખ્યું છે કે વલ્લભે, એટલે કે અમોઘવર્ષે લશ્કર મોકલ્યું અને કંઠિક, એટલે કે મુંબાઇથી

ધ્રુવ પહેલો. ઈ. સ. ૮૩૫–૮૬૭.

ખંભાત સુધીના કિનારાના પ્રદેશને ઘેરો ઘાલી બાળી નાખ્યો. બીજા ધ્રુવના બગુમરાવાળા તાભ્રલેખ (ઇ. સ. ૭૬૭) ઉપરથી જણાય છે કે આ લઢાઇની દરમિયાન, ધ્રુવ ઘાયલ થયો અને વલ્લભ અથવા અમોઘવર્ષના લશ્કરને હરાવતાં મરણ પામ્યો. કન્હેરીની ગુફામાં શક ૭૯૯ (ઇ. સ. ૮૭૭) ની સાલનો લેખ છે તે ઉપરથી આ હકીકતને ટેકો મળે છે.

અકાલવર્ષ, ઇ. સ. ૮૬૭.

ધ્રુવ પછી તેનો પુત્ર અકાલવર્ષ ગાદીએ બેઠો. તેનું બીજું નામ શુભતુંગ હતું. બીજા ધ્રુવના બગુમરાવાળા તામ્રલેખમાં લખ્યું છે કે ધ્રુવ લઢાઇમાં મરણ પામ્યા પછી, વલ્લભનું લશ્કર દેશ ઉપર ફરી વળ્યું હતું અને નુકશાન કર્યું હતું તોપણ અકાલવર્ષ તેના બાપની ગાદીએ બેઠો અને તેણે પોતાની સત્તા સ્થાપન કરી.

ધ્રુવ બીજો, ઇ. સ. ૮૬૭.

અકાલ વર્ષ પછી તેનો પુત્ર બીજો ધ્રુવ ગાદીએ બેઠો. તેનું બીજું નામ ધારાવર્ષ અને નિરૂપમ હોવાનું જણાય છે. ધ્રુવનાં બે તામ્રપટ મળેલાં છે. બગુમરાવાળું શક ૭૮૯ (ઇ. સ. ૮૬૭) નું અને વડોદરાવાળું શક ૭૯૩ (ઈ. સ. ૮૭૧) નું. આ બંને તામ્રપટ ઉપરથી જણાય છે કે પોતાના બંધુ વર્ગમાં કેટલાક કાવતરાંખોર હતા તેમને ધ્રુવે જડમૂળથી ઉખેડી નાખ્યા અને પોતાની સત્તા દૃઢ રીતે સ્થાપન કરી. બગુમરાના તામ્રલેખ ઉપરથી વળી જણાય છે કે ધ્રુવને એક તરફ દખ્ખણના રાષ્ટ્રકૂટ વલ્લભની સામે થવાનું હતું અને બીજી તરફ તેના બંધુવર્ગે ઉશ્કેરેલા ગુર્જ્જર લશ્કર સામે થવાનું હતું. તેનો બંધુ વર્ગ તેની સામે થયો હતો તેમાં મુખ્ય તેનો નાનો ભાઇ હતો. વળી એક મિહિર રાજા તેની ઉપર ચઢી આવ્યો હતો તેને પણ તેણે પાછો કાઢયો. આ મિહિર રાજા ઘણું કરીને વલભિની પડતી થયા પછી જોરમાં આવેલા કાઠીઆવાડના મ્હેર લોકોનો સરદાર હશે. આ બધી આપત્તિઓમાં ધ્રુવને તેના નાના ભાઈ ગોવિંદરાજની મદદ હતી. આ ગોવિંદરાજ બગુમરાના તામ્રલેખમાં દૂતક તરીકે જણાવ્યો છે. આ તામ્રલેખ ભૃગુકચ્છ (ભરૂચ) માં નર્મદામાં સ્નાન કર્યાને પ્રસંગે કરેલા દાનનું છે. તેમાં પારાહનક (ઘણું કરી પલસાણા)ના બ્રાહ્મણ-

ને એક ગામ દાનમાં આપેલું છે. વડોદરાવાળું તામ્રપટ પણ ભરૂચથી આપ્યું હતું. મહીને દક્ષિણ કિનારે આવેલાં કોનત્રલ્લી અને નક્કભજ્જ નામનાં ગામ કપાળેશ્વર મહાદેવને દાનમાં આપ્યાનું તેમાં લખેલું છે. ઇ. સ. ૮૬૭ માં ધ્રુવ પલસાણા દાનમાં આપે છે અને ચાર વર્ષ પછી વડોદરા વાળા તામ્રલેખમાં (ઇ. સ.) લખે છે કે તેનો પ્રદેશ ભરૂચથી મહી સુધી હતો તે ઉપરથી એમ લાગે છે કે ઇ. સ. ૮૬૭ થી ૮૭૧ સુધીનાં ચાર વર્ષની દરમીઆન ભરૂચની દક્ષિણ તરફનો પ્રદેશ મુખ્ય રાષ્ટ્રકૂટ શાખાના કબજામાં ગયો હશે.

અકાલવર્ષ કૃષ્ણ.
ઇ. સ. ૮૮૮.

આ પછી ગુજરાતનો રાષ્ટ્રકૂટ રાજા, દંતિવર્માનો પુત્ર અકાલવર્ષ કૃષ્ણ થયેલો જણાય છે. આ રાજાનું એક તામ્રપટ શક ૮૧૦ (ઇ. સ. ૮૮૮)ની સાલવાળું બગુમરાથી મળેલું છે. તેનું લખાણ એવું અશુદ્ધ છે અને કક્ક પછીની વંશાવળીવાળી કડીઓ એવી ગોટાળા ભરેલી છે કે આ તામ્રપટની માત્ર સાલ સિવાય બીજી વિગતો પર ભરોંસો રાખી શકાતો નથી. વળી દંતિવર્મા શક ૭૩૪ (ઇ. સ. ૮૧૨)માં થઈ ગયો. તેનો પુત્ર શક ૮૧૦ (ઈ. સ. ૮૮૮) માં રાજ્ય કરતો હોય એ પણ અસંભવિત લાગે છે. તોપણ માન્યખેટના રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષે તેજ સમયમાં ત્રેસટ વર્ષ રાજ્ય કર્યું હતું. (ઇ. સ. ૮૧૪–૮૭૭) તેથી આ કંઈ અશકય ગણી શકાય નહીં.

આ તામ્રલેખથી વરિઆવી (વરીઆવ) માં આવેલું કાવિથસાધિ (સુરતથી ચાર મૈલ છેટે આવેલું કોસદ) ગામ દાનમાં આપેલું છે. આ ઉપરથી એમ લાગે છે કે ભરૂચથી દક્ષિણ તરફનો કેટલોક પ્રદેશ મુખ્ય શાખા પાસેથી ગુજરાત શાખાએ પાછો લઈ લીધો હશે.

મુખ્ય શાખાનો અમલ.
ઇ. સ. ૮૮૮ થી ૯૭૪.

પરંતુ આ જીત ઘણો વખત કાયમ રહેલી નથી. શક ૮૧૦ (ઇ. સ. ૮૮૮) પછી ગુજરાતની શાખા વિષે કંઇ હકીકત મળતી નથી. માન્યખેટના રાષ્ટ્રકૂટ રાજાઓએ કદાચ દક્ષિણ ગુજરાતમાં પોતાની

સત્તા પાછી સ્થાપન કરી હશે, કારણ કે નવસારીથી મળેલાં બે તામ્રપટ ઉપરથી જણાય છે કે કૃષ્ણ અકાલવર્ષના પૌત્ર અને જગત્તુંગના પુત્ર ઇંદ્ર નિત્યંવર્ષે, લાટ દેશમાં નવસારી પાસે આવેલાં ગામડાં દાનમાં આપ્યાં હતાં.

અમોઘવર્ષનું લાંબુ રાજ્ય શક ૭૯૯ (ઇ. સ. ૮૭૭) સુધી ચાલ્યાની વાત કન્હેરીની ગુફામાંના લેખ ઉપરથી પણ જણાય છે. ઇ. સ, ૮૭૭ પછી તેનું રાજ્ય હશે એમ લાગતું નથી, માટે તેના રાજ્યનો અંત શક ૮૦૦ (ઇ. સ. ૮૭૮)માં આવ્યો હશે એમ માનીને ચાલી શકાય છે.

કૃષ્ણ અકાલવર્ષ,
ઇ. સ. ૮૮૮–૯૧૪.

અમોઘવર્ષ પછી તેનો પુત્ર કૃષ્ણ ગાદીએ બેઠો. તેનું બીજું નામ અકાલવર્ષ છે. તેનાં બંને નામ તે વખતના ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાના જેવાંજ છે. આગળ જણાવવામાં આવ્યું છે કે કક્કના પુત્ર પહેલા ધ્રુવે (ઇ. સ. ૮૩૫–૮૬૭) મુખ્ય રાષ્ટ્રકૂટ શાખાથી સ્વતંત્ર થવાને પ્રયત્ન કરવાથી અમોઘવર્ષની તેની ઉપર ઘણી ઇતરાજી થઇ હતી અને આ ઇતરાજી અમોઘવર્ષના રાજ્યની આખર સુધી (ઇ. સ. ૮૭૭) ચાલુ રહી હતી. અમોઘવર્ષના પુત્ર કૃષ્ણે પણ આ ઇતરાજીનો સંબંધ જારી રાખ્યો હતો, એમ ઇંદ્ર રાજાના નવસારીવાળા તામ્રપટ ઉપરથી જણાય છે. તેમાં લખ્યું છે કે ઇંદ્ર રાજાનો દાદો કૃષ્ણ ગુર્જર રાજા સાથે લઢ્યો હતો. આ લઢાઇના સંબંધમાં મુખ્ય રાષ્ટ્રકૂટ શાખાના કરડાવાળા તામ્રપટ (શક ૮૯૧ ઇ. સ. ૯૭૩)માં જણાવ્યું છે કે કૃષ્ણના દુશ્મનો કૃષ્ણના પરાક્રમથી બીધા અને તેમણે ખેટક (ખેડા) અને તેનું મંડળ (આસપાસનો પ્રદેશ) છોડી દીધું. જે ગુર્જર રાજા સાથે કૃષ્ણ લઢ્યો તે કદાચ ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાની મદદે આવેલો ઉતર તરફનો કોઇ ગુર્જર રાજા હશે. ગમે તેમ હશે તોપણ એ લઢાઇમાં કૃષ્ણની ફતેહ થયેલી લાગે છે, કારણ કે ત્યારથી લાટ દેશ દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજાઓના પ્રદેશમાં ગણાવા લાગ્યો.

કપડવંજથી મળેલા શક ૮૩૨ (ઇ. સ. ૯૧૦)ની સાલના એક તામ્રલેખ ઉપરથી જણાય છે કે કૃષ્ણ અકાલવર્ષનો પ્રચંડ નામનો મહાસામંત

અને ચંદ્રગુપ્ત નામનો તેનો દંડનાયક ખેડા પ્રાંતની ૭૫૦ ગામની હાકેમી હર્ષપુર (હરસોલ)માં રહીને કરતા હતા. આ લેખમાં પ્રચંડની ચાર પેઢીઓ જણાવી છે. તેમાંનાં બધાં નામ કેનેરીજ જેવાં લાગે છે. પ્રચંડના વડવા સ્વતંત્ર રાજા નહોતા તોપણ રાષ્ટ્રકૂટ રાજાના મોટા અધિકારી હોવાનું જણાય છે. પ્રચંડના બાપ ધવલપ્પાના સંબંધમાં એમ જણાવ્યું છે કે તેણે દુશ્મનને મારી નાખ્યા અને જે મંડળ તેમની પાસે હતું તે પોતાના સ્વામીને આપ્યું. અકાલવર્ષના દુશ્મનો પાસેથી ખેટક મંડળ (ખેડા) લીધાના સંબંધમાં આ હકીકત હશે એમ લાગે છે. ધવલપ્પા, અકાલવર્ષનો સેનાપતિ હશે અને તેણે ગુર્જર રાજાને હરાવ્યો હશે તેથી એ પ્રદેશની હાકેમી તેને આપી હશે. તેના પુત્ર પ્રચંડને "સમાધિગત પંચ મહા શબ્દ" એવું વિરૂદ આપેલું છે.

ઇંદ્ર નિત્ય વર્ષ, ઈ. સ ૯૧૪.

કૃષ્ણ અથવા અકાલવર્ષને જગત્તુંગ નામનો પુત્ર હતો, પણ તે ગાદીએ બેઠેલો હોવાનું જણાતું નથી. કેટલાંક તામ્રપટ ઉપરથી એમ જણાય છે કે તે પોતાના બાપની હયાતીમાં ચેદિ (બુંદેલખંડ) જઈ રહ્યો હતો. ચેદિના રાજાની પુત્રી લક્ષ્મી સાથે તે પરણ્યો હતો અને તેને પેટ તેને ઇંદ્ર અથવા નિત્યવર્ષ નામનો પુત્ર થયો હતો. ઇંદ્રનાં બંને તામ્રપટમાં તે તેના દાદા પછી ગાદીએ બેઠેલા હોવાનું લખેલું છે. તેના તામ્રપટમાં તેણે મ્હેર લોકોનું જડમૂળ કાઢી નાંખ્યાનું લખ્યું છે. વળી એક બીજી અજાયબ જેવી વાત એ લખી છે કે માન્યખેટથી પટબંધને માટે તે કુરૂન્ડક આવ્યો હતો. જ્યારે તેની રાજધાની માન્યખેટ હતી ત્યારે પટબંધ માટે તે કુરૂન્ડક કેમ આવ્યો હશે એ સમજાતું નથી. પટબંધ વખતે ઇંદ્રે ઘણાં દાન કર્યાં. તેણે પોતાની તુલા કરી સોના રૂપાનાં દાન કર્યાં અને કુરૂન્ડક ગામ પણ દાન કરી દીધું. વળી ચારસેં ગામ પ્રથમ દાન આપેલાં પણ આગળના રાજાઓએ પાછાં લેઈ લીધાં હતાં તે પણ તેણે પાછાં દાનમાં આપ્યાં. વળી તેણે લાખો રૂપીઆ રોકડા દાનમાં આપી દીધા. ઇંદ્રે ગામો દાનમાં આપ્યાની

સાલ તેના તામ્રલેખો ઉપરથી જણાય છે, તેજ સાલમાં તે (શક ૮૩૬ ઈ. સ. ૯૧૪) ગાદીએ બેઠો. ગાદીએ બેસતી વખતે તેણે દાન આપેલા ગામમાં ઉમવરા અને તેન નામનાં ગામ હતાં. આ ગામો સાયણ પાસે આવેલું ઉમરા અને બારડોલી પાસે આવેલું તેન હશે એમ લાગે છે. બીજા ધ્રુવના બગુમરાવાળા તામ્રલેખ ઉપરથી જણાય છે કે તેન ગામ પહેલાં ધ્રુવે ધોળી નામના બ્રાહ્મણને દાન આપ્યું હતું. આ બધાં ગામ ઈંદ્રે ફરીથી દાનમાં આપ્યાં. તે ઉપરથી એમ લાગે છે કે દક્ષિણની રાષ્ટ્રકૂટ શાખાની સત્તા ગુજરાતમાં સ્થાપન થયેલી હોવી જોઇએ અને ગુજરાતની રાષ્ટ્રકૂટ શાખાની સત્તા ગયેલી હોવી જોઇએ.

ઈ. સ. ૯૧૪ પછી માન્યખેટના રાષ્ટ્રકૂટ વંશના તાબામાં દક્ષિણ ગુજરાત ક્યાં સુધી રહ્યું એ નક્કી કરવાને કંઇ સાધન નથી. તોપણ એમ લાગે છે કે શક ૮૯૪ ઇ. સ. ૯૭૨ માં પશ્ચિમ ચાલુક્ય રાજા તૈલપે રાષ્ટ્રકૂટ વંશનો નાશ કર્યો ત્યાં સુધી ગુજરાત તેમના તાબામાં રહ્યું હશે. એ વખત સુધી ઉત્તર કોંકણના સિલાહાર રાજાઓ રાષ્ટ્રકૂટોનું સર્વોપરીપણું કબુલ રાખતા એમ લેખો ઉપરથી જણાય છે, તેથી પણ ઉપરના અનુમાનને ટેકો મળે છે. તૈલપે રાષ્ટ્રકૂટોને હરાવ્યા ત્યારે તેમના પ્રદેશ સાથે ગુજરાત દેશ પણ તૈલપના તાબામાં આવ્યો હશે. આગળ સોલંકી વંશના ઇતિહાસમાં જણાવવામાં આવ્યું છે કે શક ૯૦૦ (ઇ. સ. ૯૭૮) ના અરસામાં તૈલપે ગુજરાત પોતાના સેનાપતિ બારપને સોંપ્યું હતું; અને એ બારપને અણહિલવાડના સોલંકી રાજા મૂળરાજ સાથે (ઇ. સ. ૯૬૧–૯૯૭) લડાઇ થઈ હતી.

પ્રકરણ ૧૨ મું.

મિહિર અથવા મ્હેર લોકો.

(ઇ. સ. ૪૭૦–૯૦૦.)

મ્હેર લોકો ઈ. સ. ૪૭૦–૯૦૦.

સ્કંદગુપ્તના ગિરનારના લેખમાં સ્કંદગુપ્તના સોરઠના હાકેમનું નામ જણાવ્યું છે તે ઉપરથી એ તો નક્કી છે કે સોરઠ ઉપર ગુપ્ત રાજાઓનો અમલ સ્કંદગુપ્તના વખત સુધી (ઇ. સ. ૪૫૪–૪૭૦) ચાલેલો હોવો જોઇએ. સ્કંદગુપ્ત પછી બુધગુપ્ત રાજા થયો હતો. (ગુપ્ત ૧૬૫–૧૮૦ ઇ. સ. ૪૮૪–૪૯૯) તેના વખતમાં સોરઠ ઉપર ગુપ્તોનો અમલ હોવાનો કંઇ પુરાવો મળતો નથી. બુધગુપ્ત વિષે એટલી વાત જણાઇ આવે છે કે તે નબળો રાજા હતો અને તેના વખતમાં ગુપ્ત વંશનો ઘણો પ્રદેશ બીજા રાજાઓના હાથમાં થયો હતો. ગુપ્તની પડતી થઇ ત્યારથી તે ઇ. સ. ૫૧૪ (ગુપ્ત ૧૯૫)માં સેનાપતિ ભટ્ટાર્કે રાજ્ય સ્થાપન કર્યું ત્યાં સુધીમાં સુરાષ્ટ્ર અને ગુજરાત ઉપર કોણ રાજ્ય કરતું હતું એ નક્કી થયું નથી; તોપણ એમ તો જણાય છે કે બુધગુપ્તના વખતમાં અથવા તેના વખત પછી તરતજ કોઇ બીજા બળવાન્ વંશ અથવા પ્રજાએ એ પ્રદેશ ઉપરના ગુપ્ત હાકેમને હરાવી એ પ્રદેશ પોતાને હસ્તગત કરી લીધો હતો. વલભિ રાજાઓનાં તામ્રપટમાં જે મૈત્રક લોકોએ કાઠીઆવાડમાં આવી મંડલ અથવા રાજ્ય સ્થાપન કર્યાનું લખ્યું છે તે મૈત્રક લોકો ગુપ્ત હાકેમોને હરાવનાર બળવાન્ પ્રજા હશે એમ લાગે છે. આ મૈત્રક લોકો એજ મિહિર અથવા મ્હેર લોકો છે. મિત્ર અને મિહિર એ બંનેના અર્થ સંસ્કૃતમાં સૂર્ય છે, તેથી એ બંનેપરથી થયેલાં રૂપ એક બીજાને બદલે વપરાયાં હશે અને મૈત્રક એ મિહિર કહેવાયા હશે અને મિહિર મૈત્રક કહેવાયા હશે. મ્હેર અથવા મેર લોકો હજી સુધી કાઠીઆવાડમાં માલમ પડે છે; અને પોરબંદરના રાણા

જે જેઠવાના નામથી ઓળખાય છે તે મ્હેર જાતનાં મુખ્ય ગણાય છે. જેઠવા એ જાતનું નામ નથી પણ કુળનું નામ છે. જેઠીજી નામનો એક રાણો થયો હતો તેના નામ ઉપરથી તેના વંશમાં જે થયાં તે સઘળા જેઠવા નામથી ઓળખાવા લાગ્યા. પોરબંદરના રાણા મૂળમાં મ્હેર જાતના હતા તોપણ રાજ્યકર્તા હોવાથી તેમના ભાટ લોક તેમને હનુમાનજીથી ઉત્પન્ન થયેલા જણાવે છે. મ્હેર જાતમાંથી પોતાની ઉત્પત્તિ થયેલું હોવાનું કબુલ કરવાને જેઠવા શરમાય છે તોપણ નાનાં નાનાં સંસ્થાનો સ્થાપન કરનારા પોતે મ્હેર જાતના હોવાનું કબુલ કરે છે. જેઠવા જાતના પહેલા રાજા મકરધ્વજ થયા તે હનુમાનજીના કુંવર હતા એમ દંતકથા છે. તે ખરી હશે કે નહીં હોય તોપણ મકરધ્વજ વિષે એવી દંતકથા છે કે તેણે મયૂરધ્વજસાથે લઢાઈ કરી હતી, તે ઉપરથી કેટલાંક ઐતિહાસિક અનુમાનો કાઢી શકાય છે. મ્હેર અથવા જેઠવા લોકોનું નિશાન મકર (માછલી) હશે તે પરથી પહેલો રાજા મકરધ્વજ કહેવાયો હશે. ગુપ્ત રાજાઓનું નિશાન મયૂર હતું એમ તેમના શિક્કા ઉપરથી જણાય છે અને તે કારણથી તેઓ મયૂરધ્વજ કહેવાતા હશે. મકરધ્વજને મયૂરધ્વજ સાથે લઢાઈ થયેલી હોવા બાબત જે દંતકથા છે તે ઉપરથી એમ લાગે છે કે મયૂરધ્વજ (ગુપ્તો) સાથે મકરધ્વજે (મ્હેર લોકે) લઢાઇ કરી હશે અને તેમાં મકરધ્વજને (મ્હેર લોકને) જીત મળી હશે.

કાઠીઆવાડના મ્હેર અથવા મેર લોકો એક વિચિત્ર જાત છે; તેમની ભાષા, પોશાક અને દેખાવ ઉપરથી એમ લાગે છે કે તેઓ ઉત્તર હિંદુસ્તાન તરફથી આવ્યા હશે. માળવ, જાટ, ગુર્જ્જર, પહ્લવ વગેરે જાતોની પેઠે મ્હેર જાત પણ પંજાબ, સિંધ અને ઉત્તર ગુજરાતને રસ્તે થઇ કાઠીઆવાડમાં આવી હશે અને રસ્તામાં અજમેર, બાડમેર, જેસલમેર, કોકલમેર અને મ્હેરવાડનાં સંસ્થાન સ્થાપતી આવી હશે. એવી અટકળ કરવામાં આવે છે કે ગુપ્તોને હરાવનાર તોરમાણની સાથે એ જાત આવી હશે અને તોરમાણના કોઇ સેનાપતિની સાથે સુરાષ્ટ્રમાં પેઠી હશે. જે અરસામાં ભટ્ટા-

ર્કના દુશ્મના તરીકે મૈત્રકો હોવાનું જણાવ્યું છે તે અરસામાં તોરમણે બુધગુપ્તને હરાવ્યો છે તે ઉપરથી ઉપરની અટકળ સંભવિત લાગે છે. ભટ્ટાર્કના વખતમાં (ઇ. સ. ૫૦૯—૫૨૦) મ્હેર લોકો કાઠીઆવાડના દ્વીપકલ્પમાં રાજ્ય સ્થાપન કરી બેઠેલા હોવા જોઇએ. કારણ કે જો તેમ ન હોય તો વલ્લભિ તામ્રલેખોમાં તેઓનું મંડળ ઘણી સત્તાવાળું હોવાનું લખ્યું ન હોત. મ્હેર લોકોએ પોતાનું રાજ્ય સ્થાપન કર્યા પછી, થોડા વખતમાં, પડી ભાગેલા ગુપ્ત રાજાના સેનાપતિ તરીકે ભટ્ટાર્ક આવ્યો હશે અને માળવાથી ભરૂચ સુધી જમીન માર્ગે અને ભરૂચથી દરિયા માર્ગે આવી કાઠીઆવાડના પૂર્વ ભાગમાં દાખલ થયો હશે. વલ્લભિ આગળ પોતાનું રાજ્ય સ્થાપન કરી તેણે ધીમે ધીમે મ્હેર લોકોને સોરઠમાંથી કાઢ્યા હશે. અને ઉત્તર તરફ ખસતા જઇ આખરે મોરબી આગળ મ્હેર લોકોને વસવું પડ્યું હશે. મોરબી એ જેઠવાઓના વડીલોનું એક મૂળ સ્થાનક હતું એમ જેઠવા હજી સુધી માને છે. વલ્લભિ રાજાઓની વખતમાં જેઠવાઓએ મોરબીમાં રાજ્ય કર્યું હોવું જોઇએ, કારણ કે ઉત્તર કાઠીઆવાડમાં હાલાર, મચ્છુકાંઠા અને ઓખામંડળમાં કોઇ ગામ કે ખેતર વલભિ રાજાઓએ દાન આપ્યું હતું એમ તેમનાં તામ્રપટ ઉપરથી જણાતું નથી. વલભિ રાજાઓની ઉત્તર હદ વંથલી (વેણુથળા) સુધી હોવાનું તેમનાં તામ્રપટ ઉપરથી જણાય છે, માટે કાઠીઆવાડના ઉત્તર કિનારાના પ્રદેશપર વલભિ રાજાઓનું નહીં પણ મ્હેર રાજાઓનું રાજ્ય હોવું જોઇએ. વલભિ રાજાઓના વખતમાં પાછળથી કદાચ મ્હેર રાજાઓ તેમના ખંડીઆ થયા હશે, તોપણ આશરે ઇ. સ. ૭૭૦ માં વલ્લભિનો નાશ થયા પછી મ્હેર લોકોએ વલભિનું રાજ્ય લઇ લીધું અને પોતાનાં નાનાં નાનાં રાજ્ય સ્થાપી આખા કાઠીઆવાડ ઉપર રાજ્ય કરવા લાગ્યા. ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવનું એક તામ્રપટ શક ૭૮૯ (ઇ. સ. ૮૬૭)નું મળ્યું છે. તેમાં લખ્યું છે કે તેનીપર એક બળવાન્ મિહિર રાજાએ ચઢાઇ કરી હતી પણ તેને હરાવી તેણે પાછો કાઢી મૂક્યો. મ્હેર લોકોની સત્તા જ્યારે ખૂબ વધી ત્યારે તેમણે કાઠીઆવાડના મધ્યભાગમાં બરડાના ડુંગરોમાં ઘુમલી અથવા ધુમલી નામનું રાજધાનીનું

નગર વસાવ્યું અને તેને કિલ્લો કરાવ્યો. ધુમલીના જેઠવા રાજાઓ વિષે દંતકથાઓ ઘણી ચાલે છે,* પરંતુ ઇતિહાસ તરીકે વજન આપી શકાય એવો એકજ તામ્રલેખ જાચિકદેવ નામના કોઇ રાજાનો મોરબી સંસ્થાનમાંથી મળી આવ્યો છે. આ તામ્રલેખમાં મકરનું ચિન્હ છે અને તે મોરબીની હદમાંથી મળી આવ્યો છે, તે ઉપરથી એમ ખાત્રી થાય છે કે કોઈ મકરધ્વજ અથવા જેઠવા રાજાનો તે હોવો જોઇએ. તેની ઉપર ગુપ્ત સંવત્ ૫૮૫ ના ફાગણ સુદિની મીતિ છે. (ઈ. સ. ૯૦૪); તે ઉપરથી એમ જણાય છે કે વલભિનો નાશ થયા પછી આશરે ૧૩૦ વર્ષ પછી એ રાજા થયેલો હોવો જોઇએ.

એજ પ્રદેશમાંથી એક બીજો તામ્રલેખ મળી આવ્યો છે. તેમાં રાજાનું નામ જૈકદેવ લખેલું છે. આ શિક્કા ઉપર પણ મકરનું ચિન્હ છે; વળી તેમાં જણાવ્યું છે કે એ રાજા સોરઠમાં આવેલા ભૂમિલિક અથવા ભૂમલીમાં રાજ્ય કરતો હતો અને 'પરમભટ્ટાર્ક, મહારાજાધિરાજ પરમેશ્વર' એવું તેનું વિરૂદ હતું. આ વિરૂદ ઉપરથી જણાય છે કે આ રાજા સ્વતંત્ર હોવો જોઇએ અને તેનું રાજ્ય મોટું હોવું જોઇએ. એ તામ્રપટવાળું દાન વિક્રમ સંવત્ ૭૯૪ ના કાર્તિક વદ ૨ ને રોજ સૂર્યગ્રહણને અવસરે કરેલું હતું એમ લખેલું છે. આ મીતિપરથી જણાય છે કે જૈકદેવ ઇ. સ. ૭૩૮ માં એટલે કે જાચિકદેવના પહેલાં ૧૬૬ વર્ષ ઉપર થઈ ગયેલો હોવો જોઇએ. આ તામ્રલેખના અક્ષર આઠમા સેંકડાના અક્ષર જેવા જૂના જણાતા નથી. પણ દસમા સેંકડાના અક્ષર જેવા જણાય છે, તેમજ મીતિ, વાર અને ગ્રહણની હકીકત બરાબર મળતી નથી. તેથી. દાક્તર ભગવાનલાલનું ધારવું એવું છે કે અગીઆરમા સેંકડામાં કોઇએ જાચિકદેવવાળું તામ્રપટ જોયું હશે તે પરથી એ તામ્રપટ બનાવટી ઉભું કર્યું હશે. એ તામ્રપટ ખોટું હશે કે ખરૂં હશે તોપણ ભૂમલીમાં જૈકદેવ નામનો એક મોટો અને સ્વતંત્ર મિહિર રાજા થઇ ગયો હશે એ વાત

---

* જુઓ ભગવાનલાલકૃત સૌરાષ્ટ્ર દેશનો ઇતિહાસ, પાન ૫૬.

સંભવિત લાગે છે. એ વંશના બીજા કયા કયા રાજા થયા, તેમના વખતમાં શા શા બનાવ બન્યા એ વગેરે જાણવાને ભરોંસાલાયક સાધન નથી તોપણ એ વંશમાં પોરબંદરના રાણા હજી સુધી રાજ્ય કરે છે એ વાત સારી પેઠે જાણીતી છે, ભૂમલી હાલ ઉજ્જડ થઇ ગયેલું છે, તોપણ અગીઆરમા સેંકડાની બાંધણીનાં દેવળનાં ખંડેર હજીસુધી જણાય છે. જૂના તામ્રલેખ હજી સુધી મળ્યા નથી, પણ આગળપર શોધ કરતાં તે મળશે એવી વકી છે.

ચુડાસમા અને જાડેજા,

દસમા સેંકડાની શરૂઆતમાં સિંધથી એક નવી જાતના લોકનું ટોળું કચ્છ અને કાઠીઆવાડમાં ઉતરી આવ્યું હતું. એ ટોળામાં કચ્છના જાડેજા અને સોરઠના ચુડાસમા હતા. આ લોકો પોતે જાદવ કુળના હોવાનું કહે છે. ડાક્તર ભગવાનલાલનો મત એવો છે કે ચુડાસમા લોકો મૂળમાં આહિર જાતના હતા. ચુડાસમાને લોકો આહિર રાણા કહે છે તે ઉપરથી પણ તેમની ઉત્પત્તિ આહિરમાંથી હશે એમ લાગે છે. બીજા સેંકડામાં સિંધ અને પંજાબની વચ્ચે આહિર લોકો વસ્યા હતા, એમ ટોલેમીના ગ્રંથ ઉપરથી પણ જણાય છે. ચુડચંદ્ર નામના મુખીની સાથે આહિર લોકો આવેલા તેથી તેઓ ચુડાસમા કહેવાયા, તેમની પ્રથમ રાજધાની વાંથળી (વામનસ્થળી) માં અને પછી જૂનાગઢમાં હતી. સિંધના નગરઠઠ્ઠામાં સમા રજપૂત રાજ્ય કરતા હતા તેની ઓલાદના ચુડાસમા લોક હશે એમ કર્નલ વૉટસનનું ધારવું છે. એમના મત પ્રમાણે ચુડાસમાની પેઠે જાડેજા પણ સિંધના સમા રજપૂતોનો એક ફાંટો છે; મધ્ય એશિયાના તાતાર લોકોના સતાવ્યાથી દક્ષિણ ભણી ખસી તેમણે કચ્છમાં થાણાં ઘાલ્યાં અને ત્યાંથી કાઠીઆવાડમાં પેઠા; ગેઝિટિયરના ઇતિહાસ કર્તાનું ધારવું છે કે જાડેજા એ જૌડેજા ઉપરથી થયું હશે અને જૌડેજા યોધેય ઉપરથી થયું હશે. યોધેય લોકો આહિર લોકોની નજીકમાં હતા એમ ક્ષત્રપ રાજાઓના શિક્કા ઉપરથી જણાય છે. વલભિ વંશની પડતી થયા પછી યોધેય લોકો કચ્છમાં આવી વસ્યા અને આહિર લોકો કાઠીઆવાડમાં આવી વસ્યા, અને

પછી બંનેએ પ્રદેશ જીતી લઈ પોતાનાં રાજ્ય સ્થાપન કર્યાં. ચુડાસમા લોકોએ જૂનાગઢમાં પોતાનું રાજ્ય સ્થાપન કર્યું તેથી જેઠવાઓને જૂનાગઢ પાસે આવેલું ભૂમલી છોડવું પડયું. ભૂમલી છોડયા પછી પોરબંદર પાસે શ્રીનગર નામની નવી રાજધાની તેમણે સ્થાપન કરી અને પોરબંદર ગાદી આણી ત્યાં લગી શ્રીનગરમાં રહી રાજ્ય કર્યું.

ધોળકેથી ધંધુકે જવાના રસ્તા ઉપર હદ્દાલા ગામ છે ત્યાંથી મળેલા એક તામ્રપટથી જણાય છે કે ઈ. સ. ૯૧૭ (શક ૮૩૯) માં વઢવાણમાં ધરણીવરાહ નામનો ચાપ વંશનો રાજા રાજ્ય કરતો હતો. તેણે મહેશ્વરાચાર્ય નામના એક શૈવ આચાર્યને એક ગામ દાનમાં આપ્યું હતું. આ ધરણીવરાહ ખંડીઓ રાજા હતો અને તેનો સ્વામી મહિપાળદેવ નામનો બળવાન્ રાજા હતો એમ એ તામ્રલેખમાં લખેલું છે. આ મહિપાળદેવ ઈ. સ. ૯૧૭ માં કાઠીઆવાડનો કોઇ મોટો રાજા હોવો જોઇએ. દાક્તર ભગવાનલાલને આ મહિપાળદેવના બે શિક્કા જૂનાગઢ આગળથી મળ્યા હતા, તેથી એવું ધારવામાં આવે છે કે દસમા સેંકડાની શરૂઆતમાં મહિપાળદેવ નામનો બળવાન્ ચુડાસમા રાજા થઇ ગયો હોવો જોઇએ.

વલભિ વંશની પડતી થયા પછી બીજા કયા વંશનું રાજ્ય ગુજરાતના મોટા ભાગ ઉપર સ્થાપન થયું એ વિષે ચોકસ માહિતી મળવાનાં સાધન નથી. જૈન ગ્રંથકારોએ સોલંકી અને વાઘેલા વંશના વખતમાં લખેલા ઐતિહાસિક ગ્રંથોમાંથી ઇસ્વીસનના આઠમા સેંકડામાં અણહિલપુરમાં ચાવડાવંશનું રાજ્ય સ્થાપન થયા વિષે થોડી ઘણી માહિતી મળે છે તે ઉપરથી ચાવડા વંશનો ઇતિહાસ હવેના પ્રકરણમાં આપેલો છે.

પ્રકરણ ૧૩ મું.

ચાવડા વંશ.

(ઇ. સ. ૭૨૦—૯૬૧)

ઐતિહાસિક સાધન.

પાછલાં પ્રકરણોમાં ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ આપવામાં આવ્યો છે, તે તામ્રલેખ, શીલાલેખ, શિક્કા, વગેરે પરથી મળતી છૂટી છવાઇ હકીકત, વિદ્વાનોએ ઘણો પરિશ્રમ લઇ ભેગી કરી છે તે પરથી આપવામાં આવ્યો છે. એવી રીતે મેળવેલો પ્રાચીન ઇતિહાસ તુટક અને અપૂર્ણ હોય એ સ્વાભાવિક છે, પરંતુ અણુહિલવાડનું રાજ્ય સ્થાપન થયું ત્યારથી ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં એક નવો કાળ શરૂ થાય છે અને એ કાળના ઇતિહાસ જાણવાને નીચે જણાવેલાં ઐતિહાસિક ગ્રંથોનાં સાધન છેઃ—

હેમચંદ્ર કૃત દ્વયાશ્રય; મેરૂતુંગ કૃત પ્રબંધચિંતામણિ તથા વિચારશ્રેણિ; કૃષ્ણાજી કૃત રત્નમાળા; જીનપ્રભાસૂરી કૃત તીર્થકલ્પ; જીનમંડનોપાધ્યાયકૃત કુમારપાળપ્રબંધ; કૃષ્ણરૂષિ કૃત કુમારપાળ ચરિત્; સોમેશ્વર કૃત કીર્તિકૌમુદી; અરિસિંહ કૃત સુકૃતસંકીર્તન; રાજશેખર કૃત ચતુર્વિંશતિ પ્રબંધ; વસ્તુપાળ ચરિત્; ચંદ કૃત પૃથ્વીરાજ રાસા.

આ સાધનોને લીધે પાછલાં પ્રકરણોમાં આપેલા પ્રાચીન ઇતિહાસ કરતાં અણુહિલવાડના રાજયનો ઇતિહાસ વધારે સંતોષકારક લાગે છે, તેમ છતાં તે પણ જોઇએ તેવો સંપૂર્ણ અને ખાત્રીલાયક નથી. અણુહિલવાડનું રાજ્ય ઈ. સ. ૭૨૦ માં ચાવડાવંશથી શરૂ થયું, છતાં ચાવડા વંશના વખતમાં કોઇ ઐતિહાસિક ગ્રંથ લખેલો જણાતો નથી. ઉપર જણાવેલા ગ્રંથો પૈકી કેટલાક સોલંકી વંશના વખતમાં બારમા સેંકડામાં લખાયેલા છે અને કેટલાક તો ત્યાર પછીથી લખાયા છે. વળી ઈતિહાસ તરીકે ખરેખરી રીતે બનેલી

હકીકત જણાવવાને બદલે ઘણે ઠેકાણે એટલી બધી અતિશયોક્તિ વાપરેલી છે કે સત્ય શું હશે એ સમજવું કઠણ થઈ પડે છે.

ચાવડા વંશની શરૂઆતના ભાગના ઇતિહાસ માટે મુખ્ય આધાર પ્રબંધચિંતામણિ, વિચારશ્રેણિ, સુકૃત સંકીર્તન અને રત્નમાળા એ ચાર પુસ્તકો છે. પ્રબંધ ચિંતામણિ એ નાનો ઐતિહાસિક સંગ્રહ છે. વિચારશ્રેણિમાં માત્ર રાજાનાં નામ જણાવ્યાં છે તો પણ તે વધારે ભરોંસાલાયક જણાય છે. સુકૃત સંકીર્તન નાનો ગ્રંથ છે અને તેમાંની હકીકત ઘણે ભાગે વિચારશ્રેણિમાંથી લીધેલી હોય એમ લાગે છે. રત્નમાળા એ માનસિંહ રાજાના વખાણને અર્થે કવિતામાં રચેલો ગ્રંથ છે, અને તેમાં પ્રબંધ ચિંતામણિમાંથી ઘણી વાતો લેવામાં આવેલી છે.

પંચાસર.

પંચાસર નામે એક નાનું ગામ વઢિયારમાં રાધનપુરના નવાબના તાબામાં કચ્છના રણની એક કોરે છે. વલ્લભિપુરનો નાશ થયા પછી ચાવડા જાતના ક્ષત્રીયો પંચાસર આવ્યા અને ત્યાં એક રાજ્ય સ્થાપ્યું. પંચાસરમાં ચાવડા વંશનું રાજ્ય હોવાની વાત ગુજરાતના ચાલુક્ય રાજા પુલિકેશી જનાશ્રયના નવસારીના તામ્રપટપરથી જણાય છે. (ત્રૈકુટક સંવત્ ૪૯૦ ઇ. સ. ૭૩૮-૩૯) આ તામ્રપટમાં તાજિક અથવા આરબ જાતનું ટોળું સિંધથી નવસારી જીત કરતું આવ્યાનું જણાવ્યું છે અને તેના આવવાથી જે રાજ્યો દુઃખી થયાં તેમાં કચ્છ અને સુરાષ્ટ્રના રાજ્ય પછી "ચાવોતક" ના રાજ્યનું નામ આવે છે. આ "ચાવોતક" પંચાસરના ચાવડા હશે એમ લાગે છે. પંચાસરના ચાવડા મોટા રાજા હોય એમ જણાતું નથી. તેમના કબજામાં ઘણામાં ઘણું વઢિયાર અને કાઠીઆવાડના ઉત્તર કિનારાનો કંઈ ભાગ હશે. ચાવડાનું પાછળથી સંસ્કૃત રૂપ ચાપોત્કટ (પ્રબળ ધનુર્ધારી) થયેલું જણાય છે. તો પણ તેટલા પરથી ચાવડાનું રાજ્ય મોટું હશે એમ લાગતું નથી. ચાવડા એ નામ ગુજરાતી ચોર (પ્રાકૃત ચોરટા) ને ઘણું મળતું આવે છે. ચાવડા પરથી થયેલું "જાવડા" હજી પણ વઢિયાર તરફ ચોરના અર્થમાં વપરાય

છે. સોરઠને કાંઠે દેવપટ્ટણ નામનું બંદર છે ત્યાં ચાવડા લોક પ્રથમ રહેતા અને ચાંચીયાનું કામ કરતા તે પરથી તેઓ ચોર કહેવાતા અને ચોરપરથી ચૌરા અથવા ચાવડા થએલું છે, એવી દંતકથા પણ ઉપર જણાવેલા અર્થને મળતી આવે છે. ચાવડાની ઉત્પત્તિ જોતાં તેથી પણ ચાવડાનું રાજ્ય નાનું હશે એમ માનવાને ટેકો મળે છે.

જયશિખરી, ઇ. સ. ૬૯૬

રત્નમાળાનો કર્તા (ઇ. સ. ૧૨૩૦) જણાવે છે કે ચાવડા વંશનો જયશિખરી નામનો એક શૂરવીર રાજા ઈ. સ. ૬૯૬ માં પંચાસરમાં રાજ્ય કરતો હતો. તેની પટરાણીનું નામ રૂપસુંદરી હતું રૂપસુંદરીને સુરપાળ નામે ભાઇ હતો, તે ઘણો ડાહ્યો અને શૂરવીર હતો. જયશિખરી પોતે પણ બળવાન્, તેજવાન્ અને બુદ્ધિમાન્ હતો. તેનો ભંડાર અખૂટ હતો અને તેની ફોજ ઘણી મોટી હતી. તે વખતે કન્યાકુબ્જ અથવા કનોજના કલ્યાણકટક નગરમાં ચાલુક્ય વંશનો ભુવડ રાજા રાજ્ય કરતો હતો. એ રાજાએ પોતાનાં રાજ્યની આજુ-બાજુના સઘળા દેશો જીતી લીધા હતા, પણ ગુજરાત તેના તાબામાં આવ્યું નહોતું. એક વખત ભુવડ રાજા પોતાના પાટવી કુંવર, કરણ વીર વગેરે સુભટો અને કામરાજ આદિ કવીશ્વરોની સભા ભરી બેઠો હતો એવામાં ગુજરાતનો કવિ શંકર ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો અને પોતાની રચેલી કવિતા કહી સંભળાવી. શંકર કવિએ જયશિખરીની બહાદુરીનાં વખાણ કર્યાં તે પરથી ગુજરાત જીતી લેવાનું ભુવડને મન થયું, અને તેણે ઇ. સ. ૬૯૬ માં ગુજરાતપર ચઢાઇ કરી અને જયશિખરીને લઢાઇમાં હરાવી માર્યો. મરતા પહેલાં જયશિખરીને જ્યારે એમ લાગ્યું કે મારે જીતવાની આશા નથી ત્યારે તેણે પોતાની રાણી રૂપસુંદરી જે ગર્ભવંતી હતી તેને તેના ભાઇ સુરપાળ સાથે જંગલમાં એક નિર્ભય જગોએ મોકલાવી દીધી; કારણ કે તેને સંતાન થાય તો કોઇ દિવસ તે દુશ્મનપર વેર લે. જયશિખરીના મરણ પછી રૂપ-સુંદરીને સંવત્ ૭૫૨ ના વૈશાખ સુદી ૧૫ ને રોજ પુત્રનો પ્રસવ થયો.

તેનું નામ વનરાજ પાડયું. આ વનરાજે આગળ જતાં અણહિલવાડનું રાજ્ય સ્થાપ્યું.

રત્નમાળાના કર્ત્તાએ જણાવેલી આ દંતકથામાં કેટલું સત્ય રહેલું છે એ નક્કી કરવું મુશ્કેલ છે. સાતમા સેંકડામાં કનોજમાં ચાલુક્ય નહીં પણ પાલરાજા થયેલા છે. કનોજમાં કલ્યાણકટક નામનું નગર આવેલું જણાતું નથી. દક્ષિણમાં કલ્યાણ નગરમાં ચાલુક્ય વંશના રાજા થયેલા છે ખરા પણ તે સાતમા સેંકડામાં નહીં પણ અગીયારમા સેંકડામાં થયા છે. વળી દક્ષિણના ચાલુક્ય રાજાઓનાં જે નામ જણાયાં છે તેમાં ભુવડ નામનો કોઇ રાજા થયો નથી. કદાચ એમ હશે કે મહાન્ ચાલુક્ય રાજા વિજયાદિત્ય (ઇ. સ. ૬૯૬ થી ૭૩૩) જેનું બીજું નામ ભુવનાશ્રય હતું અને જે ઉત્તરમાં લઢાઇ કરતાં કેદ પકડાયો હતો અને પછી નાશી ગયા હતો તેને ભુવડ કહેવામાં આવ્યો હશે. આ ઉપરથી એમ અનુમાન કરી શકાય છે કે સોલંકી રાજાઓ મૂળમાં કલ્યાણના હતા, અને ભુવડ નામના ચાલુક્ય રાજાએ ચાવડાને હરાવ્યા હતા એટલી વાત જાણવામાં હોવાથી રત્નમાળાના કર્ત્તાએ ભુવડને કલ્યાણકટકનો રાજા કહ્યો હશે, અને પુરાણમાં જાણીતા કન્યાકુબ્જ દેશમાં કલ્યાણકટક આવેલું હોવાનું લખ્યું હશે. પ્રબંધચિંતામણિ અથવા બીજા કોઈ જૂના પુસ્તકમાં કનોજથી હલ્લો થયાની વાત લખી નથી તેથી પણ આ અનુમાનને ટેકો મળે છે. આ વખતે ગુજરાતના ચાલુક્ય વંશની શાખાઓ ઉત્તરમાં ખેડા સુધી રાજ્ય કરતી હતી, તેમાંના ભુવડ નામના કોઇ રાજાએ ઇ. સ. ૬૯૬ માં પંચાસરપર હલ્લો કર્યો હોય એ બનવા જેવું છે, પરંતુ કમીમાં કમી ઇ. સ. ૭૨૦ સુધી ચાવોત્કટ રાજ્યની હયાતીનાં ચિન્હ તામ્રપટોપરથી જણાય છે તેથી એમ લાગે છે કે ઇ. સ. ૬૯૬ માં પંચાસરનો નાશ ભુવડે કર્યો નહીં હોય પણ ઉપર જણાવેલા પુલકેશિ જનાશ્રયના નવસારીવાળા તામ્રલેખમાં લખ્યા પ્રમાણે આરબ લોકના ટોળાએ ઇ. સ. ૭૨૦ ના અરસામાં કર્યો હશે. આ પરથી એમ ધારી શકાય કે વનરાજ આશરે ઇ. સ. ૭૨૦ માં જન્મ્યો હશે.

વનરાજ. ઇ. સ ૭૨૦–૭૮૦. (૧)

પ્રબંધ ચિંતામણિનો કર્ત્તા મેરૂતુંગ જણાવે છે કે વનરાજની ઝોળી ઝાડની ડાળીએ લટકાવી રૂપસુંદરી રાણી હિંચકા નાખતી હતી, એવામાં શિલગુણસૂરી નામનો જૈન યતિ ત્યાં આવી ચડયો. તેણે કુંવરની કાંતિ તથા તેનાં શરીરપર રાજ્ય ચિન્હ જોઇ તેની મા પાસેથી તેને વેચાતો લીધો. એ કુંવર વનમાં જન્મેલો હોવાથી તેનું નામ તેણે વનરાજ પાડયું. વીરમતી નામની એક સાધ્વીએ વનરાજને બાળપણમાં ઉછેર્યો. વનરાજ આઠ વર્ષનો થયો ત્યારે શીલગુણસૂરીએ દેવગૃહમાં ઉંદરો નુકશાન ન કરે તે જોવાનું કામ તેને સોંપ્યું. ઉંદર મારવામાં વનરાજની ચાલાકી જોઇ શીલગુણસૂરીને લાગ્યું કે તે સાધુ થવાને લાયક નથી પણ રાજ્ય કરવાને લાયક છે, તેથી તેને તેની માને પાછો આપી દીધો. આ અને આવી બીજી વાતો જૈન લોકોએ પોતાનો મહિમા વધારવાને જોડી કાઢી હશે એમ લાગે છે. રત્નમાળામાં એવી કોઇ વાત નથી.

વનરાજ વિષે વાર્ત્તાઓ.

જયશિખરીના મરણ પછી તેનો સાળો સુરપાળ બહારવટુ કરતો હતો. વનરાજે તેની પાસે તાલીમ લીધી અને નાની વયથી બહારવટુ કરવા લાગ્યો. પ્રબંધ ચિંતામણિમાં વનરાજના બાળપણાના સમયની બીજી કેટલીક વાતો આપેલી છે. પ્રથમ કાકર (કાંકરેજ) ગામમાં કોઈ શેઠને ત્યાં તેણે ખાતર પાડયું. ત્યાં પ્રવેશ કરતાંજ દહીંના ગોરસામાં તેનો હાથ પડવાથી તે થોડુંક દહીં ખાઇ બીજી સર્વ વસ્તુઓ પડી મૂકી જતો રહ્યો. પ્રાતઃકાળે તે શેઠની પુત્રી શ્રીદેવીએ ગોરસામાં પડેલી હાથની રેખાઓ જોઇ વિચાર્યું કે "આ કોઈ મોટો ભાગ્યશાળી પુરૂષ જણાય છે; તે મારા બંધુ સમાન છે, માટે એનાં દર્શન કર્યા શિવાય હું ભોજન કરીશ નહી." વનરાજને આ પ્રતિજ્ઞાની ખબર પડી તેથી તેણે બીજી રાત્રે ત્યાં જઇ, શ્રીદેવીએ ગુપ્ત રીતે ભોજન વસ્ત્રાદિથી કરેલો સત્કાર સ્વીકાર્યો અને પ્રસન્ન થઇ વચન આપ્યું કે રાજ્યાભિષેક સમયે તારી પાસે ભગિની તિલક કરાવીશ.

વળી એક વખત વનરાજે વગડામાં જાંબ (ચંપા) નામના કોઇ વાણિયાને રોકયો, તેથી તે વાણિયાએ એકદમ ગુસ્સે થઇ પોતાની પાસેનાં પાંચ બાણોમાંથી બે જમીનપર ફેંકી દીધાં. ત્યારે વનરાજે તેને પૂછ્યું "તમે આમ કેમ કર્યું ?" તે બોલ્યો, "તમે ત્રણ જણ છો અને બાણ પાંચ છે માટે એ બેની શી જરૂર છે ?" તેના એ જવાબથી, આ કોઇ પરાક્રમી પુરૂષ છે, એમ ધારી વનરાજે તેને પોતાની પાસે રાખ્યો અને તેને વચન આપ્યું કે "મારા રાજ્યભિષેક સમયે હું તમને મારા મુખ્ય પ્રધાન નિમીશ."

રાજા ભુવડે ગુજરાતની ઉપજ પોતાની કુંવરી મિલનદેવીને આપી હતી. એ કુંવરીની વતી વહીવટ કરનારે ઉપજ ઉઘરાવવા સારૂ વનરાજને 'સેલભ્રત' અથવા બરછીદારનો અધિકાર સોંપ્યો. કલ્યાણના પ્રતિનિધિઓ દેશમાં છ મહિના રહ્યા એટલીવારમાં વનરાજે ચોવીસ લાખ સોનૈયા અને ચાર હજાર ઘોડા એ પ્રમાણે પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યું. એ દ્રવ્ય લઇને તેઓ જતા હતા તેવામાં વનરાજે તેમનાપર હલ્લો કર્યો, તેમને લૂંટયા અને જીવથી મારી નાખ્યા; પછી વનરાજ એક વર્ષ વગડામાં સંતાઇ રહ્યો. મળેલા દ્રવ્યથી તેણે સૈન્ય એકઠું કર્યું, રાજ્ય સ્થાપન કરવાની પોતાની ધારણા પાર પાડવાને શક્તિમાન થયો અને નવીન રાજધાની વસાવવા સારૂ ભૂમિનું અવલોકન કરવા લાગ્યો. અણહિલ નામના ભરવાડે જે જગ્યાએથી સસલાથી બીહીને કુતરો નાઠો તે જગો તેને બતાવી તે ઉપરથી તે ભરવાડના નામપરથી તેણે અણહિલપુર વસાવ્યું, અને ત્યાં ગાદીએ બેઠો.

અણહિલવાડની સ્થાપના, ઇ. સ. ૭૪૬–૭૬૫.

પ્રબંધચિંતામણિમાં મેરૂતુંગ વનરાજનો રાજ્યાભિષેક ઇ. સ. ૭૪૬ (સંવત્ ૮૦૨) માં થયો હોવાનું જણાવે છે. પરંતુ તેના વિચારશ્રેણિ નામના ગ્રંથમાં એજ ગ્રંથકાર અણહિલપુર સ્થાપન કર્યાની મીતિ સંવત્ ૮૨૧ ના વૈશાખ વદી ૨ (ઇ. સ. ૭૬૫) જણાવે છે. આનો ખુલાસો કદાચ એમ ધારવાથી થઈ શકે કે સંવત્ ૮૦૨ ની સાલ વનરાજને રાજ્ય-ધાનીનું નગર વસાવવા જેટલી દોલત મળ્યાની હશે, અને સંવત્ ૮૨૧ ની

સાલ નગર વસાવ્યા પછી રાજ્યાભિષેક થયાની હશે. પાટણમાં એક ગણપતિની મૂર્ત્તિ છે તેનીપર સંવત્ ૮૦૨ ની સાલ લખેલી છે તે પરથી લોકોમાં એવી વાત ચાલે છે કે એ સાલમાં પાટણ શહેર વસાયલું છે, પરંતુ આ મૂર્ત્તિપર એ સાલના જે આંકડા છે તે એવા સ્પષ્ટ છે કે સંવત્ ૮૦૨ માં તે લખ્યા હોય એમ લાગતું નથી, વનરાજ ૫૦ વર્ષની ઉમ્મરે ગાદીએ બેઠો હતો, એમ પ્રબંધ ચિંતામણિમાં લખેલું છે તેથી તેનો રાજ્યાભિષેક અણહિલપુર શહેર બંધાવ્યા પછી, ઇ. સ. ૭૬૫ (સંવત્ ૮૨૧) માં થયો હશે એ વધારે સંભવિત લાગે છે. બીજી રીતે નક્કી થતી સાલનો પણ આની સાથે મેળ પડે છે. વનરાજનો જન્મ આશરે ઇ. સ. ૭૨૦ માં થયો હતો એમ માનીએ તો ઇ. સ. ૭૬૫ (સંવત્ ૮૨૧) માં તેની ઉમ્મર ૪૫ વર્ષની થાય છે. પ્રબંધચિંતામણિ અને વિચારશ્રેણિ એ બંને ગ્રંથોમાં મેરૂતુંગ જણાવે છે કે વનરાજે સાઠ વર્ષ રાજ્ય કર્યું અને ૧૦૯ વર્ષની ઉમ્મર ભોગવી. પરંતુ ઘણાજ થોડા રાજાઓએ સાઠ વર્ષ રાજ્ય કરેલું અને એકસો નવ વર્ષની ઉમ્મર ભોગવેલી જણાય છે. વળી પચાસ વર્ષની ઉમ્મરે ગાદીએ બેઠેલો રાજા બીજાં સાઠ વર્ષ જીવે એ સંભવિત લાગતું નથી, તેથી એમ ધારવામાં આવે છે કે વનરાજે સાઠ વર્ષ રાજ્ય કર્યાનું મેરૂતુંગે લખ્યું છે તેટલોજ આવરદા વનરાજે ભોગવ્યો હશે. આ રીતે જોતાં રાજ્યાભિષેક વખતે ઇ. સ. ૭૬૫ (સંવત્ ૮૨૧) માં વનરાજ ૪૫ વર્ષનો હોવાથી તેણે ઇ. સ. ૭૮૦ સુધી (સંવત્ ૮૩૬) એટલે આશરે ૧૫ વર્ષ રાજ્ય કર્યું હોવું જોઇએ.+

અણહિલ ભરવાડના નામપરથી નગરનું નામ પાડયા ઉપરાંત વનરાજે આપેલાં બીજાં વચન પણ ગાદીએ બેઠા પછી પાળ્યાં. તેણે શ્રીદેવી પાસે તિલક કરાવ્યું અને ચાંપાને મુખ્ય પ્રધાન નિમ્યો. પોતાના જૂના મિત્ર શીલગુણસૂરીને પણ વનરાજ વીસરી ગયો નહીં. પંચાસરમાં પારસનાથની જે

+ ગૅઝિટિયરનો ઇતિહાસ, પાન ૧૫૨.

મૂર્ત્તિની તે પૂજા કરતો હતો તે વનરાજે અણુહિલવાડ પાટણ આણી અને ત્યાં એક દેવળ બંધાવી તેમાં તેની પ્રતિષ્ઠા કરી, "પંચાસર પારસનાથ" નામ પાડયું.

પારસનાથની મૂર્ત્તિ સાથે વનરાજે પોતાની મૂર્ત્તિ મૂકાવેલી છે તે હજી સુધી પાટણમાં કાયમ છે. એ મૂર્ત્તિનું ચિત્ર રાસમાળામાં આપેલું છે. રાજાએ દાઢી રાખી છે, કાનમાં કુંડળ, હાથે કડાં, પગે તોડા, અને કોટમાં કંઠો પહેરેલો છે; ટુંકું ધોતીઉં પહેરી કેડે કમરબંધ બાંધ્યો છે અને ખભે ઉપરણો નાખ્યો છે. રાજાની પાસે એક જણ છત્ર ધરીને ઉભો છે, અને બીજા પાંચ હજુરીઆ ઉભા રહેલા છે. સોમનાથ પાટણથી ૨૫ માઇલ છેટે આવેલા માળીઆના દેવળમાં સોલંકી રાજાની મૂર્તિ મૂકેલી છે તેનો પહેરવેશ ને વનરાજની મૂર્ત્તિનો પહેરવેશ ઘણે ભાગે મળતો આવે છે. વનરાજના સમયમાં આભીર અથવા રાષ્ટ્રકૂટ રાજા થઈ ગયા છે અને તેનું વર્ણન આરબ મુસાફરોએ આપેલું છે તેને વનરાજની છબીનો દેખાવ મળતો જણાય છે.

વનરાજની મૂર્તિ.

વનરાજ પછી કયા કયા રાજા થયા, તેમણે કયા અનુક્રમમાં અને કેટકેટલાં વર્ષ રાજ્ય કર્યું એ વગેરે બાબતોમાં ઐતિહાસિક ગ્રંથોમાં ઘણો મત ફેર જણાય છે. પ્રબંધચિંતામણિ, વિચારશ્રેણિ અને રત્નમાળા એ ત્રણ એક મતે જણાવે છે કે વનરાજના રાજ્યાભિષેક પછી ચાવડા વંશ ૧૯૬ વર્ષ ચાલ્યો, પરંતુ વિચારશ્રેણિમાં મૂળરાજ સોલંકી ગાદીએ બેઠાની સાલ સંવત ૧૦૧૭ જણાવી છે અને પ્રબંધ ચિંતામણિમાં સંવત્ ૯૯૮ જણાવી છે. વનરાજના રાજ્યાભિષેકની સાલમાં આ બે ગ્રંથોમાં ૧૯ વર્ષનો તફાવત પડે છે તેજ ચાવડા વંશ પૂરો થવાની સાલોમાં પણ પડે છે, તે પરથી એમ લાગે છે કે ચાવડા વંશ ૧૯૬ વર્ષ ચાલ્યો, એ વાત સારી પેઠે જણાતી હશે, પણ દરેક રાજાએ કઇ સાલથી રાજ્ય કર્યું અને કયાં સુધી રાજ્ય કર્યું એ બાબત દરેક ગ્રંથકારે પોતાની માહિતી પ્રમાણે

વનરાજ પછીના રાજાઓ, ઇ. સ. ૭૮૦–૯૬૧

લખ્યું હશે. જે સાલો મળતી આવે છે તે લેખોથી અથવા બીજી રીતે ચોકસ રીતે જણાઇ હશે અને બાકીની દંતકથા ઉપરથી લખી હશે તેમાં ફેર પડે છે.

બધા ગ્રંથોમાં લખ્યું છે કે વનરાજ પછી યોગરાજ ગાદીએ બેઠો. પ્રબંધ ચિંતામણિ અને રત્નમાળા પ્રમાણે યોગરાજે ૩૫ વર્ષ રાજ્ય કર્યું અને ઇ. સ. ૮૪૧ (સંવત્ ૮૯૭) માં મરી ગયો. પરંતુ વિચારશ્રેણિમાં તેના મરણની સાલ ઇ. સ. ૮૩૭ (સંવત્ ૮૯૧) જણાવી છે તેથી વિચારશ્રેણિ પ્રમાણે યોગરાજે ૨૯ વર્ષ રાજ્ય કરેલું હોવું જોઈએ. વિચારશ્રેણિમાં કદાચ સાતને બદલે એક ભૂલથી લખાયો હશે તેથી સંવત્ ૮૯૭ ને બદલે સંવત્ ૮૯૧ લખાયું હશે અને યોગરાજે વાસ્તવિક રીતે સંવત્ ૮૯૭ સુધી એટલે ૩૫ વર્ષ સુધી રાજ્ય કર્યું હશે.

યોગરાજ, ઈ. સ. ૮૦૬-૮૪૧.

ગેઝિટિયરના ઇતિહાસ પ્રમાણે વનરાજ ઇ. સ. ૭૮૦ માં મરી ગયો હોવો જોઇએ એમ માનીએ તો ઇ. સ. ૭૮૦ થી ૮૦૬ સુધીના ૨૬ વર્ષમાં યોગરાજ શિવાય બીજા કોઇ રાજાએ રાજ્ય કર્યું હતું એમ માનવું જોઇએ. એ રાજા કયો એ કોઇ રીતે જણાયું નથી. યોગરાજને મોટો ભાઈ હોય અને તેણે એ વર્ષોમાં રાજ્ય કર્યું હોય એવો સંભવ ગેઝિટિયરના ઇતિહાસમાં બતાવ્યો છે. વનરાજ પછી કયો રાજા થયો એ જાણવામાં ન હોવાથી ગ્રંથકારોએ આ ૨૬ વર્ષ વનરાજના રાજ્યમાં મેળવ્યાં હોય અને તેણે ૧૦૯ વર્ષ જેટલું લાંબુ આયુષ્ય ભોગવ્યાનું અને ૬૦ વર્ષ રાજ્ય કર્યાનું જણાવ્યું હોય એ સંભવિત લાગે છે.

યોગરાજ સંબંધી થોડીજ વાત જાણવામાં આવી છે. તેને વિષે એવું કહેવાય છે કે તે ઘણો સારો રાજા હતો. તેણે પોતાનું રાજ્ય વધાર્યું અને ઉપજમાં પણ વધારો કર્યો. તે યુદ્ધ કળામાં પ્રવીણ હતો અને ઇંદ્રના જેવો બાણાવળી હતો. વળી તે વિદ્વાન હતો અને તેણે એક ગ્રંથ પણ લખ્યો હતો, પણ તે કઈ બાબતપર તે જણાતું નથી. યોગરાજના વખતની માત્ર એકજ વાત ગુજરાતના ઇતિહાસ લખનારાઓએ લખી રાખી છે. સોરઠ માંહેલા

પટ્ટણ બંદરે કેટલાંક પરદેશી વહાણ આવ્યાં હતાં તેમાં વેપારનો મૂલ્યવાન માલ ભર્યો હતો. યોગરાજે મનાઇ કરેલી છતાં તેના યુવરાજ ક્ષેમરાજે એ વહાણોપર હલ્લો કરી તેમાંનો માલ લૂંટી લીધો. આથી રાજાના મનમાં ઘણો ખેદ થયો. તેણે ક્ષેમરાજને તથા તેની સાથે એ કામમાં સામીલ રહેલા તેના ભાઇઓને ઠપકો આપ્યો અને કહ્યું કે "તમે મેં કરેલી મહેનત ધૂળ કેમ મેળવો છો? આપણા પૂર્વજોએ આવાં કૃત્યો કરેલાં હોવાથી બીજા દેશોએ તેમને ચોર ગણી ધિક્કારી કાઢ્યા છે. આપણા પૂર્વજોનું આ લાંછન મેં ધોઇ નાખવા માંડયું હતું પણ તમારા લોભથી તે પાછું તાજું થયું છે."

ક્ષેમરાજ, ઈ. સ. ૮૪૧–૮૮૦.

પ્રબંધ ચિંતામણિ પ્રમાણે યોગરાજ પછી તેનો પુત્ર ક્ષેમરાજ ઇ. સ. ૮૪૧ (સંવત્ ૮૯૮) માં ગાદીએ બેઠો. વિચાર શ્રેણિમાં એમ જણાવ્યું છે કે યોગરાજ પછી રત્નાદિત્ય ગાદીએ બેઠો; અને તેણે ૩ વર્ષ રાજ્ય કર્યા પછી વૈરિસિંહ ગાદીએ બેઠો અને ૧૧ વર્ષ રાજ્ય કર્યું, ત્યાર પછી ઇ. સ. ૮૪૯ (સંવત્ ૯૦૫) માં ક્ષેમરાજ ગાદીએ બેઠો. રત્નાદિત્ય અને વૈરિસિંહ સાથે યોગરાજનો શો સંબંધ હતો એ જણાવેલું નથી. યોગરાજને ત્રણ પુત્ર હતા એમ પ્રબંધ ચિંતામણિમાં લખ્યું છે તેથી એમ માનવાને કારણ મળે છે કે રત્નાદિત્ય અને વૈરિસિંહ યોગરાજના પુત્ર હશે. ક્ષેમરાજનું રાજ્ય ૩૯ વર્ષ ચાલેલું હોવાનું લખેલું છે, પરંતુ ૩ વર્ષ રત્નાદિત્યનાં, અગીઆર વર્ષ વૈરિસિંહનાં અને બાકીનાં ૨૫ ક્ષેમરાજનાં એ પ્રમાણે મળીને ૩૯ વર્ષ થતાં હશે એમ લાગે છે. આ પ્રમાણે ગણતાં ક્ષેમરાજનું રાજ્ય ઇ. સ. ૮૮૦ (સંવત્ ૯૩૬) માં પૂરૂં થાય છે.

ચામુંડ, ઇ. સ. ૮૮૦–૯૦૮.

વિચારશ્રેણિ અને સુકૃતસંકીર્તન પ્રમાણે ક્ષેમરાજ પછી તેનો પુત્ર ચામુંડ ગાદીએ બેઠો. પ્રબંધચિંતામણિમાં ચામુંડને બદલે ભૂયડ નામ આપેલું છે તે કદાચ ચામુંડનું ઉર્ફે નામ હશે. પ્રબંધ ચિંતામણિમાં

લખ્યું છે કે ભૂયડે ૨૯ વર્ષ રાજ્ય કર્યું અને અણહિલવાડ પાટણમાં ભૂયડે-શ્વરનું દેવળ બંધાવ્યું. વિચારશ્રેણિમાં લખ્યું છે કે ચામુંડે ૨૭ વર્ષ રાજ્ય કર્યું. પ્રબંધ ચિંતામણિમાં જણાવેલા ભૂયડ અને વિચારશ્રેણિમાં જણાવેલા ચામુંડના રાજ્યમાં બે વર્ષનો તફાવત પડે છે, વિચારશ્રેણિ પ્રમાણે ભૂયડનું રાજ્ય ઇ. સ. ૯૦૮ (સંવત્ ૯૬૪) માં પૂરું થયું હશે.

ઘાઘડ. ઈ. સ, ૭૦૮–૯૩૭.

ભૂયડ પછી પ્રબંધચિંતામણિ પ્રમાણે વૈરિસિંહ ગાદીએ બેઠો અને ૨૫ વર્ષ રાજ્ય કર્યું, ત્યાર પછી રત્નાદિત્ય ગાદીએ બેઠો અને ૧૫ વર્ષ રાજ્ય કર્યું; પરંતુ વિચારશ્રેણિ પ્રમાણે ચામુંડ પછી તેનો પુત્ર ઘાઘડ ગાદીએ બેઠો. સુકૃત સંકીર્તનમાં ઘાઘડને રાહડ લખેલો છે. પ્રબંધ ચિંતામણિમાં રાજાનું નામ ઘાઘડને બદલે સામંતસિંહ આપેલું છે તે કદાચ ઘાઘડનું ઉર્ફે નામ હશે. વિચારશ્રેણિ પ્રમાણે ઘાઘડે ૨૭ વર્ષ રાજ્ય કર્યું. ત્યાર પછી તેનો પુત્ર ગાદીએ બેઠો અને ૧૯ વર્ષ રાજ્ય કર્યું એમ વિચારશ્રેણિમાં લખ્યું છે, પણ તેનું નામ જણાવ્યું નથી. આ રાજાનું નામ ભૂભટ્ટ હતું, એમ સુકૃતસંકીર્તનમાં લખ્યું છે. આ પરથી એમ ધારી શકાય છે કે ઘાઘડનું રાજ્ય (સંવત્ ૯૬૫+૨૭=૯૯૨) ઇ. સ. ૯૩૬ માં પૂરું થયું હશે. ત્યારબાદ ભૂભટ્ટનાં ૧૯ વર્ષ ઉમેરતાં ચાવડાવંશની આખરની સાલ ઇ. સ. ૯૫૬ (સંવત્ ૧૦૧૨) આવે છે, પરંતુ વિચારશ્રેણિમાં ચાવડા વંશની આખર સાલ સંવત્ ૧૦૧૭ આપેલી છે તે કરતાં આમાં ૫ વર્ષ ઓછાં રહે છે. આગળ જતાં વિશેષ પુરાવો મળવાથી ચાવડા વંશના ઈતિહાસપર વધારે અજવાળું પડે ત્યાં સુધી વિચારશ્રેણિમાં જણાવ્યા પ્રમાણે ચાવડા વંશની આખર ઈ. સ. ૯૬૧ (સંવત્ ૮૨૧+૧૯૬=૧૦૧૭) માં થઇ હશે એમ માનવું યોગ્ય જણાય છે. આ પ્રકરણમાં જણાવેલી હકીકત પ્રમાણે ચાવડા વંશની વંશાવળી નીચે પ્રમાણે થાય છે:—

વનરાજ.

જન્મ, ઇ. સ. ૭૨૦; રાજ્યાભિષેક, ઇ. સ. ૭૬૫;
મરણ, ઇ, સ. ૭૮૦. ત્યારબાદ ૨૬ વર્ષ બીજા

યોગરાજ.
ઇ. સ. ૮૦૬–૮૪૧.

રત્નાદિત્ય.
ઇ. સ. ૮૪૨–૮૪૫.

વૈરિસિંહ.
ઇ. સ. ૮૪૫–૮૫૬.

ક્ષેમરાજ.
ઇ. સ. ૮૫૬–૮૮૦.

ચામુંડ અથવા ભૂવડ (?)
ઇ. સ. ૮૮૦.

ઘાઘડ અથવા રાહડ.
ઇ. સ. ૯૦૮–૯૩૭

ભૂભટ.
ઇ. સ. ૯૩૭–૯૬૧

પ્રકરણ ૧૪ મું.

ચૌલુક્ય અથવા સોલંકી વંશ.

(ઇ. સ. ૯૬૧–૧૨૪૨)

ચાવડા વંશ પછી ચૌલુક્ય અથવા સોલંકી વંશના રાજા અણહિલવાડની ગાદીએ બેઠા. આ રાજાઓમાંના કેટલાકે જૈન ધર્મ અંગીકાર કરેલો હોવાથી જૈન ગ્રંથકારોએ તેમના વખતનો ઇતિહાસ કાળજીપૂર્વક લખી રાખ્યો છે. જૈન ઇતિહાસ લખનારાઓમાં સૌથી પહેલો જૈન સાધુ, હેમચંદ્ર છે (ઇ. સ. ૧૦૮૯–૧૧૭૩). તેણે દ્વયાશ્રય નામના સંસ્કૃત કાવ્યમાં સિદ્ધરાજના વખત સુધીનો (ઇ. સ. ૧૧૪૩) વિગતવાર ઇતિહાસ આપેલો છે. હેમચંદ્રે દ્વયાશ્રય લખવાની શરૂઆત ઇ. સ. ૧૧૬૦ માં કરી હતી. એવું કહેવાય છે કે એ ગ્રંથ અભયતિલકગ્રંથ નામના બીજા જૈન સાધુએ ઇ. સ. ૧૨૫૫ માં પૂરો કરી સુધાર્યો હતો. દ્વયાશ્રયનું છેલ્લું પ્રકરણ પ્રાકૃતમાં છે તેમાં કુમારપાળના વખતનો ઇતિહાસ આપેલો છે. દ્વયાશ્રય શબ્દનો અર્થ એવો થાય છે કે બે આશ્રય અથવા આધાર, વ્યાકરણ તથા ઇતિહાસ એ બે આધાર જેને રચવામાં લીધેલા તે ગ્રંથ તે દ્વયાશ્રય. એમાં હેમચંદ્રે રચેલી અષ્ટાધ્યાયીના સૂત્રનાં પાદવાર ઉદાહરણ છે, ને ગુજરાતના ઇતિહાસનો અર્થ પણ તેમાંથી નીકળતો ચાલે છે. ખરૂં જોતાં આ ગ્રંથ વ્યાકરણનો છે; તેમાં સાલો આપેલી નથી એટલે ઇતિહાસ તરીકે તેનો ઉપયોગ જેવો જોઈએ તેવો થઈ શકતો નથી. સાલો માટે સૌથી સરસ ગ્રંથ વિચારશ્રેણિ છે. મેરૂતુંગે પ્રબંધચિંતામણિ લખ્યા પછી થોડે વખતે, આશરે ઇ. સ. ૧૩૧૪ માં વિચારશ્રેણિ ગ્રંથ લખ્યો છે અને તેમાં બની શકે તેટલી ચોકસી કરી ખરી સાલો આપવાની તજવીજ કરી છે.

ચૌલુક્ય વંશ. ઇ. સ. ૯૬૧–૧૨૪૨.

ચૌલુક્ય.

વિચારશ્રેણિ પ્રમાણે ચાવડા વંશ પછી, છેલ્લા ચાવડા રાજાની પુત્રીનો પુત્ર, મૂળરાજ ચૌલુક્ય, ઇ. સ. ૯૬૧ (સંવત્ ૧૦૧૭ વૈશાખ સુદી) માં ગાદીએ બેઠો. દખ્ખણના ચાલુક્ય વંશના ચલ્કય, ચલિક્ય, ચિરીક્ય, ચાલુક્ય જૂનાં નામપરથી, ચૌલુક્ય, એ સંસ્કૃત રૂપ કરવામાં આવ્યું છે. અને તેમ કરવાનો ઉદ્દેશ એવું બતાવવાનો જણાય છે કે સંધ્યાવંદન કરતી વખતે સૂર્યને અર્ધ્ય આપવાના ખોબલા (ચુલુક) માંથી જે વીર (ચુલુક્ય) પેદા થયો તેનો વંશ તે ચૌલુક્ય વંશ. આ સંસ્કૃત નામ ગ્રંથકારોએ વાપરેલું જણાય છે. દખ્ખણના કવિ બિલ્હણે (ઇ. સ. ૧૦૫૦) અને અણહિલવાડના ઇતિહાસકારોએ તે વાપરેલું છે. પરંતુ ગુજરાતના લોકોમાં તથા ભાટોમાં સાધારણ રીતે વપરાતું નામ તો ચૌલુક્ય પરથી થયેલું અપભ્રંશ સોલંકી છે. દખ્ખણ અને ગુજરાતના ચાલુક્ય વંશનું એકજ નામ છે તે પરથી એમ લાગે છે કે બંનેની ઉત્પત્તિ એક મૂળમાંથી થયેલી હશે, પરંતુ એ વંશની મૂળ ગાદી ક્યાં હશે અને ક્યાંથી તથા કયે રસ્તે સોલંકી વંશ ગુજરાતમાં આવ્યો હશે એ નક્કી કરવાને પૂરતાં સાધન નથી. ડાક્તર બ્યુલરનું ધારવું એવું છે કે મૂળરાજના વડીલો ઉત્તર તરફથી આવ્યા હશે એમ માનવાને ઘણાં કારણો છે.

મૂળરાજ, ઇ. સ. ૯૬૧–૯૯૬.

સુકૃતસંકીર્તનમાં જણાવ્યું છે કે છેલ્લા ચાવડા રાજા ભૂભટ્ટ પછી તેની બહેનનો છોકરો મૂળરાજ ગાદીએ બેઠો. પણ એ ગ્રંથમાં મૂળરાજના દેશની તથા તેના કુટુંબની વિગતવાર હકીકત આપેલી નથી. પ્રબંધ ચિંતામણિનો કર્તા મૂળરાજને સામંતસિંહની બહેનનો છોકરો કહે છે અને નીચે પ્રમાણે હેવાલ આપે છે. જયશિખરી પર હુમલો કરનાર ભુવડ રાજાના વંશના રાજ, બીજ અને દંડક એ નામના ત્રણ ભાઇ સોમનાથની જાત્રાએ ભિક્ષુકનો વેશ લઇ ગયા હતા. પાછા ફરતાં તેઓએ અણહિલવાડ મુકામ કર્યો. ત્યાં ચાવડા વંશનો છેલ્લો રાજા સામંતસિંહ અશ્વક્રીડા કરતો હતો તે જોવાને તેઓ ગયા. સામંતસિંહે ઘોડાને ચાબુક મારી તે પ્રત્યે રાજે

નાપસંદગી બતાવી અને તેનું કારણ પૂછતાં જણાવ્યું કે ઘોડાની મનહર ગતિ છતાં તમે વિનાકારણ ચાબુક મારી એ બરોબર કર્યું નહીં; આથી સામંતસિંહ ખુશ થયો અને તેને રાજકુળનો જાણી પોતાની બેન લીલાદેવી તેની વેરે પરણાવી. થોડા દિવસ પછી લીલાદેવીને ગર્ભ રહ્યો, પણ પ્રસવ થતાં પહેલાં તેનું અકાળ મૃત્યુ થયું તેથી તેનું ઉદર ચીરાવી બાળક બહાર કાઢવામાં આવ્યું તે વખતે મૂળ નક્ષત્ર હોવાથી એ બાળકનું નામ મૂળરાજ પાડયું. મૂળરાજ મોટો થયો ત્યારે ઘણો શૂરો નિવડયો અને તેના મામાનું રાજ્ય વધારવામાં ઘણી મદદ કરી. સામંતસિંહે એક દિવસ દારૂના ઘેનમાં મૂળરાજને ગાદી ઉપર બેસાડયો અને શુદ્ધિ આવતાં ઉઠાડી મૂક્યો. પણ મૂળરાજે જીકર કરી કે મને એક વખત ગાદીએ બેસાડયા પછી ઉઠાડી શકાય નહીં, એમ કહી તેણે લશ્કર ભેગું કર્યું, સામંતસિંહને હરાવ્યો, મારી નાખ્યો અને ઈ. સ. ૯૪૨ (સંવત્ ૯૯૮) માં પોતાની મેળે ફરીથી ગાદીએ બેઠો. મેરૂતુંગની આ વાતમાં મૂળરાજનો બાપ રાજ હોવાનું તથા તેની મા ચાવડી હોવાનું ખરૂં જણાય છે. પરંતુ તેનો બાપ ભિક્ષુકના વેશમાં પાટણ આવ્યાનું અને સામંતસિંહને ખુશી કરી તેની બહેન પરણ્યાનું, ભાટોની પેઠે રજપુતોનો મહિમા વધારવા જોડી કાઢેલું લાગે છે. દાકતર બ્યુલરે મેળવેલા મૂળરાજના તામ્રલેખમાં રાજને મહારાજધિરાજ કહ્યો છે. ભિક્ષુકના વેશમાં ભટકતા રાજાને આવો ખિતાબ આપવામાં આવે એ સંભવિત નથી. રત્નમાળાનો કર્ત્તા લખે છે કે ભુવડથી પાંચમી પેઢીએ રાજ થયો હતો. તેની પહેલાંના રાજાઓનાં નામ અનુક્રમે કરણાદિત્વ, ચંદ્રાદિત્ય, સોમાદિત્ય અને ભુવનાદિત્ય હતાં. જયશિખરી અને મૂળરાજ વચ્ચે લગભગ અઢીસો વર્ષ થયાં છે માટે એટલા વર્ષમાં સાત આઠ રાજા થવા જોઇએ તેને બદલે રત્નમાળામાં પાંચ જ જણાવ્યા છે તેથી રત્નમાળાના કર્ત્તાનું કહેવું ખરૂં લાગતું નથી.

અજમેરના રાજાની ચઢાઈ.

અણહિલવાડનું રાજ્ય પોતાને હસ્તક કર્યા પછી મૂળરાજે પોતાની સત્તા ચારે દિશામાં ફેલાવવા માંડી. પશ્ચિમમાં કાઠીઆવાડ અને કચ્છપર તે ફરી વળ્યો; દક્ષિણે લાટ અથવા દક્ષિણ ગુજરાતના રાજા બારપ

સાથે અને ઉત્તરે અંજમેરના વિગ્રહ રાજા સાથે તેણે લડાઇઓ કરી. અજમેરના રાજા સપાદલક્ષીય કહેવાતા હતા. હાલના સેવાલિક પહાડનું સપાદલક્ષ એ સંસ્કૃત નામ છે. ગુજરાતના જૈન ઇતિહાસકો જે ચોહાણોને સપાદલક્ષીય કહે છે તે સેવાલિકથી ગુજરાતમાં આવ્યા હશે એમ લાગે છે. સેવાલિક છોડયા પછી અજમેર તેમની રાજધાની થયું હતું. અજમેરને ચોહાણરાજા અજયપાળે (ઈ. સ. ૧૧૭૪–૧૧૭૭) કિલ્લો બંધાવ્યો હતો તેથી તેના નામપરથી એ શહેરનું નામ અજમેર થયું છે, એમ ચોહાણ લોકો કહે છે પરંતુ તે ખરૂં લાગતું નથી. પાંચમા અને આઠમા સૈકાની દરમિયાન આ ભાગમાં મેહ્ર અથવા મ્હેર લોકોનું જોર હતું. તેમના નામ ઉપરથી અજમેર નામ થયું હશે એમ લાગે છે. હમ્મીર મહાકાવ્યનો કર્ત્તા ચોહાણ વંશ વાસુદેવ (ઇ. સ. ૭૮૦) થી શરૂ કરે છે અને જણાવે છે કે તેના પછી થયેલા ચોથા રાજા અજયપાળે અજમેરનો કિલ્લો બંધાવ્યો. અજમેરનો કિલ્લો બંધાવ્યા પછી (ઇ. સ. ૮૪૦) ચોહાણ લોકો ગુજરાતપર હલ્લો કરવા લાગ્યા. વાસુદેવથી દસમી પેઢીએ થયેલા વિગ્રહરાજે મૂળરાજને હરાવી મારી નાખ્યો એમ હમ્મીર મહાકાવ્યમાં લખ્યું છે, પણ તે ખરૂં જણાતું નથી. પ્રબંધ ચિંતામણિમાં આ સંબંધમાં નીચે પ્રમાણે હેવાલ આપ્યો છેઃ—જે વખતે અજમેરના રાજાએ મૂળરાજપર ઉત્તર તરફથી ચઢાઇ કરી તેજ વખતે તિલંગાના રાજા તૈલપના સેનાપતિ બારપે દક્ષિણ તરફથી ચઢાઇ કરી. બંને જણની સામે થઇ શકાશે નહી એમ ધારી મૂળરાજ તેના પ્રધાનોની સલાહથી કચ્છના નાકાપર કંથકોટનો કિલ્લો છે તેમાં ભરાઇ બેઠો. તેનું ધારવું એવું હતું કે ચોમાસુ પૂરૂં થયા પછી અજમેરનો રાજા નવરાત્રમાં સાકંભરી માતાની પૂજા કરવાને અજમેર પાછો જશે, એટલે બારપ એકલો રહેશે તેની સામે થઇ શકાશે, પણ અજમેરનો રાજા મૂળરાજના ધાર્યા પ્રમાણે પાછો ગયો નહીં. જ્યાં મુકામ નાખ્યો હતો ત્યાંજ ચોમાસુ વિત્યાબાદ તેણે માતા મંગાવ્યાં અને ત્યાં નવરાત્ર કર્યા. આખરે મૂળરાજે પોતાના સામંતોને બોલાવી ભારે ઇનામ આપ્યાં અને અજમેરના રાજા ઉપર હુમલો કરવામાં મદદ કરવા ફરમાવ્યું. પછી એક હાથણીપર

બેશી માવત વગર તેમજ બીજા કોઇને સાથે લીધા વગર તે એકલો અજમેરના રાજાની છાવણીમાં ગયો. હાથણી ઉપરથી ઉતરી હાથમાં નાગી તરવાર લઇ તેણે દ્વારપાળને કહ્યું, "તારા રાજાને કહે કે મૂળરાજ આવી તમારે બારણે ઉભો છે." દ્વારપાળ ખબર આપવા જતો હતો એવામાં મૂળરાજે તેને ધક્કો મારી બાજુએ ખસેડ્યો અને પોતાની મેળે અજમેરના રાજાની સમક્ષ જઇ ઉભો. દ્વારપાળે આવી ખબર આપી કે, "મૂળરાજ આવ્યો છે." અજમેરનો રાજા આથી જરા ગભરાયો અને પૂછ્યું, "તમેજ મૂળરાજ કે?" મૂળરાજે જવાબ દીધો, "મારી સાથે યુદ્ધમાં સામો થાય તેને હું ખરો બહાદુર ગણું. હું ધારતો હતો કે મારી સામે થાય એવો કોઇ બહાદુર દુશ્મન નથી, એટલામાં તમે આવી પહોંચ્યા છો. તેથી હું મને નસીબદાર સમજું છું પણ તમારા આવ્યા પછી તરતજ તિલંગાના રાજા તૈલપનો સેનાપતિ પણ મારી પર ચઢી આવ્યો છે તેની સામે હું લઢું ત્યાં સુધી તમારે વાટ જોવી જોઇએ. મારી પીઠ પાછળથી હલ્લો કરવો ન જોઇએ." અજમેરના રાજાએ કહ્યું, "તમે રાજા છતાં પેદળ સિપાઇની પેઠે એકલા આવ્યા છો અને તમારી સલામતીની પણ દરકાર કરી નથી, માટે હું જીવતા સુધી તમારો દોસ્ત થઇ રહીશ." મૂળરાજે જવાબ દીધો "એમ કહેવાની જરૂર નથી." અજમેરના રાજાએ જમવાનું નોતરૂં દીધું પણ જમવા માટે પણ મૂળરાજ ઉભો રહ્યો નહીં અને હાથમાં તરવાર સાથે પાછો વળી હાથણીપર બેઠો. પછી સામંતો સાથે તેણે બારપપર હલ્લો કર્યો, તેને હરાવી ઠેર માર્યો અને તેના ૧૮ હાથી તથા ૧૦,૦૦૦ ઘોડા લઇ લીધા. આ લૂટ લઇને મૂળરાજ પાછો ફરતો હતો એવામાં તેને ખબર મળી કે અજમેરનો રાજા પાછો જતો રહ્યો છે.

પ્રબંધચિંતામણિના કર્તાએ જે વાત જણાવી છે તે હમ્મીર કાવ્યના કર્તાએ જણાવેલી વાતથી આ પ્રમાણે જૂદી પડે છે. બંનેનો મુકાબલો કરતાં ખરી વાત એ હોવાનું લાગે છે કે અજમેરના રાજાએ મૂળરાજને હરાવ્યો હશે પણ મૂળરાજ તાબે થવાથી તેનો પ્રદેશ લઇ લીધા વગર પાછો ફર્યો હશે.

બારપની ચઢાઇ.

બારપ અને મૂળરાજ વચ્ચે થયેલા યુદ્ધનું વર્ણન હેમાચાર્યે દ્વયાશ્રયના છઠ્ઠા સર્ગમાં વિગતવાર કરેલું છે; તેનો સાર આ પ્રમાણે છે:—એક દિવસ મૂળરાજ સભા ભરીને બેઠો હતો એવામાં જૂદા જૂદા દેશથી ભેટો આવવા માંડી. અંગરાજે મોકલેલા રથ, વિંધ્યેશે મોકલેલા હાથી, પાંડુ દેશપતિએ મોકલેલા ઉત્તમ હાર, સિંધુરાજે મોકલેલાં રત્ન, વનવાસ રાજાએ મોકલેલું સુવર્ણ, શરજાચલ એટલે દેવગિરીના રાજાએ મોકલેલાં કરમાય નહીં એવાં કમળ, કોલ્હાપુરનાં રાજાએ મોકલેલાં પદ્મરાગમણિ, કાશ્મીરના રાજાએ મોકલેલી કસ્તુરી વગેરે બધું પ્રતિહારે નજર કર્યું. છેવટ લાટ દેશના રાજા બારપે મોકલેલો એક ઉગ્ર હાથી પણ રજુ થયો. પરંતુ તેને જોતાંજ ગજલક્ષણશાસ્ત્રમાં કુશળ એવા ચામુંડ રાજે તેને અતિ નિષિદ્ધ જણાવ્યો. એ ઉપરથી રાજાએ પોતાનું અપમાન થયું સમજી હાથી પાછો વાળ્યો. ચામુંડે તેનાપર ચઢાઈ કરવાની મરજી બતાવી. રાજા પોતે પણ ચામુંડની સાથે જવાનો નિશ્ચય કરી મુહૂર્ત્તે ઘણાક રાજાની સેના સહિત નિકળ્યો ને ગુજરાતના રાજ્યની સિમા શ્વભ્રવતી (સાબરમતી ?) ને કાંઠે આવ્યો. ત્યાંથી નર્મદા ઉપર આવ્યો. તેને જોઇને ભૃગુકચ્છ એટલે ભરૂચ ગામમાં ગભરાટ વ્યાપી રહ્યો. પ્રથમ. ચામુંડ લાટેશની સામે ગયો અને પછી મૂળરાજ જાતે પણ ગયો; પણ તેને ખબર પડી કે ચામુંડ એકલાએ લાટેશને હરાવી હણ્યો છે ત્યારે તેના હર્ષમાં કંઇ બાકી રહી નહીં. આ ફતેહ પછી મૂળરાજ અને ચામુંડ અણહિલપુર પાછા આવ્યા.

દ્વયાશ્રયમાં બારપ લાટ દેશનો રાજા હોવાનું લખ્યું છે; પરંતુ પ્રબંધચિંતામણિમાં તેને તિલંગના રાજા તૈલપનો સેનાપતિ જણાવ્યો છે. વળી સુકૃતસંકીર્તનમાં તેને કન્યાકુબ્જના રાજાનો સેનાપતિ કહ્યો છે, અને કીર્તિકૌમુદીમાં લાટેશનો સેનાપતિ કહ્યો છે. બીજા પુરાવા પરથી હાલમાં એમ જણાયું છે કે મુળરાજના વખતમાં બારપ નામનો ચાલુક્ય રાજા લાટ દેશમાં રાજ્ય કરતો હતો. બારપના પૌત્ર કીર્ત્તિરાજના સુરતના તામ્રપટમાં ઇ. સ. ૧૦૧૮ (શક ૯૪૦) ની સાલ છે. એક રાજાના રાજ્યનાં

વીસ વર્ષ ગણતાં આ પરથી બારપનો સમય ઇ. સ. ૯૭૮ (શક ૯૦૦) નક્કી થાય છે. અને તે સાલ મૂળરાજના વખતમાં આવે છે (ઇ. સ. ૯૬૧–૯૯૬). પ્રબંધચિંતામણિમાં બારપને તૈલપનો સેનાપતિ લખ્યો છે તે ખરૂં લાગે છે. બારપ નામ દક્ષિણી જણાય છે. વળી તૈલપે રાષ્ટ્રકૂટોને ઇ. સ. ૯૭૨ (શક ૮૯૪) માં હરાવ્યા હતા તેથી તેણે લાટ દેશમાં પોતાનો સ્વતંત્ર અધિકારવાળો સેનાપતિ મૂક્યો હોય એ સંભવિત જણાય છે. દ્વયાશ્રયમાં બારપને લાટેશ કહ્યો છે અને કીર્તિકૌમુદીમાં લાટેશનો સેનાપતિ કહ્યો છે, તેનો ખુલાસો પણ આથી થઇ જાય છે.

ગ્રહરિપુ સાથે લડાઇ.

સોરઠના આભીર અથવા ચુડાસમા રાજા ગ્રહરિપુ* સાથે મૂળરાજે સૌથી પહેલી લડાઇ કરી હતી. પ્રભાસ તરફ જતાં જાત્રાળુઓપર ગ્રહરિપુ જુલમ કરતો હતો તેથી આ લડાઇ કરવાનું કારણ ઉત્પન્ન થયું હતું. આ લડાઇનો ચિતાર દ્વયાશ્રયમાં આબેહુબ આપેલો છે. ગ્રહરિપુની રાજ્યધાની વામનસ્થળી (જૂનાગઢની પાસે હાલ વનથળી છે તે) નગર હતું. વળી તેની પાસે તેણે દુર્ગપલ્લી નામનો કિલ્લો બંધાવ્યો હતો તે કદાચ હાલનું જૂનાગઢ હશે. ગ્રહરિપુને કચ્છના ફુલા રાજાના પુત્ર લાખા સાથે ગાઢો દોસ્તી સંબંધ હતો અને તુર્ક અથવા મલેચ્છ લોકોની પણ મદદ હતી. મૂળરાજ મોટું લશ્કર લઇ જંબુમાળી નદી આગળ આવી પહોંચ્યો ત્યારે ગ્રહરિપુ પોતાનું લશ્કર એકઠું કરી તેની સામે ગયો. ગ્રહરિપુની સ્ત્રી નીલીના પુત્ર સોરઠની પ્રસિદ્ધ નદી ભાદરને કાંઠે વસતા હતા ત્યાંથી ગ્રહરિપુની મદદે આવ્યા. વળી તેનો મિત્ર કચ્છનો લાખો અને સિંધનો રાજા પણ તેની મદદે આવી પહોંચ્યા. મૂળરાજની મદદે શીલાપ્રસ્થ, મારવાડ, બનારસ અને શ્રીમાળના રાજા પોતાનાં સૈન્ય લઇ

---

* ગ્રહરિપુ એ કોઇનું નામ નથી પણ ઉપનામ છે. ગ્રહ એટલે જળચર (મગર) અને રિપુ એટલે શત્રુ; જળચરને (દુશ્મનને) પકડનાર, એવો અર્થ દ્વયાશ્રયમાં આપ્યો છે.

આવ્યા. જાંબુમાળી નદીપર મોટું યુદ્ધ થયું તેમાં ગ્રહરિપુ મૂળરાજને હાથે કેદ પકડયો. પોતાના મિત્રને પકડાયેલો જોઇ લાખો ક્રોધથી શત્રુના સૈન્યમાં જઇ ધસ્યો, પણ તેમાં તે મરાયો. આ જીત મેળવ્યા પછી મૂળરાજ પ્રભાસ ગયો, પવિત્ર સોમેશ્વરનું પૂજન કર્યું અને શત્રુ પાસેથી લુંટ તથા ૧૦૮ હાથી લઇને અણહિલપુર પાછો આવ્યો,

પ્રબંધચિંતામણિ પ્રમાણે કચ્છનો લાખો રાણો ગ્રહરિપુ સામેની લઢાઇમાં નહીં પણ બીજી એક લઢાઇમાં મરાયો હતો. પ્રબંધચિંતામણિનો કર્ત્તા જણાવે છે કે કચ્છ દેશમાં પરમાર વંશનો કીર્તિરાજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની કુંવરી કામલતા ફુલ્લહડ નામના એક માણસને પરણાવી હતી તેનો લાખો નામનો પુત્ર થયો અને તે કીર્ત્તિરાજ પછી કચ્છની ગાદીએ બેઠો. લાખાને માળવાના રાજા યશોવર્માનો આશરો હોવાથી તે કોઇથી જીતાય નહીં એવો ગણાતો. તેણે અગીઆર વાર મૂળરાજના સૈન્યને ત્રાસ પમાડી હઠાવી મૂકયું. પરંતુ બારમે વખતે મૂળરાજે લાગ જોઈ તેને કપિલકોટમાં ઘેરી લીધો અને તેની સાથે દ્વંદ યુદ્ધ કરી તેને મારી નાખ્યો. આટલાથી સંતોષ ન માનતાં મૂળરાજે રણભૂમિપર પડેલા લાખાની દાઢીને અપમાનપૂર્વક પગથી સ્પર્શ કર્યો, તે જોઇ લાખાની માતાએ મૂળરાજને શ્રાપ દીધો કે “તું અને તારા વંશજો લુટારોગ (કોઢ) થી નાશ પામજો.”

લાખા સાથે મૂળરાજને દુસ્મનાવટ થવાનું બીજું એક કારણ રાસમાળામાં ભાટ લોકોની દંતકથાપરથી આપેલું છે. સોલંકી રાણી લીલાદેવી મરી ગઇ એટલે રાજ દ્વારિકામાં વિષ્ણુનું દેવાલય છે તેની યાત્રા કરવાને ગયો ત્યાંથી પાછા આવતાં લાખા ફુલાણીના દરબારમાં ગયો અને તેની બહેન રાયાજી સાથે પરણ્યો; તેને પેટ પછી રાખાઇચ નામે પુત્ર થયો. એક બીજાની વડાઈ વિષેનો વાદ કરતાં રાજ સોલંકીને તેની સાથેનાં માણુસો સાથે લાખાએ મારી નાખ્યો અને જાડેજા રાણી રાયાજી તેની પાછળ સતી થઇ. મૂળરાજના કાકા બીજ સોલંકીએ આ

કજીઆનું વેર લેવા મૂળરાજને ભંભેર્યો: અને લાખે પોતાના દરબારમાં રાજના નાના છોકરા રાખાઇચને તેના ઓરમાન ભાઈ મૂળરાજ સામે કર્યો હતો તે કારણને લીધે પણ લાખા સામે થવાને મૂળરાજ ઉશ્કેરાયો હતો.

મૂળરાજનાં દાન ધર્મ.

શત્રુઓથી મુક્ત થયા પછી મૂળરાજે કેટલાંક ધર્મનાં સ્થાન બંધાવવા માંડ્યાં. અણહિલવાડમાં તેણે મૂળસ્વામિ તથા ત્રિપુરૂષપ્રસાદનાં દેવળ બંધાવ્યાં. મૂળ વસતિક નામનું જૈન દેવળ પણ તેણે બંધાવેલું કહેવાય છે. ઘડપણમાં મૂળરાજ પોતાનો ઘણોખરો વખત સરસ્વતી તીરે શ્રીસ્થળપુર (સિદ્ધપુર) માં ગાળતો. સિદ્ધપુરમાં રહી મૂળરાજે બ્રાહ્મણોને ઘણાં દાન કર્યાં. તેણે પરદેશમાંથી ઘણા બ્રાહ્મણોને તેડાવ્યા અને સિદ્ધપુરમાં વસાવ્યા. ઔદિચ, શ્રીગોડ અને કનોજીઆ બ્રાહ્મણ ગુજરાતમાં મૂળરાજના બોલાવાથી આવેલા જણાય છે. મૂળરાજે ઔદિચ્ય બ્રાહ્મણોને ઉત્તરમાં કુરૂક્ષેત્રથી બોલાવ્યા; ગંગા અને જમના વચ્ચે મધ્ય દેશમાં આવેલા કન્યાકુબ્જથી કનોજીઆ બ્રાહ્મણોને બોલાવ્યા; અને બંગાળા તથા તિર્હૂટ દેશથી શ્રીગોડ બ્રાહ્મણને બોલાવ્યા. મૂળરાજે ઔદિચ્ય બ્રાહ્મણોને શ્રીસ્થળ (સિદ્ધપુર) શ્રીગોડ બ્રાહ્મણોને સ્તંભતીર્થ (ખંભાત) અને બીજા બ્રાહ્મણોને સિંહપુર (સીહોર) દાનમાં આપ્યું, સિદ્ધપુરમાં મૂળરાજે રૂદ્રમહાલય બંધાવ્યું. એવું કહેવાય છે કે તે પૂરૂં થતાં પહેલાં મૂળરાજ મરી ગયો તેથી સિદ્ધરાજે તે પૂરૂં કરાવ્યું. જો કે લોકોમાં આવી દંતકથા ચાલે છે તોપણ રૂદ્રમહાલય પૂરૂં થતા પહેલાં મૂળરાજ મરી ગયાની વાત ખરી લાગતી નથી. ઈ. સ. ૯૮૭ (સંવત ૧૦૪૩) ના એક તામ્રલેખમાં જણાવેલું છે કે માઘ વદિ અમાસને રોજ સૂર્યગ્રહણને અવસરે રૂદ્રમહાલયના મહાદેવની પૂજા કરી મૂળરાજે દાન કર્યું. આપરથી એમ લાગે છે કે તે વખતે રૂદ્રમહાલય પૂરૂં થયેલું હોવું જોઇએ અને તેમાં મહાદેવની સ્થાપના થયેલી હોવી જોઈએ. કદાચ એમ બન્યું હશે કે મૂળરાજનું બંધાવેલું રૂદ્રમહાલય સિદ્ધરાજે દુરસ્ત કરાવ્યું હશે અથવા વધાર્યું હશે.

મૂળરાજનું મરણ.

મૂળરાજને માટે એવું કહેવાય છે કે મોસાળ પક્ષનાં માણસોને મારી-નાખવા બાબત તેને ઘડપણમાં ઘણો પસ્તાવો થયો હતો અને પાપના પ્રાયશ્ચિત માટે તે જાત્રાઓ કરતો ફરતો હતો. દ્વયાશ્રયમાં લખ્યું છે કે બારપને જીતી અણહિલ-વાડ આવ્યા પછી તેણે ચામુંડને ગાદીએ બેસાડયો અને પોતે પુણ્યદાન કરવા સિદ્ધપુર જઇ રહ્યો અને પછી ત્યાં જીવતેજ અગ્નિ પ્રવેશ કરી સ્વર્ગે ગયો. વિચારશ્રેણિમાં મૂળરાજે ઇ. સ. ૯૬૧–૯૯૬ (સંવત્ ૧૦૧૭–૧૦૫૨) સુધી પાંત્રીસ વર્ષ રાજ્ય કર્યાનું જણાવ્યું છે. પ્રબંધચિંતામણિમાં મૂળરાજ-ના રાજ્યની શરૂઆત ઈ. સ. ૯૪૨ (સંવત્ ૯૯૮) માં થયાનું અને પંચાવન વર્ષ રાજ્ય કર્યા પછી તેનું રાજ્ય ઇ. સ. ૯૯૭ (સંવત્ ૧૦૫૩) માં પૂરૂં થયાનું જણાવ્યું છે. આ બે પૈકી મૂળરાજે પાંત્રીસ વર્ષ રાજ્ય કર્યાની વાત વધારે સંભવિત લાગે છે, કારણ કે મામાને મારી નાખ્યો ત્યારે મૂળરાજ કંઇ નાની ઉમ્મરનો નહીં હોય.

ચામુંડ, ઈ. સ. ૯૯૭–૧૦૧૦.

મૂળરાજ પછી તેનો પુત્ર ચામુંડ ગાદીએ બેઠો. આ રાજા વિષે ઘણી થોડી હકીકત જણાયેલી છે. તેને વલ્લભરાજ, દુર્લભરાજ અને નાગરાજ એ પ્રમાણે ત્રણ પુત્ર હતા. ચામુંડ એવો વ્યભિચારી હતો કે તેની બહેન વાચિણીદેવી સાથે તેણે ભોગ કર્યો એમ રાસમાળામાં જણાવ્યું છે. આ વાતને દ્વયાશ્રયના ટીકા-કારથી ટેકો મળે છે. કેમકે તે લખે છે કે ચામુંડને તેની બહેન વાચિણી-દેવીએ તેના દુરાચારથી ગાદીએથી ઉઠાડી મૂકી વલ્લભરાજને ગાદી આપી. ચામુંડ ઘણું કરીને પોતાના કર્મનો પશ્ચાતાપ કરવા પોતેજ કાશી તરફ જતો હશે એવામાં માળવાના રાજાએ તેને લૂટી લીધો; તેથી તેણે પાછા આવી વલ્લભરાજને આજ્ઞા કરી કે માળવા ઉપર ચઢાઇ કરો. વલ્લભે તેમ કર્યું, પણ તેને રસ્તામાં કંઇક અસાધ્ય વ્યાધિ (શીતળા ?) થયો તેથી તે મરી ગયો અને તેનું સૈન્ય અણહિલવાડ પાછું આવ્યું. પછી ચામુંડે દુર્લભરાજને ગાદીએ બેસાડયો અને પોતે નર્મદાપર આવેલા શુકલતીર્થમાં જઈ રહ્યો.

પ્રબંધચિંતામણિ પ્રમાણે ચામુંડે ૧૩ વર્ષ રાજ્ય કર્યું. અને ત્યાર પછી ૭ માસ વલ્લભરાજે કર્યું; પરંતુ વિચારશ્રેણિમાં ચામુંડનું નામ જણાવ્યું નથી અને દુર્લભરાજે ચૌદ વર્ષ (તેર વર્ષ ચામુંડનાં અને ૭ માસ વલ્લભરાજનાં) રાજ્ય કર્યાનું લખ્યું છે. આ ભૂલ હોય એમ લાગે છે. ચામુંડને બદલે વલ્લભરાજનું નામ મૂકી દેવું એ બરોબર લાગે છે, કારણ કે તે બાપની હયાતીમાં મરણ પામ્યો હતો. કેટલાક તામ્રલેખમાં પણ વલ્લભરાજનું નામ જણાવેલું નથી. વલ્લભરાજનું રાજ્ય ઇ. સ. ૧૦૧૦ (સંવત્ ૧૦૬૬) માં પૂરૂં થયું એમ વિચારશ્રેણિ અને પ્રબંધચિંતામણિ એક મતે જણાવે છે, એટલે ચામુંડનું રાજ્ય પૂરૂં થયાની એ સાલ પકડવી યોગ્ય લાગે છે, કારણ કે દુર્લભરાજને ગાદીએ બેસાડી તે શુકલતીર્થ ગયો હતો.

દુર્લભરાજ ઇ. સ. ૧૦૧૦ (સંવત્ ૧૦૬૬) માં ગાદીએ બેઠો.

દુર્લભરાજ, ઇ. સ. ૧૦૧૦–૧૦૨૨.

પ્રબંધચિંતામણિ પ્રમાણે તેણે ૧૧ વર્ષ ૬ માસ અને વિચારશ્રેણિ પ્રમાણે ૧૨ વર્ષ રાજ્ય કર્યું.

દુર્લભરાજ જૈન ધર્મને પણ માનતો હોય એમ જણાય છે. કારણ કે દ્વયાશ્રયમાં હેમાચાર્ય લખે છે કે તેણે એકાંતવાદ ખોટો ઠરાવી અનેકાંતવાદ એટલે જૈન સ્યાદ્વાદ સ્વીકાર્યો. હેમાચાર્ય વળી કહે છે કે મારવાડમાં નાદોલના રાજા મહેંદ્રે પોતાની બહેન દુર્લભદેવીના સ્વયંવરમાં દુર્લભરાજને નોતર્યો તેથી પોતાના ભાઇ નાગરાજ સહિત, સેના લઇ તે ગયો. અંગરાજ, કાશીરાજ, અવંતીશ, ચેદિરાજે, કુરૂરાજ, હૂણાધિપ, મથુરેશ, વિંધ્યદેશાધિપ, અંધ્રરાજ વગેરે સર્વને તજી દુર્લભદેવી દુર્લભરાજને વરી. મહેંદ્રે પોતાની નાની બહેન લક્ષ્મી નાગરાજ વેરે પરણાવી. દુર્લભદેવીએ દુલભરાજને પસંદ કર્યો તેથી, બીજા રાજાઓ સાથે દુર્લભરાજને દુશ્મનાવટ થઈ, પણ તે બધાને તેણે હરાવ્યા. પછી બંને ભાઇઓ અણહિલપુર આવ્યા અને દુર્લભ સરોવર બંધાવ્યું.

નાગરાજને ભીમ નામે પુત્ર હતો. તે જ્યારે મોટો થયો ત્યારે દુર્લભરાજે તેને કહ્યું કે " મારે પાપ શુદ્ધિ અર્થે તીર્થમાં જઈ વસવું છે માટે મને

રાજ્યના ભારમાંથી મુક્ત કર." ભીમે પ્રથમ તો ના કહી પણ દુર્લભરાજ અને નાગરાજનો અતિ આગ્રહ જોઇ પોતાનો રાજ્યાભિષેક કરવા દીધો. પછી દુર્લભ જાત્રાએ ગયો ત્યાં માળવાના રાજા મુંજે તેનું અપમાન કર્યાની વાત જૈન ઐતિહાસિક ગ્રંથોમાં લખેલી છે, પરંતુ દુર્લભરાજ અને મુંજ એ સમકાલીન નહોતા તેથી એ વાત ખરી લાગતી નથી.

ભીમને ગાદીએ બેસાડયા પછી દુર્લભ અને નાગરાજ સાથે સ્વર્ગમાં ગયા એમ દ્વયાશ્રયમાં લખેલું છે.

ભીમ ૧ લો,
ઇ. સ. ૧૦૨૨–૧૦૬૪

દુર્લભરાજ પછી તેનો ભત્રીજો (નાગરાજનો પુત્ર) ભીમ ગાદીએ બેઠો. પ્રબંધચિંતામણિ પ્રમાણે ભીમે ઇ. સ. ૧૦૨૨–૧૦૭૪ (સંવત્ ૧૦૭૮–૧૧૩૦) સુધી એટલે પર વર્ષ રાજ્ય કર્યું, પરંતુ વિચારશ્રેણિમાં તેણે ઇ. સ, ૧૦૨૨–૧૦૬૪ (સંવત્ ૧૦૭૮–૧૧૨૦) સુધી ૪૨ વર્ષ રાજ્ય કર્યાનું જણાવ્યું છે. પ્રબંધચિંતામણિની એક નકલમાં ભીમે ૪૨ વર્ષ રાજ્ય કર્યાનું લખ્યું છે તેથી ૪૨ વર્ષ રાજ્ય કર્યાની વાત ખરી જણાય છે.

ભીમનાં બે તામ્રપટ મળી આવ્યાં છે. એકની ઉપર ઇ. સ. ૧૦૩૦ (સંવત્ ૧૦૮૬) ની સાલ છે, અને બીજા ઉપર ઇ. સ. ૧૦૩૭ (સંવત્ ૧૦૯૩) ની સાલ છે.

ભીમની પહેલાં થઇ ગયેલા રાજાઓ કરતાં ભીમ વધારે બળવાન્ અને પરાક્રમી હતો. તેના વિષે દ્વયાશ્રયમાં હેમાચાર્ય લખે છે કે "ભીમદેવે સારી રીતે રાજ્ય ચલાવ્યું. તે વ્યભિચારનો અપરાધ માફ કરતો નહીં અને ચોરોને યુક્તિથી પકડી શિક્ષા કરતો, તેથી તેના રાજ્યમાં ચોરીઓ ઓછી થતી. તે જીવ રક્ષા બહુ સારી રીતે કરતો, તેથી વનમાં વાઘથી પણ કોઇનો જીવ લેવાતો નહીં. જે રાજાઓ શત્રુની બીકથી નાસેડું લેતા તે ભીમને શરણે આવી રહેતા. કેટલાક રાજા તેના રાજ્યમાં ચાકરીએ રહ્યા હતા, તેથી તે રાજાધિરાજ કહેવાતો."

દ્વયાશ્રય પ્રમાણે ભીમના બે મુખ્ય દુશ્મનો સિંધ અને ચેદિ અથવા બુંદેલખંડના રાજા હતા. પ્રથમ તેણે સિંધના રાજા હમ્મુક ઉપર ચઢાઇ કરી અને તેને હરાવી કેદ કર્યો. ત્યાર પછી ચેદિના રાજા કરણ ઉપર ચઢાઇ કરી, પણ તે ખંડણી આપવાની કબુલ કરી તાબે થયો. કરણે માળવાના રાજા ભોજ પાસેથી સોનાની પાલખી (મંડપિકા) લીધી હતી તે આ વખતે ભીમને ભેટ આપી. ભીમે એ પાલખી સોમનાથ મહાદેવને ભેટ આપી.

સિંધ અને ચેદિના રાજા પર ચઢાઇ.

સિંધના રાજા હમ્મુક ઉપર ચઢાઈ કરવામાં ભીમ રોકાયો હતો, એવામાં માળવાના ભોજ રાજાનો સેનાપતિ કુલચંદ્ર મોટું સૈન્ય લઇને અણહિલપુર ઉપર ચઢી આવ્યો. કુલચંદ્ર નગરમાં પેઠો અને તે લૂટીને મહેલના દરવાજા આગળ જ્યાં ઘડી ઠોકાતી હતી ત્યાં કોડિયો દાટી તથા જયપત્ર લખાવી લઈ માળવે પાછો ગયો; ત્યાં ભોજે તેનો આદર સત્કાર કર્યો, પણ અણહિલપુરના મહેલ આગળ મીઠું દાટવાને બદલે કોડિયો દાટી તેથી તેને ઠપકો દીધો, અને કહ્યું કે એથી તો ઉલટા સારા શુકન થયા: કારણ કે એ એમ સૂચવે છે કે આગળ ઉપર માળવાનું ધન ગુજરાતમાં જશે. ભીલ્સા પાસે ઉદેપુર આગળ એક દેવળમાં ભોજના પુત્ર ઉદયાદિત્યનો એક લેખ છે તે પરથી ભોજના સેનાપતિએ અણહિલપુરમાં જીત મેળવ્યાની વાત ખરી જણાય છે.

અણહિલપુર ઉપર કુલચંદ્રની ચઢાઇ.

ભોજની સાથે સલાહ કરવા સારૂ ભીમદેવે ભોજના દરબારમાં દામર (દામોદર) નામનો સંધિ વિગ્રહિક મોકલ્યો હતો, પરંતુ એ બંને રાજા પોતાના આખા રાજ્યકારભારની વેળામાં થોડો વખત એક બીજાની સામે થતા અને થોડો વખત મિત્ર થઇ જતા એમ જણાય છે. એક સમયે માળવામાં મોઘવારી ઘણી વધી ગઈ, તેથી ભોજરાજા ગુજરાતપર ચઢાઇ કરવા તૈયાર થયો, પણ ભીમદેવના પ્રતિનિધિ દામરે તેનો વિચાર પેશ જવા દીધો

નહીં. માળવા અને તૈલંગના રાજા વચ્ચે જૂનું વેર ચાલતું હતું, તેની યાદ દેવરાવી દામરે ભોજને તૈલંગણના રાજા ઉપર હુમલો કરવા સમજાવ્યો. ભોજ સૈન્ય લઇ તૈલંગણ ઉપર ચઢાઇ કરવા તૈયાર થયો એવામાં તેને ખબર થઇ કે માળવાપર ભીમ ચઢી આવે છે. તેપરથી ભીમે કહ્યા તેવા કોલકરાર કરી ભોજે તેની સાથે સલાહ કરી. બીજી ઘણી વાતો પ્રબંધચિંતામણિમાં આપેલી છે.

સોમનાથ.

સૌરાષ્ટ્ર દેશના દક્ષિણ કિનારા ઉપર નાઘેર નામના સદા લીલા અને ફળદ્રુપ પ્રાંતમાં વેરાવળ નામનું બંદર અને ખાડી છે. એ ખાડીના દક્ષિણ તરફ નીકળતાં અને સમુદ્રના મોજામાંથી ગાજતા એક મજબૂત ખડક ઉપર દેવપાટણ (સોમનાથ પાટણ) નો કિલ્લો છે. એ કિલ્લામાં નૈરૂત્યકોણમાં જ્યાં કિલ્લાની દીવાલને સમુદ્ર છોળો મારે છે ત્યાં દીવાલની પડોશમાં સોમનાથનું પ્રાચીન દેવળ છે. એ દેવળમાં હાલ કંઇ પણ મૂર્ત્તિ નથી તોપણ તેના પડેલા વેરાન ઉપરથી તથા તેને ફરતા પડેલા સ્તંભો, પાયા અને કોતર કામની પ્રાચીનકાળની નિશાનીઓ ઉપરથી જણાય છે કે અસલ એ દેવળનો મોટો દબદબો હશે. એ સઘળું આજ પાયમાલ થઇ ગયેલું છે તોપણ એ શહેરમાં ઠેકાણે ઠેકાણે આપણે ઇમારતોમાં ચણેલા અને છૂટા પડેલા પ્રાચીન વખતના કોતરેલા પથરા અને ભાગેલી મૂર્ત્તિઓ એટલી બધી જોઇએ છીએ કે તેપરથી એ શહેર ઉપર ગમે તેટલી આફતો ગુજરી છે તોપણ જૂના વખતમાં તે હિંદુઓનું પવિત્ર સ્થાન હતું એમ જણાયા વગર રહેતું નથી. દ્વારિકામાં યાદવોનું રાજ્ય હતું તે વખતે પ્રભાસની જાત્રા ચાલતી હોવાનું આપણા વાંચવામાં છે. પરન્તુ મહાભારતમાં સોમનાથ અથવા બીજા કોઈ શિવ મંદિર વિષે લખેલું નથી તેપરથી એમ ધારવામાં આવે છે કે વલ્લભિ રાજાઓ (ઇ. સ. ૪૮૦–૭૫૭) ના પહેલાં સોમનાથનું મંદિર કદાચ બાંધેલું નહીં હોય. વલ્લભિ રાજાઓ ધર્મદાન કરવામાં ઘણા ઉદાર હતા તેથી કદાચ તેમણે સોમનાથનું દેવળ બંધાવ્યું હશે, અને તેમના વખતથી સોમ-

નાથ વધારે પ્રસિદ્ધ થયું હશે. સોલંકી રાજાઓ પણ વલ્લભિ રાજાઓના જેવાજ સોમનાથના ભક્ત હતા; અને સોમનાથના જાત્રાળુઓપર થતો જુલમ દૂર કરવાને મૂળરાજ ગ્રહરિપુ સાથે લઢાઇ લઢ્યો હતો. મૂળરાજ પોતે સોમનાથ ગયો હતો અને ગુજરાતમાં પણ સોમનાથનાં બીજાં દેવળ તેણે બંધાવ્યાં હતાં. મૂળરાજ પછીના રાજાઓ પણ મૂળરાજના જેવાજ સોમનાથના ભક્ત હતા. આથી કરીને સોમનાથના દેવળની દોલત અને ખ્યાતિ વધતી ચાલી હતી.

મહમૂદની સોમનાથ પર ચઢાઇ, ઇ. સ. ૧૦૨૪.

ભીમ ગાદીએ બેઠા પછી થોડા સમયમાં ઘઝનીના સુલતાન મહમૂદે સોમનાથપર ચઢાઈ કરી. મહમૂદે ચઢાઇ કરી સોમનાથની મૂર્ત્તિ તોડી નાખ્યાની વાત ગુજરાતના હિંદુ લેખકોએ જણાવી નથી. ફાર્બસ સાહેબ કહે છે તેમ જૈન ગ્રંથકારો પોતાના વર્ણ્યવીરની પ્રતિષ્ટાને હાનિ લાગે તેવી કશી વાત પોતાના ગ્રંથમાં જણાવતા નથી. દ્વયાશ્રયમાં સોમનાથની વાત હેમચંદ્રે બે વખત લખી છે. તેમાં એકવાર સિદ્ધરાજ જાત્રા કરવા જાય છે ત્યારે, અને બીજીવાર કુમારપાળ તેનો જીર્ણોદ્ધાર કરાવે છે ત્યારે, પણ એક વખત એ દેવાલય ભાગ્યાનો ઇસારો સરખોએ તે કરતો નથી. પરંતુ મુસલમાન ઇતિહાસ લેખકોપરથી એ વાત નિર્વિવાદ જણાય છે કે ઇ. સ. ૧૦૨૪ માં મહમૂદ ઘઝનીએ હિંદુસ્તાનપર દસમી સ્વારી કરી ત્યારે સોમનાથ લૂંટી ભાગી નાંખ્યું હતું.

મહમૂદે સોમનાથનો નાશ કર્યા વિષે જૂનામાં જૂનો હેવાલ ઇબ્નુ અસીર (મે. સ. ૧૧૬૦–૧૨૨૯) નો છે, અને તેમાંથી નીચે પ્રમાણે હકીકત મળે છેઃ—"ઇ. સ. ૧૦૨૪ (હીજરી ૪૧૪) મહમૂદે હિંદનાં કેટલાંક શહેર અને કેટલાક કિલ્લા તાબે કરી લીધા અને વળી તેણે સોમનાથ નામની મૂર્ત્તિ લીધી. હિંદની સૌ મૂર્ત્તિઓમાં આ મૂર્ત્તિ સૌથી મોટી હતી. દરેક ગ્રહણને વખતે હિંદુ લોકો ત્યાં જાત્રા કરવા જતા અને એક લાખ માણસ ભેગું થતું. હિંદુ લોકોના પુનર્જન્મના મત પ્રમાણે હિંદુ લોકો એવું માને છે કે

શરીરમાંથી જૂદા પડયા પછી બધા માણસના આત્મા સોમનાથ ભેગા થાય છે; દરિયામાં ભરતીઓટ થાય છે, એ સોમનાથની પૂજા કરવાનો દરિયે ગ્રહણ કરેલો સૌથી સરસ રસ્તો છે. હિંદુસ્તાનની કિંમતીમાં કિમતી વસ્તુઓ સોમનાથમાં આવતી હતી. એ દેવળના પૂજારીઓને કિમતીમાં કિમતી દાન મળતાં અને દેવળને ૧૦,૦૦૦ ગામ દાનમાં આપેલાં હતાં. દેવળમાં ઘણામાં ઘણાં મૂલ્યવાળાં અને ઘણામાં ઘણાં પાણીવાળાં રત્નો એકઠાં થયાં હતાં. હિંદુસ્તાનમાં ગંગા નામે એક મોટી નદી છે. જેને હિંદુ લોકો ઘણું માન આપે છે, અને મૂઆ પછી સ્વર્ગે પહોંચવાની ધારણાથી મળેલા માણસનાં હાડકાં તેમાં નાંખે છે. આ નદી અને સોમનાથ વચ્ચે આશરે ૧૨૦૦ માઇલ (૨૦૦ પરસંગ) નું છેટું છે, તોપણ સોમનાથની મૂર્ત્તિને નહવડાવવા માટે ત્યાંથી દરરોજ પાણી લાવવામાં આવતું. દરરોજ હજાર બ્રાહ્મણ સોમનાથની પૂજા કરતા અને જાત્રાળુઓને પૂજા કરાવતા. જાત્રાળુઓની હજામત કરવાને ત્રણસો હજામો કામે લાગતા. દેવળને દરવાજે સાડી ત્રણસો ગવૈયા ગાવા બેસતા, અને એ બધાને દરરોજ નક્કી કરેલો પગાર મળતો. જ્યારે મહમૂદ ઉત્તરમાં જીત મેળવતો હતો અને મૂર્ત્તિઓનો નાશ કરતો હતો ત્યારે હિંદુઓ કહેતા કે એ મૂર્ત્તિઓપર સોમનાથનો કોપ થયો છે. જો સોમનાથ તેમની ઉપર પ્રસન્ન હોય તો તેમનો કોઇથી પણ નાશ થઈ શકે નહીં. જ્યારે આ વાત મહમુદના સાંભળવામાં આવી ત્યારે સોમનાથપર ચઢાઈ કરી સોમનાથનો નાશ કરવાનો તેણે નિશ્ચય કર્યો. તેનું ધારવું એવું હતું કે જ્યારે હિંદુઓને માલમ પડશે કે સોમનાથની તેઓ પ્રાર્થના અને ભક્તિ કરે છે, તે નકામી છે ત્યારે તેઓ ઇસલામ ધર્મ અંગીકાર કરશે."

"તેથી મદદ માટે તેણે અલ્લાની પ્રાર્થના કરી અને ૩૦,૦૦૦ ઘોડા અને ઘણા માણસો લઇ શાબાનની દસમી તારીખે (હીજરી ૪૧૪ ઈ. સ. ૧૦૨૪) ધઝનીથી ઉપડ્યો. મૂલતાનનો રસ્તો લઈ તે રમઝાનની અધવચમાં મૂલતાન પહોંચ્યો. મૂલતાનથી હિંદુસ્તાન જવાનો રસ્તો, ખોરાક અને માણસ વગરના ઉજડ જંગલમાંથી જતો હતો, મહમૂદે રસ્તા ખર્ચ માટે

૩૦,૦૦૦ ઉંટપર પાણી અને ખોરાક સાથે લીધો અને અણુહિલવાડ તરફ ચાલવા માંડયું. જંગલ ઓળંગ્યા પછી એક બાજુએ તેણે એક કિલ્લો દીઠો. ત્યાં ઘણાં માણુસ એકઠાં થયાં હતાં અને ઘણા કુવા હતા. આગેવાન લોકો મહમૂદને સમજાવવા આવ્યા, પણ તેણે માન્યું નહીં, કિલ્લાને ઘેરો ઘાલ્યો અને ત્યાંના લોકો બ્હીકથી ગભરાયા અને તેથી અલ્લાની મહેરબાનીથી તેને જીત મળી. એ જગો તેણે ઇસ્લામના અમલ તળે આણી, લોકોને મારી નાંખ્યા અને મૂર્તિઓ ભાગી નાંખી. પછી તેના માણુસો સાથે પાણી લઇને તે અણુહિલવાડ તરફ ગયો અને ઝીલકાદની શરૂઆતમાં ત્યાં પહોંચ્યો. "

"અણુહિલવાડનો રાજા, જેનું નામ ભીમ હતું, તે ઉતાવળે નાઠો અને પોતાની રાજધાનીમાંથી નીકળી જઇ લઢાઇની તૈયારી કરવા એક નિર્ભય કિલ્લામાં ભરાઈ બેઠો. મહમૂદે સોમનાથ તરફ ચાલવા માંડયું. રસ્તામાં તેણે સોમનાથના તાબાની મૂર્તિઓવાળા ઘણા કિલ્લા જોયા. આ મૂર્તિઓને મહમૂદ સેતાન કહેતો. તેણે લોકોને મારી નાંખ્યા, કિલ્લા તોડી નાંખ્યા, મૂર્તિઓ ભાગી નાંખી, અને પાણી વગરના જંગલમાં થઇ સોમનાથ તરફ આગળ ચાલ્યો. જંગલમાં તેને ૨૦,૦૦૦ લઢવૈયા મળ્યા. તેમના સરદારોએ તાબે થવા ના પાડી, તેથી તેમની સાથે લઢવા મહમૂદે લશ્કર મોકલ્યું, તેમને હરાવી નસાડયા અને તેની મિલકત લૂટી લીધી. એ જંગલમાંથી તે દેબલવારા* આગળ આવ્યો. અહિંથી સોમનાથ બે દિવસની મુસાફરી જેટલું દૂર હતું. દેબલવારાના લોકો એમ ધારતા હતા કે સોમનાથ દુશ્મનોને હાંકી કાઢશે, તેથી તેઓ શહેરમાંજ ભરાઇ રહ્યા. મહમૂદે એ જગો લીધી, લોકોને કાપી નાંખ્યા, તેમની માલ મત્તા લૂંટી લીધી અને પછી સોમનાથ તરફ ઉપડયો."

"ઝીલીકાદના એક ગુરૂવારે સોમનાથ પહોંચતાં મહમૂદે દરિયા કિનારે એક મજબૂત કિલ્લો જોયો. તેની ભીંત સાથે દરિયાનાં મોજાં અથડાતાં હતાં. કિલ્લામાંના લોકો મુસલમાનોની હાંસી કરવા લાગ્યા, અમારો દેવ તમને બધાને કાપી નાંખશે એમ તેઓ કહેવા લાગ્યા. બીજે દિવસે એટલે શુક્રવારને દહાડે

* ઉના પાસે દેલવાડા છે તે હોવું જોઇએ.

મુસલમાનોએ કિલ્લાની લગભગ જઇ હલ્લો કરવાનું મંડાણ કર્યું. મુસલમાનો કેવા જુસ્સાથી લઢે છે એ હિંદુઓના જોવામાં આવ્યું ત્યારે તેઓએ કિલ્લાપરથી પોતાની જગો છોડી. મુસલમાનો નિસરણીઓ મૂકી કિલ્લાપર ચઢી ગયા. કિલ્લાપરથી તેમણે દીન પોકારી, ઇસ્લામનું જોર બતાવ્યું, તોપણ તેમનાં એટલાં બધાં માણુસ કતલ થઇ ગયાં કે લઢાઇનું શું પરિણામ આવશે એ સંદેહ ભરેલું જણાયું. કેટલાક હિંદુઓ સોમનાથના દેવળમાં ગયા, અને મહાદેવને પગે પડી પોતાની વહારે ધાવા પ્રાર્થના કરવા લાગ્યા. રાત પડવાથી તે દહાડે લઢાઇ બંધ રહી."

"બીજે દહાડે સવારમાં મહામૂદે લઢાઇ પછી ચાલવી. તેનાં માણસોએ આગલા દિવસ કરતાં પણ વધારે હિંદુઓને કાપી નાંખ્યા અને તેમને શહેરમાંથી નીકળી દેવળમાં ભરાઈ બેસવાની ફરજ પાડી. દેવળના દરવાજા આગળ કમકમાટ ઉપજે એવી કતલ થઇ. દેવળનો બચાવ કરવા આવેલા લોકોનાં ટોળેટોળાં દેવળમાં પેઠાં અને મ્હોં ઉપર હાથ મૂકી રડવા તથા પ્રાર્થના કરવા લાગ્યાં. પછી તે બહાર નીકળ્યાં અને બધાં કપાઈ ગયાં સુધી લઢયાં. જે થોડાં માણસો બાકી રહ્યાં તે હોડીઓમાં બેશી દરિયા ભણી જવા લાગ્યાં પણ મુસલમાનોએ તેમને પકડી પાડ્યાં, અને કેટલાંકને કાપી નાંખ્યાં અને કેટલાંકને પાણીમાં ડુબાવી દીધાં."

"સોમનાથના દેવળને સીસાથી જડેલા સાગના છપ્પન થાંભલા હતા. મૂર્ત્તિ એક અંધારા ઓરડામાં હતી. મૂર્ત્તિની ઉંચાઇ પાંચ હાથ અને ફરતો ઘેર ત્રણ હાથ હતો; આટલી તો બહાર દેખાતી હતી પણ એ શિવાય બે હાથ ભોંયમાં દાટેલી હતી. તેની પર કોતર કામ જણાતું નહોતું. મહમૂદે મૂર્ત્તિ પકડી લીધી. તેનો થોડો ભાગ બાળી નાંખ્યો, અને થોડો ધઝની સાથે લઇ ગયો, તેનું જુમામસીદના દરવાજા આગળ પગથીયું કરાવ્યું, અંધારા દેવળમાં રોશની કરવા રત્ન જડીત ઝમરૂખ લટકાવેલાં હતાં. મૂર્ત્તિની પાસે ૨૦૦ મણ સોનાની સાંકળ હતી. અને એ સાંકળને ઘંટડીઓ બાંધેલી હતી. રાત્રે જ્યારે એક ચોકી પૂરી થતી ત્યારે સાંકળ હલાવવામાં આવતી તેથી

ઘંટના ખડખડાટથી પૂજા કરનાર બીજા બ્રાહ્મણ જાગી ઉઠતા. દેવળની પાસે તીજોરી હતી, તેમાં સોના રૂપાની બીજી ઘણી મૂર્ત્તિઓ હતી. તીજોરીમાં રત્ન જડીત કપડાં અને ઘણાં કિંમતી રત્નો હતાં. ૨૦ લાખ દીનાર કરતાં પણ વધારે કિંમતનો માલ દેવળમાંથી મળ્યો. હજાર કરતાં વધારે હિંદુઓ કપાઇ ગયા. "

"સોમનાથ જીતી લીધા પછી મહમૂદને ખબર મળી કે અણહિલવાડનો રાજા ભીમ, સોમનાથથી ૨૪૦ માઇલ (૪૦ પરસંગ) છેટે, સોમનાથ અને જંગલની વચ્ચે આવેલા ખંડહતના* કિલ્લામાં ગયો છે મહમૂદ ખંડહત તરફ કુચ કરી ગયો. ત્યાં આગળ આવી પહોંચ્યો ત્યારે ત્યાં શિકાર કરતા કોઇ માણસને તેણે ભરતી વિષે પૂછ્યું, તો તેને ખબર મળી કે ઉતરી શકાય એટલું પાણી છે પણ પવન આવશે તો ઉતરી શકાશે નહીં. મહમૂદે અલ્લાની બંદગી કરી અને પછી પાણીમાં ઉતરવા માંડ્યું. તેના લશ્કર સાથે તે સહિસલામત ઉતર્યો અને દુશ્મનને હાંકી કાઢયા. ખંડહતથી તે પાછો વળ્યો, અને મધ્યસિંધમાં મન્સૂર તરફ જવાનો ઇરાદો કર્યો, કારણ કે ત્યાંના રાજાએ ઇસ્લામ ધર્મનો ત્યાગ કર્યો હતો. મહમૂદના આવવાની વાત સાંભળી રાજા ખજુરીના જંગલમાં નાશી ગયો. મહમૂદ તેની પાછળ ગયો અને તેને તથા તેનાં માણસોને ઘેરી લીધાં; તેમાંથી ઘણાને કાપી નાંખ્યા, ઘણાને પાણીમાં ડુબાવી દીધા અને થોડા નાશી ગયા. પછી મહમૂદ ભાટીયા ગયો અને ત્યાંના લોકને તાબે કરી હીજરી ૪૧૭ ની સાલના સફર માસની ૧૦ મી તારીખે ગઝની પાછો આવ્યો."

ગુજરાતના સંબંધમાં મહમૂદે શી વ્યવસ્થા કરી એ વિષેની વિગતનો મીરખંડના રૌઝાતુસ સફામાં નીચે પ્રમાણે હેવાલ આપ્યો છેઃ—" એવું

---

*ખંડહત દરિયા કિનારે હોવું જોઇએ, પણ એ ક્યાં હશે એ બરોબર નક્કી થયું નથી. દાક્તર બ્યુલરનું ધારવું એવું છે કે એ કચ્છમાં આવેલું કંથકોટ હશે. કર્નલ વૉટસન જણાવે છે કે કાઠીઆવાડને કિનારે મિયાણીની વાયવ્યકોણમાં આવેલું ગાંધવી હશે; મુસિયર રીનોડ અને દાક્તર વીલનું ધારવું એવું છે કે ઢાઢર નદીના મુખ આગળ આવેલું ભરૂચ પાસેનું ગંધાર હશે.

કહેવાય છે કે સોમનાથ જીત્યા પછી સુલતાન મહમૂદ થોડાં વર્ષ ત્યાંજ રહેવાનું ધારતો હતો, કારણ કે એ દેશ ઘણો વિશાળ હતો અને બીજા લાભોમાં એક મોટો લાભ એ હતો કે ત્યાં ચોખ્ખા સોનાની ખાણો હતી. ગુજરાતના રાજ્યના તાબાના સરંદીપસંસ્થાનમાંથી ચોખ્ખા માણેક આવતાં હતાં, પરંતુ મહમૂદના વજીરોએ મહમૂદને કહ્યું કે દુશ્મન સાથે આટલી બધી લડાઇઓ લઢી જીતેલું ખુરાસન તજી દેવું અને સોમનાથને રાજધાની કરવી એ બરોબર નથી. આખરે સુલતાને પાછો જવાનો ઠરાવ કર્યો કે આ દેશનું રાજ્ય કરવાને કોઇને નિમો. વજીરોએ જણાવ્યું કે એ દેશ પરદેશી હાકેમના તાબામાં રહી શકશે નહીં, માટે ત્યાંનાજ કોઈ રાજાને તે સોંપવો. કયા રાજાને પસંદ કરવો, એ બાબત સુલતાને ત્યાંના કેટલાક રહીશ તેની તરફેણમાં હતા તેમની સાથે મસલત કરી. તેમણે જણાવ્યું કે દાબશિલીમના કુળ જેવા ઉંચા કુળનો કોઇ બીજો રાજા નથી. એ કુળનો માત્ર એકજ જણ હયાત છે અને વૈરાગ્ય લઈ તપ કરે છે."

ફિરિસ્તા પ્રમાણે મહમૂદ સોમનાથ નહીં પણ અણહિલવાડમાં રહ્યો હતો અને અણહિલવાડને પોતાની રાજધાની કરવા ધારતો હતો.

દાબશિલીમના સંબંધમાં ઉપર જે લખ્યું છે તે ઐતિહાસિક નોંધપરથી નહીં પણ દંતકથાપરથી લખેલું લાગે છે. અઇને અકબરી અને મિરાતે અહમદીના બનાવનારાઓએ લખ્યું છે કે મહમૂદે અણહિલવાડ પોતાના સ્વાધીનમાં કરી લીધું ત્યારે ત્યાં ચામુંડ (જામુંડ) રાજા રાજ્ય કરતો હતો, પણ ઇ. સ. ૧૦૧૦ પછી ચામુંડ ગાદીપર નહોતો, અને મહમૂદે તો સોમનાથપર ઇ. સ. ૧૦૨૪ માં સ્વારી કરી હતી એમ બધા મુસલમાન ઇતિહાસ લખનાર લખે છે, તેથી મહમૂદની સ્વારી વખતે ભીમ રાજા હતો એમ ઇબ્નુ અસીરનું કહેવું વધારે વજનદાર ગણવું જોઇએ. ભીમને ગાદીએ બેસાડી દુર્લભરાજ અને નાગરાજ સાથે મરી ગયાનું દ્વયાશ્રયમાં જણાવ્યું છે. (ઇ. સ. ૧૦૨૨) તે ખરૂં નહીં હોય અને ભીમ ગાદીએ બેઠા પછી દુર્લભરાજ વૈરાગ્ય લઇ જીવતો રહ્યો હશે એમ માનીએ તો ઉપર જણાવેલો દાબશિલીમ

એ (દુર્લભસેન) દુર્લભરાજ હશે એમ માની શકાય છે. દાબસિલીમ ગમે તે હશે તોપણ મહમૂદના ગયા પછી તે ઝાઝો વખત ગાદી ઉપર રહેલો જણાતો નથી. પ્રથમ પ્રમાણે ભીમદેવજ રાજા તરીકે કાયમ રહેલો હોવાનું લાગે છે. સોમનાથમાં એક લેખ છે તેપરથી માલમ પડે છે કે મહમૂદ ગયા પછી, ભીમદેવે ઈંટ લાકડાંના જૂના દેવળને બદલે પથ્થરનું નવું દેવળ બંધાવવાનું શરૂ કર્યું હતું.

ભીમના વખતમાં આબુ ઉપર અચળેશ્વરના ગઢમાં ઢુંઢુરાજ નામનો પરમાર રાજ્ય કરતો હતો. તેના પૂર્વજોએ અણહિલવાડના રાજાઓનું અધિપતિપણું માન્ય રાખ્યું હતું, પરંતુ ઢુંઢુરાજે ભીમની તાબેદારી છોડી ભોજની સાથે મિત્રાઇ કરી હતી. આ કારણ માટે ભીમે પોતાના સેનાપતિ વિમળશાહને દંડપતિનો અધિકાર આપી ઢુંઢુરાજને તાબે કરવા આબુપર મોકલ્યો. ઢુંઢુરાજ તાબે થયો અને આબુનું ચિત્રકૂટ નામનું રમણીય શિખર વિમળશાહને આપી દીધું. અહીં ઇ. સ. ૧૦૩૨ (સંવત્ ૧૦૮૮) માં વિમળશાહે વિમળવસહિ (વિમળ વસતિ) નામનાં પ્રખ્યાત જૈન દેવળ બંધાવ્યાં.

ઢુંઢુરાજ.

ભીમને ત્રણ રાણીઓ હતી. ઉદયમતી, બકુલાદેવી અને એક ત્રીજી. ઉદયમતીએ અણહિલપુરમાં એક વાવ્ય બંધાવી હતી તે હજીસુધી રાણીની વાવ્ય તરીકે ઓળખાય છે. આ રાણીઓ પૈકી ઉદયમતીને પેટ કરણ, બકુલાદેવીને પેટ ક્ષેમરાજ અને ત્રીજી જેનું નામ જણાયું નથી તેને પેટ મૂળરાજ એ પ્રમાણે પુત્રો થયા. મૂળરાજ ઘણો દયાળુ હતો એમ તેના વિષે પ્રબંધચિંતામણિમાં આપેલી એક વાતપરથી જણાય છે. ભીમના વખતમાં ઉપજ લેવાની વ્યવસ્થા કેવી હતી એ પણ એ વાત પરથી જણાઇ આવે છે. એક વર્ષે, ગુજરાતમાં વરસાદ પડ્યો નહીં ત્યારે ડંડાહી અને વિશોપક ગામના કણબી, રાજાને ઉપજનો ભાગ આપવાને શક્તિમાન નહોતા. એક મંત્રીને (મહેતા અથવા તલાટીને) તપાસ કરવા મોકલવામાં આવ્યો, તે જે લોકો પાસે કંઇ માલ-

ભીમની રાણીઓ.

મિલકત માલમ પડી તેમને રાજધાનીમાં લાવ્યો અને ભીમ આગળ રજુ કર્યા. મૂળરાજ ફરતો ફરતો ત્યાં આવ્યો, ત્યારે આ સર્વ માણુસોને ડરીને માંહોમાંહે વાત કરતા તેણે જોયા. પૂછપરછ કરતાં તેમની હકીકત તેના જાણુવામાં આવી ત્યારે તેની આંખમાં આંસુ આવ્યાં. પછી તરતજ ઘોડા ઉપર બેસવાની પોતાની કળાથી રાજાને તેણે પ્રસન્ન કર્યો, અને રાજાએ ઇનામ આપવાનું કહ્યું ત્યારે રાજા પાસે માગી લીધું કે પેલા કણબીને છૂટ આપો. રાજાએ આ માગણું મંજુર કર્યું અને ખેડુતો ખુશી થઇ ઘેર ગયા; પણ ત્યાર પછી ત્રીજે દિવસે મૂળરાજ મરણ પામ્યો. બીજે વર્ષે પુષ્કળ વરસાદ પડવાથી અનાજ સારી પેઠે પાક્યું, તેથી ખેડુતો ગયા વર્ષનો અને ચાલતા વર્ષનો ભાગ રાજાને આપવા આવ્યા. ચઢેલું લેવાને ભીમદેવે ના કહી, પણ ખેડુતોએ પ્રાર્થના કરવાથી બંને પક્ષ રાજી રહે એવો ઠરાવ કરવાને પંચ નીમ્યા. પંચે ઠરાવ કર્યો કે બંને વર્ષની ઉપજનો ભાગ રાજાને હસ્તગત કરવો અને મૂળરાજ કુંવરના સુખને અર્થે ત્રિપુરૂષ—પ્રાસાદ નામનું નવું દેવાલય બંધાવવાના કામમાં વાપરવો.

ભીમે ૪૨ વર્ષ રાજ્ય કર્યું. તેની પછી કરણ ગાદીએ બેઠો એમ પ્રબંધચિંતામણિ અને વિચારશ્રેણિ એ બંને ગ્રંથોમાં જણાવ્યું છે. દ્વયાશ્રયનો કર્ત્તા લખી ગયો છે કે ભીમે પોતાના રાજ્યની સમાપ્તિની વેળાએ પહેલા સોલંકી મૂળરાજ અને તેના પછી થયેલા રાજાઓની રીત પ્રમાણે પોતાના પાટવી પુત્ર ક્ષેમરાજને રાજ્ય સોંપી સ્વર્ગ મેળવવા સારૂ તપશ્ચર્યા કરવાનો અભિપ્રાય જણાવ્યો, પછી ક્ષેમરાજને પણ રાજ્ય કરવાના કરતાં તપ કરવાનું વધારે પસંદ હતું તેથી તેણે રાજ્ય લેવા ના પાડી, અને છેવટે કેટલીક રકઝક થયા પછી કરણને ગાદીપર બેસાડવાને ઠરાવ્યું.

ભીમના મરણ પછી ક્ષેમરાજ સરસ્વતીને કિનારે મુંડિકેશ્વર નામે પવિત્ર સ્થાન છે ત્યાં જઇ રહ્યો. આ સ્થાન દધિસ્થળ અથવા દેથળી ગામની પાસે છે. તેટલા માટે કરણ રાજાએ ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદને એ ગામ

આપ્યું કે જેથી કરીને તેનાથી પોતાના પિતાની વાનપ્રસ્થ અવસ્થામાં સેવા કરવાને બની આવે.

કરણ, ઇ. સ. ૧૦૬૪–૧૦૯૪.

કરણ ઇ. સ. ૧૦૬૪ માં ગાદીએ આવ્યો. તેના વખતમાં બીજાં રાજ્યો સાથે ઘણા લઢાઈ ટંટા થયા નહોતા, તેથી શાંતિના વખતમાં સાર્વજનિક ઉપયોગનાં મકાનો બંધાવવામાં તેણે પોતાનો વખત કાઢયો. અણહિલવાડમાં કરણમેરૂ નામનું દેવળ તેણે બંધાવ્યું હતું.

મેવાસનો બંદોબસ્ત.

મેવાસી લોકોનો બંદોબસ્ત કરવાની શરૂઆત પહેલ વહેલી કરણ રાજાના વખતમાં થઈ હતી. પ્રથમ આ દેશમાં ભીલ કોળીની વસ્તી ઘણી હતી. ધંધુકામાં ધનમેર નામે એક મોટો કોળી સરદાર હતો, તેને ત્યાં આઠ હાથીની સમૃદ્ધિ હતી. હાલ જ્યાં અમદાવાદ છે ત્યાં આશાવલી નામના ગામમાં એક આશા ભીલ નામનો સરદાર રહેતો હતો અને તેની વાંસે તિરંદાજની એક મોટી ફોજ ચઢતી હતી. એ સરદારપર કરણ રાજાએ હલ્લો કરી તેને ઠેર માર્યો. અહીં કરણ રાજાને સારા શુકન થયા, તેની ખુશાલીમાં તેણે એક કોચરવ નામની દેવીનું દેવાલય બંધાવ્યું; મેરૂતુંગ લખે છે કે તેણે વળી ત્યાં એક દેવળ જયંતિદેવીનું અને બીજું કરણેશ્વર મહાદેવનું બંધાવ્યું. એ શિવાય તેણે કરણસાગર× નામનું તળાવ અને કર્ણાવતી નામનું નગર બંધાવ્યું. કર્ણાવતીને તો તેણે પોતાને રહેવાની જગો કરાવી.

કરણને મુંજાલ, સાંતુ અને ઉદય એ ત્રણ પ્રધાન હતા. ઉદય મૂળમાં મારવાડનો શ્રીમાળી વાણીઓ હતો. તે અણહિલવાડ આવી વસ્યો હતો, અને ઉદક નામથી ઓળખાતો હતો. સાંતુએ સાંતુ વસહિ (સાંતુ વસતિ) નામનું

× કરણસાગર એ ઘણું કરી કનૂસાગર નામનું તળાવ મોઢેરા પાસે છે તેજ હશે. એ ઠેકાણે મોટા તળાવની નિશાનીઓ આજ પણ જણાય છે અને ત્યાંના લોકો એ તળાવ કરણે બંધાવેલું કહે છે. મોઢેરામાં જે દેવળો છે તે કરણે બંધાવેલાં ધારી શકાય છે.

જૈન દેવળ બંધાવ્યું. અને ઉદાએ કર્ણાવતીમાં ઉદય વરાહ નામનું એક મોટું દેવળ બંધાવી તેમાં ૨૪ પહેલાંના, ૨૪ હાલના અને ૨૪ હવે પછીના એ પ્રમાણે ૭૨ તીર્થંકરની મૂર્તિઓની સ્થાપના કરી. ઉદાને જૂદી જૂદી સ્ત્રીઓથી આહડ, ચાહડ, બાહડ, આંબડ, અને સોલા એ પાંચ પુત્ર હતા. સોલાએ વેપાર કર્યો, પણ બાકીના ચાર રાજાની નોકરીમાં રહ્યા અને કુમારપાળ રાજાના વખતમાં મોટે મોટે હોદ્દે ચઢ્યા.

મયણલ્લા અથવા મીનળદેવી.

કર્ણાટકના રાજા શીશુભકેશિજના પુત્ર જયકેશિની પુત્રી મીનળદેવી સાથે કરણ મોટી ઉમરમાં પરણ્યો હતો. દ્વયાશ્રયમાં જણાવ્યું છે કે કરણની પાસે એક ચિત્રકાર આવ્યો. તેણે દક્ષિણમાં ચંદ્રપુરના જયકેશિની પુત્રી મયણલ્લા જેને મીનળદેવી કહે છે તેનું ચિત્ર દેખાડી કહ્યું. “ હે રાજા, તમારૂં ચિત્ર કોઇએ બતાવ્યાથી એ કન્યા તમનેજ વરી ચુકી છે ને બહુ પીડાય છે, માટે તેનું આ ચિત્ર આપની પાસે લાવી હું કૃતાર્થ થયો છું. ” રાજા તેના રૂપથી બહુ ખુશી થયો ને પ્રેમમાં પડી પીડાવા લાગ્યો. ચિત્રકારને દાન સત્કારાદિથી વિદાય કર્યા પછી જયકેશિના માણસો કરણના દરબારમાં હાથી, ઘોડા, રત્ન વગેરે ભેટ લઇ આવ્યાં અને કહેવા લાગ્યાં કે અમારા સ્વામીએ આપને એક એવી ભેટ મોકલી છે કે જે કોઇને આપ આપો નહીં, નિરંતર પાસેજ રાખો, તો આપી શકાય. તેમને રહેવાનું સ્થાન આપી રાજા રાત્રીએ તેમની ચર્ચા જોવા ગયો, તો મયણલ્લાને જોઇ પ્રસન્ન થયો. પછી બીજે દિવસે તેની સાથે તેનું લગ્ન થયું. પ્રબંધચિંતામણિમાં લખ્યું છે કે મીનળદેવી કદરૂપી હોવાથી તેને પરણવાને કરણે ના પાડી, તેથી કરણને સ્ત્રી હત્યા આપવા પોતાની આઠ સખીઓ સાથે મીનળદેવીએ અગ્નિ પ્રવેશ કરી બળી મરવાની તૈયારી કરી. કરણની મા ઉદયમતીએ પણ તેમનું દુઃખ જોઇ ન રહેવાયાથી તેમની સાથે પ્રાણ ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો. પોતાની માતાના આગ્રહથી કંટાળી આખરે મીનળદેવીને પરણ્યો પણ તેની સાથે સંસાર માંડયો નહીં. આમ કેટલોક વખત ગયા પછી કોઇ ગાન તાન કરનારી

રૂપવાન નટી ઉપર રાજાનું મન ગયું. મુંજાલ પ્રધાનને આ વાતની ખબર પડવાથી તેણે મીનળદેવીને આબેહુબ નટીનો વેષ આપી રાજા પાસે મોકલી દીધી. કરણ જાળમાં સપડાયો અને મીનળદેવી રાણીને તેના મહિના રહ્યા. તેણે એંધાણી માટે પોતાના પતિની રાજમુદ્રા યુક્તિબંધ મેળવી લીધી કે આગળ ઉપર વાંધો પડે તો કામમાં લાગે. આ પ્રમાણે મીનળદેવી પ્રતાપવંત સિદ્ધરાજ જયસિંહદેવની માતા થઈ. એ પુત્રનો જન્મ પાલણપુરમાં થયો. સિદ્ધરાજ ત્રણ વર્ષની લઘુ વયે પોતાની મેળે રાજસિંહાસનપર ચઢી બેઠો તે જોઈ રાજાએ જોશીઓને બોલાવ્યા અને પૂછ્યું કે, ' આ સમય કેવો છે. " તેમણે જવાબ દીધો " મહારાજ હમણાં રાજ્યાભિષેકને લાયક મહામુહૂર્ત્ત છે. " તે સાંભળી રાજાએ તેજ વખતે સિદ્ધરાજનો રાજ્યાભિષેક કર્યો. સિદ્ધરાજ ગાદીએ બેઠાની સાલ વિચારશ્રેણિમાં સંવત ૧૧૫૦ (ઇ. સ. ૧૦૯૪) ના આપેલી છે. કરણ મરણ પામ્યાની સાલ પણ એજ જણાવેલી છે તેથી સિદ્ધરાજને ગાદીએ બેસાડયા પછી થોડા વખતમાં કરણ મરણ પામ્યો હશે એમ લાગે છે.

સિદ્ધરાજ જયસિંહ, ઇ. સ. ૧૦૯૪–૧૧૪૩.

કરણ રાજા મરી ગયો ત્યારે સિદ્ધરાજ સગીર ઉમ્મરનો હોવાથી રાજસત્તા મેળવી લેવા સારૂ સામ સામા પક્ષકારો વચ્ચે તકરાર ઉઠેલી જણાય છે. કરણના ભાઇ ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદે રાજાના મરણની વાત સાંભળી ત્યારે તે સરસ્વતીને તીરે ચિતા ખડકાવી બળી મુઓ એમ હેમાચાર્ય જણાવે છે. તે ઉપરથી એમ લાગે છે કે કંઇ રાજકીય ખટપટને લીધે તેણે એમ કર્યું હશે. ક્ષેમરાજે ત્રિભુવનપાળ નામનો એક પુત્ર પોતાની પાછળ મૂકયો હતો તે સિદ્ધરાજની પાસેજ રહેતો હતો. પ્રથમ તો રાજ્યની લગામ કરણ રાજાના મામા મદનપાળના હાથમાં રહેતી, પણ તે ત્રાસદાયક રીતે વર્ત્તતો અને લાલા નામના એક વૈદને તેણે ગેરવાજબી રીતે દુઃખ દીધું તેથી તેના સામે એક ટોળી ઉભી થઇ; તેમાં સાંતુ પ્રધાને યુક્તિથી બાળ રાજકુમાર સિદ્ધરાજને પોતાના સ્વાધીનમાં લઈ, મદનપાળને સિપાઇઓ પાસે મારી

નંખાવ્યો. આ પછી સર્વ રાજ સત્તા બાળ રાજાની માતા મીનળદેવીના સ્વાધીનમાં આવી. રાજ્ય ચલાવવામાં સાંતુ, ઉદય અને મુંજાલ એ ત્રણે પ્રધાનોની સહાય મીનળદેવીને હતી. સિદ્ધરાજ મોટો થયો અને પોતે રાજ્ય કરવા લાગ્યો, ત્યારે મુંજાલ અને સાંતુ તેના પ્રધાન હતા. દાદક નામનો બીજો પણ એક પ્રધાન સિદ્ધરાજના વખતમાં થયો છે. કચ્છમાં ભદ્રેશ્વર પાસે એક દેવળમાં લેખ કોતરાવેલો છે. (ઇ. સ. ૧૧૩૯ સંવત્ ૧૧૯૫, અશાઢ વદી ૧૦) તેમાં જણાવ્યું છે કે તે વખતે સિદ્ધરાજનો પ્રધાન દાદક હતો. સિદ્ધરાજના સેનાપતિઓમાં સૌથી વધારે જાણીતો જગદેવ પરમાર હતો. જગદેવ પરમારનાં ઘણાં પરાક્રમ ભાટ લોકોની દંતકથા ઉપરથી રાસમાળામાં આપેલાં છે.* એ પરમાર વંશનો કહેવાય છે પણ તેના પૂર્વજો વિષે કંઈ લેખી હકીકત મળતી નથી. પ્રબંધચિંતામણિમાં લખ્યું છે કે તે ઘણો શૂરો અને પરાક્રમી હતો અને સિદ્ધરાજ તેને ઘણું માન આપતો. સિદ્ધરાજના મરણ પછી જગદેવ તેના મોસાળ તરફના સગા, રાજા પરમાદીને ત્યાં નોકરી કરવા ગયો. પરમાદીએ તેને સરદારી આપી માળવાપર હલ્લો કરવા મોકલ્યો. એવું ધારવામાં આવે છે કે જગદેવને પરમાદી રાજા સાથે સંબંધ હોવાથી એ પરમાર કહેવાયો હશે.

સિદ્ધરાજે જાત્રાળુઓ ઉપરનો કર માફ કર્યો.

સિદ્ધરાજ મોટી ઉમરનો થયો ત્યારે મીનળદેવી સોમનાથની જાત્રાએ જવા નીકળી, બાલોદ, એટલે હાલ ગુજરાત અને કાઠીઆવાડની સરહદ ઉપર ધોળકાથી વીસ માઇલ છેટે ભોલાદ ગામ છે ત્યાં સુધી તે આવી ત્યારે માલમ પડ્યું કે આ જગોએ અણહિલવાડના રાજા સોમનાથના જાત્રાળુઓ પાસેથી જાત્રા વેરો લે છે. જે જાત્રાળુઓ વેરો આપી શકતા નહીં તેમને પાછા જવું પડતું. જાત્રાળુઓના દુઃખથી મીનળદેવીને એટલું બધું ખોટું લાગ્યું કે તે ત્યાંથીજ ઘર તરફ પાછી ફરી ને સિદ્ધરાજ એ તરફ આવતો હતો

* રાસમાળા પુસ્તક ૧ પાન ૧૪૩.

તેને મળી. સિદ્ધરાજે પાછા ફરવાનું કારણ પૂછ્યું ત્યારે મીનળદેવીએ કહ્યું: "યાત્રાળુ વેરો તું બંધ નહીં કરે ત્યાં સુધી હું ખાઇશ નહીં." સિદ્ધરાજે બોલાદના ખજાનચીને બોલાવી પૂછી જોયું તો જાત્રાળુ વેરાના ૭૨ લાખ રૂપીઆ ઉપજતા હોવાનું જણાયું. આટલી મોટી ઉપજનું નુકસાન છતાં સિદ્ધરાજે પોતાની માના હાથમાં જળ મૂકી કહ્યું: " તમારે બહાને ધર્મનું કામ કરવા સારૂ આ વેરો લેવાનું હું બંધ કરૂં છું." પછી મીનળદેવી સિદ્ધરાજ સાથે સોમનાથ ગઇ, યથાવિધિ સોમનાથની પૂજા કરી અને એક હાથી તથા પોતાની તુલા કરીને તેટલું સોનું તથા બીજી કિંમતી વસ્તુઓ ભેટ કરી.

માળવાના રાજાની ચઢાઇ.

પ્રબંધચિંતામણિનો કર્ત્તા જણાવે છે કે જ્યારે મીનલદેવી અને સિદ્ધરાજ આ પ્રમાણે સોમનાથની જાત્રા કરવામાં રોકાયાં હતાં ત્યારે માળવાના રાજા યશોવર્માએ અણહિલવાડના રાજ્યના ઉત્તર ભાગપર ચઢાઇ કરી. અણહિલવાડમાં સિદ્ધરાજની ગેરહાજરીમાં સાંતુ પ્રધાન કામ ચલાવતો હતો. સાંતુ પાસે સામા થવાને સાધન નહીં હોય તેથી કે તે સાધનોનો ઉપયોગ કરવા જેટલી તેનામાં શક્તિ નહીં હોય તેથા તેણે યશોવર્માને પૂછ્યું કે, " શું આપીએ તો પાછા જાઓ. " યશોવર્માએ કહ્યું કે " સિદ્ધરાજની સોમનાથની જાત્રાનું પુણ્ય મને આપો તો પાછો જાઉં. " સાંતુએ તેના પગ ધોયા, અને હાથમાં પાણી લઇ સિદ્ધરાજની જાત્રાનું ફળ તેને અર્પણ કર્યું તેથી યશોવર્મા પાછો ગયો. જ્યારે સિદ્ધરાજ પાછો આવ્યો ત્યારે આ વાત સાંભળી તે ઘણો ક્રોધાયમાન થયો અને સાંતુને પૂછ્યું કે એમ કેમ કર્યું ? સાંતુએ કહ્યું; " મારા આપવાથી તેને કંઇ મળ્યું એમ આપને લાગતું હોય તો હુંજ તે આપને પાછું આપુંછું." બ્રાહ્મણ ધર્મની હાંસી કરવાને જૈન લોકોએ આ વાત જોડી કાઢી હશે એમ લાગે છે. આ વખતે માળવામાં યશોવર્મા રાજાજ નહોતો. યશોવર્માની પહેલાં નરવર્મા નામનો રાજા થયો છે અને તેનો એક લેખ ઇ. સ. ૧૧૩૪ (સંવત્ ૧૧૯૦) નો મળી આવ્યો છે તે કદાચ સિદ્ધરાજની ગેરહાજરીમાં ચઢી આવ્યો હશે અને પૈસા આપી સાંતુએ તેને પાછો કાઢયો હશે.

સધરાજેસંગ એ નામથી ગુજરાતના લોકો સિદ્ધરાજને હજી સુધી યાદ કરે છે. તેનાં પરાક્રમ, ધાર્મિકપણું અને ઉદારતાથી તે ઘણો લોકપ્રિય થયો હતો. ગુજ-

સિદ્ધરાજની લોકપ્રિયતા.

રાતમાં ઉત્તમ કારીગરીનાં સારાં સારાં સ્થળ જોવામાં આવે છે તે સિદ્ધરાજે બંધાવ્યાં હતાં એમ કહેવામાં આવે છે. લેખોમાં તેને મહારાજાધિરાજ, મહા ભટ્ટાર્ક, અવન્તીપતિ, ચક્રવર્તિ વગેરે ખિતાબો આપેલા જણાય છે પરંતુ તેનો સૌથી વધારે જાણીતો ખિતાબ "સિદ્ધ ચક્રવર્તિ" એ હતો. આ ખિતા-બના સંબંધમાં કુમારપાળપ્રબંધ, દ્વયાશ્રય અને પ્રબંધચિંતામણિમાં વિચિત્ર વાતો આપેલી છે. દ્વયાશ્રય પ્રમાણે સિદ્ધરાજે રાત્રે ફરીને ભૂત, શાકેણી વગેરેને તાબે કરી લીધાં હતાં. વળી તે ઘણી તરેહના મંત્રો શિખ્યો હતો. રાત્રે જે જોયું હોય તે પરથી દિવસે તે લોકોને કહેતો કે "તમારે ફલાણું દુઃખ છે અથવા ફલાણું સુખ છે.'' આ પ્રમાણે લોકોના મનની વાત રાજા જાણતો તેથી લોકો એમ માનતા કે રાજા કોઇ દેવતાનો અવતાર હોવો જોઇએ.

રાત્રે સરસ્વતી નદીમાં ફરતાં કૂવામાં પડતા એક નાગરાજા અને તેની રાણીને સિદ્ધરાજે મદદ કર્યાની વાત પણ દ્વયાશ્રયમાં જણાવી છે. વળી એક બીજી વાત એવી જણાવી છે કે માળવા ઉપર ચઢાઇ કરવાનો સિદ્ધરાજ મનસુબો કરતો હતો એવામાં એક યોગણી ઉજ્જનથી પાટણ આવી અને તેને કહેવા લાગી કે "તું અમારી પૂઠે પડયો છે તેમાં તારૂં સારૂં નહીં થાય. જો કલ્યાણ ઇચ્છતો હોય તો અવંતિના યશોવર્માને પગે પડ અને તેની પીઠે અમને બલિદાનથી તૃપ્ત કર. જયસિંહે કહ્યું કે તમારાથી થાય તે કરજો પણ તમારા યશોવર્માનો હું પરાજય કરીશ. હું તારી પાછળ આવું છું, ને જો તમે કાગડાની પેઠે નાસી નહીં જાઓ તો મારૂં ખડ્ગ ઉછળીને તમારાં નાક તમારા કાનના અથાણા સાથે ખાવા માટે કાપી લેશે."

કુમારપાળપ્રબંધમાં એક વાર્તા નીચે પ્રમાણે આપેલી છેઃ—એક વખત અણહિલપુરના કેટલાક બ્રાહ્મણ અડસટ તીર્થોની યાત્રા કરી હિમાલય પર્વત-

પર ગયા. ત્યાં ઔષધોની શોધમાં ફરતાં અચળનાથ નામનો યોગી તેમની દૃષ્ટિએ પડ્યો. તેને નમસ્કાર કરી તેની પાસે બેઠા એટલે તે યોગીએ પૂછ્યું, "ક્યાંથી આવ્યા ?" બ્રાહ્મણોએ કહ્યું, "અણહિલપુર પાટણથી." ત્યારે તે યોગીની પાસે બેઠેલી સિદ્ધિ બુદ્ધિ નામની બે ચેલીઓ, બોલી,"ત્યાં રાજા કોણ છે ?" બ્રાહ્મણોએ કહ્યું, "સિદ્ધચક્રવર્તિ જયસિંહદેવ" "સિદ્ધચક્રવર્તિ એ વિરૂદનું માત્ર શ્રવણ પણ સહન ન થયાથી સિદ્ધરાજની પરીક્ષા લેવા તે યોગિનીઓ એકદમ સિદ્ધરાજ પાસે અણહિલપુર આવી અને કહ્યું કે આપનો સિદ્ધચક્રવર્તિનો વિરૂદ જગતમાં અતિ પ્રખ્યાત થયો છે, તે કળા, મંત્ર, તંત્ર, આસન, મનન, ધારણા અને અણિમામહિમાદિ આઠ સિદ્ધિઓ પૈકી શાના અતિશયપણાથી એટલો બધો પ્રસાર પામ્યો છે તે જોવાની ઇચ્છાથી અમે હિમાલયથી અત્રે આવ્યાં છીએ." રાજાએ કહ્યું, "તમારા સમક્ષ ખુલ્લા દરબારમાં કંઇ ચમત્કાર બતાવીશ." પછી હરપાળ નામના એક માજી દિવાનની સહાયથી રાજાએ એક એવી તરવાર તૈયાર કરાવી કે જેની મૂઠ લોઢાની હતી પણ જેનું પાનું ખાંડનું બનાવેલું હતું. પછી એ તરવારને માટે એક રત્નજડીત મ્યાન કરાવ્યું અને આ પ્રમાણે પ્રપંચથી સર્કરામય તરવાર તૈયાર કરાવી રાખી. બીજે દિવસે યોગિનીઓને રાજસભામાં બોલાવી. યોગિનીઓ સાથે વાત ચાલતી હતી એવામાં પ્રતિહારીએ પ્રવેશ કરી જણાવ્યું કે કલ્યાણકટકના પ્રમાદિ રાજાના મંત્રીઓ આવ્યા છે. રાજાએ કહ્યું આવવા દો એટલે તે લોકો અંદર દાખલ થયા, અને કહ્યું કે અમારા રાજાજીએ વૈરિક્ષયકારી આ ખડ્ગ આપને ભેટ મોકલ્યું છે. એ પ્રમાણે કહી એક તરવાર રાજાના હાથમાં આપી. રાજાએ તરવાર મ્યાનમાંથી કાઢી જોઇ અને તેનાં વખાણ કરી સભાજનોને દેખાડી. યોગિનીઓએ પણ તરવાર જોઇ. તરવાર બધાએ જોયા પછી રાજા પાસે પાછી આવી એટલે રાજાએ તેને બદલે પેલી સર્કરામય તરવાર હાથમાં લઇ કહ્યું, "જુઓ હવે હું મારૂં ચક્રવતિપણું બતાવવાને ચાવી જાઉં છું." એમ કહી સાકરનું પાનું ખાઇ ગયો. પાનું પૂરૂં થયું ત્યારે પ્રધાને રાજાનો હાથ પકડી કહ્યું, "મહારાજ આપની અદ્ભુત કળા જોઇ અમે ઘણાં ચકિત થયા છીએ માટે હવે બસ કરો. આ તે શો ગજબ ! સારમય તીક્ષ્ણ ફલક

ખાઇ ગયા. વારૂ હવે આ બાકી રહેલી મૂઠ યોગિનીઓને આપો. એમની પણ કુળા જોઇએ." પછી પાણીથી ધોઇ મૂઠ યોગિનીઓને ખાવા માટે આપવા માંડી ત્યારે તેઓ બોલી "અહો રાજેંદ્ર! આવી અપૂર્વ શક્તિ ધારણ કરનાર આપને સિદ્ધચક્રવર્ત્તિ વિરૂદ ખરેખર શોભા આપે છે." એ પ્રમાણે ચમત્કૃતિ પામેલી તે યોગિનીઓ સ્વસ્થાનકે ગઈ. લોકો સાનંદાશ્ચર્યથી વિસર્જન થવા અને સિદ્ધરાજનો સિદ્ધચક્રવર્ત્તિ વિરૂદ સર્વત્ર પ્રસિધ્ધ થયો.

બર્બર અથવા બર્બરક.

આવી રીતે સિદ્ધરાજનાં બીજાં પરાક્રમ જાદુયંત્રની ચમત્કૃતિથી થતાં એમ લોક માનતા; એવું કહેવાય છે કે બાબરો નામનો એક ભૂત સ્મશાનમાં મડદાપર બેશી તેણે વશ કરી લીધો હતો, તે તેનાં બધાં કામ કરી આપતો. આ વાત સિદ્ધરાજના મરણ પછી સો વર્ષની અંદર ચાલેલી હોવાનું જણાય છે; કારણ કે તેરમા સેંકડામાં લખાયલા સોમેશ્વર કૃત કીર્તિકૌમુદી નામના ગ્રંથમાં તે જણાવેલી છે. બર્બર અથવા બર્બરક એ કંઇ ભૂત કે પિશાચ નહોતો, પણ એક જંગલી જાતનો સરદાર હતો. સિદ્ધરાજના એક તામ્રલેખમાં સિદ્ધરાજને બર્બરક જીષ્ણુ (બર્બરકને જીતનાર) કહેલો છે. દ્વયાશ્રયમાં જણાવ્યું છે કે બર્બરક રાક્ષસ અથવા મ્લેચ્છ લોકનો સરદાર હતો અને સિદ્ધપુરના બ્રાહ્મણોને ઘણો ત્રાસ આપતો. તેને હરાવી તાબે કરવા સિદ્ધરાજે પોતાની સેના મોકલી પણ સેનાને બર્બરકે હરાવી પાછી કાઢી. ત્યાર પછી સિદ્ધરાજ જાતે તેની સામે યુદ્ધ કરવા નીકળ્યો. હાથોહાથ દ્વંદ્વયુદ્ધ થયું તેમાં સિદ્ધરાજે બર્બરકને બાંધી કેદ કર્યો. બર્બરકની સ્ત્રીએ પ્રાર્થના કરી ખાત્રી આપી કે હવેથી એ દુરાચાર તજી સારે માર્ગે ચાલશે અને નિરંતર તમારો દાસ થઇને રહેશે, ત્યારે તેને છોડી દઇ સિદ્ધરાજે તે સ્થાનકનો રક્ષક ઠરાવ્યો. કાઠીઆવાડના દક્ષિણ ભાગમાં બાબરિયાવાડ કરીને પ્રાંત છે, તેમાં બાબરિયા નામની જે જંગલી જાત રહે છે તે જાતનો બર્બરક હશે અને તેના નામપરથી એ જાત બાબરિયા કહેવાતી હશે એમ લાગે છે.

સિદ્ધરાજના વખતનો ઈ. સ. ૧૧૪૦ (સંવત્ ૧૧૯૬) ની સાલનો એક લેખ દોહદમાં છે તે ઉપરથી સિદ્ધરાજે કયા રાજાઓને લઢાઇઓ કરી તાબે કર્યા હતા એ જણાય છે. એ લેખમાં લખ્યું છે કે " સુરાષ્ટ્ર અને માળવાના રાજાઓને તેણે કેદમાં નાંખ્યા; સિંધુરાજ અને બીજા રાજાઓનો તેણે નાશ કર્યો, અને ઉત્તરના રાજાઓ પાસે તેણે પોતાની આણ મનાવી. " આ લેખમાં સુરાષ્ટ્રના જે રાજા માટે લખ્યું છે તે આહિર અથવા ચુડાસમા જાતનો રાજા હતો અને તેની રાજધાની જૂનાગઢ હતું. પ્રબંધચિંતામણિ પ્રમાણે સુરાષ્ટ્રના આહિર રાણા અથવા ભરવાડ રાજા નોઘણ અથવા નવઘણીને તાબે કરવા સિદ્ધરાજ જાતે ગયો; તે વર્ધમાનપુર, એટલે વઢવાણ સુધી આવ્યો અને વઢવાણથી હલ્લો કરી નોંધણને પકડી મારી નાંખ્યો. તીર્થકલ્પનો કર્ત્તા જીનપ્રભાસુરિ જણાવે છે કે જયસિંહે સુરાષ્ટ્રમાં ખેંગાર નામના રાજાને મારી નાખ્યો અને સજ્જન નામના એક જણને ત્યાંનો દંડાધિપતિ (હાકેમ) નિમ્યો. ખેંગારની સાથે સિદ્ધરાજે કરેલી લઢાઇઓની એટલી બધી દંતકથાઓ ચાલે છે કે તે ઉપરથી એ નામના એક કરતાં વધારે રાજાઓપર સિદ્ધરાજે ચઢાઇ કરી હશે એમ લાગે છે. દંતકથા પ્રમાણે ખેંગારની સાથે લઢાઇ થવાનું કારણ નીચે પ્રમાણે જણાય છેઃ—

સિદ્ધરાજની સરહદી લઢાઈઓ; ખેંગાર સાથેની લઢાઈ.

જૂનાગઢથી ઉત્તરે નવ માઇલ છેટે મજેવડી કરીને ગામ છે. ત્યાંના એક કુંભારને ઘેર રાણકદેવી નામની કન્યા હતી. તે એટલી બધી ખૂબસુરત હતી કે તેને પરણવાનો સિદ્ધરાજે નિશ્ચય કર્યો. પણ સિધ્ધરાજના પહેલાં જૂનાગઢનો રાણો રાખેંગાર તેને પરણી બેઠો. આથી સિધ્ધરાજ ક્રોધે ભરાયો; ખેંગાર ઉપર તેણે ચઢાઇ કરી અને જૂનાગઢને બાર વર્ષ સુધી ઘેરો રાખી લઢાઇ કરી પણ જીત થઈ નહીં. છેવટે ખેંગારના ભાણેજ દેહલ અને વિહલ કરીને હતા, તેઓ ખેંગાર ઉપર કોપીને સિદ્ધરાજ પાસે ગયા અને તેની સાથે મળી જઇ કિલ્લામાં તેની સેના ઘાલી દીધી. સિધ્ધરાજે ખેંગારને મારી નાખ્યો અને

રાણકદેવીને વઢવાણ લઇ ગયો, ત્યાં તે સતી થઇ. ખેંગારનો પ્રદેશ સિધ્ધરાજે પોતાના રાજ્ય સાથે જોડી દીધો હતો, અને ત્યાંનો કારભાર કરવાનું કામ સજ્જન નામના એક સુભટને સોંપ્યું હતું, એમ ગીરનાર ઉપર ઇ. સ. ૧૧૨૦ (સંવત્ ૧૧૭૬) નો એક લેખ છે તે ઉપરથી જણાય છે.

સિંહ સંવત્સર.

પ્રભાસ અને દક્ષિણ કાઠીઆવાડમાં કેટલાંક લેખોમાં સિંહ સંવત્સર નામનો એક નવો સંવત્ વાપરેલો જણાય છે. આ સંવત્ ૧૧૧૩–૧૧૧૪ (વિક્રમ સંવત્ ૧૧૬૯–૧૧૭૦) થી શરૂ થાય છે. અને જયસિંહ (સિદ્ધરાજ) ના નામથી ચાલુ કરેલો જણાય છે. માંગરોળમાં સોઢલી નામની વાવ છે, તેમાં આ સંવત્ પહેલે વહેલો વાપરેલો જોવામાં આવે છે. આ લેખ કુમારપાળના વખતમાં લખેલો છે. આ લેખમાં ચાલુક્યનાં અંગરક્ષક મૂલકના પિતા સહજીગનું નામ વાવ બંધાવનાર તરીકે લખ્યું છે, વળી જણાવ્યું છે કે સહજીગને સુરાષ્ટ્રનું રક્ષણ કરી શકે એવા પુત્ર હતા. તેમાંના એક સોમનાથ નામના પુત્રે પ્રભાસમાં સોમનાથના દેવળના કંપાઉંડમાં સહજીગેશ્વર નામનું દેવળ બંધાવ્યું છે. મૂલક નામનો બીજો સૌરાષ્ટ્રનો નાયક હતો: તેણે મંગળપુર અથવા માંગરોળમાં અને બીજી જગાઓમાં વેરો દાખલ કરી દેવની પૂજાને માટે ગોઠવણ કરી હતી. આ લેખ ઇ. સ. ૧૧૪૬ (સોમવાર, આશ્વિન્ વદિ ૧૩, વિક્રમ સંવત્ ૧૨૦૨, સિંહ સંવત્ ૩૨) ની સાલનો છે. આ લેખ ઉપરથી જણાય છે કે સિંહ સંવત્ જયસિંહે શરૂ કરેલો હોવો જોઇએ, કારણ કે બીજા કોઈ સ્થાનિક રાજાએ શરૂ કર્યો હોય તો ચાલુક્ય રાજાનો નોકર તે વાપરે નહીં. જ્યાંસુધી અણહિલવાડનું રાજ્ય ગુજરાતમાં કાયમ રહ્યું, ત્યાં સુધી સિંહ સંવત્ ચાલેલો જણાય છે. અર્જુનદેવના વખતનો એક લેખ વેરાવળમાં છે. તેમાં હીજરી ૬૨૨, વિક્રમ સંવત્ ૧૩૨૦, વલભિ સંવત્ ૯૪૫ અને સિંહ સંવત્ ૧૫૧ એ પ્રમાણે ચાર સંવતની સાલો સાથે જણાવી છે. આ લેખ ઉપરથી જણાય છે કે સૌરાષ્ટ્રમાં અણહિલવાડના રાજાઓના અમલમાં સિંહ સંવત્ દોઢસો વર્ષ ચાલેલો હતોજ.

દંડાધિપતિ સજ્જન.

સુરાષ્ટ્ર ઉપર નીમેલા હાકેમ (દંડાધિપતિ) સજ્જન વિષે મેરૂતુંગ પ્રબંધચિંતામણિમાં લખે છે કે ગીરનાર ઉપર નેમીનાથનું દેવળ ફરીથી બાંધવાને માટે રાજ્યની ત્રણ વર્ષની ઉપજ તેણે રાજાની મંજુરી લીધા વગર વાપરી દીધી. ચોથે વર્ષ રાજાએ તેને અણહિલવાડ બોલાવી મંગાવ્યો અને પાછલી ત્રણ સાલોની ઉપજ બતાવવા કહ્યું. સજ્જને ઉત્તર દીધો, "મહારાજ આપને ઉપજ જોઇએ છીએ કે ઉપજ ખર્ચીને બાંધેલા દેવળનું પુણ્ય જોઇએ છીએ ?" પુણ્ય લેવાનું પસંદ કરી રાજાએ મંજુરી આપી અને સજ્જનને ફરીથી સોરઠનો હાકેમ નીમ્યો. કુમારપાળ પ્રબંધમાં એમ જણાવ્યું છે કે દેવળ બંધાવવાનું કામ પૂરૂં થતા પહેલાં સજ્જન મરી ગયો હતો અને તેના પછી તેનો પુત્ર પરશુરામ દંડાધિપતિ થયો હતો, તેણે દેવળ પૂરૂં કરાવ્યું હતું. પરશુરામને ચિંતા થઇ કે મારા પિતાએ શ્રીગિરિનારના ઉદ્ધારમાં ખર્ચી નાખેલી ઉપજ સિદ્ધરાજ માગશે તો હું કયાંથી લાવીને આપીશ. તેથી તેણે વામનસ્થળીના સાહુકારો પાસે જઇ હકીકત કહી. ત્યારે તેમણે તેની વતી રાજાને ઉપજ આપવાનું માથે લીધું. પછી જયસિંહ વિજયયાત્રા કરતો ત્યાં આવી પહોંચ્યો અને પરશુરામ પાસે ઉપજ માગી, ત્યારે તેણે કહ્યું, "મહારાજ મેં સર્વ ઉપજ રેવતાચળ ઉપર નિર્ભય સ્થાનકે સ્થાપન કરી છે માટે કૃપા કરી ત્યાં પધારો." ત્યારે બ્રાહ્મણો બોલ્યા કે "મહારાજ, આ પર્વત લિંગાકાર છે માટે ન ચઢાય." પણ કર્ણદેવ ચઢયા હતા એવો દાખલો મળવાથી જયસિંહદેવ પણ તે પર્વત ઉપર ચઢ્યો; પછી દેવળની રમ્યતા નિહાળી રાજા બોલ્યો. "જેણે આ અલૌકિક પ્રાસાદ કરાવ્યો છે તેનાં માતપિતાને ધન્ય છે !" જયસિંહને આ પ્રમાણે પ્રસન્ન થયેલો જોઇ પરશુરામ બોલ્યો, "મહારાજ, આ પૃથ્વીપર શ્રી કર્ણદેવ અને મીનળદેવી એ બેનેજ ધન્ય છે કે જેમના આપ પુત્રરત્ન છો; કારણ કે ત્રણ વર્ષની સૌરાષ્ટ્રની ઉપજ ખર્ચી મારા પિતા સજ્જને બંધાવેલો "કર્ણવિહાર" નામનો આ પ્રાસાદ છે, માટે જો આપની મરજી પ્રાસાદ બંધાવ્યાનું

પુણ્ય લેવાની હોય તો આ પ્રાસાદ, અને ઉપજ લેવાની મરજી હોય તો તે સાહુકારોને ઘેરથી અપાવું." આ સાંભળી જયસિંહ ખુશી થયો અને પોતાનો સંતોષ બતાવી દેવની પૂજાના ખર્ચ સારૂ બાર ગામ ધર્માદા આપી ત્યાંથી સિદ્ધાચળ ગયો. ત્યાં પણ બ્રાહ્મણોએ તલવારો કાઢી ઉપર ચઢવાનો નિષેધ કર્યો. સિદ્ધરાજ લાગ જોઇ રાત્રે પર્વત ઉપર ચઢી ગયો અને પ્રાતઃકાળે શ્રી યુગાદિદેવની પૂજા કરી દેવદાયમાં બાર ગામ આપી ઉતર્યો.

માળવા ઉપર ચઢાઈ.

સુરાષ્ટ્ર જીત્યા પછી સિદ્ધરાજે માળવા ઉપર ચઢાઇ કરેલી જણાય છે. માળવામાં તેના વખતમાં પરમાર વંશનો નરવર્મા (ઈ. સ. ૧૧૦૪–૧૧૩૩) અને તેની પછી તેનો પુત્ર યશોવર્મા (ઇ. સ. ૧૧૩૩–૧૧૪૩) થયા હતા. સિદ્ધરાજે માળવા ઉપર કરેલી ચઢાઇનાં જૂદાં જૂદાં વૃત્તાંતમાં આ બંને રાજાનાં નામ આવે છે અને લઢાઈ બાર વર્ષ સુધી ચાલેલી હોવાનું કહેવામાં આવે છે, તેથી એમ લાગે છે કે નરવર્માના વખતમાં લઢાઇ શરૂ થઇ હશે અને યશોવર્માના વખતમાં આશરે ઇ. સ. ૧૧૩૪ માં સિદ્ધરાજની જીત થઇ હશે. સિદ્ધરાજે અણહિલવાડમાં સહસ્ત્રલિંગ તળાવ બંધાવવાનું કામ ચાલુ કર્યા પછી આ ચઢાઇ કરી હતી એવી દંતકથા ચાલે છે, તેથી પણ ઉપર જણાવેલા અનુમાનને ટેકો મળે છે. લઢાઇ કરવાનું શું કારણ બન્યું હતું એ જણાયું નથી, પણ પ્રબંધચિંતામણિમાં કહ્યું છે કે સિદ્ધરાજે યશોવર્મા (નરવર્મા ?) ની ચામડીનું પોતાની તરવાર માટે મ્યાન કરવાનો નિશ્ચય કર્યો હતો, તે ઉપરથી એમ લાગે છે કે માળવાના રાજાએ સિદ્ધરાજનું કંઇ ભારે અપમાન કર્યું હશે. એવું કહેવાય છે કે સહસ્ત્રલિંગી તળાવ બંધાવવાનું કામ કડીઆ અને સલાટોને સોંપી સિદ્ધરાજ પોતે માળવા ઉપર ચઢાઈ કરવા ગયો હતો. લઢાઇ બાર વર્ષ ચાલી પણ સિદ્ધરાજને ફતેહ મળી નહીં તેથી તેનું મન પાછું હઠી ગયું અને તે પાછા ફરવાનો વિચાર કરતો હતો, એવામાં તેને ખબર મળી તે ઉપરથી એવી આશા ઉત્પન્ન થઇ કે જો ધારા નગરીના કિલ્લાના દક્ષિણ દરવાજાને રસ્તેથી હલ્લો કરવામાં આવે તો કંઇ વળે ખરૂં. તેના જે

માનીતા હાથી ઉપર સિદ્ધરાજ બેઠો હતો તે હાથીએ લોઢાની સાંકળથી જડેલા બંને દરવાજામાંથી બે તોડી નાંખ્યા. આ પ્રમાણે ગુજરાતના રાજાને પેસવાનું મળ્યું, તેથી એકાએક કિલ્લાનો ધણી થઈ પડયો, અને યશોવર્માએ ટક્કર લેવામાં શૌર્ય બતાવ્યું છતાં તે ઝલાઇ ગયો, અને સિદ્ધરાજની પૂર્ણ જીત થઇ; પછી યશોવર્માને દોરડે બાંધી પોતાની યશપતાકા તરીકે સાથે લઇ સિદ્ધરાજ અણહિલવાડ આવ્યો. યશોવર્માની ચામડીનું મ્યાન બનાવવાની પ્રતિજ્ઞા યાદ કરી સિદ્ધરાજ તેની ચામડી ઉતારવાની તૈયારીમાં હતો એવામાં તેના મંત્રીઓ આવી પહોંચ્યા અને વિનંતિ કરી કહ્યું કે " મહારાજ, નીતિશાસ્ત્રમાં રાજા અવધ્ય કહ્યો છે માટે આપે એને જીવતો છોડવો જોઇએ. " ત્યારે તેની જરા જેટલી ચામડી લઇ બીજા ચામડા સાથે મેળવી તેનું મ્યાન બનાવરાવ્યું. પછી યશોવર્માને કાષ્ઠ પિંજરમાં નાખ્યો. આ પ્રમાણે માળવા જીતી પોતાના રાજ્ય સાથે જોડી નાખવાથી સિદ્ધરાજ અવંતીનાથ કહેવાયો અને એ વિરૂદ તેના તામ્રલેખમાં લખાવા લાગ્યું.

માળવેથી પાછા આવતાં સિદ્ધરાજને ભીલ લોકોના એક ટોળાએ રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સાંતુ પ્રધાને તેમનીપર હલ્લો કરી તેમને નસાડી મૂકયા.

મહોબકપુરના મદનવર્મા ઉપર ચઢાઈ.

આ પછી સિદ્ધરાજે બુંદેલખંડમાં આવેલા મહોબકપુર (હાલના મહોબા) ના ચંદેલ રાજા મદનવર્મા ઉપર ચઢાઇ કરી, ચંદેલવંશના રાજાઓમાં મદનવર્મા ઘણો પ્રખ્યાત હતો. તેના ઘણા શિક્કા જનરલ કનિંગહામને મળ્યા હતા. એ શિક્કાઓપર ઇ. સ. ૧૧૩૦ થી ૧૧૬૪ (સંવત્ ૧૧૮૬–૧૨૨૦) સુધીની સાલો છે. મદનવર્મા પછી થયેલા એક રાજાએ કાલિંજરના કિલ્લામાં એક લેખ કોતરાવેલો છે, તેમાં લખ્યું છે કે પ્રાચીન કાળમાં જેમ કૃષ્ણે કંસને હરાવ્યો હતો, તેમ મદનવર્માએ ગુર્જ્જર રાજાને સહેજમાં હરાવ્યો. સિદ્ધરાજે મદનવર્મા ઉપર કરેલી ચઢાઇનો હેવાલ ગુજરાતના લેખકોના ગ્રંથોમાંથી મળે છે, તે ઘણે ભાગે આ લેખમાં આપેલા હેવાલ સાથે

મળતો આવે છે. સિદ્ધરાજે કરેલી ચઢાઈમાં સિદ્ધરાજને ફતેહ મળી હોય એમ કોઇ ગ્રંથમાં લખ્યું નથી. કાર્તિકૌમુદીમાં જણાવ્યું છે કે મહોબકના રાજાએ સિદ્ધરાજની આગતાસ્વાગતા કરી, અને પોતાને ત્યાં આવેલા પરોણા તરીકે તેને નજરાણો આપ્યો. કુમારપાળ ચરિત્માં આપેલા હેવાલ ઉપરથી એમ જણાય છે કે મદનવર્મા સાથે સલાહ કરવાની સિદ્ધરાજને ફરજ પડી હતી. સિદ્ધરાજ ધારાથી બારોબાર કલિંજર ગયો હતો એમ કીર્ત્તિકૌમુદી ઉપરથી જણાય છે, અને તે વધારે સંભવિત લાગે છે. પ્રબંધચિંતામણિમાં આપેલો હેવાલ સ્પષ્ટ નથી. કુમારપાળ ચરિત્માં જણાવ્યું છે કે ધારાથી પાટણ પાછા આવતાં સિદ્ધરાજે પાટણ પાસે સીમમાં મુકામ કર્યો હતો, ત્યાં કોઈ પરદેશી ભાટ આવી ચઢ્યો અને બોલ્યોઃ—“ અહો શ્રી સિદ્ધરાજ મહારાજની સભા પણ મદનવર્માના જેવી મનને વિસ્મય પમાડે તેવી છે ! ” મદનવર્મા કોણ છે એમ પૂછવામાં આવ્યું ત્યારે ભાટે જણાવ્યું કે તે મહોબકપુરનો બુદ્ધિશાળી, મહાજ્ઞાની, ભોગી, ધર્મી અને ન્યાયી રાજા છે. પછી સિદ્ધરાજે ખાત્રી કરવા એક હોંશીઆર મંત્રીને તે ભાટની સાથે મોકલ્યો. તે ત્યાં છ માસ રહી પાછો આવ્યો અને રાજાને કહ્યું કે ભાટનું કહેવું ખરૂં છે. મંત્રીનું કથન સાંભળી સિદ્ધરાજે સૈન્ય લઈ મહોબકપુર તરફ પ્રયાણ કર્યું, અને થોડા વખતમાં તે નગરથી આઠ કોસ છેટે આવી પડાવ નાખ્યો; પછી એક મંત્રીને મદનવર્મા તરફ મોકલી મદનવર્માને કહેવડાવ્યું કે તાબે થાઓ. મદનવર્મા આ વખતે પોતાના ઉદ્યાનમાં વિલાસ કરતો હતો. મંત્રીનું કહેવું સાંભળી તે હસીને બોલ્યોઃ—“ બાર વર્ષ સુધી યુદ્ધ કરવા ધારા નગરીમાં પડી રહ્યો તેજ સિદ્ધરાજ કે ? જાઓ, તમે જઇને એને કહો કે, તમે તો કબાડી રાજા છો. જો તમે અમારી ભૂમિ લેવાની ઇચ્છા ધરાવતા હો તો અમે લઢવાને તૈયાર છીએ; પણ પૈસાના ભૂખ્યા હો તો તે તમને મળશે. ” સિદ્ધરાજે ૯૬ કોટિ સોનૈયા માગ્યા તે મદનવર્માના મંત્રીએ તરત ગણી આપ્યા તોપણ સિદ્ધરાજ પાછો ન ફરતાં મોરચાપરજ પડી રહ્યો અને કહ્યું કે મદનવર્માને જોવાની મારી ઇચ્છા છે, માટે તેને મળીશ ત્યારે જઇશ. મદનવર્માને

આ વાતની ખબર પડી ત્યારે તેણે સિદ્ધરાજને તેડાવ્યો. સિદ્ધરાજ પરિમિત સૈન્ય સાથે મદનવર્માના ઉદ્યાનમાં ગયો. ત્યાં મદનવર્માને રહેવાનો, મજબૂત કિલ્લાની અંદર એક મહેલ હતો અને તેની આજુબાજુ એક લાખ યોદ્ધાઓની ચોકી રહેતી હતી, ફક્ત ચાર માણસો સાથે લઇ સિદ્ધરાજને મહેલમાં પેસવા દીધો. મહેલમાં મદનવર્માનો વૈભવ જોઇ સિદ્ધરાજ ચકિત થયો; મદનવર્માએ તેને પોતાનો ભંડાર દેખાડયો, અને એવા પ્રેમથી મહેમાનગીરી કરી કે સિદ્ધરાજ ખુશ થઇ ગયો. વિદાય થતી વખતે મદનવર્માએ સિદ્ધરાજને પોતાના ૧૨૦ અંગરક્ષકો આપ્યા.

દ્વયાશ્રયમાં જણાવ્યું છે કે ઉજ્જન જીત્યા પછી સિદ્ધરાજે સિમ નામના દેશ ઉપર ચઢાઈ કરી અને ત્યાંના રાજાને હરાવી કેદ કર્યો. પરંતુ આ સંબંધમાં બીજા કોઇ ગ્રંથમાંથી હેવાલ મળતો નથી.

ઇ. સ. ૧૧૪૦ વાળા દોહદના લેખમાં સિદ્ધરાજે સિંધુરાજ એટલે સિંધના રાજાનો અને બીજા રાજાઓનો પરભવ કરી તેમનો નાશ કર્યાનું લખ્યું છે. સિંધુરાજને પકડીને બાંધ્યાની વાત કીર્તિકૌમુદીમાં પણ જણાવી છે. પરંતુ સિંધુરાજ સાથે થયેલી લડાઈની આ કરતાં વિશેષ હકીકત જણાતી નથી.

જૈન ધર્મ પ્રત્યે સિદ્ધરાજની વૃત્તિ.

સિદ્ધરાજ તેના પૂર્વજોની પેઠે શૈવ હતો. સિદ્ધપુરમાં રૂદ્રમહાલય અને પાટણમાં સહસ્ત્રલિંગી સરોવર બનાવરાવી તેણે શૈવધર્મ પ્રત્યે પોતાની પ્રીતિ બતાવી આપી. જૈન ગ્રંથકારો હંમેશ એવું બતાવવાનો પ્રયત્ન કરે છે કે જૈન ધર્મ તરફ તેનું વલણ હતું. પરન્તુ તેનાં કેટલાંક કૃત્ય એવાં છે કે જેથી જૈન ધર્મ વિરૂદ્ધ તે હશે એમ લાગે છે. એ વાત ખરી છે કે જૈન સાધુ હેમાચાર્ય તેની સાથે રહેતો, પણ રાજા તેને માન આપતો તે એક જૈન તરીકે નહીં પણ એક વિદ્વાન તરીકે આપતો. સોમનાથની જાત્રા વખતે સિદ્ધરાજે હેમાચાર્યને પાલખી બેસવા આપી હતી, પણ હેમાચાર્યે

પાલખીમાં ન બેસતાં ચાલવાનું પસંદ કર્યું તેથી સિદ્ધરાજે તેને વેદીઓ ઢોર કહી તેની હાંસી કરી હતી. વળી એક વખત માળવાથી પાછા આવતાં સિદ્ધરાજે શ્રીનગર નામની એક જગોએ મુકામ કર્યો હતો. ત્યાં લોકોએ રાજાના માનની ખાતર પોતાનાં દેવળો ઉપર ધજાઓ ચઢાવી હતી. એક જૈન દેવળ ઉપર સિદ્ધરાજે ધજા ઉડતી જોઈ ત્યારે સિદ્ધરાજ ગુસ્સે થયો અને પૂછ્યું કે એ દેવળપર કોણે ધજા ચઢાવી છે? જ્યારે તેને એમ જણાવવામાં આવ્યું કે તે દેવળ ભરતના વખતનું પ્રાચીન છે ત્યારે તેણે હુકમ કર્યો કે વર્ષ આખરે તેની ઉપરની ધજા બદલવી. આ ઉપરથી એમ જણાય છે કે જૈન ધર્મ પ્રત્યે તે પ્રીતિ ધરાવતો નહીં હોય પણ ઉલટો તિરસ્કાર રાખતો હશે. એજ પ્રમાણે પ્રબંધચિંતામણિનો કર્ત્તા લખે છે કે એકલા જૈન ધર્મના લાભમાં સિદ્ધરાજની સમક્ષ હેમાચાર્ય બોલી શકતો નહીં પણ બધા ધર્મ સારા છે એમ કહેતો. હેમાચાર્યે સિદ્ધરાજના વખતમાં લખેલા બધા ગ્રંથોની શરૂઆતમાં જૈન દેવોની સ્તુતિ કરેલી નથી, તેથી પણ આ કથનને ટેકો મળે છે.

સિદ્ધરાજે બંધાવેલાં સાર્વજનિક મકાનો.

સાર્વજનિક મકાનો બંધાવવા માટે સિદ્ધરાજ એટલો બધો જાણીતો થયો હતો કે ગુજરાતમાંનું દરેક પ્રાચીન મકાન તેણે બંધાવેલું હોવાનું લોક કહે છે. વાઘેલા રાજા વીરધવળે (ઇ. સ. ૧૨૨૦–૧૬૬૦) ડભોઇનો કિલ્લો બંધાવ્યો હતો, તે પણ સિદ્ધરાજે બંધાવેલો હોવાની દંતકથા ચાલે છે. પ્રબંધચિંતામણિમાં જણાવ્યું છે કે—

महालयो, महायात्रा, महा स्थानं महासरः ।
यत्कृतं सिद्धराजेन, क्रियते तन्न केनचित् ॥

"મોટી ઇમારતો, મોટી યાત્રાની જગાઓ, મોટાં સ્થાનકો, અને મોટાં જળાશયો સિદ્ધરાજે કરાવ્યાં, તેની બરોબરીનાં બીજા કોઇએ ન થાય." રૂદ્રમહાલય પૈકી હાલ ઘણું જ થોડું કાયમ રહેલું છે તો પણ તેની કોતરણીના સૌંદર્ય ઉપરથી અને તેના કદ ઉપરથી એમ ખ્યાલ થઇ શકે છે કે સોલંકી

વખતની શિલ્પકળાનો તે ઘણો ભવ્ય નમુનો હોવો જોઇએ. સહસ્ત્રલિંગી તળાવ પૈકી હાલ જે કાયમ રહેલું જણાય છે તે ઉપરથી પણ એમ લાગે છે કે ખરેખર મહાસરનું નામ શોભે એવું મોટું અને ઉમદા તે હોવું જોઇએ. બીજાં ઘણાં સ્થળ જે સિદ્ધરાજે બંધાવ્યાનું કહેવામાં આવે છે તે રા. સા. મહિપતરામે સધરા જેસંગની નવલકથામાં જણાવ્યાં છે. તેણે દરેક જોજને (ચાર માઇલે) ધર્મશાળા બંધાવી હતી; ડભોઇનો કિલ્લો, કપડવણજનો કુંડ, ધોળકાનું માલવ્ય તળાવ, રાણીની વાવ્ય, વઢવાણ, વડનગર, ઝીંઝુવાડા વગેરેના ગઢ વગેરે ઘણાં સ્થળ તેણે બંધાવેલાં હોવાની દંતકથા ચાલે છે.

પંડિતોની સભાઓ તથા ધર્મ વિવાદ.

માળવાનો ભોજ રાજા અને તેની પછી થયેલા રાજાઓ જેમ વિદ્વાનોની સભાઓ કરતા અને વિદ્વાનોને ઇનામ આપતા, તેમ સિદ્ધરાજના વખતમાં ગુજરાતના રાજા પણ કરતા. પ્રબંધચિંતામણિ ઉપરથી જણાય છે કે સિદ્ધરાજના વખતનો રાજકવિ શ્રીપાલ નામે હતો, તેણે સહસ્ત્રલિંગી સરોવરની પ્રશસ્તિ લખી હતી તે સાંભળવાને સિદ્ધરાજે ઘણા વિદ્વાનોને એગા કર્યા હતા. પ્રખ્યાત જૈન આચાર્ય હેમાચાર્યને સિદ્ધરાજ હમેશ પોતાની પાસે રાખતો એમ આગળ કહેવામાં આવ્યું છે. સિદ્ધરાજના આશ્રયથી એ વિદ્વાને શ્રી સિદ્ધહૈમ નામનો વ્યાકરણનો ગ્રંથ અને દ્વયાશ્રય કોષ નામનો વ્યાકરણ અને ઇતિહાસનો ગ્રંથ લખ્યો હતો. કવિઓ અને શાસ્ત્રીઓની સભાઓ થતી અને કવિતા અને શાસ્ત્રીય વિષયોપર ઘણીવાર વાદવિવાદ ચાલતા. પરંતુ હાલ જેમ શાસ્ત્રીઓની સભામાં થાય છે તેમ મિથ્યા શબ્દવાદ અને શોરબકોર વગર તેનું બીજું કંઇ પરિણામ આવતું હોય એમ જણાતું નથી. સિદ્ધરાજના વખતમાં ધર્મના વાદવિવાદ ચાલેલા જણાય છે, તે બ્રાહ્મણનો ધર્મ માનનારા અને જૈન ધર્મ માનનારા વચ્ચેજ ચાલેલા છે એમ નથી; જૈન મતમાં દિગંબર અને શ્વેતાંબર નામના સામસામા પક્ષના મત છે, તેઓ વચ્ચે પણ ચાલેલા છે. પહેલા મતના સાધુઓનું નામ, નગ્નાવસ્થામાં રહેવાથી અને દિશાઓરૂપી વસ્ત્ર ધારણ કરવાથી દિગંબર કહેવાય

છે; અને બીજા મતમાં ધોળાં વસ્ત્ર પહેરવાથી શ્વેતાંબર કહેવાય છે. સિદ્ધરાજે સભા ભરી ભટ્ટાર્ક નામના શ્વેતાંબર જૈન આચાર્ય અને કુમુદચંદ્ર નામના દિગંબર જૈન આચાર્ય વચ્ચે કરાવેલા વાદવિવાદનો હેવાલ રાસમાળામાં* આપેલો છે.

કુમારપાળ, ઈ. સ. ૧૧૪૩-૧૧૭૧.

સિદ્ધરાજે જાત્રાઓ કરી, પુણ્યદાન કર્યાં, પ્રાર્થનાઓ કરાવી પણ તેને પુત્ર થયો નહીં, અને તેના પછી ભીમદેવ ૧ લાના પ્રપૌત્ર ત્રિભુવનપાળના વંશમાં ગાદી ગઈ. ભીમદેવને બકુલાદેવી નામની રક્ષાનાટ પેટનો ક્ષેમરાજ કરીને પુત્ર હતો; ક્ષેમરાજને હરિપાળ નામનો પુત્ર હતો; હરિપાળનો પુત્ર ત્રિભુવનપાળ; ત્રિભુવનપાળને કાશ્મીરાદેવી નામની રાણીને પેટે ત્રણ છોકરા અને બે છોકરીઓ થઇ હતી. છોકરાનાં નામ મહીપાળ, કીર્તિપાળ અને કુમારપાળ; અને છોકરીઓનાં નામ પ્રેમલદેવી અને દેવલદેવી હતાં. પ્રેમલદેવી કાન્હડ અથવા કૃષ્ણદેવ નામના સિદ્ધરાજના સેનાપતિ વેરે પરણાવી હતી, અને દેવલદેવી અર્ણોરાજ અથવા આનારાજ નામના સાકંભરી અથવા સાંભરના રાજાને પરણાવી હતી. કુમારપાળને તેના બાપે ભુપાલદેવી નામની કોઈ બાઇ સાથે પરણાવ્યો હતો.

દ્વયાશ્રય પ્રમાણે ત્રિભુવનપાળને સિદ્ધરાજ સાથે સારો સંબંધ હતો. તે તેની સાથે રહેતો હતો અને તેની સાથે લઢાઇમાં પણ જતો. કુમારપાળ ચરિત્રમાં લખ્યું છે કે કુમારપાળ પણ સિદ્ધરાજના દરબારમાં જતો. પણ જ્યારથી સિદ્ધરાજને માલમ પડયું કે મારે પુત્ર થવાનો નથી અને મારી પછી કુમારપાળ ગાદીએ બેસશે, ત્યારથી કુમારપાળ તેને અણગમતો થઇ પડયો. જૈન ગ્રંથકારો જણાવે છે કે સોમનાથે, હેમાચાર્ય, કોડીનારની અંબિકા માતાએ અને જોશીઓએ સિદ્ધરાજને જણાવ્યું હતું કે તમારે પુત્ર થશે નહીં અને તમારી પછી કુમારપાળ ગાદીએ બેસશે અને જગત્ પ્રસિદ્ધ

* રાસમાળા પાન ૨૦૬

રાજા થશે. કુમારપાળ નીચા કુળનો હતો તેથી એ વાત સિદ્ધરાજને ગમી નહીં અને કુમારપાળને તથા ત્રિભુવનપાળના આખા કુટુંબને મારી નંખાવવાનો તેણે ઠરાવ કર્યો. ત્રિભુવનપાળ મરાયો પણ કુમારપાળ છટકી ગયો. રાજાનો કોપ થયો છે માટે મારે કોઈ નિર્ભય સ્થાનકે જવું જોઇએ, એમ ધારી તેણે પોતાના બનેવી કૃષ્ણદેવની સલાહ પૂછી તો તેણે પણ એવી સલાહ આપી કે 'તમારે વેશ બદલી ગુપ્ત રીતે દેશાંતરમાં ફરવું; હું તમને વખતો વખત રાજસૂત્રની બાતમી આપતો રહીશ.' પોતાની સ્ત્રી ભુપાલદેવીને તથા બીજા પરિવારને દધિસ્થળી (દેથળી)માં મૂકી કુમારપાળ જટાધારી થઇ દેશાંતરમાં નીકળી પડ્યો. કેટલાક દિવસ પછી રાજસૂત્ર જાણવાની ઇચ્છાથી પાછો પાટણ આવ્યો અને કર્ણમેરૂ પ્રાસાદના બત્રીસ ભરડા (પૂજારી)-માં ભળી ગયો. સિદ્ધરાજ તેને મારવાને ચોતરફ ખોળ કરાવતો હતો, એ વાતની ભરડાઓને ખબર હતી. તેમણે કેટલાંક લક્ષણ ઉપરથી કુમારપાળને ઓળખી રાજાને ચાડી ખાધી તેથી બીજે દિવસે રાજાએ બધા ભરડાઓને જમવા તેડ્યા. કુમારપાળ પણ તેમની સાથે જમવા આવ્યો. પણ રાજાએ તેને ઓળખી કાઢ્યો છે એમ માલમ પડતાં તે લાગ જોઈ સટકી ગયો. સિદ્ધરાજના હુકમથી તેનો સેનાપતિ કેટલાક સિપાઇ લઇ કુમારપાળની શોધમાં નીકળી પડ્યો અને દૈવયોગે તેની પુંઠે આવી પહોંચ્યો; પણ દૂરથી ઉડતી ધુળ, પગના પડઘા અને ઘોડાના ખોંખારાથી કુમારપાળ ચેત્યો, તેથી તે ભયભીત થઇ ધ્રુજતા શરીરે આગળ નાઠો અને ભિમસિંહ નામનો એક ખેડુત તથા બીજા કેટલાક ખેડુત ખેતરની વાડને ઝીંટવા માટે કાંટા એકઠા કરતા હતા તેમની સહાય માગી. તેથી તેમણે તેને કાંટાના ઢગલામાં સંતાડ્યો. રાજાના સિપાઈ પગલું કાઢતા કાઢતા જે ખેતરમાં તે સંતાઇ રહ્યો હતો તે ખેતરમાં આવ્યા અને તપાસ કર્યો પણ પત્તો લાગ્યો નહિં, એટલે આખરે વધારે શોધ કરવાનું છોડી દઇ ઘેર પાછા વળ્યા. રાત્રે ખેડુતોએ કુમારપાળને કાંટામાંથી કાઢ્યો, તે વખતે એના શરીરમાં કાંટા વાગવાથી લોહી વહેતું હતું. ખેડુતોનો આભાર માની તથા વખત આવે બદલો વાળ-

વાનું વચન આપી કુમારપાળે ત્યાં જટા મુડાવી અને પછી દધિસ્થળી (દેથળી) જવા નીકળ્યો. રસ્તામાં કોઇ દેવસિંહ નામના શેઠની દેવશ્રી નામની પુત્રી પીયર જતી હતી તેની સોબત થઇ. એ બાઇએ દયા લાવી તેને ખાવાનું આપ્યું તથા પોતાની ગાડીમાં બેસાડયો. તેને બહેન તરીકે ગણવા કુમારપાળે વચન આપ્યું. પછી તે દધિસ્થળી આવ્યો. ત્યાં સિદ્ધરાજના સૈન્યે આવી ઘેરો ઘાલ્યો; કુમારપાળને ગામ બહાર નીકળી જવાનો રસ્તો રહ્યો નહિં તેથી સજ્જન તથા અલિંગ નામના કુંભારની પાસે તે ગયો; તેણે તેને પોતાની ઇંટોની ભઠ્ઠીમાં સંતાડી દીધો. રાજાનું લશ્કર ગામમાં તપાસ કરી પાછું ગયું ત્યારે સજ્જને કુમારપાળને બહાર કાઢયો અને ખાવાનું આપ્યું. રાત્રે વોસિરિ નામનો બ્રાહ્મણ મિત્ર કુમારપાળને મળ્યો પછી પોતાનું કુટુંબ ઉજ્જનમાં મૂકી, કુમારપાળ વોસિરિ સાથે દેશાંતરમાં નીકળી પડયો. પહેલે દહાડે તો તેમને ખાવાનું પણ મળ્યું નહીં. બીજે દિવસે વોસિરિ ભીખ માગી લાવ્યો તે ખાઇને બંને જણ એક મઠમાં સુઇ રહ્યા. પછી ફરતા ફરતા સ્તંભતીર્થ (ખંભાત) આવી પહોંચ્યા, અને ત્યાં હેમાચાર્યને મળ્યા. કુમારપાળે હેમાચાર્યને પ્રશ્ન કર્યો કે 'મને કોઇ દહાડો સુખ થશે કે નહીં?' હેમાચાર્યે તેને ઓળખી કાઢયો અને તેના પ્રશ્નનો ઉત્તર આપવા જતો હતો એટલામાં ઉદયન મંત્રી ત્યાં આવી પહોંચ્યો ઉદયને હેમાચાર્યે કહ્યું, "આ કુમારપાળ છે અને થોડા વખતમાં તમારો રાજા થશે." હેમાચાર્યે કુમારપાળને લખી આપ્યું કે વિક્રમ સંવત્ ૧૧૯૯ ના માર્ગશીર્ષ વદિ ૪ ને રવિવારને દિવસે પુષ્પ નક્ષત્રતમાં ત્રીજે પહોરે તમને રાજ્ય મળશે. કુમારપાળે હેમાચાર્યનો આભાર માન્યો અને કહ્યું કે જો આપનું આ વચન સાચું પડશે તો આપ ફરમાવશો તે પ્રમાણે હું વર્તીશ. પછી ઉદયન મંત્રી કુમારપાળને પોતાને ઘેર લઇ ગયો અને ભોજન વસ્ત્રાદિ આપી તેની આગતાસ્વાગતા કરી. એમ કેટલાક દિવસ મંત્રીને ઘેર કુમારપાળ રહ્યો; પછી સિદ્ધરાજને તેની ખબર પડી તેથી તેણે કુમારપાળને મારવા માટે સૈન્ય મોકલ્યું. સૈનિકોએ આવી શોધ કરવા માંડી એટલે

કુમારપાળ મંત્રીના ઘરમાંથી નીકળી હેમચંદ્રસૂરિની શાળામાં નાઠો. સૂરિએ તેને તરતજ ભોંયરામાં ઉતાર્યો અને તેનું દ્વાર ન જણાય એવી રીતે પુસ્તકની ગાંસડીઓથી બંધ કર્યું. સિદ્ધરાજના સૈન્યે બધે ફરીને તપાસ કરી પણ કુમારપાળ જડયો નહિં, તેથી કંટાળીને પાછું ગયું. પછી કુમારપાળ ભોંયરામાંથી બહાર નીકળ્યો. હેમાચાર્યનો તેણે ઘણો ઉપકાર માન્યો અને કહ્યું કે મારા ઉપર આપના બે ઉપકાર થયા છે. એક તો મને રાજ્ય મળવાનું ભવિષ્ય જણાવ્યું તે, અને બીજો આ વખતે મારો જીવ બચાવ્યો. તે પછી ઉદયન મંત્રીએ વાટ ખર્ચી આપી તે લઇ કુમારપાળ ખંભાતથી રાત્રે નીકળ્યો અને વટપદ્રપુર (વડોદરે) આવ્યો. ત્યાં ભૂખ્યો થવાથી કટુક નામના વાણીઆની દુકાને જઇ શેકેલા ચણા માગ્યા. કુમારપાળ પાસે પૈસા ન હોવાથી વાણીઆએ ચણા તેને ઉધાર આપ્યા અને કહ્યું કે મળે ત્યારે પૈસા આપજો. વડોદરેથી કુમારપાળ ભરૂચ ગયો. ત્યાં એક શકુનિક હતો તેને મળીને પૂછ્યું કે "મારો શુભ દિવસ ક્યારે આવશે ?" શકુનિક બહાર શુકન જોવા લાગ્યો તે વખતે એક દેવચકલી દેવળના ધ્વજાદંડ ઉપર બેઠી હતી તે ઉપરથી તેણે કહ્યું કે "તમે થોડા વખતમાં રાજા થશો." ત્યાં જટા મુંડાવીં કુમારપાળ માળવા ભણી ચાલ્યો અને ઉજ્જનમાં જઇ પોતાના કુટુંબને મળ્યો. પણ અહીં સિધ્ધરાજનાં માણસ તેને શોધતાં આવી પહોચ્યાં તેથી તે કોલ્હાપુર ભણી નાઠો. કોલ્હાપુરમાં સર્વાર્થસિદ્ધ નામના એક યોગીને સેવા કરી તેણે પ્રસન્ન કર્યો તેથી તે યોગીએ તેને બે મંત્ર આપ્યા. તેમાં એક રાજ્ય પ્રાપ્તિનો અને બીજો સ્વેચ્છિત ધનપ્રાપ્તિનો મંત્ર હતો. કોલ્હાપુરથી ફરતો ફરતો તે કાંચી અથવા કાંજેવેરમ આવ્યો અને ત્યાંથી કોલંબપટ્ટણ ગયો. કોલંબપટ્ટણના રાજાએ પોતાના મોટા ભાઇ તરીકે તેને માની આદરસત્કાર કર્યો, તેની યાદગીરિમાં કુમારપાળેશ્વર નામનું દેવળ બંધાવ્યું અને દેશ ચલણી નાણામાં કુમારપાળના નામનો શિક્કો પડાવ્યો. કોલંબપટ્ટણથી નીકળી કુમારપાળ ચિત્રકૂટ અથવા ચિત્રોડ ગયો, અને ત્યાંથી ઉજ્જન ગયો. ઉજ્જનથી પોતાનું કુટુંબ લઇ તે સિદ્ધપુર આવ્યો અને

ત્યાંથી એકલો તેના બનેવી કૃષ્ણદેવને મળ્યો. વિચારશ્રેણી પ્રમાણે આ પછી થોડા દિવસમાં, એટલે સંવત્ ૧૧૯૯ ના કાર્ત્તક સુદી ૩ ને રોજ (ઇ. સ. ૧૧૪૩) સિદ્ધરાજ મરણ પામ્યો.

સિદ્ધરાજ પછી ગાદી ઉપર કોને બેસાડવો એ વિષે દરબારીઓમાં ચાલેલા વાદવિવાદમાં કૃષ્ણદેવે કુમારપાળનો પક્ષ લીધો હતો. કુમારપાળ અને તેના ભાઈ મહિપાળ અને કીર્ત્તિપાળ એ ત્રણ જણમાંથી જે લાયક હોય તેને પસંદ કરવાનું ઠરાવી એ ત્રણ જણનાં નામ સામંતોની સભા આગળ રજુ કરવામાં આવ્યાં; મહીપાળ અને કીર્ત્તિપાળને રાજ્ય કરવાને ના લાયક ઠરાવી આખરે કુમારપાળને ગાદીએ બેસાડવાનો ઠરાવ થયો. વિચારશ્રેણિ પ્રમાણે કુમારપાળને માગસર સુદિ ૪ ને રોજ અને કુમારપાળપ્રબંધ પ્રમાણે માગસર વદિ ૪ ને રોજ ગાદીએ બેસાડવામાં આવ્યો. રાજ્યાભિષેક વખતે કુમારપાળનું વય ૫૦ વર્ષનું હતું એમ પ્રબંધચિંતામણિ અને કુમારપાળ પ્રબંધના કર્ત્તા જણાવે છે.

રાજ્યાભિષેક: વાળેલો ઉપકારનો બદલો.

રાજ્યાભિષેક વખતે કુમારપાળે પોતાની સ્ત્રી ભોપાળદેવીને પટ્ટરાણી બનાવી; ખંભાતમાં તેને મદદ કરનાર ઉદયન મંત્રીને પ્રધાન બનાવ્યો; તેના પુત્ર બાહડ અથવા વાગ્ભટને સર્વ રાજ્ય કારભારમાં સહાયક નિમી આલિંગ મંત્રી (નાયબ દિવાન) ની પદ્વી આપી; અલિંગ ઉર્ફે સજ્જન કુમારને ચિત્રકૂટ (ચિત્તોડ) ની પટ્ટિકાનો સ્વામી બનાવ્યો. તે પટ્ટિકાને તાબે ૭૦૦ ગામો હતાં. તેના વંશજોને લાજ આવવાથી હાલ પોતાને 'સગરા' રજપૂતના નામથી ઓળખાવે છે; ભીમસિંહ ખેડુતને અંગરક્ષકમાં દાખલ કર્યો; દેવશ્રી પાસે રાજ્યતિલક કરાવી તેને ધવલક, (ધોળકા) આપ્યું, ચણા આપનાર કટુક વાણીઆને વટપદ્ર (વડોદરા)નો ઇનામદાર બનાવ્યો; વોસિરિ બ્રાહ્મણ મિત્રને લાટ દેશ આપ્યો. એટલે કે તેને તે પ્રદેશનો હાકેમ નીમ્યો. આ પ્રમાણે સર્વ ઉપકારી પુરૂષોને સંભારી તેમના ઉપકારનો બદલો વાળ્યો. તેના બનેવી કાહાનદેવે (કૃષ્ણદેવે) તેને

ગાદી આપવામાં ઘણી સહાય કરી હતી; પરંતુ આ વાતનું અભિમાન રાખી તે કુમારપાળને અપમાન પહોંચે એવી રીતે તેના કુળ વિષે તથા તેની આગળની સ્થિતિ વિષે બોલવા લાગ્યો. કુમારપાળે તેને સમજાવ્યો, પણ તેણે તડુકીને તેનો ઉત્તર વાળ્યો અને તેનું કહ્યું નહીં માનવાનો તેણે ઠરાવ કર્યો હોય એમ આગળ જતાં જણાવ્યું, એટલે કુમારપાળે તેને મારી નંખાવ્યો. આ બનાવની ઘણી સારી અસર થઇ, કારણકે તે દિવસથી સર્વ સામંતો રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં ડરવા લાગ્યા.

દેશાટણમાં પ્રાપ્ત થયેલી નિપુણતાને લીધે કુમારપાળ રાજસૂત્ર ચલાવવા લાગ્યો તેથી જૂના મંત્રીઓને જણાયું કે આપણી સત્તા જતી રહી, અને આ બાહોશ રાજા આગળ આપણું કંઇ ચાલવાનું નથી, ત્યારે તેઓ રાજા સામે કાવતરાં કરવા લાગ્યા. તેઓએ કુમારપાળને મરાવી નાખી પોતાના મત પ્રમાણે ચાલે એવો રાજા ગાદીએ બેસાડવાનો મનસુબો કર્યો પરંતુ એ વાતની કુમારપાળને ખબર પડતાં તેણે તરકટી લોકોને મારી નંખાવ્યા.

શાકંભરીના અર્ણોરાજ સાથે લઢાઈ.

ઉદયન મંત્રીનો બીજો છોકરો આહડ અથવા અરભટ્ટ, જે સિદ્ધરાજનો માનીતો હતો તે કુમારપાળની આજ્ઞામાં નહીં રહેતાં સપાદલક્ષ અથવા સાંભરના રાજા અર્ણોરાજ અથવા આનોરાજની ચાકરીમાં રહ્યો; આહડના સમજાવ્યાથી આનાને ગુજરાત ઉપર ચઢાઇ કરવાનું મન થયું; અને તે દેશના ઘણા સામંતો પોતાના પક્ષમાં આવશે એવી આશા રાખી તે મોટી સેના લઇને મોખરા આગળ આવી પહોંચ્યો. કુમારપાળે શત્રુની સામે થવા સેના એકઠી કરી અને આનાની સામે થવા ઉતરી પડ્યો. લઢાઈ ચાલી ના ચાલી એટલામાં તો ગુજરાતના ઘણા સામંતો કુમારપાળને તજીને જવા લાગ્યા. તે ઉપરથી આહડનું કપટ જણાઇ આવ્યું. કુમારપાળે પોતાની આખી સેના વિખરાઇ ગયેલી જોઈ એટલે પોતાના હાથીને હાંકી લે એટલે તે રાજા સાથે જાતોજાત કાપાકાપી કરવાને બની આવે. એ પ્રમાણે હાથીને આવતો જોઇ, આહડ પોતાના હાથી ઉપરથી કૂદી પડી,

કુમારપાળના હાથીપર ચઢી જઇ કુમારપાળને મારવા જતો હતો, એવામાં તે નીચે પડી ગયો તેથી રાજાની આસપાસના ભાલાવાળાઓએ તેને મારી નાખ્યો. આના રાજાને પણ તીર વાગ્યાં તેથી તે લોહીલુહાણ થઇ ગયો. ગુજરાતના ઘોડેસ્વારો જયજયના અવાજ કરતા આગળ ધાયા અને શત્રુના સૈન્યને હરાવી તથા તેમના ઘોડા વગેરે લૂટી લઈ નસાડી મૂક્યું.*

આ લઢાઇના સંબંધમાં દ્વયાશ્રયના કર્ત્તાએ ઘણો વિગતવાર હેવાલ આપ્યો છે પણ તેમાંનો ઘણો ભાગ કલ્પિત હશે એમ લાગે છે. દ્વયાશ્રયમાં એક અગત્યની વાત એ જણાવી છે કે આનો રાજા હાર્યો હતો, પણ મરાયો નહોતો. તેણે પોતાની કુંવરી જલ્હણને કુમારપાળ વેરે પરણાવી સલાહ કરી. કુમારપાળ ચરિત પ્રમાણે આનો રાજા (અર્ણોરાજ) કુમારપાળપર ચઢી આવ્યો નહોતો, પણ કુમારપાળે આના રાજા ઉપર ચઢાઇ કરી હતી. આ ગ્રંથકર્ત્તા જણાવે છે કે કુમારપાળ સૈન્ય લઇ આબુપાસે ચંદ્રાવતી નગરીમાં આવ્યો ત્યારે ત્યાંથી ત્યાંના રાજા વિક્રમસિંહને પોતાની સાથે લઇ શાકંભરી અથવા સાંભર તરફ ગયો; અર્ણોરાજને તેણે હરાવ્યો પણ મારી નાખ્યો નહીં. અર્ણોરાજે દેવળ દેવીનું અપમાન કરેલું હોવાથી તેની જીભ કાપી નાખવાની કુમારપાળે તેને ધમકી આપી પણ અર્ણોરાજે રાંક થઇ કાલાવાલા કર્યા ત્યારે તેને એવી સરતે છોડ્યો કે તેના દેશના બધા લોક માથે એવું વસ્ત્ર ઓઢે કે જેની ડાબી તથા જમણી બાજુએ જીભનો આકાર કાઢેલો હોય. પછી તેને લાકડાના પિંજરામાં ઘાલી ત્રણ દિવસ સુધી પોતાના સૈન્યમાં રાખી મૂક્યો અને છેવટે તેને પોતાનો ખંડીઓ

---

* કુમારપાળ ચરિત્માં નીચે પ્રમાણે વાત છેઃ—કુમારપાળની બ્હેન દેવળદેવી શાકંભરીના અર્ણોરાજ વેરે પરણાવી હતી. ધણીધણીઆણી સોગટાંબાજી રમતાં હતાં, તે વખતે અર્ણોરાજે હાસ્યમાં દેવળદેવીને કહ્યું કે "આ તારા ઉઘાડા માથાના મુડકાને માર." આથી દેવળદેવીને ખોટું લાગ્યું અને તેણે અર્ણોરાજને સામાં મેણાં માર્યાં. અર્ણોરાજે લાત મારી તેને કાઢી મૂકી. તેથી તે કુમારપાળને ત્યાં આવી રહી અને અર્ણોરાજ સાથે લઢાઈ કરવા કુમારપાળને ભંભેર્યો.

બનાવી છોડ્યો. ચંદ્રાવતીનો વિક્રમસિંહ સંગ્રામ વખતે અર્ણોરાજને મળી ગયો હતો તેથી કુમારપાળે તેને અણહિલવાડની રાજસભામાં મંગાવી, બધા સામંતોના દેખતાં તેનું અપમાન કરી, કેદમાં નંખાવ્યો અને તેના રાજ્ય ઉપર તેના ભત્રિજા યશોધવળને સ્થાપ્યો.

માળવાના રાજા બલ્લાલ સાથે લઢાઇ.

અર્ણોરાજસામે લઢવાને કુમારપાળ ગયો હતો, ત્યારે તેણે વિજય અને કૃષ્ણ નામના બે સામંતોને માળવાના રાજા બલ્લાલની સામે મોકલ્યા હતા. અર્ણોરાજને હરાવી કુમારપાળ અણહિલવાડ પાછો આવ્યો, એવામાં તેને ખબર મળી કે એ સામંતો માળવાના રાજાને મળી ગયા છે, અને માળવાનો રાજા ગુજરાત પ્રાંતમાં આવી પહોંચ્યો છે, અને અણહિલ્લપુર તરફ ધસારો કરે છે. સિદ્ધરાજે જેમ યશોવર્માને જીતી કીર્ત્તિ મેળવી હતી તેમ કુમારપાળ બલ્લાલને જીતી કીર્ત્તિ મેળવવા તૈયાર થયો. તેણે પોતાની સેના એકઠી કરી અને માળવાના રાજા ઉપર ચઢ્યો. પછી લઢાઇમાં તેને હરાવી હાથી ઉપરથી મારી પાડ્યો. આથી કરીને પહેલાંની પેઠે માળવાનો રાજા ફરીથી અણહિલ્લવાડના રાજાને આધીન થયો. ભીલ્સાપાસે ઉદયપુરમાં ઉદયાદિત્યના દેવળમાં એક કરતાં વધારે લેખો છે, તે ઉપરથી જણાય છે કે કુમારપાળે આખો માળવા દેશ જીતી લીધો હતો. આ લેખો કુમારપાળના સેનાપતિએ (દંડનાયકે) કોતરાવેલા છે.

કોકણના મલ્લિકાર્જુન સાથે લઢાઇ.

આ પછી કુમારપાળે કોકણના મલ્લિકાર્જુન રાજા સાથે લઢાઇ કર્યાનું વૃત્તાંત પ્રબંધચિંતામણિમાંથી મળે છે. ઉત્તર કોકણમાં એ નામનો રાજા ઈ. સ. ૧૧૬૦ માં થયો હતો. આ લઢાઇનું કારણ શી રીતે ઉત્પન્ન થયું, એ વિષે પ્રબંધચિંતામણિમાં નીચે પ્રમાણે વાત છે. એક દિવસ કુમારપાળ રાજા દરબારમાં બેઠો હતો અને મુલાકાતો લેતો હતો, એવામાં કેટલાક માગણ સભામાં આવી હાજર થયા, અને તેઓ કોકણના રાજા

મલ્લિકાર્જુનને રાજાઓનો દાદો (રાજપિતામહ) કહી તેની કીર્તિ ગાવા લાગ્યા. મલ્લિકાર્જુનનું ‘ રાજપિતામહ ’ એવું મગરૂબી ભરેલું વિરૂદ સાંભળી કુમારપાળ ક્રોધાયમાન થયો અને સભામાં ચોતરફ નજર ફેરવી, એટલે રાજાના મનનો અભિપ્રાય સમજી, ઉદયન મંત્રીના પુત્ર આમ્રભટે (આમ્બડ) કરસંપુટ ઉંચો કર્યો, અને જણાવ્યું કે એ મિથ્યાભિમાની મલ્લિકાર્જુનને હું જીતી આવીશ. કુમારપાળે સેના આપી તે લઇ આમ્બડ ઉપડયો અને કોઇ ઠેકાણે મુકામ કર્યા વિના કોકણ જઈ પહોંચ્યો. તે કલાવીણી* નદી ઘણી મહેનતે ઉતર્યો અને સામે કિનારે મુકામ કર્યો. ત્યાં આગળ મલ્લિકાર્જુને તેના ઉપર હલ્લો કરી તેને હરાવી કાઢયો. આ પ્રમાણે હાર પામેલા આમ્બડે પાછા ફરી અણહિલવાડની પાસે મુકામ કર્યો, અને કાળો તંબુ ઠોકાવી, કાળો પોશાક પહેરી, કાળું છત્ર ધરાવવા લાગ્યો. આમ્બડ કોકણમાં હાર ખાઇને આવ્યાની રાજાને ખબર પડી અને તેને આ પ્રમાણે શોક પાળતો તેણે જોયો ત્યારે તેને દિલાસો આપ્યો, અને બળવાન યોદ્ધાઓની એક બીજી સેના તૈયાર કરાવી મલ્લિકાર્જુન ઉપર ફરીથી મોકલ્યો. આમ્બડ બીજી વેળા કલાવીણી નદી ઉપર આવી પહોંચ્યો, એટલે પુલ અથવા સેતુ બંધાવી બધી સેનાને સાવધાનીથી ઉતારી; અને પછી મલ્લિકાર્જુન ઉપર હલ્લો કર્યો. આ બીજા યુદ્ધમાં ગુજરાતની સેના જય પામી અને મલ્લિકાર્જુન આમ્બડની તલવારથી માર્યો ગયો. આમ્બડે મલ્લિકાર્જુનની રાજધાની કબજે કરી લીધી; અને તેમાં લૂટ ચલાવી સોલંકી રાજાની આણ વરતાવી; પછી અણહિલવાડ પાછો આવ્યો. મલ્લિકાર્જુનના માથાને સોનાથી મઢાવી તે પોતાની સાથે લાવ્યો હતો તથા મલ્લિકાર્જુનનો ખજાનો લુંટી લાવ્યો હતો તે બધું સામંતોની સમક્ષ કુમારપાળ આગળ રજુ કર્યું. કુમારપાળ આથી ઘણો પ્રસન્ન થયો અને ‘ રાજપિતામહ ’ એવું જે વિરૂદ મલ્લિકાર્જુનને હતું તે આમ્બડને આપ્યું.

આ મલ્લિકાર્જુન રાજાના બે શિલાલેખ હાલમાં જડયા છે. એક લેખ

* ચીખલી અને વલસાડમાં થઈને વહેતી કાવેરી નદી.

ચિપ્લુન આગળ છે તેની ઉપર ઈ. સ. ૧૧૫૬ (શક ૧૦૭૮)ની સાલ છે, અને બીજો વસાઇ આગળ છે તેની ઉપર ઇ. સ. ૧૧૬૦ (શક ૧૦૮૨)ની સાલ છે. મલ્લિકાર્જુનને મારી નાખ્યાની વાત ખરી હશે તો લઢાઇ ઇ. સ. ૧૧૬૦ પછી અને ઇ. સ. ૧૧૬૨ પહેલાં થઇ હશે. કારણ કે ઇ. સ. ૧૧૬૨ માં મલ્લિકાર્જુનની ગાદીએ અપરાદિત્ય નામનો રાજા હતો.

સુરાષ્ટ્રના સમર રાજા સાથે લઢાઇ.

કુમારપાળને સુરાષ્ટ્ર અથવા દક્ષિણ કાઠિઆવાડના સમર રાજા સાથે લઢાઇ થઇ હતી, એમ કુમારપાળ ચરિત્માં જણાવેલું છે. એ લઢાઇમાં કુમારપાળના મંત્રી ઉદયનને સેનાપતિ નિમ્યો હતો. પ્રબંધચિંતામણિમાં સુરાષ્ટ્રના રાજાનું નામ સૌસર જણાવેલું છે; કદાચ એ રાજા ગોહિલવાડનો કોઇ મ્હેર સરદાર હશે. ઉદયન સેના સાથે વઢવાણ સુધી આવ્યો અને ત્યાંથી સેનાને આગળ મોકલી પોતે પાલીતાણે ગયો. પાલીતાણામાં તે દેવની પૂજા કરતો હતો એવામાં એક ઉંદર દીવાની દીવટ લઇ તે કાષ્ટમય મંદીરની ફાટમાં પેસતો હતો એ તેના જોવામાં આવ્યું. કાષ્ટમય દેવળનો કોઇ દિવસ અગ્નિથી નાશ થવાનો સંભવ જાણી પથ્થરનું દેવળ બંધાવવાનો તેણે ઠરાવ કર્યો. સૌસર રાજા સાથે થએલી લઢાઇમાં ગુજરાતના લશ્કરની હાર થઇ અને ઉદયન મરણતોલ ઘાયલ× થયો. મરતા પહેલાં ઉદયને તેના પુત્રોને જણાવ્યું કે શત્રુંજય ઉપર આદીશ્વરનું દેવળ અને ભરૂચમાં શકુનિકા વિહાર દુરસ્ત કરાવવાનો અને ગિરિનારપર નવીન પાગ બંધાવવાનો મેં નિશ્ચય કર્યો છે. તેના પુત્ર બાહડ અને આહડે બંને દેવળોની દુરસ્તી કરાવવાનું કબુલ કર્યું. પછી બંને દેવળો દુરસ્ત થયાં. ત્યારે કુમારપાળ, હેમાચાર્ય અને અણહિલવાડના સઘળા સામંતો શકુનિકા વિહારમાં મુનિ સુવ્રતનાથની પ્રતિષ્ટા વખતે હાજર થયા. શ્રી ગિરિનારપર નવીન સુગમ પગ રસ્તો પણ બંધાવવામાં આવ્યો; એક લેખ પ્રમાણે આ કામ ઈ. સ. ૧૧૬૬ (સંવત્ ૧૨૨૨) માં થયું.

×કુમારપાળ ચરિત્ પ્રમાણે ઉદયને સમરને મારી તેના પુત્રને ગાદીએ બેસાડયો.

સમર સાથેની લઢાઇ અને ઉદયનનું મૃત્યુ આશરે ઇ. સ. ૧૧૪૯ (સંવત્ ૧૨૦૫) માં થએલાં હોવાં જોઇએ; કારણ કે આદીશ્વરનું દેવળ બંધાવવાનું કામ ઈ. સ. ૧૧૫૬–૫૭ (સંવત્ ૧૨૧૧) માં પૂરું થયું હતું. બાહડે શત્રુંજયની પાસે બાહડપુર નામનું ગામ વસાવ્યું અને ત્યાં ત્રિભુવનપાળ વસતિ નામનું નવીન દેવળ બંધાવ્યું.

ચેદિ રાજાની ચઢાઇ.

સૌસર સાથેની લઢાઈ પૂરી થયા પછી ચેદિ રાજા કર્ણે કુમારપાળ ઉપર ચઢાઇ કરવાની ધમકી આપી; રાજા સોમનાથની જાત્રાએ નીકળવાનો હતો એવામાં તેના બાતમીદારોએ તેને ખબર આપી કે એ રાજા ચઢી આવવાનો છે. પછી બીજે દિવસે રાજાને ખબર પડી કે રાત્રે હાથી ઉપર સુતો હતો એવામાં તેના કોટનો કંઠો એક વડના ઝાડની ડાળીમાં ભરાયો, અને હાથી ચાલી ગયો તેથી ચેદિ રાજા અધર લટકી મરણ પામ્યો છે.

સાંભરના રાજા ઉપર ચઢાઈ.

એક વખત કુમારપાળે સપાદલક્ષ (સાંભર) ના રાજાને ઉત્તરાસન* વસ્ત્ર મોકલવાની આજ્ઞા કરી, પરંતુ તેણે તે માન્ય કરી નહીં તેથી કુમારપાળને ઘણો ક્રોધ ચઢયો; અને તેને જીતવાને સૈન્ય તૈયાર કરાવી ઉદયન મંત્રીનો પુત્ર ચાહડ, જે બાહડ અને આહડ કરતાં નાનો હતો તેની નિમણુંક કરી. ચાહડમાં અતિદાન કરવાનું કુપણુ હતું તો પણ રાજાની તેના ઉપર મહેરબાની હતી ચાહડ ઉતાવળે પ્રયાણ કરી થોડા દિવસમાં બિંબેરા નજીક આવી પહોંચ્યો; તે દિવસે તે નગરમાં સાતસો કન્યાના વિવાહ માંડયા હતા.× તેથી રાત્રે બહાર રહી કિલ્લાને ઘેરો ઘાલ્યો અને સવારે નગર સર કર્યું. તથા તે લૂંટી તેમાં કુમારપાળની દવાઇ ફેરવી. ત્યાંથી સાતસો હુંશિયાર સામંત લઈ ચાહડ

* પૂજા વખતે ખભા ઉપર જનોઈની પેઠે નાખવાનું વસ્ત્ર.

× ત્યાંના લોક કડવા કણબી હશે અથવા ભરવાડ હશે કારણ કે એક દિવસે એટલાં બધાં લગ્ન કરવાનો ચાલ એ જાતોમાં છે.

પાટણ પાછો આવ્યો. આ ફતેહથી રાજા ખુશી થયો. પણ ઘણું દાન કરવાની ચાહડની ટેવને માટે તેને ઠપકો આપ્યો અને 'રાજઘરટ્ટ' (રાજાને દળી નાંખનાર) નો ઇલકાબ આપી વિદાય કર્યો.

ગુજરાતના ઇતિહાસ લખનાર આ સંબંધમાં વધારે વિગત જણાવતા નથી, તોપણ ભીલ્સા પાસે ઉદેપુરમાં ઇ. સ. ૧૧૬૬ ની સાલનો કુમારપાળના નામનો એક લેખ છે તેમાં જણાવ્યું છે કે સંવત્ ૧૨૨૨ ના વૈશાખ સુદી ૩ ને રોજ ચાહડે રંગરિકા મહાલનું અડધું સંગવાડ ગામ દાનમાં આપ્યું. આ લેખની નીચે બીજો એક લેખ છે તેમાં પણ કુમારપાળનું નામ છે. એ લેખની સાલ ભુસાઇ ગઇ છે, પણ એટલું વંચાય છે કે કુમારપાળના હાકેમ યશોધવલે પોસ સુદી ૧૫ ને ગુરૂવારને રોજ ગ્રહણને અવસરે ઉદયપુરના દેવને દાન આપ્યું.

કુમારપાળના વખતના આવા બીજા લેખ પશ્ચિમ રાજપુતાનામાં બાલ્મર પાસે કિરાટકૂપ (ખેરાડુ) નગરનાં ખંડેર પાસે જોવામાં આવે છે. એ લેખોમાં કુમારપાળનું નામ આપેલું છે અને જણાવ્યું છે કે કુમારપાળનો અમાત્ય ત્યાં રહેતો અને ખેરાડુની આસપાસનો મુલક જયસિંહ રાજાના વખતથી ગુજરાતને તાબે હતો. વળી ચિતોડના કિલ્લામાં બ્રહ્માના દેવળમાં કુમારપાળનો એક લેખ કર્નલ ટૉડ સાહેબે શોધી કાઢ્યો હતો, તે ઉપરથી એમ જણાય છે કે તેણે મેવાડસુધી જીત કરી હશે.

પદ્માવતી રાણી.

પ્રબંધચિંતામણિ પ્રમાણે કુમારપાળ પદ્મપુરની પદ્માવતી રાણીને પરણ્યો હતો. એ નગર સિંધુનદીની પશ્ચિમે આવેલું હોવાનું લખ્યું છે. કદાચ એ રાણી કાશ્મીરમાં આવેલા પદ્મપુરની હશે.

સિસોદણી રાણી.

કુમારપાળ, મેવાડના રાજાની કુંવરીને પરણ્યો હતો એ વિષે રાસમાળા-માં× નીચે પ્રમાણે હેવાલ છે. કદાચ આ વૃત્તાંત જૈન ગ્રંથકારોએ જાણી બુજી મૂકી દીધું હશે.

× રાસમાળા પાન-૨૪૦

" બ્રાહ્મણોના વૃત્તાંતમાં લખે છે કે મેવાડના રાજાની કુંવરી સિસોદણી વેરે તે પરણ્યો હતો. જ્યારે તેને પરણવાને ખાંડું મોકલ્યું ત્યારે તે કુંવરીના જાણવામાં આવ્યું કે રાજાનો એવો નિયમ છે કે રાણીઓએ પ્રથમ હેમાચાર્યને અપાસરે જઇ જૈન ધર્મની દીક્ષા લીધા પછી દરબારમાં પેસવું. આ ઉપરથી રાણીએ પાટણ જવાની ના પાડી, ને કહ્યું કે મને આચાર્યને અપાસરે મોકલવામાં ન આવે એવી ખાત્રી કરી આપો તો હું આવું ત્યારે કુમારપાળનો દસોટી ભાટ જયદેવ કરીને હતો, તે વચ્ચે જામીન થયો એટલે રાણીએ અણહિલપુર જવાની હા કહી. તેને આવ્યાને કેટલાક દિવસ વિત્યા પછી હેમાચાર્યે રાજાને કહ્યું કે સિસોદણી રાણી કદી મારી પાસે આવ્યાંજ નથી. તે ઉપરથી કુમારપાળે તેને જવાનો આગ્રહ કર્યો; પણ તેણે ના કહી. પછી રાણી માંદી પડી ત્યારે ભાટની સ્ત્રીઓ તેને જોવા ગઇ. ત્યાં તેની વાત સાંભળીને તેઓએ પોતાના જેવો તેને પોશાક પહેરાવીને છાનીમાની પોતાને ઘેર તેડી આણી. રાત્રે કિલ્લાની ભીંત ભાટે કોચી, ને ત્યાંથી રાણીને લઇ ચાલ્યો. આ વાત જ્યારે કુમારપાળ રાજાના જાણવામાં આવી ત્યારે બે હજાર ઘોડું લઇને તેના ઉપર ચઢ્યો. ઇડર દસ ગાઉ રહ્યું ત્યાં આગળ પેલાં નાશી જનારાંને રાજાએ ઝાલી પાડ્યાં. ત્યારે ભાટે રાણીને કહ્યું કે ' જો તમે ઇડરમાં જઈ પહોંચો એમ હોય તો ઉગરાય. મારી પાસે બસેં ઘોડું છે. જ્યાંસુધી અમારામાંનું એક પણ માણસ રહેશે ત્યાંસુધી અમે કોઇને હાથ અડકાડવા દેઇશું નહીં. એ પ્રમાણે કહી સામા ચઢી આવેલા ભણી તે ધર્યો; પણ રાણીની હિંમત ચાલી નહીં એટલે તેણે પોતાના રથમાં આપઘાત કર્યો; ત્યારે દાસી બોલી ઉઠી કે હવે લઢીને શું કરો છો, રાણીતો ક્યારનાંય મરી ગયાં છે. પછી કુમારપાળ અને તેની ફોજ ઘરભણી પાછી વળી."

આબુપાસે ચંદ્રાવતીના પરમાર રાજા કુમારપાળના ખંડીઆ હતા.

અવંતીનાથ.

સાંભરના અર્ણોરાજ (આનારાજ) ને મદદ કરવાના વાંકમાટે કુમારપાળે ચંદ્રાવતીના રાજા વિક્રમસિંહને કેદમાં પૂર્યો હતો અને તેના ભત્રિજા યશોધવળને ગાદીએ

બેસાડ્યો હતો, એમ આગળ જણાવવામાં આવ્યું છે. કુમારપાળે માળવા અને સાંભરના રાજા ઉપર જીત મેળવી હતી એ નિર્વિવાદ છે. 'અવંતીનાથ' એ કુમારપાળનાં વિરૂદો પૈકીનું એક છે.

કુમારપાળના રાજ્યની સીમા.

કુમારપાળપ્રબંધ પ્રમાણે કુમારપાળના રાજ્યથી ઉત્તરે તુરૂષ્ક (તુર્ક) દેશ, પૂર્વે ગંગા નદી, દક્ષિણે વિંધ્યા પર્વત અને પશ્ચિમે સિંધુ નદી હતાં.

સોમનાથનું દેવળ બંધાવ્યું.

સાર્વજનિક મકાનો બંધાવવાના કામમાં કુમારપાળની શાખ સિદ્ધરાજના જેટલી લોકોમાં ચાલતી નથી, તોપણ કુમારપાળે કેટલાંક અગત્યનાં મકાન બંધાવ્યાં હતાં. એ પૈકી મુખ્ય સોમનાથ અથવા સોમેશ્વરનું દેવળ ફરી બંધાવ્યાનું કામ હતું. પ્રબંધચિંતામણિ પ્રમાણે કુમારપાળે હેમાચાર્યના ગુરૂ દેવસૂરીને પૂછ્યું કે શું કરવાથી મારૂં નામ અમર રહે. દેવસૂરીએ કહ્યું: "સોમનાથનું દેવળ હાલ કાષ્ઠમય છે, અને દરિયાની છોળોથી ખવાઇ ગયું છે તેને બદલે એક યુગ ચાલે એવું નવીન દેવળ બંધાવો." આ વાત રાજાને પસંદ પડી તેથી તેણે સોમનાથનું દેવળ નવેસર પથ્થરથી બંધાવ્યું. દેવળનો પાયો નંખાવ્યો ત્યારે હેમાચાર્યના બોધથી રાજાએ એક વ્રત લીધું કે દેવળ બંધાવવાનું કામ પૂરૂં થઇ રહે ત્યાં સુધી સ્ત્રીસંગ કરવો નહીં અને મદ્યમાંસ ખાવું નહીં. બે વર્ષે દેવળ તૈયાર થયું એટલે વ્રત (બાધા) છોડાવવાની સૂરિને વિનંતિ કરી. સૂરિ બોલ્યા: "મંદીર તો થયું પણ શિવજીની યાત્રા થયે વ્રત મૂકવું જોઇએ." રાજાએ આ વાત અંગીકાર કરી અને સોમનાથની જાત્રાએ નીકળ્યો. હેમાચાર્ય તેની પહેલાં પગે ચાલીને નીકળ્યો અને શત્રુંજય અને ગિરિનારની જાત્રા કર્યા પછી સોમનાથ આવવાનું રાજાને વચન આપ્યું. રાજા સોમનાથ પહોંચ્યો ત્યારે ગંડ બૃહસ્પતિ નામનો ત્યાંનો સ્થાનિક અધિકારી તેને સામે તેડવા આવ્યો અને દબદબાથી શહેરમાં લઈ ગયો. દેવળનાં પગથીઆં આગળ રાજાએ લાંબા થઇ નમસ્કાર કર્યો. પછી

દેવની પૂજા કરી તથા પોતાના વજન જેટલું નાણું તથા હાથી, સોનું, ચાંદી, મોતી વગેરે દાન આપી અણહિલપુર પાછો ગયો.

કુમારપાળે બંધાવેલા દેવળને મુસલમાન લોકોએ વખતો વખત ઘણું નુકસાન કર્યું; પ્રથમ અલફ્ખાને ઇ. સ. ૧૩૦૦ માં, પછી મુઝફ્ફરશાહે ઈ. સ. ૧૩૯૦ માં, પછી મહમદ બેગડાએ ઇ. સ. ૧૪૯૦ માં અને છેવટ મુઝફ્ફરશાહ બીજાએ ઇ. સ. ૧૫૩૦ માં, એ પ્રમાણે કુમારપાળના વખત પછી ચાર વખત સોમનાથના દેવળની ભાંગફોડ કરવામાં આવેલી છે. મુસલમાનો પાછા જતા એટલે દેવળની દુરસ્તી કરાવવામાં આવતી. સૌથી સરસ દુરસ્તી જૂનાગઢના રાજા ખેંગાર ૪ થાના વખતમાં (ઇ. સ. ૧૨૯૭–૧૩૩૩) કરવામાં આવી હતી. અલ્લાઉદ્દીન ખીલજીના વખતમાં સોમનાથના દેવળને નુકસાન પહોંચ્યા પછી એ રાજાએ દુરસ્તી કરાવ્યાની વાત બે લેખોમાં લખેલી છે. છેવટ મુજફ્ફરશાહ બીજાના વખતમાં એ દેવળને મસીદનું રૂપ આપવામાં આવ્યું હતું. ત્યારપછી તેમાં દેવને લાવવાની તજવીજ કરવામાં આવી નથી.

પાટણમાં ભદ્રકાળીના દેવળની એક બાજુએ ભીંતમાં લાગેલો શીલાલેખ છે; તેમાં સોમનાથ વિષે જાણવાજોગ વિગત આપેલી છે. એ લેખના જમણા ખુણા તરફની લીટીઓ ભાગેલી છે તે સિવાયનો બીજો બધો ભાગ વાંચી શકાય એવો સ્પષ્ટ છે. તેની ઉપર ઈ. સ. ૧૧૬૯ (વલભી ૮૫૦) ની સાલ છે. તેમાં લખ્યું છે કે સોમેશ્વરનું દેવળ પ્રથમ સોમે સોનાનું બંધાવ્યું હતું, પછી રાવણે રૂપાનું બંધાવ્યું હતું, પછી ભીમદેવે પથ્થરનું બંધાવ્યું હતું, ત્યારપછી કુમારપાળના વખતમાં ગંડ બૃહસ્પતિની દેખરેખ નીચે તેની દુરસ્તી થઇ હતી. ગંડ બૃહસ્પતિ વિષે એ લેખમાં નીચે પ્રમાણે હેવાલ આપ્યો છે. તે કન્યાકુબ્જ અથવા કનોજનો બ્રાહ્મણ હતો; તેની શાખા પશુપત હતી; તે માળવાના રાજાઓનો શિક્ષક હતો અને સિદ્ધરાજ જયસિંહનો મિત્ર હતો. તેણે સોમનાથમાં બીજાં ઘણાં દેવળ બંધાવ્યાં. કુમાયુનના ખશ રાજાએ કેદારેશ્વરનું દેવળ થઇ પડી જવા દીધું છે એવી

ખબર જાણી કેદારેશ્વરનું દેવળ પણ તેણે દુરસ્ત કરાવ્યું. કુમારપાળના વખત પછી ગંડ બૃહસ્પતના વંશજો સોમનાથના મુખ્ય પુંજારી ગણાતા.

કુમારપાળે જૈન દેવળો પાછળ ખર્ચ કરેલો છે. ખંભાતના સાગલ વસહિકાના દેવળમાં હેમાચાર્યે દીક્ષા લીધી હતી તે દેવળ તેણે દુરસ્ત કરાવ્યું; કોઈ સ્ત્રીએ તેને કરંબો આપ્યો હતો તેની યાદગીરીમાં તેણે પાટણમાં કરંબક વિહાર નામનું જૈન દેવળ બંધાવ્યું; જંગલમાં એક ઉંદરે દરમાંથી કાઢેલા રૂપીઆ તેણે લઇ લીધા હતા તેથી ઉંદર માથું કુટીને મરી ગયો હતો, તે પાપના નિવારણ માટે તેણે પાટણમાં મુશકવિહાર નામનું દેવળ બંધાવ્યું. હેમાચાર્યની જન્મભૂમિ, ધંધુકામાં ગોલિકાવિહાર નામનું દેવળ બંધાવ્યું. આ શિવાય બીજાં ૧૪૪૪ જૈન દેવળ કુમારે બંધાવ્યાની દંતકથા ચાલે છે.

કુમારપાળ જાતે વિદ્વાન્ નહતો તોપણ તેના મંત્રી વિદ્વાન હતા, અને તે પોતાના દરબારમાં વિદ્વાનોને અને તેમાં ખાસ કરીને સંસ્કૃત કવિઓને રાખતો, તેના બે મુખ્ય પંડિતો રામચંદ્ર અને ઉદયચંદ્ર જૈન હતા. રામચંદ્ર ઘણો વિદ્વાન્ હતો. તેણે ઘણાં પુસ્તક લખ્યાં હતાં, તેમાં પ્રબંધશત એ મુખ્ય છે. ઉદયન મંત્રીના મરણ પછી કુમારપાળનો મુખ્ય મંત્રી કપર્દી નામનો વિદ્વાન્ અને સંસ્કૃત કવિ થયો હતો. કુમારપાળનો મુખ્ય સલાહકાર અને ગુરૂ હેમચંદ્ર અથવા હેમાચાર્ય તે જમાનામાં સૌથી મોટો વિદ્વાન્ હતો. હેમાચાર્ય સિદ્ધરાજ અને કુમારપાળ એ બંનેના વખતમાં થઇ ગયો તોપણ રાજાનો ગુરૂ અને સલાહકાર તો તે કુમારપાળના વખતમાંજ થયો. શરૂઆતના સોલંકી રાજાઓનો ઇતિહાસ લખાયો છે તે મુખ્યત્વે કરીને હેમાચાર્યને લીધે છે.

હેમાચાર્યનું વૃત્તાંત.

હેમાચાર્યનું વૃત્તાંત અજાયબીઓથી ભરપૂર છે. જાદુમંત્રોની વાતો બાજુએ મૂકતાં, તેના વિષયની બીજી હકીકત નીચે પ્રમાણે છે. ધંધુકાના નગરમાં ચાચિગ નામનો મોઢ વાણીઓ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ પાહિની હતું. પાહિ-

નીને સંવત્ ૧૧૪૫ ના કાર્તિક સુદિ ૧૫ ને રોજ પુત્ર પ્રસવ થયો. તે બાળકનું નામ ચાંગદેવ પાડવામાં આવ્યું. દેવચંદ્ર આચાર્ય નામનો એક જૈન સૂરિ (ઈ. સ. ૧૦૭૮–૧૧૭૦; સંવત્ ૧૧૩૪–૧૨૨૬) પાટણથી ધંધુકે મોઢ વસાહિકામાં દેવવંદન કરવા આવ્યો. તે વખતે ચાંગદેવ પાંચ વર્ષનો થયો હતો. તેની માતા સાથે તે પણ મોઢ વાસાહિકમાં આવ્યો. બીજાં છોકરાં સાથે રમતો હતો, એવામાં બાલ્યાવસ્થાના ચપળ સ્વભાવથી તે આચાર્યની ગાદી ઉપર ચઢી બેઠો. તેની આ હિંમત તથા તેનાં અંગ લક્ષણો જોતાં આચાર્યને લાગ્યું કે જો તે દીક્ષા ગ્રહણ કરે તો કલિયુગમાં કૃતયુગ પ્રવર્તાવે એવો થાય. પછી સંઘને એકઠો કરી સાથે લઇ આચાર્ય ચાચિંગને ઘેર ગયા. એ વેળાએ ચાચિંગ શેઠ પરગામ ગએલા હતા પણ તેની સ્ત્રી પાહિની ઘેર હતી. તેણે સંઘનો “ ભલે પધાર્યા ” ઇત્યાદિ માન-યુક્ત શબ્દોથી આદર સત્કાર કર્યો. પછી સંઘે ચાંગદેવ આપી દેવાનું જણાવ્યું ત્યારે પોતાના ધણીને પૂછ્યા વગર ખુશીની સાથે તેણે ચાંગદેવ આચાર્યને આપ્યો. તેને લઇને આચાર્ય કર્ણાવટી આવ્યા અને ઉદયન મંત્રીના છોકરા સાથે તેને કર્ણાવટીમાં રાખ્યો. ચાચિંગ પરગામથી ઘેર આવ્યો અને પાહિનીએ પુત્ર આપી દીધાની તેને ખબર પડી ત્યારે તે ઘણો દિલગીર થયો અને પુત્રનું દર્શન કરતા સુધી આહારનો ત્યાગ કરવાની બાધા લીધી. ખોળતો ખોળતો તે કર્ણાવટી આવ્યો અને ક્રોધે ભરાઇ આચાર્યને કહ્યું કે મારો પુત્ર મને પાછો સોંપી દો. તે વખતે ઉદયન મંત્રી ત્યાં હતો. તેણે ચાચિંગને સમજાવ્યો અને આખરે ચાચિંગે પોતાના પુત્રને આચાર્ય પાસે રહેવા દીધો.

ઇ. સ. ૧૦૯૭ માં ચાંગદેવ આઠ વર્ષનો થયો ત્યારે ચાચિંગે મહા મહોત્સવ કરી તેને દીક્ષા અપાવી; તે વખતે દેવચંદ્ર ગુરૂએ તેનું નામ સોમદેવ મુનિ પાડયું. સોમદેવ મુનિએ ઘણી વિદ્વતા મેળવી તેથી દેવચંદ્રે તેનું નામ હેમચંદ્ર (સોનાનો ચંદ્ર) પાડયું. ૨૧ વર્ષની ઉમ્મરે હેમચંદ્રે સર્વ શાસ્ત્ર અને સિદ્ધાન્તોમાં પ્રવીણતા મેળવી તેથી ઇ. સ. ૧૧૧૦

(સંવત્ ૧૧૬૬) માં તેને આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું. તેની વિદ્વતાથી પ્રસન્ન થઇ સિદ્ધરાજ એક વિદ્વાન તરીકે તેને ઘણું માન આપતો. સિદ્ધરાજને જૈન ધર્મ પસંદ નહોતો, અને કોઇ કોઇ વાર તે જૈન ધર્મનું ઉઘાડી રીતે અપમાન કરતો; તો પણ હેમચંદ્ર પોતાનાં કળવિકળ, જ્ઞાન અને ડહાપણથી તેને રાજી રાખતો અને જૈન ધર્મનો વધારો કર્યા કરતો; તેની નમ્રતા અને ભક્તિ જોઇ રાજાને પાછળથી પસ્તાવો થતો અને તે તેની માફી માગતો. સિદ્ધરાજની સાથે હેમચંદ્ર સોમનાથ પાટણની જાત્રાએ ગયો અને ત્યાં લિંગની પૂજા એવી રીતે યુક્તિથી કરી કે જૈનોને પણ ખોટું ન લાગે. સિદ્ધરાજના વખતમાં હેમચંદ્રે પંચાંગી વ્યાકરણ રચ્યું, અને પોતાનું તથા સિદ્ધરાજનું નામ સાથે જોડી તેનું નામ સિદ્ધહૈમ રાખ્યું. એ ગ્રંથમાં રાજાની કંઇ વિગતવાર હકીકત આપી નથી, એવી બ્રાહ્મણોએ ખોડ કાઢી, ત્યારે હેમચંદ્રે દરેક પ્રકરણને છેડે એકેક કડી રાજાનાં વખાણની વધારી. સિદ્ધરાજના વખતમાં 'હૈમીનામમાલા' અથવા અભિધાન-ચિંતામણિ અને 'અનેકાર્થ નામમાલા' એ નામના બીજા બે ગ્રંથ તેણે રચ્યા. દ્વયાશ્રય કોષની શરૂઆત પણ તેણે સિદ્ધરાજના વખતમાં કરી. કુમારપાળને હેમચંદ્ર ઘણો ઉપયોગી થયો હતો, તો પણ કુમારપાળના રાજ્યની શરૂઆતમાં કુમારપાળની જૈન ધર્મ ઉપર આસ્થા નહોતી, તેથી હેમચંદ્રને બ્રાહ્મણોની આધીનતામાં રહેવું પડતું. એક વખત કુમારપાળે હેમચંદ્રને પૂછ્યું કે કંઇ એવું સત્કૃત્ય બતાવો કે જેથી યુધિષ્ઠિર, વિક્રમ અને ભોજની પેઠે મારૂં નામ યુગના અંત સુધી રહે; ત્યારે હેમચંદ્રે તેને કહ્યું કે સોમનાથના દેવળનો ઉદ્ધાર કરો. તોપણ હેમચંદ્રે ધીરે ધીરે કુમારપાળનું મન પોતાના ધર્મ તરફ એટલે સુધી બદલી નાખ્યું કે સોમનાથના દેવળનું કામ પૂરૂં થતા સુધીમાં રાજા પાસે તેણે અહિંસાનું વ્રત લેવરાવ્યું. આથી કરીને રાજાનો પુરોહિત ક્રોધે ભરાયો અને હેમચંદ્ર ઉપર દ્વેષ રાખવા લાગ્યો. તેણે એક વખત રાજાને કહ્યું; "મહારાજ હેમાચાર્ય આપને વશ કરવાને માટે આપના મનને ગમતી વાત કહે છે, બાકી એ તો આપણા ધર્મ

ઉપર દ્વેષ રાખીનેજ ખુશી થાય છે. જો એમ નહીં હોય તો આપના બોલાવ્યાથી સોમેશ્વરને નમસ્કાર કરવા આપની સાથે આવવું જોઇએ. પરંતુ આપ કહેશો તોએ એ તો આવવાના નથી. " હેમાચાર્યને પુરોહિતના દ્વેશની ખબર પડી હતી તેથી જ્યારે સોમનાથનું દેવળ પૂરૂં થયું અને રાજાએ સોમેશ્વરની યાત્રામાં હેમાચાર્યને સાથે આવવાનું કહ્યું ત્યારે તેણે તરત તેમ કરવા હા પાડી. આથી કરીને પુરોહિત ફીક્કો પડી ગયો. રાજાએ હેમાચાર્યને પાલખી આપવા માંડી, પણ હેમાચાર્યે કહ્યું: " અમને પગે ચાલનારને એવું શું પ્રયોજન ? વિવેકી ગૃહસ્થ પણ તીર્થ યાત્રામાં પગે ચાલે છે તો પછી નિરંતર પગે ચાલનારા યતિનું શું કહેવું; તમે પ્રસ્થાન કરો; હું ધીમે ધીમે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરી દેવપટ્ટણમાં ભેગો થઇશ. " કુમારપાળ દેવપટ્ટન આવી પહોંચ્યો, ત્યારે સૂરિના આગમનની ઇચ્છા રાખી પાંચ પાંચ યોજનમાં તપાસ કરાવ્યો, પણ સૂરિ માલમ પડયા નહીં; ત્યારે દ્વેષી બ્રાહ્મણોએ ગપ ઉરાડી કે સૂરિ તો સમુદ્રમાં પડયા: તે સાંભળી રાજાને ચિંતા થઇ, પણ એટલામાં હેમાચાર્ય રાજા પાસે આવી પહોંચ્યો, તેથી રાજાને ઘણો આનંદ થયો અને હેમાચાર્યને સાથે લઇ સોમનાથની પૂજા કરવા ગયો. બ્રાહ્મણોએ રાજાને ભંભેર્યો કે હેમાચાર્ય જૈન છે તેથી તીર્થંકર શિવાય બીજાને નમસ્કાર કરતા નથી માટે સોમનાથને નમસ્કાર કરશે નહીં. પરંતુ હેમાચાર્યે નીચે પ્રમાણે બોલી સોમનાથને નમસ્કાર કર્યો, અને સર્વ ધર્મ સરખા, માન આપવા લાયક છે એમ બતાવી આપ્યું. " સંસારરૂપી બીજના અંકુરને ઉત્પન્ન કરનાર, રાગાદિ જેના ક્ષય પામ્યા છે, એવા બ્રહ્મ હો, વા વિષ્ણુ હો, વા શિવ હો, વા તીર્થંકર હો, તેને મારો નમસ્કાર છે; જે તે સમયે, જે તે પ્રકારે, જે તે નામથી દોષ રૂપ મેલ રહિત તું તે એકજ ભગવાન હોય તો તને મારો નમસ્કાર છે." આ પ્રમાણે કુમારપાળ સાથે સોમેશ્વરની જાત્રા કર્યા પછી, હેમાચાર્યની સત્તા રાજા ઉપર વધતી ગઇ. તેની શાંત પ્રકૃતિ અને તેના મનનું મોટાપણું જોઇ રાજાની પ્રીતિ તેનાપર વધતી ગઈ. હેમાચાર્યને હલકો પાડવા બ્રાહ્મ-

ણોએ ઘણી ઘણી તજવીજ કરી, પરંતુ તેમનું કંઇ ફાવ્યું નહીં. હેમાચાર્યના બોધથી રાજાએ પોતાના દેવઘરમાં બ્રાહ્મણના દેવોની મૂર્તિઓ સાથે શાંતિનાથ તીર્થંકરની મૂર્તિ પણ રાખવા માંડી અને આખરે હેમાચાર્યના અપાસરામાં જઇ તથા જૈન સાધુઓને અગણિત દાન આપી રાજાએ ખુલ્લી રીતે જૈન ધર્મ અંગીકાર કર્યો. પછી પોતાના દેવઘરમાંથી બ્રાહ્મણોના ધર્મની મૂર્તિઓ તેણે કાઢી નાંખી, અને માત્ર જૈન ધર્મની મૂર્તિઓ રાખી. આટલે દરજ્જે ગયા પછી, હેમાચાર્યનું અપમાન કરનાર બ્રાહ્મણોને રાજા સજા પણ કરવા લાગ્યો. એક દિવસ વામરાશિ નામનો પંડિત હેમાચાર્યની પ્રતિષ્ટા સહન ન થયાથી, તેમના સમક્ષ કવિતાની કડી એવી મતલબની બોલ્યો કે "દાંત ઉપરના ઘણા મેલથી દુર્ગંધ મારતો, નાકની દાંડી ડાબી ગિણુ ગિણુ કરતો, અને જ્યાં ઉભો હોય ત્યાંથી છાક મારે એમ પિમળતો, સેંકડો લીખો અને જુઓથી વળવળતી કામળ ઓઢી આ હેમડ શેવડો આવ્યો." આ સાંભળી સૂરિએ ડાવકાઇથી કહ્યું: "હે પંડિત, વિશેષ્ય પહેલાં વિશેષણ આવે છે તે તમે શીખેલા જણાતા નથી. હવેથી શેવડો હેમડ એવો પ્રયોગ વાપરજો." પરંતુ સૂરિની કરેલી નિંદા સહન ન થવાથી રાજાએ તેનું વર્ષાસન બંધ કર્યું. વામરાશિને ભીખ માગી પેટ ભરવું પડયું, તેથી તેના ઉપર દયા લાવી હેમાચાર્યે તેનું વર્ષાસન પાછું ચાલતું કરાવી આપ્યું. એજ પ્રમાણે સોમનાથ પાટણમાં કુમારપાળવિહારના બૃહસ્પતિ નામના પૂજારીએ હેમાચાર્યસૂરિનું અપમાન કરવાથી રાજાએ તેની ઉપર કોપાયમાન થઇ તેને બરતરફ કર્યો. પણ પાછળથી હેમાચાર્યની તેણે માફી માગી, તેથી હેમાચાર્યે તેને તેની જગો ઉપર બહાલ કરાવ્યો. હેમાચાર્યના બોધથી રાજાએ માંસ મદીરાનો ત્યાગ કર્યો એટલુંજ નહીં પણ લોકમાં સાદ પડાવી આજ્ઞા કરી કે કોઈએ જીવહિંસા કરવી નહીં. તેણે માછી, શિકારી, પારધી વગેરે લોકોને પોતાનો જીવહિંસાનો ધંધો છોડી બીજા ધંધા કરવાની ફરજ પાડી, વળી તેણે અણુગળ પાણી વાપરવાની મનાઇ કરી; પોતાના હાથી ઘોડા વગેરેને પાણી ગાળેલું પાણી પાવાની ગોઠવણ કરી. જીવહિંસાના

સંબંધમાં રાજાના વિચાર કેવા ચુસ્ત હતા એ બતાવવાને ઘણી વાતો જણાવવામાં આવી છે. એક વખત રાજાને પગે મંકોડો વળગ્યો. તે તેના સેવકો ખસેડવા મંડયા, ત્યારે તેના જીવને અસમાધિ ન થાય એટલા સારૂ રાજાએ પોતાની ચામડી સાથે તેને દૂર કરાવ્યો. સાંભરનો એક વાણીઓ જુને મારતાં પકડાયો, તેથી તેને બેડીઓ પહેરાવી રાજાએ અણુહિલપુર મંગાવ્યો અને તેની માલમિલકત જપ્ત કરી તેનું યુકાવિહાર (જૂનું મંદિર) બંધાવ્યું. એક સ્ત્રીએ ક્ષેત્રપાળ નામના દેવને માંસાદિનું બલિદાન આપ્યું હતું, તેથી કુમારપાળના એક સામંતે, રાજાને ખુશી કરવા તે સ્ત્રીને મારી નંખાવી. હેમાચાર્યના બોધથી કુમારપાળે, નિવારસી મિલકત સરકારમાં લેવાનું બંધ કરાવ્યું.

હેમાચાર્યે રચેલ ગ્રંથ.

કુમારપાળના વખતમાં હેમાચાર્યે સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ઘણા ગ્રંથો લખ્યા. અધ્યાત્મોપનિષદ્ અથવા યોગશાસ્ત્ર ગ્રંથ ૧૨૦૦૦ કડીઓનો છે, અને તેનાં બાર પ્રકરણ કરેલાં છે; ત્રિષષ્ઠીશલાકાપુરૂષચરિત્ર અથવા ઉત્સર્પિની અને અવસર્પિનીના ત્રેસટ જૈન સાધુઓના જીવનચરિત્રનો ગ્રંથ; પરિશિષ્ટપર્વન્ નામનો ગ્રંથ ૩૫૦૦ કડીઓનો છે, અને તેમાં મહાવીર પછી થયેલા જૈન સ્થવિરનાં ચરિત્ર છે; દ્વયાશ્રય નામનો ગ્રંથ પ્રાકૃતમાં છે, અને વ્યાકરણ અને ઇતિહાસ એ બંને જણાવવાનો તેનો ઉદ્દેશ છે; છંદોનું શાસન નામનો ૬૦૦૦ કડીઓનો ગ્રંથ કાવ્યરચના ઉપર લખેલો છે; લિંગાનુંશાસન નામનો ગ્રંથ જાતિ ઉપર લખેલો છે; દેશીનામમાળા નામનો ગ્રંથ સ્થાનિક અને પ્રાન્તિક શબ્દો ઉપર છે; અલંકાર ચૂડામણિ નામનો ગ્રંથ અલંકાર ઉપર લખેલો છે.

હેમાચાર્યનું મરણ.

હેમાચાર્ય ઇ. સ. ૧૧૭૨ (સંવત્ ૧૨૨૯) માં ૮૪ વર્ષની ઉમ્મરે મરણ પામ્યા. તેમના મરણ વિષે અનેક દંતકથાઓ ચાલે છે. કોઇ કહે છે કે શંકરાચાર્યે ઝેર દેવરાવી તેમને મારી નાખ્યા, અને કોઇ કહે છે કે શંકરાચાર્યને અને તેમને

વાદ થયેલો તેમાં શંકરાચાર્યે કુમારપાળના મહેલને છેલ્લે માળથી માયાથી પ્રલય દેખાડી, માયાની હોડી તેમને બતાવી તેમાં પોતે બેસવા ગયા એટલે નીચે પડી છુંદાઇ મુઆ. પણ આ વાતો ઉપર કશો આધાર રાખી શકાય નહીં. રાજાને તેમના મરણથી ઘણું દુઃખ લાગ્યું. તેમના દેહને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો, ત્યારે રાજાએ તેમાંની ભસ્મ પવિત્ર છે એમ જણાવી તિલક કરીને નમસ્કાર કર્યા. તે જોઇ સામંતોએ પણ તેમનું અનુકરણ કર્યું; અને લોકોએ ભસ્મના અભાવે ત્યાંની માટી સુદ્ધાંત ખોદીને લઇ જવા માંડી તેથી ત્યાં એક મોટો ખાડો પડ્યો, જે હાલ હેમખાડના નામથી પાટણમાં પ્રસિદ્ધ છે.

કુમારપાળનું મરણ.

કુમારપાળ પણ હેમાચાર્ય પછી થોડા વખતમાં મરી ગયો. પ્રબંધચિંતામણિ પ્રમાણે તે ગાદીએ બેઠો ત્યારે તેનું વય ૫૦ વર્ષનું હતું. ત્યાર પછી ૩૧ વર્ષ રાજ્ય કરી તે ઇ. સ. ૧૧૭૪ (સંવત્ ૧૨૩૦) માં મરણ પામ્યો. તે લૂતા રોગથી મરણ પામ્યો એમ કહેવાય છે. કુમારપાળ પ્રબંધમાં બીજી વાત એવી જણાવી છે કે તેના ભત્રિજા અને તેની પછી ગાદીએ બેસનાર અજયપાળે તેને કેદ કરી ઝેર દઇને મારી નાખ્યો. કુમારપાળપ્રબંધ પ્રમાણે કમારપાળે ૩૦ વર્ષ ૮ માસ અને સત્તાવિસ દિવસ રાજ્ય કર્યું. કુમારપાળ ગાદીએ બેઠાની મીતિ સંવત્ ૧૧૯૯ ના માગસર સુદિ ૪ લઇએ તો તે વર્ષ કાર્તકથી શરૂ થતું ગણતાં તેનું રાજ્ય પૂરૂં થયાની મીતિ સંવત્ ૧૨૨૯ ના ભાદરવા સુદીમાં આવે; પણ જો વર્ષ અષાડથી શરૂ થતું ગણવામાં આવે તો સંવત્ ૧૨૩૦ ના ભાદરવામાં આવે; કુમારપાળનું રાજ્ય પૂરૂં થયાની સાલ સંવત્ ૧૨૨૯ ગણવી કે ૧૨૩૦ ગણવી એ શક ભરેલું છે, કારણ કે બીલ્સાપાસે ઉદયપુરમાં સંવત્ ૧૨૨૯ ના વૈશાખ સુદિ ૩ નો એક લેખ છે તેમાં અણહિલપુરમાં અજયપાળ રાજ્ય કરતો હોવાનું લખેલું છે. આ પ્રમાણે કુમારપાળના રાજ્યની છેવટ સંવત્ ૧૨૨૯ ના વૈશાખ પહેલાં એટલે કે ઇ. સ. ૧૧૭૩ માં થયેલી હોવી જોઇએ.

કુમારપાળને છોકરો નહોતો, તેથી તેની પછી તેના ભાઇ મહિપાળનો છોકરો અજયપાળ ગાદીએ બેઠો. કુમારપાળની ઇચ્છા પોતાની દીકરીના દીકરા પ્રતાપમલ્લને ગાદી આપવાની હતી પણ કુમારપાર પ્રબંધ પ્રમાણે અજયપાળે તોફાન મચાવ્યું અને કુમારપાળને ઝેર દઇ મારી નંખાવ્યો.

અજયપાળ. ઇ. સ. ૧૧૭૪-૧૧૭૭.

અજયપાળે ગાદીપર બેસતાંજ જૈન લોકોપર જુલમ કરવા માંડયો. કુમારપાળે બંધાવેલાં જૈન દેવળો તેણે તોડી નાખવા માંડયા. જૈન ગ્રંથકારો તેને ભ્રષ્ટબુદ્ધિનો, પિતૃઘાતક અને નાસ્તિક કરીને વર્ણવે છે. અજયપાળે, ક્રુર, ઉન્મત અને દંશીલી ચાલ ચલાવી છે એમાં કંઇ શક નથી. પ્રથમ તો તેણે કુમારપાળ રાજાના માનીતા મંત્રી કપર્દીને પ્રધાનની જગો આપી લાલચમાં નાખ્યો, પણ તેણે પોતાનું કામ પૂરેપૂરૂં હાથમાં લીધું નહીં એટલામાં તો તેનાપર એવો અપવાદ મૂકયો કે એ તો મારી બરોબરી કરવાનો યત્ન કરે છે, એમ કહી તરતજ તેલની કઢાઇ ધીક ધીકાવી તેમાં નાખી તેને મારી નાખ્યો. ત્યારપછી રામચંદ્ર કરીને એક જૈન અધિકારી હતો, અને જેણે એકસો ગ્રંથ રચ્યા હતા, તેને લાલચોળ તપાવેલા તાંબાના પતરાપર બેસવાનો હુકમ કર્યો. તે બિચારો દુઃખમાંથી છૂટવા સારૂ પોતાની મેળેજ જીભ કરડી મરી ગયા. આંબડ ઉર્ફે અમરભટ નામના સામંતપર રાજાનો કોપ થયો, કારણ કે તે જૈન ધર્મી હતો, અને બેધડક કહેતો કે “મારો ધર્મ તો વિતરાગ છે. ગુરૂ હેમાચાર્ય છે અને રાજા તો કુમારપાળ છે.” રાજા આથી ચીડાયો અને તે રાજશત્રુ છે એવો તેને શીર અપવાદ મૂકી હજુરમાં બોલાવ્યો. પણ આ વીર પુરૂષને લડાઇ કર્યા વગર તાબે થવું યોગ્ય ન લાગ્યું. તેથી જીનેશ્વરની મૂર્ત્તિની પૂજા કરી તેણે પોતાનાં માણસને હથિયાર સજાવ્યાં અને તેમને સાથે લઇ રાજમહેલપર હલ્લો કર્યો. દેવડીના સીપાઇને મારી તે અંદર પેઠો એટલે અજયપાળ સામો થયો. પછી લઢાઇ થઇ તેમાં આંબડ મરાયો અને તેના મરણથી નગરના લોક ઘણા દિલગીર થયા.

આ જુલમી રાજાનું રાજ્ય ઘણાં વર્ષ ટકયું નહીં. તેણે ત્રણ વર્ષ રાજ્ય

કર્યા પછી વિજયદેવ નામના તેના દ્વારપાળે તેના પેટમાં કટાર મારી તેનો પ્રાણ લીધો.

મૂળરાજ બીજો, ઇ. સ. ૧૧૭૭–૧૧૭૯.

અજયપાળ પછી તેનો દીકરો મૂળરાજ ઇ. સ. ૧૧૭૭ માં ગાદીએ બેઠો. તે વખતે તેનું વય ઘણું નાનું હોવાથી તેને બાળ મૂળરાજ કહેતા. તેણે માત્ર બે વર્ષ રાજ્ય કર્યું. તેની મા નાયકી દેવી, પરમરડી રાજાની પુત્રી થતી હતી. કીર્તિકૌમૂદી અને સુકૃતસંકીર્તનના કર્ત્તા જણાવે છે કે બાળપણમાં પણ બીજા મૂળરાજે તુરૂષ્ક અથવા મુસલમાન લોકોનું લશ્કર વિખેરી નાંખ્યું હતું. પ્રબંધચિંતામણિનો કર્ત્તા મેરૂતુંગ લખે છે કે બાળ મૂળરાજની માતુશ્રી પોતાના પુત્રને ખોળામાં લઇ ગાદરા ગઢ ઉપર જઇ લઢાઈ ચલાવતી હતી; ત્યાં તેના પુન્ય યોગે કરૂતુએ વર્ષાદ થયો તેથી કરીને તેણે એ મ્લેચ્છ રાજાને હરાવ્યો. રાસમાળાનો કર્ત્તા જણાવે છે કે મેરૂતુંગ જે મ્લેચ્છ વિષે લખે છે કે તે મુસલમાન હતા, અને તેઓ મહમદ ગીઝનીના વખત પછી દોઢ સેંકડો વિત્યાબાદ અણહિલવાડના પ્રાંત ઉપર પાછા આવ્યા હતા. ફેરીસ્તા લખે છે કે ઇ. સ. ૧૧૭૮ માં શાહબુદિન મહમદ ગોરી ગીઝનીથી ઉછા અને મૂલતાન ઉપર ચઢી આવ્યો અને ત્યાંથી રેતીના મેદાનને રસ્તે ગુજરાત ઉપર ઉતરી આવ્યો. ભીમદેવ રાજા મુસલમાનોને અટકાવવા સેના લઇને ચઢયો અને તેઓને કતલ કરી હરાવ્યો. આ વેળાએ ભીમે રાજ્ય પોતાને હસ્તગત કર્યું નહોતું, પણ તેની ભાભીની વતી અને તેના રાજપુત્રની વતી એક શુરવીર તરીકે રાજ્ય ભક્ત થઈ રાજ કારભાર ચલાવતો હતો. *

ભીમ બીજો, ઇ. સ. ૧૧૭૯–૧૨૪૨

બીજા મૂળરાજ પછી બીજો ભીમ સન ૧૧૭૯ માં ગાદીએ બેઠો. આ ભીમ અજયપાળનો નાનો ભાઇ અર્થાત બાળ મૂળરાજનો કાકો હતો, એમ રાસમાળાનો કર્ત્તા માને છે. પરંતુ ગેઝિટિયરના ઇતિહાસ

---

* રાસમાળા પાન ૨૪૯.

કર્ત્તાનું ધારવું એવું છે કે ભીમ એ મૂળરાજનો નાનો ભાઇ હતો, કારણ કે કીર્ત્તિકૌમુદીમાં મૂળરાજના મરણ પછી તેનો નાનો ભાઇ (**अनुजन्मास्य**) ગાદીએ બેઠો એમ લખેલું છે. તેમજ સુકૃતસંકીર્તનમાં ભીમ મૂળરાજનો ભાઇ (**अस्यबंधु**) હોવાનું લખેલું છે. વળી ભીમ ગાદીએ બેઠો ત્યારે સગીર ઉમ્મરનો હતો, એમ કીર્ત્તિકૌમુદીમાં લખેલું છે તે પણ, ભીમ મૂળરાજનો નાનો ભાઈ હોવાની સાથે મળતું આવે છે. ભીમ ઘણું કરીને ઇ. સ. ૧૧૭૮ માં ગાદીએ બેઠો હશે. કારણ કે તબકાત્ ઇ નાસીરીમાં લખેલું છે કે "સન ૧૧૭૮ (હીજરી ૫૭૪) માં અણહિલવાડનો રાજા ભીમ સગીર ઉમ્મરનો હતો, પણ તેનું લશ્કર ઘણું મોટું હતું અને તેની પાસે ઘણા હાથી હતા. લઢાઇમાં મુસલમાનો હાર્યા અને સુલતાનને નાશી જવું પડ્યું." ઇ. સ. ૧૧૭૯ માં (સંવત્ ૧૨૩૫) ભીમ ગાદીપર હતો. એ વિષે તો કાંઇ શક રહેતો નથી, કારણ કે એ સાલમાં ભીમ ગાદીપર હતો, એવો એક લેખ ખેરાળુથી મળી આવેલો છે. મેરૂતુંગ કહે છે કે ભીમે ઇ. સ. ૧૧૭૯ (સંવત્ ૧૨૩૫) થી ત્રેસટ વર્ષ એટલે ઇ. સ. ૧૨૪૨ (સંવત્ ૧૨૯૮) સુધી રાજ્ય કર્યું. તે ઇ. સ. ૧૨૪૦ ની સાલ (સંવત્ ૧૨૯૬ ના માઘ વદિ ૧૪ ને વાર રવિ) નો ભીમનો એક તામ્રલેખ મળી આવ્યો છે, તે ઉપરથી મેરૂતુંગની હકીકતને ટેકો મળે છે.

હિંદુ રાજાઓની અંદર અંદરની લઢાઇઓ અને મુસલમાનોનું જોર.

ભીમને કેટલાક લોકો ભોળો ભીમ કરીને કહેતા. તેના વિષે જૈન ગ્રંથકારોએ કંઇ હકીકત આપી નથી. પણ તેની ખોટ ચંદ બારોટના પૃથ્વીરાજરાસાથી તથા મુસલમાન ગ્રંથકારોના ઇતિહાસથી પૂરી પડે છે. ચંદ બારોટનું લખાણ ઘણુંજ વિગતવાર અને જાણવા જોગ છે. પણ તેમાં કોઇ ઠેકાણે દિવસ કે વર્ષ લખેલાં ન હોવાથી પ્રથમ કયો બનાવ બન્યો અને પાછળથી કયો બન્યો એ કેટલીક જગોએ નક્કી થઇ શકતું નથી. વળી તેમાં મીઠું મરચું ઉમેરી વાત રસિક પણ કરેલી છે તેથી ખરૂં શું હશે એ વિષે સંદેહ રહે છે.

ભીમદેવના વખતમાં દિલ્લીમાં અનંગપાળ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની ઉપર કનોજના રાઠોડ રાજા વિજયપાળે સ્વારી કરી, તે વખતે સાંભરના રાજા આનંદદેવ ચોહાણનો દીકરો સોમેશ્વર રાઠોડની સામે તેની મદદમાં આવ્યો હતો. આ લઢાઇમાં તેણે રાઠોડને હરાવી પાછો કાઢ્યો, તેના બદલામાં અનંગપાળે પોતાની બે દીકરીઓમાંની એક સોમેશ્વરને પરણાવી. એ કન્યાને પૃથ્વીરાજ નામે પુત્ર થયો. અનંગપાળને પુત્ર ન હોવાથી તેણે વૃદ્ધાવસ્થામાં પોતાનું રાજ્ય પોતાના દૌહિત્ર પૃથ્વીરાજને સોંપ્યું. આથી કરીને દિલ્લી અને સાંભરનાં રાજ્ય એક બીજા સાથે જોડાઇ ગયાં.

આ વખતે હિંદુસ્તાનના રાજાઓને માથે તેઓની માઠી દશાનું કાળ-ચક્ર ફર્યા કરતું હતું, તેથી તેઓ પરસ્પર નજીવા કારણેથી ચોતરફ વેર પાથરી બેઠા હતા; પોતાના દેશના અને ધર્મના કટ્ટા શત્રુ મુસલમાન લોકો તેઓને માથે ઝુમી રહ્યા હતા; તેઓને અટકાવ કરવાને સર્વ એકત્ર થવાને ઉલટા શત્રુઓને એક બીજા સામે તેઓ મદદ કરતા, પણ આખર અમારી પણ એજ દશા થવાની છે એમ કોઇને સુઝતું નહી.

અણહિલવાડના સોલંકી રાજા ભોળા ભીમ તથા દિલ્લી અને અજમેરના ચોહાણ રાજા પૃથ્વીરાજ વચ્ચે જુજ કારણથી વેર ઉત્પન્ન થયું, તેથી એ બે રાજ્ય દિનપ્રતિદિન નબળાં પડતાં ગયાં અને તેથી મુસલમાનોનું ફાવી ગયું. એ વેર ઉત્પન્ન થવાનું કારણ ઘણુંજ તુચ્છ અને વેરાંને લગતું હતું. આબુગઢમાં જેતસી નામે પરમાર રાજ્ય કરતો હતો, તેને સલખ નામે પુત્ર અને ઇચની નામે ઘણીજ ખુબસુરત કન્યા હતી, તે અજમેરના પૃથ્વીરાજ વેરે પરણાવવાની હતી. તે કન્યાની ખુબસુરતી સાંભળી ભોળા ભીમે પણ માગું મોકલ્યું પણ સલખે કહ્યું કે જૈનધર્મી ભીમને હું મારી બહેન નહીં પરણાવું. આ ખબર ભીમે સાંભળી ત્યારે તેનું માથું ફર્યું અને તેને હાડોહાડ ચઢી ગઇ; પછી તેણે સૈન્ય ભેગું કરવા ડંકો કર્યો, અને કચ્છ અને સોરઠના રાજાઓને પત્ર લખી તેડાવ્યા; થોડા રોજમાં ગીરનારનો રાજા, સોહોનો કટારી, વીરધવળ વાઘેલો, રામ પરમાર, પીરમનો ધણી, રાણીગ

ઝાલો, સારંગદેવ સોડો અને ગંગ ડાભી વગેરે સરદારો મોટી ફોજ લઇ હાજર થયા. તેમને લઇ ભીમે આબુગઢ ઉપર ચઢાઈ કરી અને તુરત કિલ્લાને ઘેરો ઘાલ્યો. ચાલુક્ય અને પરમારો વચ્ચે ઘણા જોરથી યુદ્ધ થયું, તેમાં આખરે પરમારો હાર્યા અને ચાલુક્યનો જય થયો.

પછી ભીમે ચોહાણ ઉપર ચઢાઈ કરવાનો વિચાર કર્યો. તેની ફોજમાં કેટલાક ડાહ્યા પુરૂષો હતા, તેમણે તેને સલાહ આપી કે આ વખતે લઢાઇની વાત મોકુફ રાખવી, કારણ કે તેમ કરવાથી મુસલમાનોનું જોર વધી જશે. ચોહાણ રાજા સાથે એક મતથી ચાલી મુસલમાનોને હાંકી કાઢવાનો આ વખત છે અને તેમાંજ આપણું ભુષણ છે. પણ ભીમ ભોળો હતો, તેથી અમરસેવડો નામના એક જૈન સાધુની સલાહ આગળ આ ડાહ્યા માણસોની સલાહ ચાલી નહીં. અમરસેવડે એમ સમજાવ્યું કે રજપુતનો દીકરો અપમાન સહન કરે એ તેને ધિક્કાર ભરેલું થઇ પડે. રજપૂતોએ હરેક જોખમે અપમાનનું વેર લેવું જોઇએ, માટે પ્રથમ તો પરમાર અને ચોહાણ ઉપર જવું જોઇએ.અને તેમને હરાવી કન્યા લઇ, પછી મુસલમાનો ઉપર જઇશું.

મુસલમાનો એ તાકીનેજ બેઠા હતા. જેવી ગુજરાતની ફોજ અજમેર ઉપર આવી, તેવાજ તેઓ પણ આવી અજમેરની પડોશમાં પડયા; તેથી જેથી ઢોલને બે બાજુથી થપડ લાગે, તેમ ગોરી અને ગુર્જર વચ્ચે ચોહાણોની દશા થઇ. ચોહાણો તરફથી ચંદ બારોટે રાત્રે એકાએક ગુજરાતની ફોજપર છાપો માર્યો, તેથી ગુજરાતની ફોજના લોક ઘણા ગભરાયા, અને આખી ફોજમાં ગડબડાટ થઇ રહી. ભીમ લડાઇના મેદાનમાં ગયો પણ અંતે તેને પાછા હઠવું પડયું; ચોહાણો આ પ્રમાણે ચાલુક્યને હરાવ્યા પછી મુસલમાન સામે ગયા અને તેઓને પણ હરાવી હાંકી કાઢયા. ભીમને ચોહાણોએ હરાવ્યો તેથી તે ચિઢાઇ રહ્યો હતો, એવામાં વળી વેર વધવાનું એક બીજું કારણ બની આવ્યું ભીમના કેટલાક પિત્રાઇ.કંઇ તકરાર પડવાથી ભીમ ઉપર બારવટે નીકળ્યા હતા, અને સોરઠમાં લુંટફાટ કરતા હતા. ચોહાણોની જીત

થયાની વાત સાંભળી તેઓ અજમેરમાં ચોહાણોને આશરે જઇ રહ્યા. ત્યાં તેમનામાંના એક જણે મુછે તાર નાખ્યો તેથી આપણું અપમાન થયું એમ સમજી એક ચોહાણે તેનો હાથ કાપી નાખ્યો. આ જોઈ તેના ભાઇઓને ક્રોધ ચઢયો અને તુરત લઢવાને તૈયાર થયા. તેમાં તે બધા તથા બીજા ઘણા મરણ પામ્યા. જ્યારે આ વાતની ભીમને ખબર પડી ત્યારે તે ઘણો ક્રોધે ભરાયો, અને એ બાબતનું ચોહાણો ઉપર વેર લેવાને ચઢાઇ કરવાનો તેણે ઠરાવ કર્યો. જ્યારે સોમેશ્વર ચોહાણને આ ખબર મળી ત્યારે તે પણ તૈયાર થયો. પૃથ્વીરાજને થોડા સૈન્ય સાથે દિલ્હીમાં રાખી બાકીનું સૈન્ય લઇ તે ભીમ સામે નીકળ્યો. લઢાઇમાં સોમેશ્વર મરાયો અને ચાલુક્યોનો જય થયો. જ્યારે પૃથ્વીરાજે આ ખબર સાંભળી ત્યારે તે પોતાના બાપને માર્યાનું વેર લેવાનો વિચાર કરવા લાગ્યો. બળતામાં ઘી હોમવાની પેઠે પરમાર લોકો પણ તેને ઉશ્કેરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે ભીમે સોમેશ્વરને માર્યો તેમ ભીમને તું મારે અને ગુજરાત ઉજડ કરે ત્યારે ખરો ક્ષત્રિ કહેવાય. આથી પૃથ્વીરાજને વધારે જોસ ચઢયો અને સૈન્ય ભેગું કરી તે ગુજરાત ઉપર ચાલ્યો. ભીમને ખબર મળી કે ચૌહાણો મોટી ફોજ લઇ આવે છે, ત્યારે તેણે પણ બધા સામંતોને ભેગા કરી લઢાઇની તૈયારી કરી. જેવું ચૌહાણનું લસ્કર ગુજરાતમાં પેઠું કે લોકો નાશભાગ કરવા લાગ્યા. શત્રુની રાજધાની થોડે દૂર રહી એટલે પૃથ્વીરાજે દીવો, નીસરણી, જાળ, કોદાળી, અંકુશ અને ત્રીશુળ આપી ચંદ બારોટને ભીમ પાસે મોકલ્યો. ચંદે જઇ ખબર કરી કે સાંભરનો રાજા આવે છે. ભીમે કહ્યું, "ઠીક પણ તમે આ વિચિત્ર ચીજો શું લાવ્યા છો ?" ચંદે કહ્યું પૃથ્વીરાજનો હુકમ છે કે જો તમે અંધારામાં છુપાઇ જાઓ તો દીવો લઇ શોધવા; આકાશમાં ભાગો તો સીડીવતી ચઢી પકડવા; સમુદ્રમાં જાઓ તો જાળ નાખી ઝાલવા અને પૃથ્વીમાં પેસો તો કોદાળીથી ખોદી કાઢવા; અંકુશથી તમને તાબે કરવાના છે, અને ત્રિશુળથી મારવાના છે." ભીમે કહ્યું: "જા તારા રાજાને કહે કે હું તેનાથી ડરતો નથી." પછી બંનેનાં સૈન્ય વચ્ચે

યુદ્ધ શરૂ થયું તેમાં પૃથ્વીરાજની જીત થઇ અને ભીમ મરાયો એમ ચંદ ભાટ લખે છે; પણ ભીમ મરાયો હોય એમ લાગતું નથી. કારણ કે પછવાડેના વખતમાં મુસલમાનો સામેની લઢાઇમાં તે હતો, તેમજ તામ્રલેખો ઉપરથી પણ તે હયાત હોવાનું જણાય છે.

આ વખત પહેલાં શાહબુદ્દીન મહમદ ગોરી નામના શખસે દગલબાજીથી લાહોર લઇ ધઝની વંશના છેલ્લા રાજા સુલતાન ખુશરૂ મલેકને પકડી જુરીસ્થાનમાં મોકલી મરાવી નાંખ્યાથી ધઝનીની સત્તા તેના હાથમાં આવી હતી; ધઝનીના મુસલમાનોનું જોર હિંદુઓનાં જાણવામાં હતું; પણ આ વખતે માંહોમાંહેના કુસંપને લીધે તેમનો કોઇ અટકાવ કરી શક્યું નહી, અને મુસલમાનોનું સહેજમાં ફાવી ગયું. તેઓએ પ્રથમ દીલ્લી, અજમેર, કનોજ વગેરે તાબે કર્યાં અને છેવટ ગુજરાતનો પણ વારો આવ્યો.

ઈ. સ. ૧૧૯૧ માં મુસલમાનોએ પહેલો હલ્લો પૃથ્વીરાજ ઉપર કર્યો. કરનાલ અને થાનેશ્વર વચ્ચે તરવાડી પાસે લઢાઇ થઇ, તેમાં પૃથ્વીરાજના દિલ્લીના અમલદાર ચામુંડરાજે મુસલમાનોને હરાવી હાંકી કાઢયા; પણ એ વર્ષ પછી એટલે ઇ. સ. ૧૧૯૩ માં મુસલમાનો ફરીને આવ્યા, તેમાં પૃથ્વીરાજની હાર થઇ, અને તે શત્રુઓના હાથમાં કેદ પકડાયો; તેને શાહબુદીને મરાવી નાખ્યો; પછી શાહાબુદ્દીન ગોરી અજમેર ગયો અને ત્યાં પણ ક્રુર રીતે ઘણા હિંદુઓને મારી નાખ્યા; પછી તે દેશ લુંટતો લુંટતો ઘર તરફ ચાલ્યો. એ વખતે હિંદુસ્તાનનું રાજ્ય તેણે પોતાના તરફથી મલેક કુતબુદીન એ નામના એક સરદારને સોંપ્યું હતું. તેણે થોડા વખતમાં મીરત તથા યોગિનીપૂર વગેરે જગાએ તાબે કરી.

ઇ. સ. ૧૧૯૪ માં શાહબુદીન મહમદ ગોરી ફરીથી આવ્યો, અને જમના કાંઠે કનોજ તથા બનારસ શહેર લઈ ત્યાંની મૂર્ત્તિઓ ભાગી નાખી હિંદુ ધર્મ ઉપર ઘણો જુલમ કર્યો. કનોજ પછી ગુજરાતનો વારો આવ્યો, ઇ. સ. ૧૧૯૪ માં કુતબુદીન અણહિલવાડ પાટણ ઉપર ફોજ લઇને આવ્યો, તે વખતે કિલ્લાની પાસે ભીમનો સરદાર જીવણરાય લશ્કર લઈ પડયો હતો;

તેણે કુતબુદીન સાથે લઢાઈ કરી તેમાં તે મરણ પામ્યો અને તેનું લશ્કર વિખેરાઇ ગયું. આ ખબર સાંભળી ભીમ રાજ્ય મૂકી નાશી ગયો. કુતબુદીન પાટણ જીતી લુંટફાટ કરતો હતો એવામાં તેને દીલ્લી જવાનો ગઝનીથી હુકમ આવ્યો.

ઇ. સ. ૧૧૯૬ માં કુતબુદીનને ખબર મળી કે નાગોરનો રાજા તથા બીજા હિંદુ રાજાઓ અને મ્હેર લોકો પાટણના રાજાને મળી મુસલમાનો પાસેથી પાટણ લેવાનો વિચાર કરે છે. કુતબુદીનની ફોજ આ વખતે પ્રગણામાં પથરાઇ ગઈ હતી તોપણ દીલ્લીમાં હમેશ રહેનારી જેટલી ફોજ હતી તેટલી લઇને તે સામો ગયો. આ વખતે લઢાઇ થઈ તેમાં કુતબુદીન હાર્યો અને ઘાયલ થયો તેથી પાલખીમાં બેસી અજમેર પાછો આવ્યો. આથી મ્હેર લોકોને વધારે હિંમત આવી. તેઓએ ગુજરાતની સેનાને મળી અજમેર પાસે જઇ પડાવ કર્યો, પણ થોડા વખતમાં કુતબુદીનની મદદે બીજી ફોજ આવી પહોંચી, તેથી હિંદુઓ ઘેરો ઉઠાવી ચાલતા થયા. પછી કુતબુદીન વાપી તથા નાદોલના કિલ્લા તાબે કરી પાટણ આવ્યો. તેટલામાં ખબર આવી કે વાલીન* અને ધારાબરજ પાટણના રાજા સાથે છાવણી કરી સીરોહી પ્રાંતમાં આબુગઢ પાસે પડયા છે અને ગુજરાતમાં પેસવાના રસ્તાનું રક્ષણ કરે છે. તે સાંભળી કુતબુદીન રસ્તાની મુશ્કેલી છતાં ત્યાં ગયો અને તેઓની ઉપર હલ્લો કરી તેમને હરાવ્યા. મુસલમાનોને આ વખતે મોટી લૂંટ મળી, તે લઇ તેઓ ગુજરાતમાં પાછા આવ્યા અને વગર હરકતે દેશ લુંટી ઉજડ કર્યો. આખરે પાટણમાં પોતાનું થાણું બેસાડી કુતબુદિન અજમેર થઇ દિલ્લી પાછો ગયો. પરંતુ આ થાણું થોડા વખતમાં ઉઠાડી મૂકયું હશે, અથવા કાઢી મૂકયું હશે, કારણ તે રહ્યું હોય એમ બીજે કોઇ ઠેકાણે લખેલું જણાતું નથી. તેમજ તેરમા સેંકડાની આખરે અલ્લાઉ-

---

* ધારાવર્ષ અને પ્રલ્હાદનદેવ એ બે યશોધવળ નામના પરમાર રાજાના દિકરા ચંદ્રાવતી અને આબુના રાજા હતા, તેઓ અણહિલવાડના રાજાના તાબેદાર મંડળીક જેવા હતા.

દીન ખીલજીએ ગુજરાત જીતી લીધું, તે પહેલાં ગુજરાત મુસલમાનોને સ્વાધીન રહેલું હોવાનું જણાતું નથી.

મુસલમાનો આવી ગયા પછી નામના વખતમાં શા શા બનાવ બન્યા એ જાણવાને પૂરતાં સાધન નથી. એ રાજાના રાજ્ય સંબંધી ગુજરાતી ઇતિહાસ લખનારાઓએ ઘણું થોડું લખેલું છે. તેઓએ ભીમને પડતો મૂકી વાઘેલ વંશનો ઇતિહાસ આપ્યો છે. કીર્ત્તિકૌમુદીનો કર્ત્તા જણાવે છે કે આ જુવાન રાજાનું રાજ્ય તેના સઘળા મંત્રીઓ અને સામંતોએ પોતપોતામાં વહેંચી લીધું. સુકૃતસંકીર્તનનો કર્ત્તા જણાવે છે કે સામંતોએ બળજોરીથી રાજ્ય દબાવી પાડવા માંડ્યુ તેથી ભીમને ઘણી ચિંતા થવા લાગી. આ આ ઉપરથી એમ લાગે છે કે સરદારો અને સામંતો ભીમની નબળાઇનો અને ભોળપણુનો લાભ લઇ પ્રગણાં બથાવી પડયા હશે અને તે પાછાં લેવા જેટલી સત્તા ભીમમાં નહીં રહી હોય. હસ્તલિખિત ગ્રંથો અને તામ્ર-લેખો ઉપરથી જણાય છે કે ભીમ સંવત્ ૧૨૪૭, ૧૨૫૧, ૧૨૬૧, ૧૨૬૩ અને ૧૨૬૪ માં અણુહિલવાડનો રાજા હતો; વળી સંવત્ ૧૨૮૩, ૧૨૮૮, ૧૨૯૫, અને ૧૨૯૬ નાં તામ્રલેખ મળ્યાં છે, તે ઉપરથી પણ અણુહિલ-વાડની ગાદીએ ભીમરાજા હોવાનું જણાય છે. ભીમ ઘણાં વર્ષ સુધી અણુહિલવાડનો રાજા કહેવાતો હતો, તોપણ કીર્ત્તિકૌમુદી અને સુકૃતસંકી-ર્તનમાં જણાવેલી હકીકત ઉપરથી એમ લાગે છે કે તેના હાથમાં કંઇ સત્તા રહી નહીં હોય, પણ તેના સામંતો સ્વતંત્ર રીતે રાજ્ય સત્તા ભોગ-વતા હશે. ઇ. સ. ૧૨૨૪ (સંવત્ ૧૨૮૦) ના એક શીલાલેખ ઉપરથી જણાય છે કે જયન્તસિંહ નામનો એક ચાલુક્ય સામંત અણુહિલવાડમાં સર્વોપરી થઇ પડયો હતો. કદાચ આ જયન્તસિંહના વિરૂદ્ધ ભીમને મદદ કરવાથી વાઘેલા મોખરે આવ્યા હશે. સુકૃતસંકીર્તન પ્રમાણે કુમારપાળે પોતાના પૌત્ર ભીમને દેખા દીધી અને તેને ફરમાવ્યું કે ભીમપલ્લીના રાજા ધવળના પુત્ર અર્ણોરાજના પુત્ર લવણુપ્રસાદના પુત્ર વીરધવળને તારી પછી ગાદીએ બેસવાને યુવરાજ ઠરાવ. બીજે દિવસે જ્યારે લવણુપ્રસાદ અને વીર-

ધવળ દરબારમાં આવ્યા ત્યારે ભીમે સામંતોના સમક્ષ લવણપ્રસાદને કહ્યું: "તમારા પિતા અર્ણોરાજે મને ગાદીએ બેસાડયો છે માટે તમારે મારી મદદમાં રહેવું જોઇએ; તેનાં બદલામાં હું તમારા પુત્ર વીરધવળને મારો યુવરાજ બનાવીશ." કીર્તિકૌમુદીનો કર્તા જણાવે છે કે ધવળના પુત્ર અર્ણોરાજે ભીમની સામે ચાલતી ખટપટમાં ભીમનો પક્ષ લઇ રાજ્યના દુશ્મનોને દૂર કર્યા પણ તેમાં તેણે પોતાનો પ્રાણ ખોયો. પછી એ ગ્રંથનો કર્તા લવણપ્રસાદ અને વીરધવળના રાજા તરીકે ઇતિહાસ આપે છે; પણ તેઓને રાજ્યપદ શી રીતે પ્રાપ્ત થયું એ વિષે તે કંઇ જણાવતો નથી, તેથી એમ લાગે છે કે જો કે ઇ. સ. ૧૨૪૨ (સંવત્ ૧૨૯૮) સુધી ભીમ નામનો રાજા હતો તોપણ તેની પાસેથી રાજસત્તા તેઓ બથાવી પડયા હશે.

ભીમની રાણીનું નામ લીલાદેવી હતું. એ સમરસિંહ નામના ચોહાણ સરદારની કુંવરી હતી.

ચૌલુક્ય અથવા સોલંકી વંશનું ઝાડ:—

મૂળરાજ ૧ લો.
(ઇ. ૯૬૧–૯૯૬).
|
ચામુંડ.
(ઇ. સ. ૯૯૭–૧૦૧૦).
|
- વલ્લભરાજ.
- દુર્લભરાજ. (ઇ. સ. ૧૦૧૦–૧૦૨૨).
- નાગરાજ.
  |
  ભીમ ૧ લો.
  (ઇ. સ. ૧૦૨૨–૧૦૬૪.)
  |

ક્ષેમરાજ. — કર્ણદેવ. (ઇ. સ. ૧૦૬૪–૧૦૯૪).

ક્ષેમરાજ → હરીપાળ.

હરીપાળ → ત્રિભુવનપાળ.

કર્ણદેવ → સિદ્ધરાજ. (ઇ. સ. ૧૦૯૪–૧૧૪૩).

ત્રિભુવનપાળ → મહીપાળ. — કીર્ત્તિપાળ. — કુમારપાળ. (ઇ. સ. ૧૧૪૩–૧૧૭૪).

મહીપાળ → અજયપાળ. (ઇ. સ. ૧૧૭૪–૧૧૭૭).

અજયપાળ → મૂળરાજ બીજો. (ઇ. સ. ૧૧૭૬–૧૧૭૯). — ભીમ બીજો. (ઈ. સ. ૧૧૭૯–૧૨૪૨).

પ્રકરણ ૧૫ મું.

વાઘેલ વંશ.

(ઈ. સ. ૧૨૧૯–૧૩૦૪).

અર્ણોરાજ.
ઇ. સ. ૧૧૭૦–૧૨૦૦.

જ્યારે ભોળો ભીમ ઉત્તર તરફ પોતાની સત્તા જાળવી રાખવાનો પ્રયત્ન કરતો હતો, ત્યારે દક્ષિણ તરફ સાબરમતી અને નર્મદા વચ્ચેનો પ્રદેશ તેમજ નૈરૃત્ય તરફના ધોળકા અને ધંધુકા પ્રગણાં વાઘેલ વંશ નામની એક નવી શાખાના હાથમાં ગયાં. કુમારપાળની માસીના છોકરા અર્ણોરાજથી વાઘેલ વંશ ઉત્પન્ન થયો હતો. અર્ણોરાજે કુમારપાળની સેવા બજાવી હતી તેના બદલામાં કુમારપાળે તેને વ્યાઘ્રપલ્લી અથવા વાઘેલ નામનું ગામ ઇનામ આપ્યું હતું. એ ગામ અણહિલપુરથી દસ માઇલ છેટે હતું. આ ગામના નામ ઉપરથી અર્ણોરાજનો વંશ, વાઘેલ કહેવાયો હતો. ભોળાભીમના વખતમાં સામંતો રાજ્ય બથાવી પડતા હતા તેમની સામે અર્ણોરાજે પોતાના મરણ પર્યંત પ્રયત્ન કર્યો હતો.

લવણપ્રસાદ.
ઇ. સ. ૧૨૦૦–૧૨૩૩.

અર્ણોરાજનો પુત્ર લવણપ્રસાદ ભોળાભીમ (ઇ. સ. ૧૧૭૯–૧૨૪૨) નો પ્રધાન હતો. તેને તાબે વાઘેલ ઉપરાંત ધવલગઢ (ધોળકા) પણ હતું આ વખતનો મુખ્ય ઐતિહાસિક ગ્રંથ કીર્તિકૌમુદી છે. તેમાં જણાવ્યું છે કે " લવણપ્રસાદ બહાદુર લઢવૈયો હતો, અને નદુલા (મારવાડમાં હાલનું નાંદોલ) ના સરદારને તેણે કતલ કર્યો હતો. તેના રાજ્યમાં એવો બંદોબસ્ત હતો કે દુશ્મનોની કીર્ત્તિ લૂંટી લેનાર તેના શિવાય બીજો કોઇ લૂંટારો તેના રાજ્યમાં નહોતો; માળવાના રાજાએ ગુજરાત ઉપર ચઢાઇ કરી પણ લવણપ્રસાદનું બળ જોઇ પાછો જતો રહ્યો. જ્યારે તેને સામો આવેલો જોયો ત્યારે દક્ષિણના રાજાએ પણ લઢાઇનો વિચાર માંડી

વાળ્યો." માળવાના જે રાજા વિષે કીર્ત્તિકૌમુદીમાં લખ્યું છે તે સોહડ અથવા સુભટવર્મા હતો; દક્ષિણનો રાજા દેવગિરિ યાદવ સિંઘણ, બીજો (ઈ. સ. ૧૨૦૯—૧૨૪૭) હતો.

લવણપ્રસાદ, મદનરાજ્ઞી વેરે પરણ્યો હતો અને તેને તેનાથી વીરધવળ નામે પુત્ર હતો. મેરૂતુંગ લખે છે કે મદનરાજ્ઞી પોતાના પુત્ર વીરધવળને લઇને પોતાના ધણીનું ઘર છોડી તેની મરણ પામેલી બહેનના વર દેવરાજ પટકીલને ઘેર જઇ રહી હતી; પણ વીરધવળ જ્યારે પાકી ઉમ્મરનો થયો ત્યારે પોતાના બાપને ઘેર પાછો આવ્યો. વીરધવળ ઘણો બહાદુર હતો, તે વીર વાઘેલો કહેવાતો. લઢાઇઓમાં વીરધવળ એવી બહાદુરી બતાવવા લાગ્યો કે તેના બાપે પોતાની હૈયાતીમાંજ તેને રાજ્યકારભાર સોંપ્યો. લવણપ્રસાદ ઉઘાડી રીતે ભીમની સામે પડે તો લોકોમાં તેની નિંદા થાય એટલા માટે તેણે જણાવ્યું કે "મને સ્વપ્નું આવ્યું હતું તેમાં મેં અણહિલવાડનાં દેવળોમાં અંધારૂં જોયું, અણહિલવાડનો કિલ્લો તુટેલો જોયો, અને અણહિલવાડની શેરીઓમાં શીયાળવાં ફરતાં જોયાં. અણહિલવાડનું નસીબ મારી પાસે રડતું આવ્યું અને મને કહેવા લાગ્યું કે મારી વારે ધા." લવણપ્રસાદ કદાચ હથીઆર લઇને ભીમની સામે થયો હશે, તોપણ ભીમના નામથીજ રાજ્ય ચલાવવાની તેણે સાવધગીરી વાપરી હતી. લવણપ્રસાદે રાજ્ય છોડી દીધા પછી જ્યારે વીરધવળને સત્તા મળી, ત્યારે વીરધવળના કારભારી વસ્તુપાળે આગ્રહ કર્યો તોપણ વીરધવળે રાજાનું નામ ધારણ કરવા ના પાડી. વીરધવળનો પુત્ર વીસલદેવ ગાદીએ બેઠો ત્યાં સુધી વાઘેલા માત્ર રાણક (રાણા) કહેવાતા.

લવણપ્રસાદના વખતમાં દક્ષિણ તરફથી દેવગિરિ યાદવ સિંઘણ અથવા સિંહણે અને ઉત્તર તરફથી ચાર મારવાડના મંડલેશ્વરોએ ચઢાઇ કરી હતી. લવણપ્રસાદ અને તેનો પુત્ર વીરધવળ બંને સાથે સૈન્ય લઇ સિંઘણ સામે દક્ષિણ તરફ ગયા અને ભરૂચ આગળ સિંઘણને મળ્યા. ભરૂચ ગયા પછી વાઘેલાને માથે એક બીજું સંકટ આવી પડ્યું. તે એ કે ગોધ્રાનો મંડળિક

રાજા તેમનો પક્ષ છોડી સિંઘણને મળી ગયો; તોપણ લવણપ્રસાદ આગળ ધસ્યો; તેણે સિંઘણ ઉપર હલ્લો કર્યો, અને તેને એવો સજ્જડ હરાવ્યો કે લવણપ્રસાદને તરતજ ઉત્તર તરફ જવું પડયું, તોપણ સિંઘણ પાછો આવી શકયો નહીં. સિંઘણ પાછો ન આવ્યો તે વિષે સોમેશ્વર એટલુંજ કારણ જણાવે છે કે "સિંહ ન હોય તોપણ હરણ સિંહના રસ્તામાં આવતું નથી." પરંતુ તેનું ખરૂં કારણ તહનામાના નમુનાનો એક હસ્ત લિખિત ગ્રંથ મળી આવ્યો છે તે ઉપરથી જણાય છે. આ ગ્રંથમાં સંવત્ ૧૨૮૮ (ઇ. સ. ૧૨૩૨) ની સાલ લખેલી છે. તે ઉપરથી એમ જણાય છે કે એ સાલમાં એ ગ્રંથ લખેલો હશે. સંવત્ ૧૨૮૮ (ઇ. સ. ૧૨૩૨) માં સિંઘણ અને લવણપ્રસાદ વચ્ચે થએલા તહનામાની સરતો આ ગ્રંથમાં આપેલી છે. તે ઉપરથી જણાય છે કે લવણપ્રસાદ અને વીરધવળ સિંઘણને તાબે થયા અને તેની સાથે સલાહ કરી તેથી સિંઘણ પાછો આવ્યો નહીં. આ ગ્રંથનો ઉદ્દેશ તહનામાના નમુના બતાવવાનો છે. પરંતુ એમાં આપેલા નમુના પ્રમાણે લવણપ્રસાદ અને સિંઘણ વચ્ચે તહનામું થયું હશે તેથી તેમનાં નામ તેમાં વાપર્યા હશે એમ લાગે છે. આ ગ્રંથમાં સિંઘણને મહારાજાધિરાજ કહ્યો છે અને લવણપ્રસાદને રાણો અને મહામંડળેશ્વર કહ્યો છે. તહનામુ ફતેહ મળ્યાની જગોએ થયેલું હતું અને તેની મીતિ સંવત્ ૧૨૮૮ (ઇ. સ ૧૨૩૨) ના વૈશાખ સુદિ ૧૫ ને સોમવાર છે. તહનામાની શરતો એવી છે કે પહેલાંની પેઠે દરેક પક્ષે પોતાનો પ્રદેશ રાખવો; એક બીજાના પ્રદેશ ઉપર ચઢાઇ કરવી નહીં; જો કોઇ દુશ્મન બેમાંથી કોઇની ઉપર ચઢી આવે તો બીજાએ મદદ કરવી; જો દુશ્મનનો સેનાપતિ આવ્યો હોય તો તેની સામે બંનેનું લશ્કર મોકલવું; એક જણનો સરદાર નાશીને બીજાના રાજમાં જાય તો બીજાએ તેને આશ્રય આપવો નહીં અને તેની પાસે જે માલમત્તા હોય તે જપ્ત કરી પાછી મોકલી દેવી. મારવાડના રાજાઓ સામે લઢવામાં લવણપ્રસાદને ફતેહ મળી; તેમને તેણે પાછા કાઢી મૂક્યા. પછી શંખ નામનો એક જણ જેને સિંધના રાજાનો છોકરો કહેવામાં આવ્યો છે પણ જે ખરૂં જોતાં ભરૂચ પાસેનો કોઇ ઠાકોર હતો તેણે ખંભાત ઉપર

પોતાનો દાવો બતાવ્યો અને લવણપ્રસાદના હાકેમ વસ્તુપાળને એવી લાલચ આપી કે મને રાજા નીમો, તો હું તમને અહીંના હાકેમ તરીકે કાયમ રાખીશ. વસ્તુપાળે તેનું કહ્યું ધિક્કારી કાઢ્યું અને તેને પાછો હાંકી કાઢ્યો. આ ફતેહથી ખંભાતના લોક ખુશી થયા અને વસ્તુપાળનો વરઘોડો કાઢી શહેર બહાર એકલવીરા નામની માતાએ જઇ ઓચ્છવ કર્યો. આ સંબંધમાં રાસમાળામાં નીચે પ્રમાણે હકીકત જણાવી છેઃ—કોઇ "સૈયદ" નામે વેપારી જે સો વસા મુસલમાન હશે, તેને વસ્તુપાળ સાથે ખંભાતમાં કજીયો થયો, ત્યારે તેણે પ્રધાનનાથી પોતાનું રક્ષણ કરવાને ભરૂચમાંથી શંખ નામે સરદારને બોલાવ્યો. વસ્તુપાળે પોતાની ભણી આશ્રય સારૂ લુણપાળ નામે ગોલો હતો તેને બોલાવ્યો. તેણે શંખ ઉપર હલ્લો કરી તેને માર્યો, પણ પોતે લઢાઇમાં ઘાયલ થયો અને થોડા દિવસ પછી મરણ પામ્યો. પછી જે જગોએ તે મરણ પામ્યો તે જગોએ વસ્તુપાળે 'લુણપાળ પતિ'નું દેવળ બાંધ્યું.

તહનામાના નમુનામાં લવણપ્રસાદે સોમનાથને એક ગામ દાન આપ્યાના તામ્રપટનો ઉતારો છે, તેમાં લવણપ્રસાદને મંડળેશ્વર તરીકે જણાવ્યો છે, અને દાન કર્યું ત્યારે બીજો ભીમ રાજા હતો અને ભાભુય તેનો પ્રધાન હતો એમ પણ જણાવ્યું છે. જો કે ઇ. સ. ૧૨૩૨ (સંવત્ ૧૨૮૮)માં બીજો ભીમ ગાદીએ હતો તોપણ લવણપ્રસાદની સત્તા એટલી બધી હતી કે ખરા રાજ્ય કરનારની પેઠે તે ગામો દાનમાં આપી શકતો અને સંધિ, લઢાઇ વગેરે પોતાની મેળે કરી શકતો. આ બીના બન્યા પછી લવણપ્રસાદે રાજ્યકારભાર પોતાના પુત્ર વીરધવળને સોંપેલો હોવાનુ જણાય છે.

વીરધવળ. ઇ. સ. ૧૨૩૩–૧૨૩૮.

રાજ્યકારભાર મળ્યા પછી વીરધવળે પોતાના કારભારી તેજપાળને સાથે લઇ પોતાના સાળા સાંગણ અને ચામુંડ જૂનાગઢ પાસે વામનસ્થળી (વંથળી)માં રાજ્ય કરતા હતા તેમની ઉપર ચઢાઇ કરી. સાંગણ અને ચામુંડને તેમની બહેને ઘણુંએ સમજાવ્યું કે મારો પતિ મહા પ્રતાપી છે અને ગુજરાતનાં ગામે ગામ અને નગરે નગર દંડતો આવે છે માટે તેને ધન અને ઘોડા આપી

પ્રસન્ન કરો. પરંતુ તેમણે માન્યું નહીં અને ખંડણી આપવા ના પાડી તેથી આ ચડાઈ કરવામાં આવી હતી. સાંગણ અને ચામુંડ ઘણી બહાદુરીથી લઢ્યા પણ અંતે તેઓ મરાયા અને વીરધવળની ફોજ જય જય કરતી વામનસ્થળીમાં દાખલ થઇ. વીરધવળે સાળાઓનું સંચેલું દ્રવ્ય લુંટી ત્યાં પોતાના સરદારો તથા યોદ્ધાઓને જાગીરો આપી, અને સાળાઓના છોકરાઓને ખંડણી ભરવાની શરતે ગાદી ઉપર બેસાડયા.

ભદ્રેશ્વર ઉપર ચઢાઇ.

પછી કચ્છમાં આવેલા ભદ્રેશ્વરના રાજા ઉપર વીરધવળે હલ્લો કર્યો, પણ તેમાં તેને ફતેહ મળી નહીં તેથી દુશ્મને કહી તેવી શરતો તેને કબુલ કરવી પડી. વીરધવળના આ પરાજયના સંબંધમાં એવું કહેવાય છે કે ત્રણ શૂરવીર રજપૂતો વીરધવળને ત્યાં નોકર રહેવા આવ્યા હતા, પણ તેમણે ઘણો મોટો પગાર માગ્યાથી વીરધવળે રાખ્યા નહીં અને કહ્યું કે એટલા પગારમાં તો ૩૦૦૦ માણસ રાખી શકાય. પછી તેઓ ભદ્રેશ્વરના રાજાને ત્યાં ગયા અને તેની નોકરીમાં રહ્યા. ભદ્રેશ્વરના રાજા સાથે લઢાઇ થઇ તેની આગલી રાત્રીએ ત્રણ ભાઇઓએ વીરધવળને કહેવરાવ્યું કે તમારાં ૩૦૦૦ માણસ તૈયાર રાખજો, અમે ત્રણ તેમને પૂરા પડીશું. તેમના બોલ્યા પ્રમાણે તેઓ પળ્યા. વીરધવળનાં માણસને પાછાં હઠાવી તેઓ વીરધવળ પાસે ધસી ગયા, વીરધવળને ઘોડાપરથી ઉતાર્યો અને તેનો ઘોડો લઇ લીધો, તોપણ તેને ત્યાં પરોણા રહ્યા હતા તેથી તેને જીવતો રાખ્યો.

ગોધ્રાના ધુંધળ ઉપર ચઢાઇ.

આ પછી વીરધવળે પૂર્વ ગુજરાત તરફ ચઢાઇ કરી. ગોધ્રામાં ધુંધળ નામે માંડલિક રાજા હતો. તે વીરધવળની આજ્ઞા પ્રમાણે ચાલતો નહીં, અને તેના રાજ્યમાં થઇને જે વણજારા ગુજરાતના બંદરોએ માલ લાવતા તેમને લુંટી લેતો. વીરધવળે તેને કહાવી મોકલ્યું કે તું મારે શરણે આવ, નહિ તો સાંગણ અને ચામુંડ જેવા તારા હાલ થશે. તેના જવાબમાં ધુંધળે પોતાના ભાટને કાજ-

ળની દાબડી અને સાડી આપી વીરધવળ પાસે મોકલ્યો અને કહેવરાવ્યું કે સઘળા રાજાઓને હું સ્ત્રી જેવા લેખું છું. પછી વીરધવળે આ અપમાનનું વેર લેવા તેજપાળને સૈન્ય લઇ મોકલ્યો. ગોધરા થોડું દૂર રહ્યું. ત્યારે તેજપાળે છૂપી રીતે પોતાનાં કેટલાંક માણસ ગામના ઢોર વાળવા મોકલ્યાં. તે ઢોર વાળી આવ્યાં કે ઘુંઘળની ફોજ તેમની પાછળ ચઢી, અને તેજપાળની છાવણી પાસે આવી. તેજપાળની છાવણીમાં ગભરાટ થઇ રહ્યો. ઘુંઘળનાં માણસ ઘણા જોરથી લઢતાં હતાં, અને તેઓની ફતેહ થવાની તૈયારી હતી એટલામાં તેજપાળે ઘુંઘળને ઘોડાપરથી પાડી નાંખ્યો અને કેદ કરી લીધો. પછી તેને પાંજરામાં ઘાલી છાવણીમાં રાખ્યો; અને સૈન્ય સાથે ગોધ્રામાં પેસી ઘણી લૂંટ મેળવી. ત્યાં પોતાના એક સેવકને રાજ્ય સત્તા ઉપર બેસાડી, તેજપાળ ઘુંઘળને સાથે લઇ ધોળકે આવ્યો. એ વખતે વીરધવળે સભા વચ્ચે તેની મોકલેલી સાડી પહેરાવી અને તેને ગળે તેણે મોકલેલી કાજળની દાબડી બાંધી. આ ફજેતી સહન ન થવાથી ઘુંઘળ જીભ કરડી મરણ પામ્યો. ઘુંઘળને જીતવાથી વીરધવળની સત્તા મહારાષ્ટ્રની હદ સુધી પહોંચી, એમ કીર્ત્તિકૌમુદીનો કર્ત્તા જણાવે છે.

સુલતાન મુઇઝુદ્દીનના લશ્કરની હાર.

આ પ્રમાણે દિવસે દિવસે વીરધવળની સત્તા વધતી ચાલી. તેની પાસે બુદ્ધિમાન અને કુશળ મંત્રી હતા અને શુરા લઢવૈયા સરદારો હતા. તોપણ દિલ્હીના મુસલમાન બાદશાહની તેને ઘણી બીક હતી. એકવાર દિલ્હીના સુલતાન મુઇઝુદ્દીનના લશ્કરે ગુજરાત તરફ કુચ કર્યાના સમાચાર આવ્યા. આથી ગભરાઇને વીરધવળે વસ્તુપાળને પૂછ્યું:—"આપણે હવે કેમ કરવું ? મ્લેચ્છ લોક ઘણા જોરાવર છે, અને ચોતરફ ફતેહ પામ્યા છે." વસ્તુપાળે કહ્યું:—"મને તેની સામે મોકલો; હું જે થશે તે કરીશ." પછી વીરધવળે તેને એક લાખ ફોજ આપીને બાદશાહના લશ્કર સામે મોકલ્યો. એ ફોજ લઇને વસ્તુપાળ આબુના રાજાને મળ્યો અને તેની સાહ્યથી, બાદશાહની ફોજ ગુજરાતની ઝાડીમાં પેઠી કે તેને ઘેરી લઇ, ઓચિંતો છાપો

મારી સર્વ લશ્કર કાપી નાંખ્યું. આ તદબીરથી વીરધવળના મનમાંથી બાદશાહનો ડર ગયો નહોતો. એક વખત એવું બન્યું કે સુલતાનની મા* હજ કરવા સારૂ ગુજરાતમાં વહાણમાં બેસવા આવી, ત્યારે વસ્તુપાળે યુક્તિ કરી ચાંચિયા લોકો પાસે તેનું વહાણ લુંટાવ્યું. પછી જ્યારે ફરિયાદ થઇ ત્યારે લુંટનું વળતર આપી વસ્તુપાળે તેની ઘણી બરદાસ કરી, અને હજ કરવા જવા સારૂ તેને બીજી ગોઠવણ કરી આપી. તે પાછી આવી ત્યારે પણ તેની તેવીજ બરદાસ કરી તેને દિલ્લી પહોંચાડી. આ ખબરથી બાદશાહ વસ્તુપાળ પર ઘણા મહેરબાન થયા, અને કંઇ ઇનામ માગવા કહ્યું. વસ્તુપાળે એટલુંજ માગ્યું કે મહેરબાની કરી તમારે ગુજરાતના રાજ્યને પીડા કરવી નહીં. બાદશાહે તે કબુલ કર્યું. આ પ્રમાણે બુદ્ધિમાન મંત્રીના ડહાપણથી વીરધવળ જોરાવર દુશ્મનના ભયથી મુક્ત થયો.

વસ્તુપાળ અને તેજપાળ.

વીરધવળના મંત્રી વસ્તુપાળ અને તેજપાળે જૈન દેવળો બાંધવામાં ખર્ચેલા પૈસાને લીધે જૈન ગ્રંથકારો તેમની ઘણી તારીફ કરે છે. તેઓ પોરવાડ જાતના અને જૈન ધર્મના વાણીયા હતા. તેમના વડવા કેટલીક પેઢીથી અણહિલવાડમાં રહેતા હતા. વીરધવળ પ્રબંધ નામના ગ્રંથમાં વસ્તુપાળ અને તેજપાળના વિષે નીચે પ્રમાણે હકીકત છેઃ—તેમનો વડવો ચંડપ ગુર્જર રાજાનો મંત્રી હતો. તેનો પુત્ર ચંડપ્રસાદ જે સિદ્ધરાજનો કોશાધિકારી હતો, તેને અશ્વરાજ નામે પુત્ર થયો. અશ્વરાજની સ્ત્રી કુમારીદેવીને ત્રણ પુત્ર થયા. મલ્લદેવ, વસ્તુપાળ અને તેજપાળ. વસ્તુપાળ ઘણો વિદ્વાન અને બુદ્ધિમાન હતો, અને તેજપાળ ઘણો શૂરવીર અને યુદ્ધના કામમાં પ્રવીણ હતો. તેઓ જ્યારે ધોળકે આવ્યા ત્યારે પુરોહિત સોમદેવે પોતાના રાજા સાથે તેમનો મેળાપ કરાવ્યો. રાજાએ તેમના ગુણથી પ્રસન્ન થઇ તેમને પોતાના મંત્રી બનાવ્યા. બંને ભાઇઓએ મંત્રીપણું કબુલ કર્યું, પણ તે વખતે રાજા પાસે તેઓએ એક વિચિત્ર માગણી

* રાસમાળા પ્રમાણે સુલતાનનો ગુરૂ.

કરી અને કહ્યું કે "હે રાજા ! કોઈ સેવક લોભ વગર તો રાજ્યસેવા કરતો જ નથી, પણ રૂડો સેવક તેને કહીએ કે જે સ્વામીભક્ત હોય તથા લોકોમાં જેની નિંદા ન થાય. મંડલિક નગરમાંથી સહકુટુંબ અમે આવ્યા છીએ. અમારે ઘેર ત્રણ લાખની સમૃદ્ધિ છે; તેથી જો કોઈ ચાડીઓ તમારી પાસે અમારી ચાડી કરે તો મારી પાસે જે જે છે, તેજ આપીને અમને મૂકી દેવા. સર્વસ્વ હરી લેવું નહીં." આ સાંભળી લવણપ્રસાદ તથા તેના પુત્ર વીરધવળે તે પ્રમાણે કરવા લેખી વચન આપ્યું ત્યારે તેમણે મંત્રીપદ કબુલ કર્યું.

એવું કહેવાય છે કે મુસલમાન વેપારી સૈયદને ખંભાતમાં પકડયો, ત્યારે તેની મિલકત જપ્ત કરવામાં આવી હતી. વીરધવળે બધી મિલકત પર પોતાનો દાવો રાખ્યો, અને માત્ર ધૂળ વસ્તુપાળને આપી. આ ધૂળ સોનાની હતી અને વળી અગ્નિથી સૈયદની સોના રૂપાની બીજી મિલકત પણ ધૂળ થઇ ગઇ. આથી કરીને સૈયદની મિલકતનો મોટો ભાગ વસ્તુપાળને મળ્યો. આ મિલકત દાટવાને વસ્તુપાળ અને તેજપાળ કાઠીઆવાડમાં હડાલક ગામ છે ત્યાં ગયા. ભોંયમાં ખોદતાં તેમને બીજી દોલત મળી. આ બધી દોલતની બંને ભાઇઓ એટલી બધી ફિકર કરવા લાગ્યા કે તેમને ખાવાનું પણ ભાવતું નહીં. પોતાના પતિ તેજપાળની ફિકરનું કારણ અનુપમાના જાણવામાં આવ્યું ત્યારે તેણે સલાહ આપી કે, "તમારી દોલત પર્વતની ટોચે ખરચો. બધાના જોવામાં તે આવશે, પણ કોઇથી તે લઇ જવાશે નહીં." આ સલાહ તેમની માતુશ્રી તથા વસ્તુપાળની સ્ત્રી લલિતાદેવીના જાણવામાં આવી, ત્યારે તેમણે પણ તે પસંદ કરી, તેથી કરીને વસ્તુપાળ અને તેજપાળે આબુ, ગિરિનાર અને શેત્રુંજયના ડુંગરો ઉપર ઉમદા દેવળો બંધાવ્યાં.

શત્રુંજયના દેવળ તેવીસમા તીર્થંકર નેમિનાથને અર્પણ કરેલાં છે અને તેમાં કીર્ત્તિકૌમુદીના કર્તા સોમેશ્વરે લખેલો સંવત ૧૨૮૮ (ઇ. સ. ૧૨૩૨) ની સાલનો લેખ છે. ગિરનારનું દેવળ પણ નેમિનાથને અર્પણ કરેલું છે,

અને તેની સાલ સંવત્ ૧૨૮૮ (ઇ. સ. ૧૨૩૨) છે. આબુનાં દેવળ સૌથી ઉંચી કારીગરીનાં છે. તેઓનું કદ અથવા બ્હારનો દેખાવ વખાણવા જેવો નથી, પણ અંદરની બાજુએ કોતરણીનું કામ ઘણું વખાણવા જેવું છે. એ કોરણી એવી બારીકાઇથી કરેલી છે કે જાણે મીણનાં બીબામાં ઉતારી હોય એવો ભાસ થાય છે. કારીગરોને પર્વત ઉપર કામ કરતાં તાઢ વાય નહીં, એટલા માટે વસ્તુપાળ અને તેજપાળે દરેક કારીગરની પાસે સઘડી મૂકાવી હતી અને સાંજે ઉનાં ભોજન કરાવી બધાને જમાડવામાં આવતા હતા. કોતરણીનું બારીક કામ કરનાર કારીગરને તેણે કોતરી કાઢેલી પથ્થરની ધૂળના વજન જેટલી ચાંદી મજુરી તરીકે આપવામાં આવતી હતી. આબુનાં દેવળ પણ નેમિનાથને અર્પણ કરેલાં છે અને તેમની સાલ સંવત્ ૧૨૮૭ (ઇ. સ. ૧૨૩૧) છે.

પોતાના મિત્ર વસ્તુપાળને પોતે કેવી રીતે બે વખત મદદ કરી હતી એ સોમેશ્વરે પોતાના ગ્રંથમાં જણાવ્યું છે. વસ્તુપાળ ઉપર લાંચ લીધાનું કામ ચાલતું હતું, તેમાંથી એક વખત તેણે તેનો બચાવ કર્યો હતો. બીજો પ્રસંગ એથી પણ વધારે ગંભીર હતો. વીસલદેવ રાજાના મામા સિંહે જૈન અપાસરાના એક સાધુને ચાબુકોનો માર માર્યો, તેથી પોતાના ધર્મનું અપમાન થયું સમજી વસ્તુપાળ ઘણો ગુસ્સે થયો; જે હાથે સિંહે માર માર્યો હતો તે હાથ વસ્તુપાળે કોઇ રજપૂત પાસે કપાવી નાખ્યો. આ ગુન્હો વસ્તુપાળ ઉપર સાબીત થવાથી તેને મારી નાખવાની સજા ફરમાવવામાં આવી; પણ સોમેશ્વરે વચ્ચે પડી વસ્તુપાળને બચાવ્યો એટલુંજ નહીં, પણ રાજાનું મન એવું ફેરવી નાખ્યું કે તેણે જૈન સાધુને મારવા માટે સિંહને ઘણો ઠપકો દીધો. વસ્તુપાળ છૂટો થયા પછી તેને તાવ આવ્યો. એ તાવથી બચાશે નહીં એમ તેને લાગ્યું, ત્યારે તે શંત્રુજયની જાત્રાએ જવા નીકળ્યો, પણ રસ્તામાં મરણ પામ્યો. તેના ભાઈ તેજપાળે તથા તેના પુત્ર જયન્તપાળે તેનો શત્રુંજયના પવિત્ર પહાડ ઉપર અગ્નિ સંસ્કાર કર્યો, અને તે જગોએ ‘ સ્વર્ગારોહણપ્રસાદ ’ નામનું દેવળ બંધાવ્યું.

લવણપ્રસાદ વાનપ્રસ્થ થયા પછી છ વર્ષે એટલે કે ઇ. સ. ૧૨૩૮ માં વીરધવળ મરણ પામ્યો. તેના મરણ વખતે ૧૮૨ ચાકરો ચિતામાં પડી મરણ પામ્યા, એથી વધારે નોકરોને ચિતામાં પડી મરતાં અટકાવવાને તેજપાળને લશ્કર લઇ વચ્ચે પડવાની જરૂર પડી હતી.

વીરધવળનું મરણ, ઇ. સ. ૧૨૩૮.

વીરધવળને ત્રણ પુત્ર હતા, વીરમ, વીસલ અને પ્રતાપમલ્લ. વીરમ શૂરવીર પણ ઘણો ઉતાવળો અને સાહસિક હતો, તેથી વીરધવળની વીસલ ઉપર વધારે પ્રીતિ હતી. વીસલમાં ઘણા સારા ગુણ હતા. વસ્તુપાળ પણ તેનેજ માન આપતો અને વીરમને ડાંડ ગણતો. વીરમ, એ વીરમગામ નામનું ગામ વસાવી ત્યાંજ રહેતો હતો. જ્યારે વીરધવળ માંદો પડયો ત્યારે રાજ્ય લેવાને માટે તૈયારી કરી વીરમ ધોળકે આવ્યો. પણ વસ્તુપાળે તેનું કંઇ ચાલવા દીધું નહીં અને વીરધવળ મરી ગયો ત્યારે વીસલદેવને ગાદીએ બેસાડયો. આ પ્રમાણે થયું ત્યારે વીરમ ક્રોધે ભરાયો અને રીસાઇને પોતાના સસરા પાસે જાબાલીપુર (જબલપુર) મદદ લેવા ગયો, અને પછી ત્યાંજ રહ્યો. પોતાના ભાઇના મદદગારો શિવાય અણહિલવાડના સોલંકી વંશના ત્રીભુવનપાળ નામના સખસ સામે પણ વીસલદેવને થવું પડયું હતું.

વીસલદેવ, ઈ. સ, ૧૨૪૩–૧૨૬૧,

પોતાના બાપ અને વડવાની પેઠે વીસલદેવે કોઇને અધીરાજ તરીકે કબુલ રાખ્યો નહીં. ઇ. સ. ૧૨૪૩ માં તે અણહિલવાડના સ્વતંત્ર રાજા તરીકે અણહિલવાડમાં રાજ્ય કરવા લાગ્યો. કડીમાંથી મળેલા ઇ. સ. ૧૨૬૧ (સંવત્ ૧૩૧૭) ના એક તામ્રલેખપરથી જણાય છે કે અણહિલવાડ તેની રાજધાની હતું અને મહારાજાધિરાજ તેનો ખિતાબ હતો.

વીસલદેવના તામ્રપટ ઉપરથી જણાય છે કે તે બહાદુર લઢવૈયો હતો, અને માળવા અને મેવાડના રાજા સાથે તેને લઢાઇઓ થઇ હતી. વળી

કર્ણાટકના રાજાની કુંવરીએ તેને વરવાનું પસંદ કર્યું હતું, તેના પ્રધાનનું નામ નાગદ હતું.

વીસલદેવના વખતમાં ઇ. સ. ૧૨૫૯ (સંવત્ ૧૩૧૫) થી ત્રણ વર્ષનો દુકાળ પડયો હતો. આ દુકાળનું દુઃખ ઓછું કરવામાં વીસલદેવની કાળજી માટે ભાટ લોકો તેનાં ઘણાં વખાણ કરે છે. ભાટ લોકો એમ પણ કહે છે કે વિસલનગર અને દર્ભાવતી અથવા ડભોઇના કિલ્લા તેણે બંધાવ્યા અથવા દુરસ્ત કરાવ્યા. વીસલદેવના વખતમાં વાઘેલ વંશની સત્તા આખા ગુજરાત ઉપર સ્થાપન થઇ હતી. વીસલદેવ ઇ. સ. ૧૨૬૧ માં મરી ગયો.

અર્જુનદેવ ઈ. સ. ૧૨૬૨–૧૨૭૪.

વીસલદેવના મરણ પછી તેના નાનાભાઇ પ્રતાપમલ્લના કુંવર અર્જુનદેવને ગાદી મળી. અર્જુનદેવ વીસલદેવના જેવો જ પરાક્રમી અનેસારો હતો. વેરાવળમાં હર્ષદ માતાના દેવળમાં ઇ. સ. ૧૨૬૪ (સંવત્ ૧૯૨૦) ની સાલનો એક લેખ છે તેમાં અર્જુનદેવના નામ સાથે "પરમેશ્વર ભટ્ટાર્ક શ્રી ચાલુક્ય ચક્રવર્તિ મહારાજાધિરાજ" એવાં વિશેષણ જોડેલાં છે. આ લેખ ઉપરથી વળી જણાય છે કે તે અણહિલવાડમાં રાજ્ય કરતો, શિવમાર્ગી હતો અને બીજા અગણિત રાજાઓ તેની આણ માનતા. તેનો પ્રધાન શ્રીમલ્લદેવ હતો અને કેટલાક મુસલમાન તેના નોકર હતા, જેવા કે બેલાકુલના હરમઝ, અને નાખુદા નુરૂદીન ફીરોજનો છોકરો ખોજા ઇબ્રાહિમ. પરંતુ 'નાખુદા' ના પદ ઉપરથી આપણે તેમના અધિકારની કલ્પના કરી શકીએ. તે શિવાય તેઓ શા કામપર હતા તે જણાઇ આવતું નથી. આ લેખની ખુબી એ છે કે તેમાં ચાર સન આપેલા છે. હિજરી સન ૬૬૨, વિક્રમ સંવત ૧૩૨૦, વલભિ સંવત ૯૪૫; અને સિંહ સંવત્ ૧૫૧ આ ચારે સનની સાલોનો મેળ મળે છે, કારણ કે (ઇ. સ. ૧૨૬૪) સંવત્ ૧૩૨૦ માં હિજરી ૬૬૨ ની સાલ આવે છે. અને વલભિ સંવત્ ઇ. સ. ૩૧૮–૧૯ થી શરૂ થાય છે તેથી વલભિ ૯૪૫ અને સિંહ ૧૫૧ એ પણ ઈ. સ. ૧૨૬૪ માં આવે છે.

અર્જુનદેવ પછી તેનો પુત્ર સારંગદેવ ગાદીએ બેઠો. વિચારશ્રેણી પ્રમાણે તેણે ઇ. સ. ૧૨૭૪ થી ૧૨૯૬ (સંવત ૧૩૩૧–૧૩૫૩) સુધી એટલે બાવીસ વર્ષ રાજ્ય કર્યું. સારંગદેવના વખતના લેખો

સારંગદેવ, ઈ. સ, ૧૨૭૪ –૧૨૯૬,

કચ્છ અને આબુમાં છે. કચ્છવાળો લેખ કંથકોટ પાસે ખોખર નામના ગામમાં એક પાળીઆ ઉપર છે. માંડવીથી ૩૫ માઇલ છેટે આવેલા ભદ્રેશ્વર ગામમાંથી એ લેખ ત્યાં લાવવામાં આવ્યો હતો. તેની ઉપર સંવત્ ૧૩૩૨ (ઇ. સ. ૧૨૭૫) ની સાલ છે અને તેમાં સારંગદેવને "મહારાજાધિરાજ" લખ્યો છે તથા તે અણહિલવાડમાં રાજ્ય કરતો હોવાનું જણાવ્યું છે. તેના પ્રધાનનું નામ માલદેવ લખેલું છે. આબુવાળો લેખ સંવત્ ૧૩૫૦ (ઇ. સ. ૧૨૯૪) નો છે, અને તેમાં સારંગદેવને અણહિલવાડનો રાજા કરીને લખ્યો છે અને ચંદ્રાવતીનો વીસલદેવ તેના હાથ નીચે મંડળેશ્વર હોવાનું લખ્યું છે. ત્રીજો લેખ, જેની ઉપર સંવત્ ૧૩૪૩ (ઇ. સ. ૧૨૮૭) ની સાલ છે. તે પ્રથમ સોમનાથમાં હતો પણ હાલ પોર્તુગાલમાં આવેલા સિન્ટ્રા ગામમાં છે. એ લેખમાં ત્રિપુરાન્તક નામના માણસે કરેલી જાત્રાની વાત લખી છે અને રાજા સારંગદેવની વંશાવળી આપી છે. અમદાવાદમાંથી એક હસ્તલિખિત ગ્રંથ દાક્તર ભંડારકરને મળ્યો હતો, તેમાં લખ્યું છે કે એ ગ્રંથ સંવત ૧૩૫૦ ના જેઠ વદિ ૩ ને દિવસે મહારાજાધિરાજ સારંગદેવનું લશ્કર આશાપલ્લિ (અમદાવાદ) મુકામ કરી પડયું હતું ત્યારે પૂરો કર્યો હતો.

સારંગદેવ પછી ગાદીએ બેસનાર કરણદેવે ઇ. સ. ૧૨૯૬ થી ૧૩૦૪ સુધી આઠ વર્ષ રાજ્ય કર્યું. આ રાજા અણહિલવાડની ગાદી ઉપર બેસનાર છેલ્લો હિંદુ રાજા હતો. આ રાજા ઘેલો કહેવાતો. તેના વખતમાં

કરણદેવ ઇ. સ. ૧૨૯૬ થી ૧૩૦૪.

ગુજરાત મુસલમાનોના હાથમાં ગયું.

ઈ. સ. ૧૨૯૬માં અલાઉદિન ખીલજી પોતાના કાકા જલાલુદિન બાદશાહને મારી દિલ્લીના તખ્ત ઉપર બેઠો અને પોતાના નામથી કુતબો પઢાવ્યો એ પુરુષ ઘણોજ નિર્દય હતો. તખ્ત ઉપર બેસતાંજ તેણે હિંદુ દેવાલયો ભાગવા માંડયાં અને તેઓના ધર્મનું આખર આણવા પોતાનું ચિત્ત લગાડયું. ઈ. સ. ૧૨૯૭ માં અલાઉદ્દીને પોતાના ભાઈ અલફખાનને તથા નસરતખાન નામના પ્રધાનને ફોજ આપી ગુજરાત જીતવા મોકલ્યા. તેઓએ એ દેશને પાયમાલ કરી અણહિલવાડનો કિલ્લો તાબે કરી ત્યાં પોતાનાં થાણાં બેસાડયાં. કરણદેવ પોતાની રાણીઓ, છોકરાં, હાથી, સરસામાન અને ભંડાર એ સર્વે મૂકીને નાઠો અને દક્ષિણમાં દેવગઢના રાજા રામદેવનો આશ્રય લીધો. તેનો સઘળો ખજાનો મુસલમાનોના હાથમાં ગયો.

કરણનું રાજ્ય ગયા વિષે ભાટ લોકો નીચેનું કારણ બતાવે છેઃ—કરણના માધવ અને કેશવ નામના બે નાગર મંત્રી હતા. માધવની સ્ત્રી ઘણીજ ખુબસુરત હતી, તેને રાજાએ જબરદસ્તીથી પોતાના મહેલમાં આણવાનું ધાર્યું; તે વખતે માધવ હાજર નહીં હતો; તેનો ભાઇ કેશવ હથીઆર બાંધી રાજાની સામે થયો પણ તેનું કંઇ ચાલ્યું નહીં અને ભાભીનો બચાવ કરવામાં આખરે તેણે પોતાનો પ્રાણ ખોયો. માધવની સ્ત્રીને કરણના મહેલમાં લઇ ગયા માધવ આવ્યો ત્યારે આ ખબર સાંભળીને ઘણોજ દીલગીર થયો પણ દીલગીર થઇને બેશી રહ્યો નહીં. એ બાબત રાજાની ઉપર વેર લેવાની તક તે શોધવા લાગ્યો. વેર લેવાના ઇરાદાથી તે થોડા દિવસ પછી દિલ્લી ગયો અને દિલ્લીના બાદશાહને ગુજરાતનું રાજ્ય લેવા સમજાવી તેની ફોજ ગુજરાતમાં લાવ્યો. મુસલમાનોએ ગુજરાત જીતી લીધા પછી માધવે બાદશાહને ત્રણસેં સાઠ ઘોડા નજર કર્યા તેથી બાદશાહે તેને ગુજરાતના પ્રધાનની જગો આપી.

કરણ પોતાની પાછળ રાણીઓ, છોકરાં, સરસામાન વગેરે મૂકી ગયો હતો તે સર્વ મુસલમાનોના હાથમાં આવ્યું. મુસલમાન લોકોના હાથમાં આવેલા લોકોમાં કરણની રાણી કૌલાદેવી પણ હતી. તે ઘણી ખુબસુરત

હોવાથી અલાઉદ્દિન પાદશાહે તેને પોતાની હુરમ કરીને રાખી. અલીફખાન તથા નસરતખાન પછી ખંભાત લૂંટવા ચાલ્યા. તે વખતે ખંભાત વેપારીઓથી ભરેલું અને દ્રવ્યવાન શહેર હતું તેથી તેમને ઘણીજ લૂંટ મળી. અહીંથી નસરતખાને ખંભાતના એક વેપારીના દેખાવડા ગુલામને જોરાવરીથી લઇ લીધો. તે ગુલામ પછવાડેથી સુલતાનની પ્રીતિ સંપાદન કરી લઇને મલેક કાફુરને નામે ઘણે ઉંચે દરજ્જે ચડયો. ખંભાતથી મુસલમાન લોકો કાઠીઆવાડમાં ગયા અને મહમૂદ પછી સોમનાથની મૂર્ત્તિ ફરીને સ્થાપવામાં આવી હતી તેનો તેમણે નાશ કર્યો. આ વખતથી તે ઇ. સ. ૧૩૦૪ સુધી ગુજરાતના કામકાજ સંબંધી કંઈ માહિતી મળતી નથી, પણ એટલું તો જણાયું છે કે ઇ. સ. ૧૩૦૪ માં અલફતખાનને ગુજરાત દેશનો ફરીથી સુબો ઠરાવ્યો હતો અને ત્યાં તેને મોટી ફોજ આપી મોકલ્યો હતો મિરાતે અહમદીનો કર્ત્તા લખે છે કે ઘણાં જૈન દેવળોમાંથી આરસના થાંભલા કાઢી લઇ અલફખાને અણહિલવાડમાં જુમામસીદ બંધાવી.

ખંભાતથી લીધેલો ગુલામ કાફુર આ વખતે સુલતાન અલાઉદ્દિનનો માનીતો થઇ પડયો હતો. સુલતાને તેને ઇ. સ. ૧૩૦૬ માં મલેક નાયબનો ખિતાબ આપ્યો અને પ્રખ્યાત કામદારોવાળી એક સેનાનો સેનાપતિ નિમી, દક્ષ્ખણ જીતવાને મોકલ્યો. મલેક કાફુરને મદદ કરવાને ગુજરાતના સુબા અલફખાનને પણ હુકમ થયો હતો. કૌલાદેવી જે અલાઉદ્દિનની માનીતી બેગમ થઇ પડી હતી, તેના જાણવામાં આ ચઢાઇની વાત આવી ત્યારે તેણે સુલતાનને પ્રાર્થના કરી કહ્યું કે મારે પહેલા ઘરની બે દીકરીઓ થઇ હતી; તેમાં મોટી તો મરી ગઇ છે, પણ નાની દેવળદેવી મારાથી જૂદી પડી ત્યારે બે વર્ષની હતી. તે હજી જીવે છે, માટે સરદારોને એવો હુકમ આપો કે દેવળદેવીને શોધી કાઢી દિલ્લી મોકલી દે. આ વખતે દેવળદેવી તેના કમનસીબ પિતા પાસે બાગલાનમાં હતી. મલેક કાફુરે કરણદેવને સંદેશો મોકલ્યો કે દેવળદેવીને સોંપી દ્યો, પણ કરણે ના પાડી તેથી કાફુરે અલફખાનને એવો હુકમ કર્યો કે બાગલાન ઉપર ચઢાઇ કરી કુંવરીને પકડી લાવવી.

કરણે બે માસ સુધી અલફખાનના સામી ટકર ઝીલી. એટલામાં દેવગીરીના યાદવ રાજા શંકરદેવે દેવળદેવીનું માગું કર્યું તે તેણે કબુલ કર્યું. દેવળદેવીને દેવગીરી લઇ જતા હતા, એટલામાં અલફખાનના લશ્કરે તેને રસ્તામાં પકડી કબજે કરી લીધી. પછી અલફખાન દિલ્લી જઇ કુંવરી બેગમને સ્વાધીન કરી દીધી. દિલ્હીમાં બાદશાહનો શાહજાદો ખીજરખાન તેની સાથે પ્યારમાં પડયો અને આખરે તેને પરણ્યો. આ પછી કરણ રાજાનું શું થયું એ જણાયું નથી. એમ ધારવામાં આવે છે કે તે નામ ઠામ કોઇ જાણે નહી એવી સ્થિતિમાં રઝળતો મરી ગયો હશે.

જીત પામેલા મુસલમાનોએ રાજધાનીનું શહેર અણહિલવાડ, ખંભાત, ભરૂચ, અને સુરત બંદરો તથા સિદ્ધરાજના વંશના રાજાઓના તાબામાં જે દેશ રહ્યો હતો, તેનો ઘણો ભાગ પોતાને સ્વાધીન કરી લીધો. તો પણ તે દેશનો મોટો ભાગ સ્વતંત્ર રજપૂત રાજાઓના તાબામાં હતો. સાબરમતીની પશ્ચિમનો ઘણો દેશ વાઘેલાઓના તાબામાં હતો; અને તેમાંના કેટલાએક નાના નાના રાજા ઉત્તરમાં મહીકાંઠા ઉપર વીરપરથી તે અંબાજીની પેલીમેર પોસી સુધી ગયેલી ડુંગરાઓની હારને લગતા પરમાર અને રાઠોડો વચ્ચે રહી રાજ્ય કરતા હતા. કચ્છના રણ અને ખંભાતના અખાત વચ્ચે ઝાલા લોકોનું મોટું સંસ્થાન હતું; ચુંવાળ તથા બીજા પહાડ તથા જંગલવાળા પ્રદેશમાં કોળી અને બીજા મૂળના રહેવાશી લોકો ફેલાયલા હતા. પાવાગઢ અને તેની પૂર્વના પ્રાંતમાં કાળીની ધજા ઉડતી હતી, અને ખેંગારના વંશના ગિરનારની પડોશમાં જુનાગઢ નામના કિલ્લામાં રહી આખા દ્વિપકલ્પ ઉપર સર્વોપરી રાજ્ય કરતા હતા. તેના ખંડીઆ રાજાઓમાં પીરમ અને ઘોઘાના ગોએલ પોતાના ઉપરી જેવાજ જોરાવર હતા.

વાઘેલ વંશનું ઝાડ.

ધવલ.

ઇ. સ. ૧૧૬૦.

કુમારપાળની માસીને પરણ્યો.

અર્ણોરાજ.
ઇ. સ. ૧૧૭૦
વાઘેલ વંશનો સ્થાપનાર.

લવણપ્રસાદ.
ઇ. સ. ૧૨૦૦.
ધોળકાનો રાણો.

વીરધવળ
ઇ. સ. ૧૨૩૩–૧૨૩૮.
ધોળકાનો રાણો.

વીરમ

વીસલદેવ.
ઇ. સ. ૧૨૪૩–૧૨૬૧.
અણહિલવાડનો રાજા.

પ્રતાપમલ્લ.

અર્જુનદેવ.
ઇ. સ. ૧૨૬૨–૧૨૭૪.

સારંગદેવ.
ઇ. સ. ૧૨૭૪–૧૨૯૫.

કરણદેવ અથવા કરણઘેલો.
ઇ. સ. ૧૨૯૬–૧૩૦૪

પ્રકરણ ૧૬ મું.

રાજ્ય કારભાર, ધર્મ, રીતરીવાજ વગેરે.

અણહિલવાડનું રાજ્ય સ્થાપન થતા પહેલાંનો પ્રાચીન ગુજરાતનો ઇતિહાસ જાણવાને તામ્રલેખ, શીલાલેખ, શિક્કા વગેરે જે સાધનો છે, તે સાધનોથી પ્રાચીન ગુજરાતમાં ચાલતા રાજ્યકારભાર, ધર્મ, રીતરીવાજ, વગેરેની જે જૂજ માહિતી મળે છે તે જે તે સ્થળે બતાવવામાં આવી છે. અણહિલવાડનું રાજ્ય સ્થાપન થવા પછીનો ઇતિહાસ જાણવાને જે ઐતિહાસિક ગ્રંથોનો× આધાર છે, તે ગ્રંથોની કિંમત ઇતિહાસ ગ્રંથો તરીકે જો કે ઘણી થોડી છે તો પણ જે સમયે તે લખવામાં આવ્યા હતા, તે સમયના રાજ્યકારભાર, રીતરીવાજ અને વિચાર બતાવવાના સંબંધમાં એ ગ્રંથો ઘણા ઉપયોગી છે. ફૉર્બસ સાહેબ રાસમાળામાં જણાવે છે તેમ "જૈનોનાં લખેલાં વર્ણન જે સમયે લખવામાં આવેલાં તેજ સમયના નોંધી રાખેલા રાસ તરીકે માની લેવાં જોઇએ. આવા પ્રકારની ગો વર્ણનની તુલના કરીએ તો પણ તેઓ મૂલ્યવાન નથી એમ નથી, એ વર્ણન વડે બીજા સાહિત્યોનો ખુલાસો થાય છે અને સંબંધ બેસે છે એટલુંજ નહિ, પણ ઘણીવાર તો તેઓનો પત્તો બેસારવાનાં સાધન થઈ પડે છે; અને અગર જો તેમાં આવેલી વાતો બીજી કેટલીક વાતો સાથે જેટલી મળતી આવે તેટલી પૂરેપૂરી માનવામાં આવે તો પણ જે સમયે તે લખવામાં આવ્યું તે સમયે ચાલતા વિચાર અને મનોભાવનું વર્ણન, રાજ્ય કાર્યભાર અને રીતભાત, એ વિષેની સામટી સૂચના પૂરી પાડે છે એની ના કહેવાય એમ નથી."

જૈન ઇતિહાસ ગ્રંથોની રાજ્ય કાર્યભાર, રીતરીવાજ વગેરે સંબંધી જે માહિતી મળે છે તે રાસમાળાના ૧૩ મા પ્રકરણમાં એકઠી કરવામાં આવી છે અને ઘણે ભાગે તે ઉપરથી અમે અત્રે જણાવીએ છીએ.

× જુઓ પ્રકરણ ૧૨ પાન ૧૨૫.

રાજા અને દરબાર.

રાજા અને પ્રજા વચ્ચે ઘણો સંબંધ રહેતો. રાજાને મળવાને હાલની પેઠે પ્રજાને કાંઇ પ્રતિબંધ નડતો નહિ. રાજા દરબાર ભરીને બેસતો ત્યાં કામકાજ ચાલતું, અને જેની જે ફરિયાદ હોય તે સંભળાતી. પ્રજાનાં દુઃખ જાણી લેવાને રાજા જૂદા જૂદા મંત્રીઓ રાખતો અને પોતે પણ છુપે વેષે બહાર નીકળતો. મંત્રીનું કામ બ્રાહ્મણોજ કરતા એમ નથી. વાણીઆ લોકો પણ મંત્રીનો હોદ્દો ભોગવતા અને ઘણી વાર લશ્કરના ઉપરી તરીકે પણ નિમાતા. વનરાજનો મંત્રી ચાંપો અને તેનો દીકરો સજ્જન, સિદ્ધરાજનો મંત્રી મુંજાલ, કુમારપાળનો મંત્રી ઉદયન અને વીરધવળના વખતના તેજપાળ અને વસ્તુપાળ એ સર્વ વાણીઆ હતા.

દરબારમાં રાજા પોતાના ટીલાટ કુંવરની સાથે બીરાજતો. તેની આસપાસ મંડલેશ્વરો અને સામંતો બેસતા. મંત્રી વગેરે કામદારો પણ હાજર રહેતા અને રાજાને સલાહ આપવાનું તથા લખવાનું કામ કરતા. કામકાજ ચાલી રહ્યા પછી પંડિતો અને વિદ્વાનોને બોલાવવામાં આવતા. તેઓ ગ્રંથોમાંથી શાસ્ત્રનો આધાર કાઢી વાદવિવાદ કરતા અથવા આનંદ ઉપજે એવી કવિતા સંભળાવતા. ઘણીક વખત કેટલીક કઠણ તકરારોનો ખુલાસો કોઈ કરી શકતું નહીં ત્યારે ચતુરાઈમાં વખણાએલી વારાંગનાઓ કરતી. ભાટ લોકો જેઓ અડબા લઢવૈયા ગણાતા અને જેઓ દેશપરદેશમાં ફરવાથી વિશેષ માહિતી ધરાવતા, તેઓ સભામાં બેશી ભારત અને રામાયણની વાતો સંભળાવતા; અને કોઇ કોઈ વાર પરદેશની ખુબસુરત કન્યાઓનાં હદપાર વખાણ કરી રાજાનું મન તેના તરફ ઉશ્કેરી રાજાને નજીવા કજીઆ અને લઢાઇઓમાં દોરવતા.

રાજાએ કોઇ ખૂબસૂરત કન્યાવિષે સાંભળ્યું હોય તો તેને પોતાના જનાનામાં દાખલ કરવા તેનું મન લલચાતું અને પોતાની મતલબ પાર પડતાસુધી તેને ચેન પડતું નહીં; તોપણ રાજા પોતાનો બધો વખત કંઈ જનાનખાનામાં કાઢતા નહીં. પોતાની રૈયતનું સુખ દુઃખ અને વિચારો જાણી

લેવાને તેઓ કાળજી રાખતા. પોતાની રૈયતને પરદેશીના હુમલાથી બચાવવી, પોતાના દેશ અંદરના રાજ્ય કાર્યભારમાં વ્યવસ્થા રાખવી અને આસપાસના રાજાઓને નમાવી તાબે રાખવા, એ ત્રણ રાજાની મુખ્ય મતલબો જણાય છે. ખંડીઆ રાજા મંડલેશ્વરના નામથી ઓળખાતા. તાબેદાર પણ જોરાવર અને જૂદા રાજ્યના ધણી મંડળીક કહેવાતા, જેવા કે આબુનો રાજા, ગીરનારનો રાજા, અને કોકણનો રાજા. રાજા ઉપર પ્રજાની અને પ્રજાની ઉપર રાજાની વિશેષ પ્રીતિ રહેતી. પોતાની પ્રજા સાથે રાજા કુટુંબના વડીલ તરીકે વર્ત્તતા અને કુટુંબના વડીલ તરીકે પ્રજા રાજાને માન આપતી.

વિદ્વાનોને આશરો.

ધર્મની પેઠે વિદ્વાનોને પણ રાજા તરફથી આશ્રય મળતો. દેવસ્થાનો, ધર્મગુરૂઓ અને વિદ્વાનોને રાજા તરફથી ઘણું કરી જમીન આપવામાં આવતી. તામ્રલેખો ઉપરથી ઘણા જૈનોને તથા બ્રાહ્મણોને તેમની વિદ્વત્તાની ખાતર ગામ અથવા ખેતર દાનમાં આપ્યાનું જણાય છે, મૂળરાજના વખતમાં બ્રાહ્મણોને સિદ્ધપુર, સિહોર વગેરે ગામો આપવામાં આવ્યાં હતાં. આવી રીતનું દાન 'ગ્રાસ' કહેવાતું અને તે સમયે એ શબ્દ ધર્મ દાનને ઠેકાણે વપરાતો. જ્યારે મૂળરાજે અણહિલવાડમાં ત્રિપુરૂષપ્રાસાદ નામનું મહાદેવનું દેરૂં બંધાવ્યું હતું ત્યારે તે જેના સ્વાધીનમાં કર્યું હતું તેને "ગ્રાસ" બાંધી આપ્યો હતો.

રાણીઓ.

રાણીઓને હાલના કરતાં પ્રાચીન સમયમાં વધારે છૂટ હતી. રાજ્ય કામમાં પોતાની બુદ્ધિ અને ચાતુર્યની મદદ આપવાને તે હમેશ તત્પર જણાય છે. રજપુત સ્ત્રી સ્વયંવરમાં પોતાના મન માનતા શૂરા પુરૂષને પસંદ કરતી અને "કામની સાથે રતિ" શોભે તેમ તેની સાથે શોભતી. જ્યારે તે માતા થતી ત્યારે પોતાના યુવાન કુંવરનું રાજ્ય ચલાવતી અથવા તે પાકી વયનો હોય તો તેને રાજ્ય કાજમાં સલાહ આપતી અને ધર્મ અને દયાનાં કામ તેની પાસે કરાવતી. પોતાના સ્વામીના મરણ પછી કોઈ બીજા જુલમગારના હાથમાં જઈ પોતાના પાતિવ્રતનો ભંગ થવાનો પ્રસંગ આવે નહીં એટલા માટે

પ્રાચીનકાળથી સતી થવાનો રીવાજ આ દેશમાં ચાલતો, તે પ્રમાણે રાણીઓ તથા અન્ય સ્ત્રીઓ સતી થયાના કમકમાટ ભરેલા દાખલા પણ જોવામાં આવે છે.

જમીનનો વહીવટ.

જમીનની ઉપજમાંથી રાજા ભાગ લેતો અને રાજાનો ભાગ ઘણે ભાગે $\frac{1}{6}$ હતો. પોતાનો ભાગ રાજા પોતાના મંત્રીઓની મારફત ઉઘરાવી લેતો અને કોઈ વેળાએ ગામના અધિપતિઓ, ખેડુતો પાસેથી દાણાનો ભાગ ઉઘરાવી લેતા. તેની પાસેથી રાજા પોતાનો ભાગ લેતો. દેશમાં "ગ્રામ" અથવા ગામ વસેલાં હતાં અને ત્યાંના રહેવાશી કુટુંબિક [કણબી), અથવા ખેડુત (કાર્ષાક) કહેવાતા; ગામના મુખી, પટકીલ અથવા પટેલ હતા. ખેડુતો જેવા હમણાં પોતાના કામમાં રોકાએલા રહે છે તેવા ત્યારે પણ રહેતા. પાક ઉગવા માંડે એટલે કાંટા અથવા થોરિયાની પોતાનાં ખેતરોને વાડો કરતા, અને ત્યારપછી તે વધારે વધવા માંડે એટલે પંખીઓને ટાહોવા મંડી જતા. ખેડુઓની બાઇડીઓ આજની પેઠે, ખેતર માંહેલા ડાંગેરના પાકનું રખેવાળું કરતી અને પોતાના ગીત વડે સીમને આનંદમય કરી દેતી. વર્ષાદ વરસતો નહિ, તો રાજાનો ભાગ આપવામાં વાંધો ઉઠતો અને તે લેવાને ખેડુતોને કેદમાં નાખ્યા વિના સિદ્ધિ રહેતી નહિ. તોપણ તેઓ હઠીલાઈ પકડી રહેતા અને લાચાર છોકરાંની પેઠે ઘોરણુ પકડીને પોતાના ઉપર રાજાની દયા ઉપજાવતા. આથી કરીને બંને બાજુવાળાઓને રડાકૂટારા થતા અને છેવટે પંચાત કરાવીને છૂટકો કરવામાં આવતો. હાલમાં ગુજરાતમાં કેટલાંક દેશી રાજ્યોમાં જે વહીવટ ચાલે છે તેને આ બરાબર મળતું આવે છે.

કર.

અણહિલવાડના રાજા જમીનની ઉપજ લેતા તેમ દેશમાંથી જતા માલ ઉપર દાણ પણ લેતા. યાત્રાળુ લોકો પાસેથી પણ કર લેતા. દ્વયાશ્રયના છઠ્ઠા સર્ગના તેરમા શ્લોકમાં મૂળરાજના સંબંધમાં હેમાચાર્ય કહે છે કે "સ્તૂપેશાણુ, દ્રષદિમાષ,

યૂથપશુ, આદિ કરના ભરનાર એને કીર્તિરૂપ મોતીના કોઈ વંશ જેવો તથા હાથીના જેવો બળવાળો અને ઇંદ્રના જેવી લક્ષ્મીવાળો માને છે. આ ઉપર-થી જણાય છે કે સ્તૂપેષાણુ, દ્રષદિમાષ, અને યૂથપશુ એ નામના કર પણ લેવાતા હશે. સ્તૂપ એ ગાયોના ટોળાનું નામ છે. અને " શાણુ " એવું ચાર માસા સોનાના શિક્કાનું નામ છે, તેથી એમ લાગે છે કે સ્તૂપેશાણુ, એ ગાયોના ટોળા દીઠ એક ' શાણુ ' પ્રમાણે લેવાતો કર હશે. દ્રષદ એટલે પથરો, તેથી, એમ લાગે છે કે દ્રષદિમાષ, એ, પથરે પથરે એક માસો (પાંચ રતિ) એ હિસાબે લેવાતો કર હશે. યૂથ એટલે પશુનું યૂથ, તેમાંથી એક એક પશુ આપવું તે યૂથપશુ. આ બધા કર મૂળરાજે ન લીધેલા માટે એને લોક ચહાતા, એમ ઉપર જણાવેલા શ્લોકની મતલબ છે.

આબાદી.

પ્રાચીનકાળમાં ગુજરાતની ખરેખરી આબાદી અણહિલપુરના રાજાઓના વખતમાં થઇ. અણહિલવાડમાં× વનરાજની સત્તા નીચે ચાવડા વંસની પ્રથમ સ્થાપના થઇ, ત્યારે આખા ગુજરાત દેશમાં મૂળની જંગલી જાતિ વિના એક માણસ સરખું પણ વસેલું ન હતું. ઘણું કરીને તો વલભિપુરનો નાશ થયાને તે સમયથી વધારે કાળ થયો નહોતો. અને ખંભાત ભરૂચ, તથા કિનારા ઉપરનાં બીજાં શહેરો તેમનો થોડો-ઘણો ઉદય સાચવી રહ્યાં હતાં. જે ખારૂં તળાવ સોરઠ અને ગુજરાતની વચ્ચે આવ્યું છે, તેના કિનારાની છેક ઉત્તરભણીની ધરતીમાં, વસેલાં શહેરોનો ગણગણાટ સાંભળવામાં આવ્યો હશે.—

" વળા અને વઢવાણ, તે પછી પાટણપુર વસ્યું. "

પણ અંબાભવાનીથી તે સાભ્રમતીના મુખ સુધી, જે ડુંગરા માળવાની સીમાએ આવેલા છે ત્યાંથી તે કચ્છના રણની લગભગની સપાટ ધરતી સુધી (કનકસેન નગરના નાશમાંથી રહેલા ભાગ તરીકે શંખપુર, પંચાસર અને કદાપિ તેની પડોશનાં થોડાંક ન્હાનાં શહેર ઉજ્જડ મેદાનના કિનારા ઉપર

× રાસમાળા પાન ૨૩૦.

રક્ષાયલાં હશે તે બાદ કરતાં) શિકારી પ્રાણીઓના રાજ્યની સામે, તેઓનાં કરતાં, જંગલનાં જરાક ઓછા દરજ્જાનાં ફરજન જે જંગલી માણુસો તેજ માત્ર વાંધો ઉઠાવવાને હતાં. (એથી ઉલટું જોઇએ તો,) સોલંકી વંશના છેલ્લા રાજાના સમયમાં, દેશનો એનો એજ ભાગ એક બળવાન રાજ્યની સત્તા નીચે મળી ગયેલો, દ્રવ્યવાન શહેરોથી છવાઇ ગયેલો, વસ્તી ભરેલાં નગરોથી શોભતો, અને બળિષ્ટ કિલ્લાઓથી રક્ષાયલો આપણા જોવામાં આવે છે. ઝાડીની જે ગહન ઘટા ઉપર હજી લગણ માત્ર ખખણાટ કરતો તાડ ડેકિયાં કરતો હતો, તેના ઉપર દેવળ, તેનું પ્રતિસ્પર્ધી શિખર ઉંચું કરે છે; જે જગ્યાઓ આગળ માત્ર વર્ષાદનાં ઝાપટાંથીજ ભીંજાઇ હતી. તેના ઉપર ઉત્કૃષ્ટ કલ્પનાથી રચના કરેલી અને તટે દેવળ આવેલાં એવાં સરોવર, અને ઝરૂખાવાળી વાવો અને કૂવા જોવામાં આવે છે; તેમજ જે હરિણોનાં ટોળાં આગળ વસ્તિ વિના ઉજ્જડ મેદાનોમાં એકલાં ભમતાં હતાં, તેઓને, માલ લાદેલા ઉંટોની હારોને હારોનો, અથવા મૂલ્યવાન ભેટની વસ્તુઓ સાથે લીધેલી એવા યાત્રાળુ લોકોના સંઘના દેખાવનો, હવે એટલો બધો સહવાસ થઇ ગયો છે કે તેઓ હવે તેમનાથી ભડકીને નાશી જતાં નથી."

વેપાર.

ગુજરાતની જમીન ફળદ્રુપ અને નાના પ્રકારના પાક આપનારી છે તેથી અને પશ્ચિમ તરફના ભાગ ઉપર દરિયો આવવાથી ગુજરાતમાં વેપારનાં મથક ઘણાં છે, તેથી ગુજરાતમાં વેપાર પરાપૂર્વ કાળથી ચાલ્યો આવે છે. ઇતિહાસ ઉપરથી પ્રાચીન ગુજરાતની વેપાર સંબંધી જે હકીકત મળી આવે છે તે આ પ્રમાણે છેઃ—

ઈ. સ. ૬૪ થી ૨૦૦ સુધીમાં બરૂગાઝા (ભરૂચ) મોટું વેપારનું મથક હતું. * ભરૂચનો વેપાર જળમાર્ગે મિસર, દક્ષિણ અરબસ્તાન અને ઇરાની અખાતના બંદરો સાથે અને ખુસ્કીને રસ્તે ઉત્તરમાં સિંધ સાથે, પૂર્વમાં ઉજ્જન સાથે અને દક્ષિણમાં નગર (દૌલતાબાદ) અને પ્લીથન

* ગુજરાત સર્વ સંગ્રહ, પાન ૨૫૨.

(પૈઠણ) સાથે હતો. મિસર અને અરબસ્થાનથી સોનું, રૂપું, પિત્તળ, કલાઇ સીસું, પારો, સુરમો, કાચ, પોખરાજ, પરવાળાં, દારૂ, કમળ, કપ્પડ અને રંગ બેરંગી દુપટ્ટાઓ આવતા; ઇરાની અખાતના બંદરોથી ગુલામો, સોનું, મોતી (હલકાં, પણ ઘણાં) ખજુર, દારૂ અને કપ્પડ; ખુસ્કીને રસ્તે સિંધથી પેટી, રૂ, મરચાં, હીરાબોળ, હાથીદાંત' અને રેશમ; ઉજ્જન અને દક્ષિણથી ચીનાઇ વાસણ, મલમલ, અને કપ્પડ આવતાં, ભરૂચથી મિસર અને અરબસ્થાનમાં ભાત, ઘી, તેલ, રૂ, ખાંડ, મલમલ, અને દુપટ્ટા ચઢતા; અને ઈરાની અખાતના બંદરે પિત્તળ, શિંગડાં, સુખડ અને અબનુસનાં લાકડાં ચઢતાં. ભરૂચમાં વળી આફ્રિકાથી સોનું અને મલબાર અને સિંહલદ્વીપથી તજ અને મરી પણ આવતાં હોય એમ સંભવે છે.

ત્યારપછીનાં સાતસેં વર્ષના અરસામાં ગુજરાતના વેપારના કોઇ પણ મથકનું સ્પષ્ટ નિરાકરણ ઇતિહાસમાં જોવામાં આવતું નથી, તોપણ એ અરસામાં દક્ષિણે આવેલા થાણા જિલ્લાનો વેપાર ઘણો સતેજ હતો. થાણા જિલ્લાના વેપારનાં બંદરે દેશ દેશનો માલ આવતો તથા ચઢતો; અને ત્યાંના વેપારી ગુજરાતી લાડવાણિયા હતા, તે ઉપરથી એમ ધારી શકાય છે કે એ અરસામાં ગુજરાતમાં પણ વેપારીની સારી જાગૃતિ હતી.

દસમી સદીમાં ખંભાત મોટું વેપારનું મથક હતું. તે વખતમાં ત્યાં નાળીએર, કેરી, લીંબુ, ભાત, અને મધ ઘણાં થતાં. ચામડાંનો પણ અનેક પ્રકારનો ઘાટ બનાવવામાં આવતો અને ખંભાતના જોડા તે વખતે ઘણા પંકાતા હતા. ખંભાતના વેપારીઓ આરબ અને ઇરાનના વેપારીઓ હતા. તેઓએ ખંભાતમાં મસીદો બંધાવી હતી અને હિંદુ રાજાના છત્ર તળે નિર્ભયપણે રેહેતા હતા. અરબી સમુદ્રમાં આ વખતે ચાંચીઆઓનો ભારે ત્રાસ હતો. આ ચાંચીઆઓ કચ્છ અને કાઠિયાવાડના હતા અને જાતે સંઘાર, જત, મેર અને કુર્ક હતા. એઓ અરબસ્થાનથી હિંદુસ્થાન અને ચીન આવવાને નીકળેલાં વહાણોને લૂટતા અને આફ્રિકામાં સોકોટ્રા સુધી દરિયે જતા.

અગીઆરમી સદીમાં કચ્છ અને સોમનાથના ચાંચીઆઓનો દરિયે

ત્રાસ છતાં ખંભાતનો વેપાર ઘણો સતેજ હતો, અને તે ગુજરાતનું મોટું વેપારનું મથક ગણાતું. આસપાસના મુલકમાંથી સુંઠ તથા કપાસ, કચ્છથી ગુગળ અને સુગંધી, માળવાથી ખાંડ અને ઉત્તર હિંદુસ્થાનથી બીજો માલ મુલતાન થઈ અહીં આવતો અને અહીંથી દેશાવર ચઢતો. સમુદ્રમાર્ગે ખંભાતનો વેપાર પશ્ચિમમાં ઇરાન, અરબસ્તાન, આફ્રિકાના સોફાલા સાથે અને પૂર્વમાં મલબાર કોરોમાંડલ અને ચીન સાથે હતો.

બારમી સદીમાં ખંભાતના જાયાત માલમાં મુખ્ય ઘઉં, ચોખા, ગળી અને તીર બનાવવાની લાકડીઓ હતી. ચાંચીઆનો ત્રાસ મટ્યો નહોતો; અને અણહિલવાડના સોલંકી રાજાઓએ ખંભાતમાં એક કિલ્લો બાંધી તેનું સંરક્ષણ કર્યું હતું. એ સદીમાં ધોળકા પણ મોટું વેપારનું મથક હતું.

તેરમી સદીમાં હિંદુસ્તાનનાં બે મોટાં બંદરોમાંનું ખંભાત એક હતું. અહીંથી ઘણી ગળી, રૂ અને બારીક વણાટનું કપ્પડ દેશાવર ચઢતું. અહીં વળી ચામડાંનો વેપાર પણ ઘણો હતો. આયાત માલમાં સોનું, રૂપું, તાંબુ અને સુરમો હતાં. વળી રાતા સમુદ્રની આસપાસના મુલકથી અને ઇરાની અખાતના બંદરેથી ઘોડાઓ આવતા. ખંભાતના વેપારીઓ પરદેશી મુસલમાન અને પારસીઓ હતા. ખલાસીઓ કોળી ને રજપૂત હતા. ખંભાતમાં ચાંચીઆનો ત્રાસ નહોતો, પણ અરબી સમુદ્રમાં તો તેઓનું જોર નરમ પડ્યું નહોતું.

લડાઇના સરદારો અને સૈન્ય.

અણહિલવાડના રાજા તરફથી તેમના સગા વાઘેલા કે ઝાલા વગર બીજા કોઇને નોકરી બદલ ગામો મળ્યાનું જણાતું નથી.* "સામંત અથવા લઢાઇના સરદારોને ઘણું કરીને ખજાનામાંથી પગાર મળતો, અને પછવાડેથી દિલ્હીમાં મોગલ રાજા થયા, તેઓની રીત પ્રમાણે જેટલા માણસો ઉપર તેઓ સરદારી બજાવતા તે પ્રમાણે તેઓની પદ્દિ ગણવામાં આવતી. સિદ્ધરાજે પોતાના એક ચાકરને 'સો અશ્વારનું સામંતપટ' આપ્યું હતું, અને જ્યારે કુમારપાળ, આના રાજા ઉપર ચઢ્યો ત્યારે એવું લખેલું છે કે,

* રાસમાળા પાન ૨૯૦

"તેની સેનામાં વીસ અને ત્રીસ માણુસોના ઉપરીઓ મહાભટ્ટ, અને એક હજાર માણુસના ઉપરીઓ ભટ્ટરાજ હતા." એથી મ્હોટા અધિપતિઓ "છત્રપતિ" અને "ડંકાપતિ" કહેવાતા; એટલે તેઓને છત્ર અને ડંકો જે રાજચિન્હ કહેવાય છે તેનો ઉપયોગ કરવાની આજ્ઞા આપવામાં આવી હતી. સ્વતંત્ર રીતે અધિપતિપણું ધારણ કરનારા અને ઉંચી પદ્વિવાળા સરદારોમાંથી ઘણા જ્ઞાતે વાણીઆ હતા, એ પણ એક જાણવા જેવી વાત છે: જેવા કે વનરાજનો સોબતી જામ્બ; અને તેના વંશજ સજ્જન, જયસિંહનો ચાકર મુંજાલ, ઉદાયન અને તેના પુત્ર; અને બીજા જેઓ કોઇ પ્રસંગે ચાકરી કરવાને આવતા અને જેઓ નોકરો નહિ પણ ઘણું કરીને સહકારી ગણાતા એવા—કલ્યાણના રાજાઓ, અને રાઠોડ સિયોજી એ હતા. રજપૂત અને પાળા, એવાં બે નામ જુદાં લખવામાં આવેલાં છે તે ઉપરથી એમ જણાય કે રજપૂત એ અશ્વારને ઠેકાણે હશે.

લઢાઇ અને હથિયાર.

નાસતા પડેલા, શસ્ત્ર વિનાના કે અસહાય શત્રુને પ્રહાર કરવો એ જેટલું હીણું ગણાતું તેટલુંજ શત્રુને કેદ કરી તેની પાસે અમુક આંકડો માગવો એ પણ નિંદ્ય ગણાતું. લઢાઇના આયુધમાં ગદા, છરા, શક્તિ, સાંગ, ભાલા, તીર, તરવાર એ આદિ વપરાતાં, યુદ્ધ થાય તે કરતાં મુખ્ય યોદ્ધાઓજ દ્વંદ યુદ્ધ કરી ઘણી વાર નીવેડો લાવતા. નવીન રીતિ પ્રમાણે દૂર રહી સેનાને નિયોજવી એમ પણ રીતિ નહતી એમ નહિ. શસ્ત્રોની જાતિમાં દ્વયાશ્રયના ટીકાકારે એક ઠેકાણે છત્રીસ ગણાવી છે. ચક્ર, ધનુ, વજ્ર, ખડ્ગ, ક્ષુરિકા, તોમર, કુંત, ત્રીશુલ, શક્તિ, પરશુ, મક્ષિકા, ભલ્લિ, ભિંદિપાલ, મુષ્ટિ, લુંઠિ, શંકુ, પાશ, પટ્ટિશ, યષ્ટિ, કણ્પ, કંપન, હલ, મુશલ, ગુલિકા, કર્ત્તરી, કરપત્ર, તરવાર, કુદ્દાલ, કુસ્ફોટ, કોફણિ, ડાહ, ડમ્થુસ, મુદ્ગર, ગદા, ઘન, કરવાલિકા. આ શિવાય શતઘ્ની (સોને મારનાર) એવા અસ્ત્રનું નામ વારે વારે લખવામાં આવે છે. યુદ્ધ રચનામાં બધા કરતાં વ્યૂહ રચના ઉપર વધારે લક્ષ અપાતું ને એક ઠેકાણે નાવાકારે વ્યૂહ રચનાની વાત લખેલી પણ છે. રાજાઓ પોતાના

પગારદાર લશ્કર ઉપરાંત બીજા ખંડીઆ રાજાના લશ્કરની સહાય હમેશ લઇ શકતા અને તે ઉપરાંત મૌલ, ભૃતક, શ્રેણિ, અરિ, સુહૃદ, આટવિક એ છ પ્રકારનું બળ પણ રાખતા. એક નવાઇ જેવી રીતિ દ્વયાશ્રય ગ્રંથમાં જણાવેલી છે કે અશ્વશાળામાં વાંદરાં રાખતા, જે વાત રત્નાવલી આદિ નાટકોમાં પણ જણાય છે. એ ઉપર ટીકાકાર લખે છે કે ઘોડાને અક્ષિરોગ ન થાય માટે એમ કરતા. જો આમાં કાંઈ સત્ય હોય તો આજના સમયમાં જ્યાં અશ્વશાળાઓ હોય ત્યાં એ વાત અજમાવા જેવી છે. એવીજ વીલક્ષણ એક બીજી વાત લખેલી છે કે કંક પક્ષિની કુખમાં ઘાલી પાયેલા લોઢાની તરવાર બહુ ઉત્તમ થાય છે, ને આનનના હાથમાં તેવી હતી. રાજાનાં બાળકોને શસ્ત્રવિદ્યાનો અભ્યાસ, કુસ્તી, વગેરે શીખવવામાં આવતું. તેમાં ધનુર્વિદ્યા અભ્યસવા સારૂ એક લાકડાનું વાંકું કામઠા જેવું આકર્ષ બનાવતા, ને તેને દોરી બાંધી એક ભરેલા ઘટને તે વગાડતા. પછી પેલા આકર્ષને એવું તાણવું કે પેલો ઘટ વામ હસ્ત આગળ આવે; એને ઘટગ્ર કહેતા. અને એમ જે આકર્ષ તણાય તેને પુર્ણાકર્ષ કહેતા. શીકારમાં પણ બાળકોને શીકાર શીખવો સરળ પડે માટે હરણનાં શીંગડાં કાપી નાખતા કે તેને હરણી જાણી બીજાં હરણ પાસે આવે. તેના નખ પણ કાપી નાખતા કે તે જલદીથી નાસે. ક્ષત્રીઓજ શસ્ત્ર ધરતા, પણ બ્રાહ્મણો શસ્ત્ર ન ધરતા એમ જણાતું નથી. બ્રાહ્મણોને દ્વયાશ્રયમાં આપણે મંત્રી અને સેનાપતિથી તે છેક પાળા સુધી અને કેવળ શસ્ત્રોપજીવી હોઈ બ્રાહ્મણોના ખાસ ગામોનું રક્ષણ કરનાર કાંડપૃષ્ટ એવા પારિભાષિક નામવાળા પર્યંત દેખીએ છીએ*

પ્રાચીન વખતના રાજાઓ, પોતાની પડોશના વધારે શક્તિવાન

સંધિ વિગ્રહિક

રાજાઓના દરબારમાં ‘ સંધી વિગ્રહિક ’ એટલે સલાહ અને લઢાઇ કરાવનાર રાખતા. તેમનું મુખ્ય કામ ત્યાં ચાલતા કામકાજની પોતાના રાજાને બાતમી આપવાનું

* મણિલાલ કૃત દ્વયાશ્રયનો ઉપોદ્ઘાત પાન ૨૧-૨૨.

હતું. આ કામ માટે ઘણું કરીને સ્થાન પુરૂષો (દેશના રહેવાશી)ને રાખવામાં આવતા. તેઓ પોતાનું કામ એવી ગુપ્ત રીતે કરતા કે તે કોના માણસ છે તેની કોઇને ખબર પડતી નહીં.

નીતિ અને ધર્મ.

ઇ. સ. પહેલાંની ત્રીજી સદીમાં અશોક × રાજાએ કોતરેલા ધર્મ અને અને કીર્ત્તિ લેખો છે તે ઉપરથી તથા બૌદ્ધ અને જૈન ગ્રંથો ઉપરથી જણાય છે કે પ્રાચીનકાળમાં ધર્મ અને નીતિની બાબતમાં ગુજરાત દેશના લોક ઘણા સારા હતા. તે વખતનો એક ગ્રીક મુસાફર પોતાન. ગ્રંથમાં હિંદુ લોકોની નીતિસંબંધી ઘણાં વખાણ કરે છે. દેશના ઘણા ખરા ભાગમાં તે વખતે લોકો બૌદ્ધ ધર્મ પાળતા. ધર્મનું ઉપરીપણું રાજાનું હતું, જૂદા જૂદા ધર્મના આચાર્યો વચ્ચે વાદવિવાદ ચાલતો અને જે ધર્મ સારો માલમ પડતો, તેને રાજા તરફથી પુષ્ટી મળતી અને તે ધર્મનો પ્રસાર કરવા ઉપદેશકો મોકલવાની તથા બીજી તજવીજો ચાલતી. બૌદ્ધ ધર્મના સાધુઓ દૂર દૂર દેશોમાં જઇ લાખો માણસોને બૌદ્ધ ધર્મમા આણતા. અશોકના લેખોમાં રાજાએ પોતાની પ્રજાને જાહેર રીતે ધર્મ અને નીતિ સંબંધી આજ્ઞાઓ કરી છે. તે ઉપરથી જણાય છે કે લોકો ધર્મી અને નીતિવાન થાય એ વિષે રાજાઓને વિશેષ કાળજી હતી.

પરંતુ સાતમા સેંકડામાં પ્રખ્યાત ચીનો સાધુ હ્યુએન્તસાંગ તિર્થાટન કરવા આવ્યો હતો, તેણે જે હકીકત લખી છે તે ઉપરથી જણાય છે કે તે વખતે લોકોની નીતિ બગડવા માંડી હતી. સૌરાષ્ટ્રના લોકો વિષે તે નીચે પ્રમાણે ટીકા કરેછે:—'આ દેશના લોકોની ચાલ ભ્રષ્ટ છે. તેઓ ગરમ તબીયતના અને હલકા સ્વભાવના છે. વિદ્યાને ચહાતા નથી. લોકોનો મુખ્ય ધંધો વ્યાપાર છે. તેઓ આબાદી અને બહોતાજમાં રહે છે. રાજા બૌદ્ધ ધર્મનો છે, તોપણ પાખંડ (અન્યમત) મતનાં દેવળ આ દેશમાં ઘણાં છે.' અણહિલ્લવાડના રાજ્યની વખતે લોકોની નીતિ* "શિથિલ હોય એમ

× જુઓ જૂનાગઢવાળા લેખનું ભાષાંતર, પરિશિષ્ટ અ.

* મણિલાલ કૃત દ્વયાશ્રયના ભાષાંતરનો ઉપોદ્ઘાત, પાન ૨૫.

લાગતું નથી, તેમ ઉતમ પ્રકારની હોય એમ પણ માનવાને કારણ નથી. મદ્યનો ઉપયોગ ચાલતો જણાય છે, ને માંસ પણ વપરાતું હશે એમ લાગે છે. અન્નના વિવિધ પદાર્થ ખાવાનો પ્રચાર તો છે જ, તેમાં જાણવાજોગ કરંભ એટલે છાશ અને સાથુ તડકામાંથી આવીને ખાવાં એવો એક રીવાજ પણ છે. ચોરી છીનાળી કે કલહમાં લોકોની ઝાઝી પ્રવૃત્તિ જણાતી નથી, પણ કુમારપાળે માંસ, મદ્ય, જૂઠું બોલવું, અને છીનાળી, એ બધાંને માટે સ્પષ્ટ સખત શિક્ષા ઠરાવી છે, તેથી એમ લાગે છે કે તે સમયમાં લોકોની નીતિ બહુ વખાણવા જોગ હશે નહિ. તેમાં પણ કાશી અને ચેદિ સ્થળના લોકોને તો હેમાચાર્ય દાંભિક તથા ખોટા વિનયવાળા સ્પષ્ટ રીતે વર્ણવી ‘ કાશીકી વૃત્તિ અને ચૈદિકી ભકિત ’ એમ લખેલું છે. સોગન ખાવાની રીતિમાં હેમાચાર્યે એક એવી રીતિ બતાવી છે કે કોઈ દેવમૂર્તિને નવરાવી તેનું પાણી પી જવું ને સોગન ખાવા. વિદ્યાની વૃદ્ધિ સારી સમજાય છે ને લોકોની નિષ્ટા ધર્મ ઉપર પણ સારી હશે એમ લાગે છે.”

બીજા ધર્મના ફેલાવા વિષે હ્યુએન્ત્સાંગ જે કહે છે તેને અન્ય પુરાવાથી ટેકો મળે છે. ગુપ્ત રાજાઓના શિક્કામાં તેમનું બિરૂદ “પરમ ભાગવત” લખ્યું છે તથા તેમના શીલાલેખના મંગળાચરણમાં વામનજીની સ્તુતિ કરી છે, તે ઉપરથી જણાય છે કે તેઓ વિષ્ણુ ભકત હતા. વલભિ રાજાઓનાં તામ્રપટો ઉપરથી જણાય છે કે તેઓ શિવધર્મ પાળતા. વલભિ રાજા પહેલા શીલાદિત્યે શ્રીમલ્લવાદી સાધુના બોધથી બૌદ્ધોને હાંકી કાઢી જૈન ધર્મ અંગીકાર કર્યો હતો. આ સર્વ દાખલા ઉપરથી જણાય છે કે બૌદ્ધ ધર્મ ઉપરથી ખશી લોકોનું મન સાતમા સેંકડા પહેલાં જૂદા જૂદા ધર્મો તરફ ભટકવા માંડયું હતું.

અણહિલવાડના રાજ્યના વખતમાં જૈન અને શિવ એ બંને ધર્મને રાજા તરફથી આશ્રય મળ્યા કરતો. રાજાઓ જૂદા જૂદા મતના આચાર્યો વચ્ચે વાદવિવાદ કરાવતા અને જે સારો માલમ પડે તેને ઉત્તેજન આપતા. “તે * સમયે વૈદિક તેમ જૈન બંને ધર્મ પાળતા. વિષ્ણુ, શિવ, શકિત, ને

* મણિલાલકૃત દ્વયાશ્રયના ભાષાંતરનો ઉપોદ્ઘાત પાન ૨૫—૨૬.

તેની સાથેજ જિન એમ સર્વેની પૂજા થતી. બ્રહ્મજ્ઞાન તો સર્વમાં મુખ્ય પદ્દ ભોગવતુંજ. તે સમયમાં કશા પંથ કે ઝાઝી ધર્મ સંબંધી તાણાતાણ જણાતી નથી, માત્ર જૈન ધર્મ અને વૈદિક માર્ગ એ વચ્ચે વાંધા જણાય છે. તેમાં પણ કોઇએ એકજ ધર્મમાં આસકત થઇ જઇ બીજા ધર્મવાળાને પીડયા હોય એવો રાજા થયો નથી. કુમારપાળ જેણે હિંસા માત્ર અટકાવી દીધી ને ઘણે અંશે જૈન ધર્મનો સ્વીકાર કર્યો તે પણ શિવ, શક્તિ આદિને ન માનતો એમ નથી. બધા રાજાઓ બંને ધર્મને ઉત્તેજન આપતા એમ લાગે છે, ને લોકો પણ તેજ રીતે વર્તતા સમજાય છે. જૈન ધર્મવાળાએ છન્નું પાખંડ એવા છન્નું મત જૂદા જૂદા ઠરાવ્યા હોવા જોઇએ પણ તે હાલના પંથો વગેરેથી જુદાજ છે એમ આપણને જૈનોનાં સૂત્રોથી માનવાનું કારણ છે. કુમારપાળે જ્યારથી અમારિઘોષણા કરાવી ત્યારથી યજ્ઞ યાગમાં પણ માંસબલિ અપાતો બંધ થઇ ગયો, ને જવ તથા ડાંગર હોમવાનો ચાલ શરૂ થયો. લોકોને જીવ ઉપર અત્યંત દયા વધી, અને માંસ ભોજન એટલું બધું નિષિદ્ધ થઈ ગયું કે આખા હિંદુસ્તાનમાં એક કે બીજે પ્રકારે થોડું ઘણું પણ માંસ કહેવાતા હિંદુઓ વાપરે છે, છતાં ગુજરાતમાં તો, તેનો ગંધ આવે તોપણ નહાઇ નાખે એવી લોકોની વૃત્તિ તે સમયથી બંધાયેલી તે અદ્યાપિ છે. આમ જીવ દયા વધી, પણ લોકોમાં તે દયાની સાથેજ યુદ્ધ આદિ ક્રૂરકર્મનો અભાવ પેસતો ગયો, ને એમ ગૂર્જરોએ પોતાનું રાજ્ય ખોયું, તથા પછીની ઉથલપાથલોમાં કદી પોતાનું રાજ્ય સ્થાપી શકાયું નહિ.

રિવાજ અને રીતભાત.

" જન વ્યવહાર × તરફ જોઇએ તો આજ જે રીતિ ચાલે છે, તેમાં અને તે સમયમાં ઝાઝો ફેર જણાતો નથી. તે સમયની મુખ્ય વાત તો એમ જણાય છે કે તેવામાં ઝાઝી નાતો હતી નહિ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ચાર વર્ણ હતી પણ તે પ્રત્યેક વિભાગ જણાતા નથી. આર્ય એ શબ્દ ઘણે ઠેકાણે

× મણિલાલકૃત દ્વયાશ્રયના ભાષાન્તરનો ઉપોદ્ઘાત પાન ૨૩.

વાણીઆ અથવા વૈશ્ય માટે વાપરેલો દેખાય છે, ને નાગર શબ્દ નગરના વસનાર એવા અર્થમાં વારે વારે આવે છે. લગ્નાદિ વ્યવહારમાં રાજાઓમાં ક્વચિત્ સ્વયંવરની રીતિ જણાય છે; બાકી પરણવાની રીતે તો હાલના જેવીજ છે. સંપુટ ભગાવવો, પોંકવું, અણવર લઈ જવાં, " આવ્યો આવ્યો ચૌટડાનો ચોર લાખેણી લાડી લઇ ગયોરે " એ મતલબનાં ગીત ગાવાં, ઘોળ ગાવાં અને માટી લાવવામાં શકુન માની પ્રસ્તુતારંભે તે લાવવી, એ આદિ બધા રિવાજ હાલના જેવાજ છે. કહીંક મામાની પુત્રીને પરણવાનો ચાલ હશે એમ લાગે છે કેમકે ગ્રહરિપુ તેમ પરણેલો, એવું લખ્યું છે, જો કે તેમાં કાંઇ નિંદા હશે એવું તો લાગે છેજ. વિધવાઓને ચર્મ ઓઢી વૈધવ્ય પાળવાનો રિવાજ હશે એમ જણાય છે."

રમતો અને તહેવાર.

" તે સમયની બીજી રીતભાતમાં ઘણીક રમતો પણ દ્વયાશ્રયમાં સમજાવવામાં આવી છે, જેમાંની કેટલીક નિર્મળ થઇ ગઈ છે. જે હોળીનો રિવાજ ચાલે છે, તેનો ખુલાસો ભવિષ્યોત્તર પુરાણને આધારે ટીકાકારે એવો આપ્યો છે કેઃ—ઢુંઢા નામની રાક્ષસી બાલકોને લઈ જવા આવે છે, તેને શંકરના પ્રસાદથી બાલકો હાસ્યોત્પાદક ગીત આદિ ચેષ્ટા કરતાં, તેને જમવા તેડી હોય છે ત્યાંથી હાંકી કાઢી નિર્ભય થાય છે. વાસ્તવિક રીતે તો આપણે હોળીને વસંતોત્સવરૂપે જાણીએ છીએ, પણ આ એક આડકતરો ખુલાસો પણ તેમાં મેળવવાથી કેટલીક ચાલતી હકીકત સમજવામાં મદદ મળે એમ છે. કાર્તિક સુદિ પડવાને દિવસ બલિ મહોત્સવ કરવાનો રિવાજ ગ્રંથમાંથી જણાય છે; તે દિવસે સ્ત્રીઓ આશીર્વાદ આપે છે, એમ આજ પણ ભાઇબીજને નામે ચાલતો રિવાજ છે. એવોજ શરદ ઋતુમાં એક ઈંદ્ર મહોત્સવ લખ્યો છે, પણ તેનો કાંઇ અધિક ખુલાસો સમજાવ્યો નથી તેમ હાલમાં તેવું કંઈ ચાલતું નથી, એટલે તે વિષે વધારે માહિતી મળી શકતી નથી. નવરાત્રીમાં ચંડીનો પાઠ કરવાનો રિવાજ જણાય છે અને દસરાને દિવસ સીમ લંઘન એટલે સારી દિશાએથી નગરમાં પેસવાનો રિવાજ પણ તે સમયે સમજાય

છે. રમતોમાં પંચિકા નામની એક રમત આપેલી છે, જેમાં બધા પાસા ચતા પડે તો જીતાય ને ઉંધા પડે તો હરાય એવો નિયમ જણાય છે. બીજી ચૂતભંજિકા નામની રમતનો ઇસારો કરેલો છે પણ તે શી હશે તે સમજાતું નથી.

પ્રાચીન ભૂગોળ.

"પ્રાચીન ભૂગોળની કેટલીક હકીકત ઉપર પણ હેમાચાર્યના લખાણુમાંથી+ અજવાળું પડે છે. તે લખે છે કે કચ્છ અને સૌરાષ્ટ્ર વચ્ચે ફક્ત આઠજ યોજનનું છેટું છે. અને શંખોદ્વાર બેટ આગળ શેરડી જેવું મીષ્ટ જળ છે ને સૌરાષ્ટ્રના કિનારા આગળ સૈકોત્તર પર્વત છે. કચ્છના રાજાને જર્તાધિપ કહેલો છે તેથી કદાપિ કચ્છનું બીજું નામ જર્ત એમ પણ હોય. સૌરાષ્ટ્રમાં ભદ્રા નામે નદી આપી છે જે ભાદર હશે એમ ધારી શકાય; અને ગૂજરાતના રાજ્યની દક્ષિણ સીમા રૂપે તેણે શ્વભ્રવતી એવી નદી આપી છે તે સાબરમતી હોય એમ કલ્પના થાય. સૌરાષ્ટ્રમાંજ આવેલા ગીરનારને તેણે ઉર્જયંત અથવા રૈવતક એ નામ આપેલું છે; ને છેક દક્ષિણમાંના દેવગીરીને સરજાચલ કહ્યો છે. શ્વભ્રવતીથી દક્ષિણનો અને નર્મદા તથા ભરૂચ આગળનો દેશ તેને એણે લાટ એવું નામ આપ્યું છે, તથા તેનું મુખ્ય શહેર ભૃગુકુચ્છ (ભરૂચ) જણાવ્યું છે. અવંતિ એટલે ઉજ્જયિનીને એણે માળવાનું મુખ્ય શહેર લખ્યું છે અને ત્યાં આગળ પારા અને સિંધુ એ નદીના સંગમની વાત, જે ભવભૂતિના માલતી માધવમાં પણ છે તેનો ઇશારો કરેલો છે. આબુ પર્વતનું અર્બુદાચલ એવું નામ તેણે આપેલું છે તે તો પ્રસિદ્ધ છે, પણ ત્યાં આગળની બનાશ નદીનું નામ એણે વણાસા એવું આપેલું જાણવા જોગ છે. સિંધુ દેશ અને ચેદિ દેશ તે સિંધ અને પંજાબનો કોઇ ભાગ તથા માળવાની ઉત્તરે અને હાલ બુંદેલખંડ છે તેટલામાં એમ અનુક્રમે હોય એવો એના વર્ણન ઉપરથી સંભવ ધારી શકાય. પાંચાલ દેશનું મુખ્ય શહેર એણે કાંપિલ્ય

+ મણિલાલકૃત દ્વયાશ્રયના ભાષાન્તરનો ઉપોદ્‌ઘાત પાન ૨૬-૨૮.

એવું આપ્યું છે ને ચેદીરાજને એણે એક સ્થળે કલચૂરી પતિ કહ્યો છે, એટલે કલચૂરી એવું ચેદી દેશનું નામ હોય, કે એ નામનું ચેદી દેશમાં મુખ્ય શહેર હોય એમ માની શકાય. વામનસ્થલિ તે વનથળી, અને દેવપત્તન એટલું હાલનું (પ્રભાસ) પાટણ તે પણ સૌરાષ્ટ્રમાં આપેલાં છે. દધિસ્થલી હાલનું દેથળી, સરસ્વતી કિનારે આવેલા મંડૂકેશ્વરની પાસે બતાવ્યું છે, પણ મંડૂકેશ્વર એ શહેરનો નિશ્ચય બની શકતો નથી."

પ્રાચીન માપ.

કેટલાંક પ્રાચીન માપ વિષે પણ દ્વયાશ્રયના ટીકાકારે સારો ખુલાસો કર્યો છે. વિસ્ત=૧૬ માસા સોનાનો નાનો શિક્કો. આચિત=કપાસના દસભાર. કંબલ=ઉનના સોપલા. પલ=૨ રૂપીઆ ભાર. પણ અને કાર્ષાપણ એ બેનો અર્થ એકજ બતાવી તે એક પ્રકારના શિક્કાનાં નામ એમ લખ્યું છે. કાકિણી (જેને ખાંખણી કહીએ)=૨૦ કપર્દક (કોડી). નિષ્ક=૧૦૮ સુવર્ણ પલ=લગભગ ૨૧૬) રૂપીઆ.

ઈમારતો.

વલભિનાં ખંડેરમાંથી ઈંટો મળી આવી છે, વલભિ રાજાઓના શીલા લેખ મળ્યા નથી અને સોમનાથ પટ્ટણનું દેવળ પહેલા ભીમે (ઇ. સ. ૧૦૨૨–૧૦૬૪) પથરનું બંધાવ્યું તે પહેલાં ઇંટ લાકડાનું હતું એમ ભદ્રકાળીના દેવળમાં લેખ છે તેમાં જણાવ્યું છે. તેથી એમ લાગે છે કે ગુજરાતમાં નવમા સેંકડા પહેલાં પથરનાં મકાન બાંધવામાં આવતાં નહીં હોય. શત્રુંજયના જૈન દેવળના સંબંધમાં ચાલતી દંતકથાથી આ અનુમાનને ટેકો મળે છે. એવું કહેવાય છે કે કુમારપાળનો પ્રધાન આદિનાથની પૂજા કરવા ગયો હતો એવામાં ઉંદર દીવાની દીવટ લઈ જવાથી દેવળ સળગી ઉઠયું અને લાકડાનું હોવાથી બળી ભસ્મ થઇ ગયું. લાકડાની ઇમારતમાં આવું જોખમ હોવાથી પ્રધાને પથરનું દેવળ બાંધવાનો ઠરાવ કર્યો.

અણહિલવાડના રાજ્ય વખતે પ્રસિદ્ધ ઇમારતો કેવી હતી એ વિષે મેરૂતુંગ અથવા હેમાચાર્ય એ બેમાંથી કોઇએ કંઇ વર્ણન આપ્યું નથી.

રાજધાની અણહિલપુરનું વર્ણન કુમારપાળ ચરિતમાં નીચે પ્રમાણે આપ્યું છેઃ—

"અણહિલપુર* બાર ગાઉ ઘેરાવામાં હતું, તેમાં ઘણાં દેવાલય અને પાઠશાળાઓ હતી; ચોરાશી ચોક હતા, ચોરાશી ચૌટાં હતાં, તે સાથે સોના રૂપાના શિક્કા પાડવાની ટંકશાળાઓ હતી. ન્યાત પ્રમાણે જેમ ઘરના ઇલાયદા જથા હતા તેમ હાથીદાંત, રેશમ, મણિ, હીરા મોતી ઇત્યાદિ જૂદી જૂદી વ્યાપારની વસ્તુઓનાં જૂદાં જૂદાં બજાર હતાં; એક નાણાવટીનું બજાર હતું; સુવાસિત અને લેપ કરવાના પદાર્થોનું એક હતું; એક વૈદ્યોનું હતું; એક કારીગર લોકોનું હતું, એક સોનીઓનું હતું અને બીજું રૂપાનાં કામ કરનારાઓનું હતું; નાવિક, ભાટ અને વહિવંચા એ સર્વનાં રહેઠાણ જૂદાં જૂદાં હતાં; નગરમાં અરાઢે વર્ણ સુખે વસતી હતી; મહેલની આસપાસ આયુધાગાર, હાથીખાનાં, ઘોડશાળા, તથા હિસાબી અને બીજાં ખાતાંના અધિકારીઓની કચેરીઓ જથાબંધ આવી રહી હતી. દરેક જાતના માલને માટે જૂદી જૂદી વખારો હતી; ત્યાં નગરમાં આવતા જતા તથા વેચાણના માલ ઉપર જકાત ઉઘરાવવામાં આવતી, જેમકે તેજાના, મેવા, વસાણાં, કપૂર, ધાતુ અને દેશની તથા પરદેશની દરેક મૂલ્યવાન વસ્તુ તે સર્વ વ્યાપારનું ઠેકાણું હતું. નિત્યની જકાત એક લાખ ટકા થતી હતી. જો તમે પાણી માગો તો દૂધ લાવીને આપે. ત્યાં જૈનનાં ઘણાં દેવળ હતાં અને તલાવને કિનારે સહસ્ત્રલિંગ મહાદેવનું દેવળ હતું. ચંપા, નાળીયેરીઓ, જામફળી, ચંદનના ઝાડ અને આંબા ઇત્યાદિ તથા તેમાં નાના પ્રકારની વેલ અને અમૃત સરખા પાણીના ઝરા આવી રહેલા એવી વાડીઓમાં નગરવાસી લોકો ફરતા અને આનંદ પામતા. અહિંઆં વેદશાસ્ત્રની ચર્ચા થતી તેથી શ્રોતાજનોને બોધ મળતો. જૈન સાધુઓની પણ અહિંઆં અછત ન હતી તેમજ કહેવા પ્રમાણે પાળનારા અને વ્યાપારમાં કુશળ એવા વ્યાપારીઓની પણ અછત ન હતી; વ્યાકરણ શીખવવાની ત્યાં ઘણી નિશાળો હતી. અણહિલવાડ એ મનુષ્યોનો સાગર હતો; જો તમારાથી સાગરનું પાણી માપી શકાય તો

ત્* કુમારપાળ ચરિ.

તમારે તેની વસ્તીની ગણુતરી કરવાની મહેનત કરવી. ત્યાંની સેના અસંખ્ય હતી અને ત્યાં ધંટધારી હાથીઓની અછત ન હતી.”

+ “લખતાં ખેદ ઉપજે છે કે આટલા બધા દબદબાની નિશાની સરખી પણુ રહી નથી; અણુહિલવાડનું ખંડેર હમણુાંના પાટણુ શહેરના કિલ્લાની માંહેની અને બાહારની બાજુએ સપાટ પ્રદેશમાં પડેલું છે; પણુ તે વલભિપુરનાં ખંડેરની પેઠે માત્ર ખોદાણુ ઉપરથી શોધી કઢાય છે. વનરાજની રાજધાનીનાં ખંડેર બાબેલનના જેવી ઇંટોને બદલે કોરેલા આરસપાહાણોનાં બની રહ્યાં છે. સો વસા તો આરાસુરના ડુંગરાની આશમાની રંગની જે સરહદ આ રેતાળ ઉજ્જડતાના દેખાવની ક્ષિતિજ ઉપર જોવામાં આવે છે તે ડુંગરા ઉપરથી એ આરસપાહાણુનો બધો નહિ તો કેટલોક ભાગ પણુ આણ્યો હશે. પહેલા ભીમદેવની રાણીએ જે વાવ બાંધી હતી તેનો ભાગ હજી લગણુ રહેલો છે, અને એથી જરા છેટે સિદ્ધરાજના શોભાયમાન કુંડની જગા જણુાય છે, તેની વચ્ચેના ટેકરા ઉપર મુસલમાની અષ્ટકોણુ કબર છે. બાકી રહેલી જગા ઉપર ૭ સેંકડાના કાળે અને મુસલમાનોના જુલમે તેમની સત્તા ચલાવેલી છે. જેને “કમ્બાઇસિસ” અથવા કાળે વંચાવી રાખ્યા હતાં તેને લોભ હમણાં સ્વાહા કરી જાય છે, અને અણુહિલવાડની બિચારી થંડી પડેલી રાખ તેના હાલના મરેડા ધણી, જેઓ જેવા તેના મહિમાથી અજ્ઞાન છે તેવાજ પોતાની અપ્રતિષ્ટાથી પણ અજ્ઞાન છે, તેએ તુચ્છ નફો મેળવવાને માટે વેચી દે છે.”

“ખરેખરા હિંદુ સમયની રહેવાની ઇમારતો વિષે, તેમના પછી થનારા વંશજોએ જે ઢબની બાંધણી ચલાવી છે તે ઢબ ઉપર આધાર રાખીને અમે સામાન્ય વિચાર બાંધી શકીએ છીએ.”

“જેવી રીતે ખેડુતની ઝુંપડીનો નાશ થઇ ગયો છે તેવીજ રીતે રાજાના મહેલનો પણુ સમૂળગો નાશ થઇ ગયો છે, પણુ સાર્વજનિક ઇમારતોની શોભા વિષે તો હાલમાં રહેલા ખંડેરનું ઉઘાડું પ્રમાણુ છે; તેથી

× રાસમાળા પાન ૨૯૮.

કૂવા, તળાવ, કીર્તિસ્તંભ, દેવાલય અને અણુહિલપુરના રાજાઓના કિલ્લા એ સર્વ આખે આખાં કેવાં હશે તેના ચિતાર અમે થોડી મહેનતે અને સંપૂર્ણ ખાતરીથી મનમાં ધારી શકીએ છીએ."

"આ ખંડેરોમાં અતિ મનોરંજક ડભોઇ અને જિંજુવાડાના કિલ્લા છે. તેઓ બાંધણીમાં તેમજ વિસ્તારમાં સરખે સરખા છે; તથાપી જિંજુવાડાનો કિલ્લો વિશેષ નિયમસર અને એકાંત જગ્યાએ હોવાથી તેને થોડું નુકસાન લાગેલું છે માટે આ ઠેકાણે વર્ણન કરવાને અમે એને પસંદ કરીએ છીએ."

"જિંજુવાડાનો આકાર ખરેખરો સમચોરસ છે, તેની એકેકી બાજુની લંબાઈ આશરે આઠસેં યાર્ડ છે. એની ભીંતો નક્કર ગચ્છીની છે અને ઉંચાઇમાં પચીસ ફીટ છે. દરેક બાજુની મધ્યમાં દરવાજો છે. તેના ઉપર મેડો છે, તે બંને બાજુની કૌંસાકાર હારો ટોચે મળે છે અને જે કમાનોનું કામ સારે છે તેઓને આધારે રહેલો છે. કિલ્લાની ભીંતની જાડાઇમાં કૌંસાકાર ૭ હારો દરવાજામાં આવેલી છે, અને તેઓના ઉપર પથ્થરની ગચ્છી આવી રહી છે. ઘુંમટ વાળી લેવાને સુલભ પડે એટલા માટે મુસલમાનોએ આવી બાંધણીને ઠેકાણે કમાનો કરવાનો ચાલ પાડ્યો હતો તેમ છતાં પણ ત્યાર પછી ઘણી મુદત સુધી ઉપરના પ્રકારનીજ બાંધણી બાંધવાનો ચાલ ચાલતો રહ્યો હતો. કિલ્લાના એકેકા ખુણામાં એકેકો બુરજ છે, તેનો સામાન્ય આકાર તો સમચોરસ છે. પણ હિંદુ કારીગરોને ખાંચો પાડીને અસાધારણ આકાર કરવો પસંદ પડે છે તે પ્રમાણે તેને પણ કરેલું છે. + + + વચલો દરવાજો અને ખુણાના દરેક બુરજની વચ્ચે ચચાર સમચોરસ હાથણીઓ અથવા વપ્ર છે. કિલ્લાની ભીંતને થોડે થોડે છેટે કોતરકામની આડી પટીયોથી ઠેઠ સુધી શણગારી છે ને ઉપલી બાજુએ અર્ધ ગોળાકાર કાંગરા મૂકેલા છે તે ભાગ જે પ્રાકાર ઉપર ચોકીવાળાને ફરવાનું હોય છે તેને ઓથો કરવાનું કામ સારે છે. દરવાજાઓમાં કોતરકામ એટલું બધું છે કે તેનો બરાબર ચિતાર માત્ર ફોટોગ્રાફીના હુન્નરથીજ લઇ શકાય. કિલ્લાની માંહે દક્ષિણ

બાજુના દરવાજાની છેક સામે, પણ પાસે, એક ગોળાકાર અથવા બહુ બાજુનો કુંડ છે, તેનો વ્યાસ આશરે ત્રણસેં યાર્ડનો છે; તેની આસપાસ પગથીયાનો ઘાટ છે અને નિયમિત અંતરે ખડિયાટ છે, ત્યાં આગળ થઇને ઢોર અથવા પૈડાંવાળી ગાડી તળાવના પાણી સુધી જઈ શકે છે. દરેક ખડિયાટને બે મંડપ વડે શણગારેલો છે અને તે મંડપ ઉપર શંકુરૂપ છત્ર છે. એ તળાવની પાસે એક વાવ છે તેનું અમે હવે પછી વર્ણન કરીશું. આ કિલ્લાના ચાર દરવાજા છે. તે જૂદા જૂદા ખંડેરના આકારમાં હજીલગણ રહેલા છે. અને એઓ માંહેલા બે દરવાજાને ખુણાની હાથણી સહિત જે ભીંત સાંધી લે છે તે ઘણીખરી સંપૂર્ણ છે. આ પ્રમાણે જે સમચોરસ જગ્યા બતાવવામાં આવી તે કિલ્લાની અસલ સ્થિતિના ક્ષેત્રફળનો સુમારે ચોથો ભાગ છે. તેની આસપાસ એક હલકી જાતનો કિલ્લો ફરીને કરી લેવામાં આવ્યો છે અને ગોળાકાર હાથણી ચણીને તેને મજબુતી આપી છે, તથા વચ્ચે કમાનદાર દરવાજા કર્યા છે. આ ભાગમાં હાલનું શહેર વસેલું છે, તે કોળી ઠાકોરના તાબામાં છે; પણ અસલના કિલ્લામાં જે ઇમારતો હતી તે તમામનો નાશ થયો છે અને તે ઠેકાણે છેક જંગલ બની ગયું છે. આ ઠેકાણે અમે લખી જણાવીએ છીએ કે અસલ કામના કેટલાક બચેલા ભાગ છે તેમાં "મહનશ્રી ઉદલ" એવા લેખ છે. તે ઉપરથી ધારણા થાય છે કે ઉદાયન મંત્રીના ઉપરીપણા નીચે તે બાંધવામાં આવ્યું હશે."

"અમે લખ્યું છે કે ડભોઈ, આકારમાં અને વિસ્તારમાં જિંજુવાડાને મળતું છે, તેનો આકાર જિંજુવાડા કરતાં ઓછો નિયમિત છે; તેની બે બાજુઓ મળે છે ત્યાં આગળ સાંકડો ખુણો થાય છે, અને બીજી બાજુઓના કરતાં લંબાઇમાં વધી જાય છે. ટુંકી બાજુઓ આશરે આઠસેં અને લાંબી એક હજાર યાર્ડ લંબાઈની છે. જિંજુવાડાના કિલ્લા કરતાં આ કિલ્લો નીચો છે અને તેના ત્રણ દરવાજા પણ જિંજુવાડાના દરવાજા જેવા નથી; તોપણ એ કનિષ્ઠતા ચોથા દરવાજાથી વળી ગઈ છે. તે હીરાનો દરવાજો કહેવાય છે. તેની યોજના ઘણા યત્નથી કરેલી છે અને કદમાં બહુ ચડિયાતો છે. ખુણાના

બુરજો માંહેલો એક છે. તેની અનુપમતા એટલી બધી છે કે આ ઠેકાણે તેનું ચિત્ર આપવાની અગત્ય છે. + + + એ ઉપરથી જણાય છે કે કિલ્લાની ભીંત અંદરની બાજુએ ઝોકતી છે આ કિલ્લામાં એક બીજુ એ વખાણવા જેવું કામ એ છે કે એમાં એક સ્તંભપંક્તિ છે (માંહેની બાજુએ) તે કિલ્લાની ભીંતની હારોહાર ચાલે છે, અને તેના ઉપર કેટલાક ફૂટ પોહોળાઇની એક ગચ્છી આવી રહી છે તેણે કરીને એક લાંબો અને ઢંકાયેલો દ્વાર મંડપ બનેલો છે, તે હિંદુ કિલ્લેદારોનું અમુલ્ય આશ્રયસ્થાન થઈ પડયું હશે. ડભોઈના કિલ્લામાં અનિયમિત આકારનો કુંડ અથવા તળાવ છે."

"આ ઠેકાણે સ્મરણમાં રાખવું જોઇએ કે જે કિલ્લાઓનું અમે વર્ણન કર્યું છે તે માત્ર મોખરાનાં લસ્કરી સ્થાન છે. અને ઘણું કરીને ધોળકા તથા બીજા એવાંજ બીજી પંક્તિનાં શહેરો કરતાં ભભકામાં તેમજ વિસ્તારમાં અતિ ચડિયાતાં છે. તોપણ આરસપાહાણના પથ્થરોથી શણગારેલી અણહિલપુરી રાજધાનીની સાથે સરખાવતાં તેને ઝાંખા પડવાનો વારો આવે છે."

"જે દેવાલયો હજી લગણ રહેલાં છે: તે માંહેલું પ્રથમ તો સિદ્ધપુરની રૂદ્રમાળાનું દેવળ છે. તે સાધારણ આકારનું ઘણું મ્હોટું અને દેખીતું ત્રણ માળની ઉંચાઇનું છે. તેનો મંડપ બહારથી સમચોરસ છે, પણ સ્તંભ એવા ગોઠવ્યા છે કે તેની રચના અંદરની બાજુએથી અષ્ટખુણ આકારની સહેલાઈથી ધારી શકાય. દરેક ત્રણ બાજુઓની મધ્યમાં દ્વારમંડપ અથવા રૂપચોરિયો છે. અને ચોથી બાજુએ ગંભાર માંહેલો મૂર્તિસ્થાનનો મંડપ આવ્યો છે, તે સ્થૂળાકાર શંકુ બાંધણીનો મધ્યના મંડપ કરતાં અતિ ઘણો ઉંચો છે અને છેવટે શિખર વળેલું છે. બે રૂપચોરિયોના ઘુંમટ જતા રહ્યા છે, અને બીજા પ્રકારે પણ છિન્ન છિન્ન સ્થિતિ થઇ ગઈ છે, માત્ર ગંભારના મોખરાનો ભાગ રહેલો છે. + + +"

"એકેકી બાજુએ કીર્ત્તિસ્તંભ છે તે માંહેલો એક તો ઘણો ખરો અણીશુદ્ધ છે. એ અતિ શોભાયમાન સ્તંભના મથાળા ઉપર કોરણીનું કામ આવી રહ્યું છે. દરિયાઇ અદ્‌ભૂત પ્રાણીના મસ્તકની નાગદંતિયો બના-

વેલી છે તે તેઓની ઉંચાઇના બે તૃતિયાંસ ભાગ જેટલી સ્તંભથી આગળ નીકળતી છે. નાગદંતિઓ આગળથી નાજુક કારીગરીની કમાન ચાલે છે તેને તોરણ કહે છે, તેના મધ્ય ભાગ સાથે ઉપરના સીધા ભાગનો સ્પર્શ થાય છે. આ કીર્તિસ્તંભ સુમારે પાંત્રીશ ફૂટ ઉંચાઇનો છે. તેમાં ભોંયથી તે શિખર સુધી બહુજ સંસ્કૃત કોરણીથી ભરપૂર છે. + + + "

"જે મુખ્ય દેવળનું વર્ણન કરવામાં આવ્યું, તે સરસ્વતીની સામે એક વિશાળ ચોકની વચ્ચોવચ્ચ છે. ત્રણ દ્વાર મંડપની સામે ત્રણ મ્હોટા દરવાજા છે ત્યાંથી બહાર નીસરાય છે; મોખરા આગળનો જે છે તે એક ધાબા અને ઘાટ આગળ પડે છે, તે ઘાટનાં પગથિયાંની હારો નદીમાં છેક આઘે સુધી ચાલેલી છે. ચોકની આસપાસ કેટલાંક શિખરવાળાં ન્હાનાં ડેરાં આવ્યાં છે તે કિલ્લાનું કામ સારે છે. તે માંહેલા ત્રણ ગંભારના પાછલા ભાગના મધ્ય સ્થાને છે, તે હજી લગણ રહેલાં છે અને તેનો ઘાટ ફેરવીને મુસલમાની મસ્જીદ કરી દીધી છે."

"મોઢેરાનું દેવળ જરા કાંઇ જૂદા નમુનાનું છે. તે એક માળની ઉંચાઇનું છે. તેને એક ગંભાર છે. તેને લગતો એક મંડપ આવેલો છે, અને એક ખુલ્લો મંડપ ઈલાઇદો છે. એ દેવળનું શિખર પડી ગયું છે, અને ઘુમટ હવે રહ્યા નથી, પણ બાકીનો ભાગ ઘણો ખરો આખો છે. તો પણ ધારદાર હથિયારથી જેમ લાકડામાં ઘા પાડી શકાય તેવા ઘા કેટલાક સ્તંભોને પડેલા છે, તેને માટે મુસલમાનો એમ કહે છે કે અમારા દર્વેશોની તરવારની એ નિશાનીઓ છે. વધારેમાં વધારે લંબાઇ સુમારે એકસોને પચાસ ફૂટ છે, અને પહોળાઇ પચાસ ફૂટ છે. દેવળને આગલે ભાગે અને બંને બાજુએ સિદ્ધપુરના જેવા કીર્તિસ્તંભોની નિશાનીઓ છે."

"દેવળના આગલા ભાગમાં કીર્તિસ્તંભ છે. ત્યાં આગળથી પગથિયાંનો ઘાટ ચાલે છે, તે બે શોભાયમાન સ્તંભ વચ્ચે થઇને કુંડ સુધી ગયેલો છે. આ કુંડનું ક્ષેત્રફળ, દેવળ કરતાં લગભગ ચાર ઘણું વધારે છે."

"પગથિયાંનો એક સરખો ને સરખો દેખાવ જણાય નહિ એટલા માટે ન્હાની ડેરડિયો, ચોકડિયો, અને શિખરવાળામાં જરાક મ્હોટાં દેવળ

ત્રણે બાજુના મધ્ય ભાગમાં કરેલાં છે. કુંડની આસપાસ બીજી ઇમારતો-ની નિશાનીઓ જોવામાં આવે છે; પણ તે કેવા પ્રકારની બાંધણીની હશે તેનો નિર્ણય થવા સરખું હાલમાં રહ્યું નથી. દેવળનો ઇલાયદો ખુલ્લો મંડપ છે તે સીતાની ચોરી કહેવાય છે, અને કુંડ છે તે રામકુંડ કહેવાય છે; તે વૈષ્ણવી સાધુઓનું પ્રસિદ્ધ યાત્રા સ્થાન છે. + + +"

"વાઘેલમાં એક દેવળ છે તે ઉપર જે દેવળોનું વર્ણન કરવામાં આવ્યું તેવીજ જાતિનું છે; પણ તેમના કરતાં તે કદમાં નાનું છે. તેને એક માળના જેટલી ઉંચાઇનો એકજ ખુલ્લો મંડપ છે, તેના ઉપર ઘુંમટ છે, ત્રણ દ્વારમંડપ છે, અને એક શિખરવાળો ગંભાર છે."

"મોઢેરાના જેવા કુંડ, સીરોઇ અને બીજી જગ્યાએ જોવામાં આવે છે તેઓ ઘણું કરીને રામકુંડની પેઠે દેવળોના સંબંધમાં કરાવેલા હશે; પણ તે દેવળોનો ઘણે ઠેકાણે નાશ થયેલો છે. મોઢેરાની પાસે લોથેશ્વર છે. ત્યાં આગળ એક ચમત્કારિક ચાર કુંડનો સંયોગ કર્યો છે. તેઓની વચ્ચે ગોળ કૂવો આવ્યો છે તેથી "ગ્રીક ક્રોસ"ના જેવો આકાર થાય છે. તળાવ અથવા કુંડનો આકાર ઘણોખરો બહુ બાજુનો અથવા બીલકુલ ગોળાકાર હોય છે, તે પ્રમાણે જિંજુવાડાના કુંડનો દાખલો આપણા જોવામાં આવ્યો. એવાજ કુંડ, મુજપુર સાયલા અને બીજી ઘણી જગ્યાએ છે; તેમાંના કેટલા-એકના વ્યાસ લગભગ સાતસેં યાર્ડના છે. અણહિલપુર આગળ સહસ્રલિંગ તળાવ છે તે ઘણું કરીને આજ વર્ગનું છે અને આજે તેની નિશાનીઓ જણાય છે તે ઉપરથી તે બહુજ મ્હોટા કદનું હશે એમ ધારી શકાય છે. તેની આસપાસ ન્હાનાં ન્હાનાં દેવળ હતાં, અને તેની સંખ્યા લગભગ એક હજારની હતી. ગોધા આગળ દ્વીપકલ્પમાં એક સમચોરસ તળાવની નીશા-નીઓ છે તે સિદ્ધરાજનું બનાવેલું કહેવાય છે. તેનું નામ "સોનેરીયા તળાવ" કરીને છે. જયસિંહની મા મીનલદેવીના કાર્યભારની વેળાએ બે નામીચાં તળાવ બંધાવેલાં ગણવામાં આવેલાં છે. એ સમયમાં શોભાયમાન ઇમારતો બહુ બંધાઇ છે. ધોળકાનું તળાવ અને વીરમગામનું માનસર એ

તે બે તળાવો છે. તેમાંથી માનસર વર્ણવા યોગ્ય છે. તેનો આકાર અનિયમિત છે, અને તે હિંદુઓનું રણસંગ્રામનું વાજીંત્ર જે શંખ, તેના આકારનું બાંધેલું લોકમાં કહેવાય છે. સામાન્ય ઘાટ, અથવા પગથિયાંની હારો સર્વ બાજુએ આવેલી છે અને તેમાં ન્હાનાં ન્હાનાં શિખરવાળાં ડેરાથી (તે માંહેલાં ઘણાંક તો હવણાં નાશ પામ્યાં છે) શોભાવવામાં આવેલું છે. તેની સંખ્યા વર્ષના જેટલા દિવસ છે તેટલી ધારવામાં આવી છે, તેથી તે ખરૂં જોતાં ત્રણશેં કરતાં વધારે હોવાંજ જોઇએ. એ તળાવની એક બાજુના દેવળોમાં મૂર્તિ બેસારવાની બેઠકો છે, અને બીજી બાજુના દેવળોમાં જળધારીઓ છે. તે ઉપરથી એવી ધારણા કરવામાં આવે છે કે પહેલાં દેવળ શ્રીકૃષ્ણને સારૂ હશે, અને બીજાં દેવળ મહાદેવને સારૂ હશે. આસપાસના પ્રદેશનું પાણી એકઠું થાય છે તે પ્રથમ તો એક અષ્ઠખુણ કુંડમાં એકઠું થાય છે તેમાં સર્વ કચરો ઠરે છે. કુંડ પથ્થરનો ચણી લીધેલો છે, તેની હરેક બાજુ કોરી કહાડેલી પ્રતિમાઓથી શોભાવેલી છે. પાણી ત્યાં થઇને એક ચણી લીધેલી નળીને રસ્તે ગરનાળામાં થઇને તળાવમાં જાય છે. તેમાં ત્રણ નળ કર્યા છે, તેના ઉપર ધાબુ ચણી લીધું છે, તે ધાબા ઉપર બેઠક કરી છે તેને ઘુંમટ વાળી લીધો છે. આ ઇમારતની મરામત મરેઠાઓની વેળાએ કરવામાં આવી હતી, અને તેની એક બાજુ બાંધી લેવામાં આવી હતી. ત્યાં માતા બહુચરાજીનું સ્થાનક કર્યું છે. આસપાસ ઘાટ છે તેમાં ઘણી જગ્યાએ ઠેઠ પાણીસુધી ખડિયાટ બાંધ્યા છે. એઓમાંથી એક ખડિયાટની એક બાજુએ વધારે મ્હોટું દેવળ છે. તેને શિખરવાળાં બે ગંભાર અને એક સભા મંડપ છે × × × અને તળાવની બીજી બાજુ તેના સરખી બાકી રહી ત્યાં ધાબાવાળી સ્તંભપંક્તિ છે."

"આ સમયના કૂવા જે, દેશના જુદા ભેદા ભાગમાં છે તે બે પ્રકારના છે. કેટલાક સામાન્ય બાંધણીના ગોળ કૂવા છે, પણ તેમાં જરૂખાવાળી બેઠકો છે; બીજા છે તે વાવ (સંસ્કૃતમાં વાપિકા) ને નામે ઓળખાય છે, તે ચિત્રોપમ, અને ભવ્ય તેમજ તરેહવાર જાતિની છે. જમીનની સપાટી

ઉપર એક બીજાથી નિયમિત અંતરે, હારબંધી એકલા ચાર અથવા પાંચ મંડપ દેખાય છે. તે બહારથી બહુધા સમચોરસ છે, પણ કોઇ કોઇ વેળાએ ઘણે ઠેકાણે અંદરથી અષ્ટખુણુ આકાર બની જાય છે; તેઓના ઉપરનાં ઘાબાં થાંભલા ઉપર રહે છે અને હિંદુ સમયની બાંધણિયોમાં તો ઘુમટાકાર કરી દીધેલાં છે. સર્વનાથી છેલ્લા મોખરાના મંડપમાં થઇને વાવમાં ઉતરવાનું હોય છે, ત્યાં આગળથી પગથિયાં ચાલે છે તે ઉપરથી ઉતરતાં, બીજા મંડપનો ઘુંમટ જે બે થાંભલાની હાર ઉપર રહેલો જણાય છે તેની નીચે અવાય છે; અને અહિં આગળ મોટો પ્રસ્તાર છે. ત્યાંથી નીચે પાછાં પગથિયાં આવે છે તે ઉપરથી ઉતરતાં ત્રીજા મંડપના ઘુમટ નીચે અવાય છે અને તે એક ઉપર એક એવા ત્રણ થાંભલાની હાર ઉપર દેખાય છે. આ પ્રમાણે એક પ્રસ્તાર ઉપરથી બીજા પ્રસ્તાર ઉપર નીચે ઉતરાય છે તેમ ઘુંમટની નીચેના થાંભલાની હારો એક બીજા ઉપર વધતી જાય છે, અને છેવટે જ્યાં પાણી હોય છે તે ભાગ આગળ જવાય છે. ત્યાંથી ઉપર નજર કરતાં ઉંચે કેટલાક માળ દેખાય છે અને દરેક માળે છજાં હોય છે. છેવટે સર્વની ઉપર છેલ્લો ઘુંમટ આવેલો હોય છે, અને તે આખી વાવનો અતિ શોભાયમાન ભાગ છે. વાવની લંબાઇ કોઇ કોઇ વાર એંશી યાર્ડ હોય છે અને બધે છેવટમાં ગોળ કૂવો હોય છે."

"આવી જાતિની વાવોમાં ઘણી વખાણવા જોગ અણહિલપુર આગળની રાણીની વાવો છે, પણ તે ખંડેર થઇ ગઇ છે. ગુજરાત અને સોરઠના ઘણા ભાગમાં બીજી વાવો છે તે જુદી જુદી સ્થિતિમાં રહેલી છે. એક બીજી જાણવા જેવી વાવ અમદાવાદ શહેરની પાસે છે, તે ક્યાં બંધાઇ હશે તે જાણવામાં નથી, તથાપિ તેની બાંધણી ઉપરથી જણાય છે કે જે સમયે સિદ્ધરાજના કુળના રાજ્ય કરતા હતા તે સમયની છે, તે "માતા ભવાનીની વાવ" કહેવાય છે અને પાંડવોએ બંધાવી છે એવું લોકો કહે છે. જિંજુવાડાના કિલ્લામાં એક વાવ છે તે વિષે તો સૂચવવામાં આવ્યું છે; વઢવાણના કિલ્લાની અંદરની અને બહારની બાજુએ હિંદુની વાવો છે; અને બીજાં ઠેકાણાંએ પણ લખતાં પાર આવે નહિ એટલી બધી છે."

પરિશિષ્ટ અ.

અશોકનો ગિરનાર લેખ.

(સોરઠી તવારીખમાંથી.)

૧. "આ દેવવત્સળ,* રાજા પ્રિયદર્શીની આજ્ઞા છેઃ—પશુવધ બિલકુલ બંધ રાખવો અને ખુશબખ્તિની કોઇપણ મિજલસ ભરવી નહીં, કારણ કે દેવવત્સળ રાજા પ્રિયદર્શી જણાવે છે કે આવી મિજલસોમાં ઘણાં પાપ રહ્યાં છે. ખરેખર એવી એકજ મંડળી છે, જેને દેવવત્સળ રાજા પ્રિયદર્શીએ પસંદ કરેલી છે અને તે રાજા પ્રિયદર્શીની મહાન્ પાકશાળાની મિજલસ છે; પ્રતિદીન સદાચરણના કાર્ય અર્થે લાખો પશુને હલાલ કરવામાં આવે છે; પરંતુ હવે, જો કે આ ધાર્મિક આજ્ઞા પ્રસિદ્ધ કરવામાં આવી છે તે એવી રીતે કે સદ્કાર્યાર્થે પશુવધ થઇ શકે અને આ પ્રમાણે રીવાજ ચાલે છે તોપણ તે રીવાજ દ્રઢ નિશ્ચયાત્મક થયેલો નથી તેથી એમ પ્રસિદ્ધ કરવામાં આવે છે કે આયંદે એઓને વધ નહીં કરવામાં આવે."

૨. "રાજા પ્રિયદર્શીના અખિલ રાજ્યમાં તેમજ પાડોશી રાજ્યમાં એટલે કે ચોલ, પાંડ્ય, સત્યપુત્ર, કેરલપુત્રનાં રાજ્યોમાં યુનાન દેશના રાજા "એન્ટાઇઓકસના તામ્રપર્ણી નામના રાજ્ય પર્યંત અને તેના પાડોશી રાજાઓના રાજ્ય પર્યંત વ્યાધિયુક્ત માણસને અને પશુઓની સંભાળ કરવાનો રીવાજ જે રાજા દેવવત્સળ પ્રિયદર્શીએ ચાલુ કર્યો છે તેનો અમલ સર્વત્ર કરવામાં આવ્યો છે; અને જે જે સ્થળે માણસ અને પશુને માટે ઉપયોગી, રોગનાશક, વનસ્પતિની તંગી હતી તે દરેક સ્થળે મોકલીને રોપાવી છે; અને જે જે સ્થળે મૂળીયાં અને મેવાની તંગાશ હતી તે દરેક સ્થળે મોકલીને તેમને રોપાવ્યાં છે; વળી તેણે માણસ અને પશુઓના ફાયદા માટે રસ્તા ઉપર કૂવા ખોદાવ્યા છે અને ઝાડ રોપાવ્યાં છે."

---

* દેવોનો પ્રિય.

૩. "રાજા પ્રિયદર્શી નીચે મુજબ ફરમાવે છે;—જીતેલા દેશમાં મને પટાભિષેક થયાને ૧૨ વર્ષ થયાં હતાં ત્યારે મેં એમ આજ્ઞા કરી હતી કે—જે મારા કાયદામાં સંયુક્ત થયેલા હોય તે પછી મારી પોતાની પ્રજા હોય કે પરદેશી હોય તોપણ તેઓમાં નીતિની ફરજો જેવી કે મા બાપ, મિત્ર, બાળબચ્ચાં, સગાંવહાલાં, બ્રાહ્મણો અને શર્વણો પ્રત્યે પોતાની ફરજનો અમલ કરવાને દરેક પાંચ વર્ષે પ્રાયશ્ચિત કરવું. ઉદારતા સારી છે; જીવતા પ્રાણીઓને ઇજા નહીં કરવી એ સારૂં છે; ઉડાઉપણું, અને પરનિંદાથી વિરક્ત રહેવું એ સારૂં છે. મંડળી પોતેજ ખુલાસો કરીને અને દાખલો બતાવીને અહીંઆં દર્શાવેલાં સદાચરણનો ધર્મનિષ્ટ માણસને બોધ કરશે."

૪. "ગત્કાળમાં ઘણા સૈકા થયાં પ્રાણીઓની જીંદગાની ઉપર હુમલો કરવો, પ્રાણિઓને દુઃખ દેવું, બ્રાહ્મણો અને શર્વણોને માન નહીં આપવું એ રીવાજ વધી પડયો છે, પણ હવે જ્યારે રાજા દેવવત્સળ પ્રિયદર્શી ધામિકપણું ચલાવે છે ત્યારે તેનું નગારૂં ધાર્મિક માણસોને આમંત્રણ રૂપ થયું છે; હાલમાં દેવના રથના સ્વર્ગિય હસ્તિના, અને અગ્નિના ગોળાના દેખાવો તથા આકાશમાં બીજાં દુશ્ચિન્હો આગળ ઘણા સૈકા સુધી નહીં દેખાયલાં એવાં નજરે પડે છે. હવે ધામિકપણાથી વર્ત્તવા બાબતમાં રાજા દેવવત્સળ પ્રિયદર્શીના બોધથી પ્રાણીઓના જીવનું રક્ષણ કરવું, પ્રાણીઓ પ્રત્યે દયાથી વર્ત્તવું, સગાંવહાલાંનું માન જાળવવું, સાધુ બ્રાહ્મણોનો સત્કાર કરવો, માબાપ અને વડીલની આજ્ઞા પાળવી, એનો પ્રચાર વધ્યો છે. આ અને બીજી ઘણી જાતના સદાચાર વધ્યા છે. અને રાજા દેવવત્સળ પ્રિયદર્શી આ સદાચારના પ્રચારની હજી વૃદ્ધિ કરશે, તેમજ રાજા દેવવત્સળ પ્રિયદર્શીના પુત્ર, પૌત્ર, અને પરપૌત્ર સદાચારના સુધારાની વૃદ્ધિ કરાવશે; સૃષ્ટિનો પ્રલય થતા સુધી સદાચાર અને નીતિમાં દ્રઢ ઉભા રહીને તેઓ સદાચારનો બોધ કરશે; સદાચારનો બોધ કરવો એ ખરેખર ઘણું ઉમદું કાર્ય છે, અને જે અનીતિવાન હોય છે તેના તરફથી સદાચરણમાં ચાલવાની આશા બાંધી શકાતી નથી. તેટલાસારૂ આ બાબતમાં ઘટાડો નહીં પણ વધારો સારો છે; એવી મતલબથીજ આ

લખવામાં આવેલું છે, તેની વૃદ્ધિ કરવાને અંતઃકરણપૂર્વક એઓએ ધ્યાન આપવું અને તેનો ઘટાડો કરવાની નેમ ન રાખવી. રાજા દેવવત્સળ પ્રિયદર્શીએ આ પોતાના પટ્ટાભિષેક પછી બારમે વર્ષે લખાવેલી છે." *

૫. "દેવવત્સળ રાજા પ્રિયદર્શી આ પ્રમાણે જાહેર કરે છેઃ—સદાચારે વર્ત્તવું દુર્લભ છે માટે મારે, મારા પુત્રોએ, અને મારા પરપૌત્રોએ ઘણો ફાયદો કરવો; અને દરેક યુગમાં મારી ઓલાદે તેને અનુસરીને ચાલવું તેથી જેઓ તેમની નકલ કરશે તે સુખ ભોગવશે, અને જેઓ તે રસ્તો છોડી દેશે તેઓ દુઃખ પામશે. દુરાચરણ કરવું સહેલું છે, તેટલા માટે મને પટ્ટાભિષેક કર્યાના છેલ્લા વર્ષમાં સદાચરણની વૃદ્ધિ અર્થે અને સદાચારના સુખ અર્થે "કમ બોધ" "ગંધાર," "રાશત્રિક," "પિતેનિક," દેશના લોકો ઉપર સઘળા ધર્મના લોકોના સદાચરણના નિયંતા થવા માટે મેં ધર્મ—મહામંત્ર એટલે સદાચાર ખાતાના મોટા અમલદારો નીમ્યા છે. બિનહરકતે, સુશીળના સુખ અર્થે યોદ્ધાઓ, બ્રાહ્મણો, ભિક્ષુકો, નિરાશ્રીત, વગેરેમાં તેઓનો પ્રચાર કરવામાં આવશે, જેથી ધાર્મિક બોધકોએ પવિત્ર જ્ઞાનના સાધનથી જેમને બાંધેલા છે તેઓ બંધન મુક્ત થાય, તથા જેમના નિગ્રહ કરેલો છે તેઓ છૂટા થાય; ને અમલદારોએ મારા ભાઇ અને બહેનના કિલ્લા તથા શહેરોમાં જવું, તેમજ જ્યાં મારાં કાંઇ સગાંવહાલાં રહેતા હોય ત્યાં પણ જવું; અને સદાચાર ખાતાના કારભારીઓ, એટલે જેઓને સદાચરણની નિગેહબાની રાખવા સારૂ નિમ્યા છે, તેઓએ જ્યાં જ્યાં સદાચારનો કાયદો સ્થપાય ત્યાં ત્યાં ધાર્મિક અને સદ્ગુણીને ઉત્તેજન આપવું. આ મતલબથી તે આજ્ઞા લખવામાં આવી છે અને લોકોએ તે પાળવી." ×

૬. "રાજા દેવવત્સળ પ્રિયદર્શી આ પ્રમાણે કહે છેઃ—ગતકાળમાં લોકોનું હિત જાળવવું અને અમલદારોએ તે ઉપર નિગેહબાની રાખવી તેમાંથી

---

* આ અને છઠ્ઠી આજ્ઞા ડાકતર કર્નના તરજુમા ઉપરથી લખેલી છે.

× ડાકતર કર્ને આ પુનરાવલોકન કરી સુધાર્યું નથી. ઉપલું પ્રોફેસર વિલ્સનનું ભાષાન્તર છે તેમાં ત્યારપછીના ભાષાંતરકારોએ થોડો ઘણો સુધારો વધારો કર્યો છે.

એકે વિષે દરકાર કરી નથી; તેટલા સારૂ તેવી જાતની સંભાળ હું લઉં છું. જેટલો વખત થયાં હું રાજ્ય કરૂં છું તે દરમ્યાન દરેક સ્થળે સ્ત્રીઓ ઉપર દેવાર્પિત જગો ઉપર, મુસાફરી કરતા જાત્રાળુ ઉપર, વેપારીઓ ઉપર, (અથવા વેપારની મારકીટ ઉપર) અને વિહાર ભૂમિપર તપાસ રાખ-નારાઓને મેં મારા લોકોનું હિત સાચવવા નીમ્યા છે, અને સઘળી બાબતમાં હું મારા લોકના હિતની વૃદ્ધિ કરૂં છું;* અને જે જે હું જાહેર કરૂં અગર જે જે મહા મંત્ર જાહેર કરે તે રાજ્યસભા રૂબરૂ ચુકાદા માટે મૂકવામાં આવશે. આ પ્રમાણે તેની ખબર મને કરવામાં આવશે. આવો હુકમ મેં દરેક સ્થળે અને દરેક જગ્યાએ કરેલો છે. કારણ કે દુનિયાદારીનું કામ ચલાવવામાં મને સંતોષ ઉપજતો નથી; અખિલ સૃષ્ટિની આબાદી કરવો એ ઘણો લાયક ઉદ્યમ છે. સઘળાં પ્રાણીઓ પ્રત્યે નિર્દોષ થવું, આ લોકમાં તેમને સુખી કરવાં, અને પર-લોક (સ્વર્ગ) મેળવવાને તેઓને શક્તિમાન કરવાં, એ મારો અખિલ પ્રયત્ન છે. આ ઉદ્દેશથી આ સદાચારની આજ્ઞા લખેલી છે. તે લાંબો વખત નભી રહો, અને મારા પુત્રો, પૌત્રો, પરપુત્રો પણ મારી પાછળ સાર્વજનિક કલ્યાણ માટે મહેનત કરો, પણ અતિશ્રમ વગર બનવું મુશ્કેલ છે. ×

૭ " દેવવત્સળ રાજા પ્રિયદર્શી હુકમ કરે છે કે—દરેક સ્થળે સઘળા સંપ્રદાયના સાધુઓએ સલાહ શાંતિથી વર્તવું. જે નિયમો પોતે પોતાની જાતની બાબતમાં પાળતા હોય તે તથા આત્માની શુદ્ધતા વિષે તેઓ સઘળા અહોંશ કરે છે; પણ લોકોને જુદા જુદા મન ને જુદી જુદી અભિરૂચિ હોય છે, તોપણ સાધુઓ પોતે જે માગે છે તે બધું અથવા તેમાંનો કાંઇ ભાગ તેઓને મળે છે. એવું છતાં પણ જેને મોટી ભિક્ષા મળતી નથી તેઓએ પણ પોતાનામાં મનોવિકારપર આધિપત્ય, મનની શુદ્ધિ, તથા સદાકાળ ચાલે એવી દૃઢ ભક્તિ અને જ્ઞાન સંપાદન કરવાં એ સારૂં છે. "

* આટલા સુધી ડાકટર કર્નનું ભાષાન્તર છે.

× આ બર્નોફના ભાષાંન્તર ઉપરથી લીધું છે.

૮. "ગતકાળમાં રાજાઓ મોજશોખને માટે મુસાફરી કરતા, મૃગયા ખેલતા અને આવા બીજા વિનોદોનો પ્રચાર હતો પણ રાજા દેવ-વત્સળ પ્રિયદર્શીને પોતાનો પટ્ટાભિષેક થયા પછી દશ વર્ષ ખરૂં પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું તેટલા માટે તે સદાચારના રસ્તામાં ચાલવા મંડયો; તે આ રીતે કે બ્રાહ્મણ અને સાધુઓને પોતાને ઘેર બોલાવી તે દાન આપે છે અને વડીલોને પોતાને ઘેર બોલાવી તે ભેટ આપે છે, શહેર અને દેશની વસ્તીની મુલાકાત લે છે તથા સદાચરણનો બોધ કરે છે, અને તેનું સંશોધન કરે છે. રાજા દેવવત્સળ પ્રિયદર્શીએ સન્માર્ગ સ્વીકાર્યો ત્યારથી અત્યારસુધી આ તેણે મોટામાં મોટી મોજમઝા માની છે." ×

૯. "રાજા દેવવત્સળ પ્રિયદર્શી આ પ્રમાણે કહે છેઃ—તે સત્ય વાત છે કે માણસો વ્યાધિ વખતે, સગાઇ વખતે, લગ્ન વખતે, સંતતિની પ્રાપ્તિ-વખતે અગર તો ઘેરથી નિકળતી વખતે શુભ મુહૂર્ત જુએ છે, અને ત્યારપછી સઘળાં કાર્યો કરે છે. આ અને બીજે પ્રસંગે માણસો સઘળી એવી બાબતો કરે છે કે જેથી પોતે ઉન્નતિમાં આવશે, એમ તેઓ ધારે છે. પણ જે કોઈ વિધવિધ, નકામી અને નિરુપયોગી બાબતો કરે છે તે મોટો મૂર્ખ છે, તોપણ આમ કરવાથી પણ જેથી તે માણસની ઉન્નતિ થાય તેવી બાબત કર-વાની જરૂરીયાત તો મટતીજ નથી; પરંતુ જે બાબત કહી તે કરવી કાંઇ કામની નથી, પરંતુ ખરી ભક્તિ બહુ કામની છે. આમાં સેવકો તથા તાબેદારોની સાથે યોગ્ય વર્તણુક ચલાવવી, વડીલો તથા સ્વામીઓનો નિષ્કપટ સત્કાર કર-વો, જીવતાં પ્રાણીઓ તરફ નિષ્કપટ આત્મ સંયમ રાખવો અને બ્રાહ્મણ તથા સાધુઓ તરફ નિષ્કપટ પરોપકાર બુદ્ધિ રાખવી—આ અને આવાં બીજાં કામો એ ખરી ભક્તિ કહેવાય. દરેક માણસે બીજા પ્રત્યે ઉપર મુજબ વર્તણુક ચલાવવી, પછી તે પિતા હોય કે પુત્ર, ભાઇ હોય કે ધણી હોય. આ ઉમદા બાબત છે આથી પોતાનો ભાગ્યોદય થશે એમ માની જ્યાંસુધી પોતાનો હેતુ

---

* આ અને હવે પછીની ચાર આજ્ઞાઓ ડાકટર કર્નના ભાષાન્તર ઉપ-રથી લીધી છે.

સંપૂર્ણ બર આવે ત્યાંસુધી દરેક માણસે તે કર્યા કરવું. આપણે હમણાંજ "નિષ્કપટ પરોપકાર બુદ્ધિ" વિષે કહી ગયા; હવે સદ્ભક્તિમાંથી જેવી પરોપકાર બુદ્ધિ અને જેવો પ્રેમ ઉત્પન્ન થાય છે, તેને મુકાબલે બીજી કોઇ પરોપકાર બુદ્ધિ તેમજ પ્રેમ આવી શકતો નથી. કોઇ પણ સજ્જન મિત્રે, સગાએ અગર સોબતીએ દરેક પ્રસંગ આવે ત્યારે આ વાત બીજાના મન ઉપર એમ બતાવીને ઠસાવવી કે આ આપણું કર્તવ્ય કર્મ, આમ કરવું, એજ ઉચિત છે. આ સઘળી બાબતો કરવાથી માણસો સ્વર્ગમાં જવાને પાત્ર થાય છે; તેટલા માટે જેને સ્વર્ગમાં જવું હોય તેણે બીજી બાબતો પહેલાં પોતાની આ ફરજ અદા કરવી."

૧૦. "રાજા દેવવત્સળ પ્રિયદર્શી એમ નથી માનતો કે વર્તમાન કાળમાં અને પછીથી જો મારી પ્રજા સદાચરણના બોધનું અનુસરણ કરે નહીં અને તે સદાચાર ખરી રીતે પાળે નહીં તો એકલી વિખ્યાતિ અને મોટી પ્રસિદ્ધિથી મને બહુ લાભ મળે. પહેલી જણાવેલી બાબત કરીનેજ રાજા દેવવત્સળ પ્રિયદર્શી વિખ્યાતિ અને પ્રસિદ્ધિની અપેક્ષા રાખે છે. તેટલા માટેજ રાજા દેવવત્સળ પ્રિયદર્શી આગ્રહપૂર્વક જેને જેને માટે પ્રયત્ન કરે છે તે પરલોકને માટે છે, જેથી તે તદ્દન અને બીલકુલ નિષ્કલંક થાય. હવે કલંક એ પાપની બરાબરજ છે. પરંતુ દરેક વસ્તુનો ભોગ આપીને શક્તિનો બહુ શ્રમ કર્યા વગર કોઇપણ માણસથી આ બનવું મુશ્કેલ છે. પછી તે નીચી પાયરીનો માણસ હોય કે ઉંચીનો. પરંતુ ઉંચી પાયરીના માણસને તો ખરેખર આ ઘણું મુશ્કેલ છે."

૧૧. "રાજા દેવવત્સળ પ્રિયદર્શી આ પ્રમાણે કહે છે:—સદ્ભક્તિ, સદ્ગોષ્ટિ, સદ્ઉદારતા, સતસંબંધના જેવી કોઇ ભક્તિ નથી. તેમાં સેવકો અને તાબાના માણસો સાથે યોગ્ય વર્તણુક ચલાવવી તેનો, માબાપની નીખાલસપણાથી આજ્ઞા પાળવી તેનો, મિત્રો, ઓળખાણવાળાં માણસો, બ્રાહ્મણો અને સાધુઓ પ્રત્યે પરોપકાર બુદ્ધિ રાખવી તેનો તથા પ્રાણીના જીવનું રક્ષણ કરવું તેનો સમાવેશ થાય છે. પિતા, પુત્ર, બંધુ, મિત્ર, ઓળખાણનાં માણસો,

સંબંધીઓ અને પાડોશીઓએ પણ આ કરવું એ કર્તવ્યછે. આ પ્રમાણે તે સારૂં છે; આ પ્રમાણે માણસોએ વર્તવું જોઇએ. જે આ પ્રમાણે વર્તે છે તે આ લોકને પોતાના મિત્ર રૂપ કરે છે અને પરલોકમાં પોતાની સદ્‌ભક્તિથી અવિનાશી ફળ મેળવે છે. ”

૧૨. “ રાજા દેવવત્સળ પ્રિયદર્શી સઘળા સંપ્રદાય તથા પંથના સાધુઓને તથા સઘળી પંક્તિના કુટુંબોના વડીલોનો સત્કાર કરે છે, અને તે સત્કાર પ્રેમદાન, અને સઘળી જાતનાંસત્કારનાં ચિન્હોથી સત્કાર કરે છે. ખરેખર દેવવત્સળ પ્રિયદર્શી પ્રેમ–દાન અથવા સત્કારનાં ચિન્હોને જેટલાં કિમતી ગણે છે, તેના કરતાં આ બાબતને તે વધારે કિમતી ગણે છે. એટલે કે જે બાબત કરવાથી સઘળા સંપ્રદાયની પ્રસિદ્ધિ અને અંતર્ગત માન્યતાની વૃદ્ધિ ઘણે પ્રકારે થઇ શકે, પરંતુ તેનું મૂળ મંડાણ હદ મર્યાદામાં રહીને પુખ્ત વિચાર કરીને બોલવામાં રહેલું છે. આથી કોઇપણ માણસે પોતાના સંપ્રદાયની સ્તુતિ કરવી નહીં, બીજા સંપ્રદાયના માણસને કાંઈ ફાયદો કરે, પછી તે ગમે તે હેતુથી કરે, તોપણ તેથી તેના પોતાના પંથને લાભ થાય છે અને બીજા સંપ્રદાયને પણ ફાયદો થાય છે; એથી ઉલટી રીતે વર્તવાથી માણસ પોતાના સંપ્રદાયને જફા લગાડે છે, અને બીજા સંપ્રદાયને નાખુશ કરે છે. દરેક જણ જે પોતાના પંથની તારીફ કરે છે તે કદાચ પોતાના પંથ પ્રત્યે પોતાના પ્રેમને લીધે તેનો મહિમા વધારવા સારૂ આ બધું કરે છે, છતાં પણ આમ કરવાથી તેના પોતાના પંથને તે ઘણી જફા લગાડે છે. તેટલા માટે એક રાગ રાખવો એ ઉત્તમ વાત છે, જેથી સઘળા એક બીજાના ધર્મને જાણે અને તેનું યથેચ્છ શ્રવણ કરે, કારણ કે દેવત્સળ પ્રિયદર્શીની એવી ઇચ્છા છે કે સઘળા પંથના માણસોને સારૂં શિક્ષણ મળે, અને પરોપકારશીળતાના વ્રતને સ્વીકારે અને જેઓનું વલણ તે સઘળી બાબતો કરવા તરફ હોય તેઓને એમ ખાત્રી આપવી કે દેવવત્સળ પ્રિયદર્શી પ્રેમ–દાન અને સત્કાર ચિન્હને તે જેટલાં કિમતી ગણે છે તેના સઘળા સંપ્રદાયની પ્રસિદ્ધિ અને અંતર્ગત માન્યતાની વૃદ્ધિ થાય તેને તે વધારે કિમતી ગણે છે. આ મતલબથી તેણે ન્યાયના કામ ઉપર કોટવાળો,

ઓઓ ઉપર નીધેઆની રાખવાને માજીસ્ટ્રેટો, સરભરા ખાતાના ઉપરીઓ વગેરે નિમ્યા છે અને તેનું પરિણામ એ થયું કે દેવવત્સળ પ્રિયદર્શિનો પંથ આબાદ થયો છે. અને સદાચરણને પૂર્ણ ઇમામ સહિત તે બહાર પાડે છે.

૧૩. "+ + + + જેની સમાન વૃત્તિ તથા તે હેતુ (પાર પાડવા) તરફ જેનો પરિશ્રમ તથા અતિશય ચાપલ્ય, તથા ડહાપણ ભરેલી વર્તણુક + + + + પછીથી કલિંગ પ્રાંતમાં દ્રવ્યથી ન મેળવી શકાય એવો + + + + ધર્મનો લોપ, મનુષ્ય વધ, અને મૃત્યુ તથા મનુષ્ય જાતિનો નિરંકુશ અનાચાર (થઇ) ગયો હતો.) એવા સમયમાં દેવાનામ પ્રિયનાં અમૂલ્ય નીતિ વચનો જેમાં જ્ઞાન તથા શાસ્ત્રનું તત્વ સમાએલું છે તેનો ઉદય થયો. માતૃ તથા પિતૃની મર્યાદાશીલ સેવા; ધર્મ ગુરૂની મર્યાદાશીળ સેવા, મિત્ર તથા બાળક પ્રત્યે પ્રેમ, સગાં સબંધીને તથા ચાકરોને (બ્રાહ્મણ શ્રવણ ઇત્યાદિને) દાન આપવાથી ભવની પીડા ટળી જાય છે; તદ્ ઉપરાંત આવી બાબતમાં સતત ઉદ્યોગ કરવો એજ કીર્તિ છે. પાખંડ ધર્મ પાળનારનો એવો કોઇ સમૂહ નથી કે તેમાં જીવતા જીવને ઇજા નહી કરવા બાબત તથા તેમને સંતુષ્ટ રાખવા બાબત દેવાનામ પ્રિયનાં જેવાં ફરમાનો છે તેવાં સ્તૌત્ય, હિતકારી તેમજ અતિ ઉદાર ફરમાનો હોય, તેમજ તેના જેવી દયાયુક્ત પદ્ધતિ હોય × × × અને વળી યુનાન દેશના રાજાઓ, જેનાથી મીસર દેશના રાજાઓ, ટોલ- મીઓ, એન્ટીગોનો, માગા × × × × પરંતુ આ દેશમાં અને પરદેશમાં જ્યાં જ્યાં દેવાનામ પ્રિયના ધર્મ સમંધી કાનુન જાય છે ત્યાં ત્યાં ધર્માતર કરાવે છે. અર્થાત્ પોતાના મતમાં મેળવી લે છે; × × × વિજય વિવિધ પ્રકારના છે; પરંતુ ખુશનુમા મનોવૃત્તિમાંથી ઉત્પન્ન થતી ખુશાલી જે વિજ- યથી મળે છે તે જાતે ખુશાલીરૂપ થઇ પડે છે; સદ્ગુણનો વિજય સુખ છે; સુખના વિજયને કોઇ પરાજીત કરી શકતું નથી; જેમાં વિશેષ કરીને સુખની પ્રતિતી રહેલી છે. આવા વિજયની આ લોકની વસ્તુમાં અને પરલોકની વસ્તુમાં અપેક્ષા રાખવામાં આવે છે. "

૧૪. "રાજા દેવવત્સળ પ્રિયદર્શીને આ સદાચરણની આજ્ઞા એક ઠેકાણે સંક્ષિપ્તમાં, બીજે ઠેકાણે થોડા વિસ્તારમાં, અને ત્રીજે ઠેકાણે સંપૂર્ણ વિસ્તારમાં, લખાવેલી છે, જેથી દરેક સ્થળે તેનો સંપૂર્ણ અમલ થતો હોય એમ જણાતું નથી; કારણ કે રાજ્ય મોટું અને જે મેં લખાવેલું છે એ ઘણું છે. જુદી જુદી બાબતમાં એક બીજા સાથે સબંધ હોવાથી ઘણે દરજ્જે પુનરૂક્તિ પણ થયેલી છે જેથી લોકો તે રીતે મરજીપૂર્વક તે બાબતો ગ્રહણ કરે.

જો કે કોઇ વખત એક અગર બીજી (આજ્ઞા) અપૂર્ણ રીતે અથવા અવ્યવસ્થામાં લખેલી માલમ પડે તો (જાણવું કે) શુદ્ધ નકલ કરવામાં સંભાળ લીધી નથી, અગર તો શિલાલેખ કોતરનારના હસ્તદોષથી ભુલ થયેલી છે" +

÷ પ્રિન્સેપ સાહેબનો તરજુમો, રોયલ એસિયાટિક સોસાઈટીનું જર્નલ વૉલ્યુમ ૧૨, પાન ૨૨૯-૨૨૨ આ ફરમાન જે શિલામાં છે તેનો ઘણો ભાગ ભાગી ગયો છે તેથી તરજુમો કરવો એ ઘણું મુશ્કેલ થઈ પડ્યું છે.

× ડાક્તર કર્નના ભાષાન્તર ઉપરથી આ લેખ લીધો છે.

સૂચિપત્ર.